ॐ श्री संखेश्वर पार्श्वनाथाय नमः

પં. શ્રી મણિવિજયજી ગણિવર ગ્રન્થમાલા નં. ૧૩

દેવપૂજાદિ ધર્મ પ્રતિપાદન કરનાર

શ્રી

# રત્નચૂડ રાજાની કથા

પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી વિજય
કુમુદસૂરીશ્વરજી મહારાજશ્રીના
સદુપદેશથી

છપાવી પ્રસિદ્ધ કરનાર

**માસ્તર ન્હાલચંદ ઠાકરશી**

પં. મણિવિજયજી ગ્રંથમાલાના કાર્યવાહક

મુ. લીંચ ( વાયા મહેસાણા )

મૂલ્ય ૧-૮-૦

પં. મણિવિજયજી ગણિવર ગ્રન્થમાલા નં. ૧૩

દેવપૂજાદિ ધર્મ પ્રતિપાદન કરનાર

શ્રી

# રત્નચૂડ રાજાની કથા

★

પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી વિજય
કુમુદસૂરીશ્વરજી મહારાજશ્રીના
સદુપદેશથી

★

છપાવી પ્રસિદ્ધ કરનાર.
માસ્તર ન્હાલચંદ ઠાકરશી
પં. મણિવિજયજી ગ્રંથમાલાના કાર્યવાહક
મુ. લીંચ (વાયા મહેસાણા)

★

સં. ૨૦૦૬ | કિં રૂ. ૧-૮-૦ | પ્રત ૧૨૫૦

મુદ્રકઃ જયંતિ ઘેલાભાઇ દલાલ, વસંત પ્રિં. પ્રેસ, ઘીકાંટારોડ
ઘેલાભાઈની વાડી, અમદાવાદ.

# પ્રસ્તાવના

આ રત્નચૂડ રાજાનું ગુર્જરભાષામાં ઉતારેલ ચરિત્ર પરમપૂજ્ય પં. મણિવિજયજી ગણિવર ગ્રંથમાલાનું ૧૩ મું પુસ્તક આ છે. પૂજ્યપાદ શ્રી દેવેન્દ્રગણિવર ઉર્ફે પૂ. પા. શ્રી નેમિચન્દ્રસૂરીશ્વરજીએ બારમા સૈકામાં પ્રાકૃત ભાષામાં ભવ્ય જીવોના હિતાર્થે રચેલ અપૂર્વ રસમય ચરિત્ર ખંભાત તાડપત્રીય ભંડારમાં પૂ. પા. આચાર્યદેવ શ્રી વિજયકુમુદ-સૂરીશ્વરજી મહારાજના જોવામાં આવ્યું. તેની રચના ભવ્ય જીવોને બહુ લાભદાયિ હોવાથી તે પુસ્તક મૂલસ્વરૂપે પ્રાકૃત ભાષામાં પ્રગટ કરવામાં આવ્યું. આ અપૂર્વ રસમય ચરિત્રનો લાભ પ્રાકૃત ભાષા નહિ જાણનાર વર્ગને આપવા માટે તેનો ગુર્જર અનુવાદ થાય તો સારૂં, તેથી આ ચરિત્રનું ગુજરાતી અવતરણ કરવામાં આવ્યું છે. આ ચરિત્રનો વિષય દેવપૂજા સમ્યક્ત્વાદિક ધર્મનો છે. ભાવથી કરેલ જીનેશ્વર-દેવની પૂજા જબ્બર આત્મવિકાશ કરાવનાર છે. તે આ ચરિત્રથી બકુલ માળી તથા તેની સ્રી પદ્મણિના દૃષ્ટાન્તથી પ્રતિપાદન કરેલ છે; બકુલ માળી કલિંગદેશના કંચનપુર નગરનો વાસી હતો. કંચનપુરમાં પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવસ્વામિનું મહાન સુંદર ચૈત્ય હતું. ચૈત્ર માસમાં ત્યાં ભારે ઓચ્છવ થયો. નગરજનોએ તે ઓચ્છવનો લાભ લેવા મેળારૂપે એકઠા થઇ મહાન સ્નાત્રમહોત્સવ ઉજવ્યો. આ પ્રસંગ ઉપર તેમાં બકુલ માળી પણ બીજા માળીઓ સાથે પોતાના બગીચાના ફુલોના હાર, ગજરા, પુષ્પોના ડાસા ભરી પોતાની સ્રી પદ્મણિ સાથે ત્યાં આવી પહોંચ્યો. ઓચ્છવ પૂર્ણ થયે અન્ય માળીઓ નગરમાં ચાલ્યા ગયા. બકુલ માળી વિચાર કરવા લાગ્યો કે આજ ઓચ્છવનો દિવસ હોવાથી પ્રભુનાં દર્શન કરી ઘરે જાઉં, તેથી પોતાની સ્રી સાથે દેરાસરના પગથીએ

ચડયો, ત્યાં આદિનાથપ્રભુના દર્શને તેનું ચિત્ત શાન્તરસમય બન્યું. અને વિચાર આવ્યો કે આ તરણતારણ પ્રભુના દર્શન કરવા આવ્યો તે મેં બહુ સારૂ કર્યું. તમામ દુઃખોને દૂર કરનાર અને સુખસંપત્તિને પમાડનાર આ દેવની મૂર્તિ અલૌકિક આકૃતિને ધારણ કરનાર છે. શ્રીમન્તવર્ગે અત્રે આવી સોનારૂપા હીરામોતી અને પુષ્પમાળાઓએ કરી પ્રભુની જે ભક્તિ કરેલ છે તે યથાર્થ છે. તે પુણ્યવન્તોને હું ધન્યવાદ આપું છું, તેઓની લક્ષ્મી પણ સફળ છે, હું તો પામરપ્રાણી છું, તેવી ઋદ્ધિસિદ્ધિવાળો નથી. પરંતુ મારા ડાલામાં સુંદર પુષ્પમાળા વેચાયા વિનાની પડી છે, તે પ્રભુને ચડાવી દઇ કૃતાર્થ બનું. અને આ પ્રભુને ક્રમે ક્રમે મારી વાડીમાં નિપજતા એક લાખ પુષ્પો ચડાવી એક માસ સુધી ભકિત કરૂં. જેથી આ દુઃખમય સંસારનો નિસ્તાર થાય. આવા સુંદર વિચારે તે તન્મય બન્યો, અને પોતાની સ્રી પદ્મણિએ કહ્યું કે, મને પણ આવો વિચાર આવ્યો હતો. માટે વિના વિલંબે આ કાર્ય કરો. તેથી બન્ને જણ પ્રભુ પાસે પહોંચી બહુ જ હર્ષથી પાડલાપુષ્પની તે શ્રેષ્ઠ માળા પ્રભુને ચડાવી સ્તુતિ કરવા લાગ્યો. અને દેરાસરમાં શ્રાવકજનો સમક્ષ લાખ પુષ્પો ચડાવવાનો અભિગ્રહ ધારણ કર્યો. શ્રાવકજનોએ તેનું બહુ અનુમોદન કરી ધન્યવાદ આપ્યો. પદ્મણિ પણ છેવટ પ્રભુદર્શન કરી બન્ને જણ પોતાને ઘેર જવા નીકળ્યાં રસ્તામાં આ કાર્યના વિચારો ચડતા બન્યા. ઘરે પહોંચીને પણ આજે સોનાનો સૂર્ય ઉગ્યો, આ જન્મ સફલ થયો, મારા જેવા પામરને દેવપૂજા કરવાનું કાર્ય સૂઝી આવ્યું તે પૂણ્યોદયની નિશાની છે, એમ ચઢતા પરિણામે રહ્યા. એક મહિનામાં દરરોજ વધતા પરિણામે લાખ પુષ્પો ચડાવ્યાં,

અને છેવટે મહાન પૂજા વિધાન કર્યું. પદ્મણિએ એક સુંદર તિલક બનાવરાવી પ્રભુને બહુ હર્ષોલ્લાસથી ચડાવ્યું, અને પોતાને ધન્ય માનવા લાગી. આ વિધાનથી તે બન્નેજણે મહાન પુણ્યાનુબંધિ પુણ્ય બાંધ્યું અને ભદ્રિક ભાવે મનુષ્ય આયુષ્ય બાંધી લીધું, અને તેજ ભવમાં પુત્રાદિ પરિવાર તથા લક્ષ્મીની પ્રાપ્તિ થઇ. પ્રભુપૂજાનો રંગ જીંદગી પર્યંત સ્થિર થયો, તે બન્ને પોતાનું આયુષ્ય પુરૂ કરી બકુલ માળીનો જીવ ગજપુરનગરના રાજા કનકરથના પુત્રી તિલક સુંદરી થઇ. એકાગ્રચિત્તે વધતા પરિણામે પ્રભુપુજા કરવાથી તે બન્નેનો આત્મવિકાશ ન્યાયપ્રિયતા એવો જબ્બર થયો કે-જન્મથી જ ઉદારતા, ગંભીરતા, શુરવીરતા વિગેરે ગુણો તેમને વર્યા. પ્રભુ ગુણ ઓળખીને પુજક જો ચડતાભાવે યથાશકિત પ્રભુ સેવા કરે તો અનાદિકાલના કર્મ મળને દૂર કરી, આત્માને પવિત્ર બનાવે છે. પણ તેની સાથે સરત એ છે કે ગુણાનુરાગિ બની, પ્રભુ ગુણમાં તન્મય બનવું જોઇએ. તમામ કર્મો પ્રભુપૂજાથી પાતળા બની જઇ, વિઘ્નો દૂર ભાગી જતાં પુણ્યનો વાસ થઇ જાય છે. આ જગતમાં તે કિર્તિને વરે છે, અને પરલોકમાં પણ દેવપણું રાજપુત્રપણું કે—સમૃદ્ધ ઋદ્ધિ પુત્રપણું વિગેરે મળે અને ધર્મની પ્રાપ્તિ થતાં છેવટ મોક્ષની પ્રાપ્તિ થઇ જાય છે. ક્ષુદ્રજીવો આ વસ્તુ સમજી શકતા નથી, તેથી દુઃખ દારિદ્રથી પીડા પામી. આ અનન્તા સંસારમાં ભમ્યા કરે છે. સુખનું કારણ વીતરાગ ભાષિત ધર્મ છે. તેમાં પ્રથમમાં પ્રથમ દેવપૂજા છે, તે આચરવાથી આલોક પરલોક સુખી બને છે, અને છેવટે શાશ્વતસુખની પ્રાપ્તિ થાય છે. માટે એકાગ્રચિત્તે અનન્તગુણી પરમાત્માની પૂજા દુનિયાની

દુગ્ધા ભુલી જઇ પ્રસન્ન ચિત્તે કરૂં એમ આત્માને કેળવી, કરવા લાગે તો રત્નચૂડની માફક આબાદિવાળા બને છે. રત્નચૂડ રાજા તપસ્વી મહાન અતિશયવાળા સુરપ્રભમુનીશ્વરના સમાગમથી સમ્યકત્વને પામ્યો. અને તેને તિલકસુંદરી, સુરાનંદા, રાજહંસી, પદ્મશ્રી અને રાજશ્રી, આ પાંચ પુણ્યશાલિ રાજકન્યાઓ તેને વરી. તે પાંચેના માતાપિતા અને પોતાના માતાપિતાને પણ જૈનધર્મ પમાડી, વ્રતમાં જોડી, મોક્ષમાર્ગમાં સહાયભૂત બન્યો, મહાન પુણ્યોદયે તમામ વિદ્યાધરનો ઉપરી રાજા બન્યો. તેને આકાશગામિનિ, વૈક્રિયલબ્ધિ, પદાનુસારિણીલબ્ધિ વિગેરે વિદ્યાથી પોતાના પરિવારને વૈતાઢય પર્વત તથા મેરૂપર્વતના શાશ્વતા ચૈત્યોની પણ યાત્રા કરાવી. તેને ચિંતામણિ રત્ન પણ દેવોએ અર્પણ કર્યું, તેથી તીર્થયાત્રા લોકોપકાર વિગેરે સુકાર્યો કરી શકયો, અને ઘણા લોકોને જૈનધર્મ પમાડયો. આ ભવમાં અન્તરાય કર્મનો ઉદય હોવાથી, દીક્ષા ગ્રહણ કરી ન શકયો, પણ દેશવિરતિને ધારણ કરી બારે વ્રતોને ઉલ્લાસ ભાવે પાળવા લાગ્યો. ધર્મની પ્રભાવના કરી અંતે બારમા દેવલોકે રત્નચૂડનો જીવ અચ્યુતઈંદ્ર બન્યો. ત્યાં દેવલોકના સુખ ભોગવી ચ્યવીને મહાવિદેહમાં ચક્રવર્તી રાજા થઇ ચારિત્ર સ્વીકારી કર્મક્ષય કરી, શાશ્વતા મોક્ષ સુખને તે પામ્યો.

આ ચરિત્ર પ્રાતઃસ્મરણીય શ્રી ગૌતમગણધરદેવે શ્રેણિક મહારાજા પાસે પ્રતિપાદન કર્યું, તે સંક્ષેપથી દેવેન્દ્રગણીએ અવાન્તર પ્રસંગાગત અનેક કથાઓ કહેવાથી બહુ રસમય રચી અને અનેક તત્વજ્ઞાનના વિષયોને પ્રકાશ કરનાર આ ચરિત્ર બન્યું કથાઓની સંક્ષેપ અનુક્રમણિકા નીચે મુજબ છે.

| | પૃષ્ઠ |
|---|---|
| ક્ષેમંકર સોનીની કથા | ૨૯ |
| ઘુવડ કથા | ૪૫ |
| જક્ષ કથા | ૫૫ |
| સોમપ્રભ કથા | ૫૭ |
| દેવદ્રવ્ય ભક્ષણ ઉપર કેશવની કથા | ૬૮ |
| સુરતેજ કુમાર કથા | ૭૫ |
| વજ્રપાણિયક્ષ કથા | ૮૦ |
| શ્રી શાંતિનાથ મંદિર વર્ણન તથા ઇતિહાસ | ૮૨ |
| સુરપ્રભ મુનિનો પૂર્વ વૃત્તાંત | ૯૩ |
| રાજકન્યા કથા | ૧૦૨ |
| વિદ્યાધર કથા | ૧૦૩ |

| | પૃષ્ઠ |
|---|---|
| શ્રીશાન્તિનાથના પૂર્વભવો | ૧૧૧ |
| વૈતાઢ્ય પર્વતનું સ્વરૂપ | ૧૩૦ |
| રાજશેખર રાજકથા | ૧૪૦ |
| દાન ઉપર રાજશ્રીની પૂર્વભવ કથા | ૧૭૬ |
| શીલ ઉપર પદ્મશ્રીની કથા | ૧૮૦ |
| સતી મદનશ્રીની કથા | ૧૮૩ |
| વિષ્ણુશ્રીની કથા | ૧૮૫ |
| તપ ઉપર રાજહંશની કથા | ૧૮૭ |
| ભાવના ઉપર સુરાનંદ કથા | ૧૯૩ |
| કર્મબંધ ઉપર અમરસેન મિત્રાનંદની કથા | ૧૯૬ |
| રત્નચૂડ શાસનપ્રભાવના વર્ણન | ૨૨૨ |
| પ્રશસ્તિ વ્યાન | ૨૨૬ |


આ ગ્રંથ મુદ્રિત કરવામાં શ્રી ખેરવા ( તા. મહેસાણા ) જૈનસંઘે જ્ઞાનખાતામાંથી રૂ. ૫૦૦) તથા શ્રી કડી જૈન સંઘે જ્ઞાનખાતામાંથી રૂ. ૪૦૦) ની મદદ કરેલી હોવાથી તેઓનો આભાર માનવામાં આવે છે. તથા આ ગ્રંથને ગુર્જર ભાષામાં બનાવનાર પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ પરોપકારી આચાર્ય દેવશ્રી વિજયકુમુદસૂરીશ્વરજી મહારાજનો જેટલો ઉપકાર માનીએ તેટલો ઓછો છે. ભવ્યાત્માઓ આ ગ્રંથને વાંચી વિચારી આત્મશુદ્ધિ કરે એવી અભિલાષા રાખી વિરમું છું.

**પંન્યાસ શ્રી. મણિવિજયજી ગણિવર**
ગ્રંથમાલાના કાર્યવાહક;
**માસ્તર ન્હાલચંદ ઠાકરશીભાઈ**
મુ. લીંચ ( વાયા મહેસાણા )


# શુદ્ધિપત્ર

| પૃષ્ઠ | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૫ | ૨૪ | સ્વર્ગંરૂપીમોક્ષને | સ્વર્ગમોક્ષને |
| ૮ | ૮ | ગુર્ગુનુરાગી | ગુણાનુરાગી |
| ૮ | ૧૧ | દુર્ગણુથી | દુર્ગુણુથી |
| ૧૧ | ૪ | ખૂજા | પૂજા |
| ૧૩ | ૧૧ | જેણીના અને | જેણીના |
| ૨૫ | ૮ | જટાઓની | જટાઓને |
| ૨૭ | ૩ | ડિંટીઆવાળી | ડિંટીઆવાળા |
| ૩૦ | ૨૩ | થઇ નહિ | થઇ |
| ૪૮ | ૨૩ | મધુવચને | મધુર વચને |
| ૫૬ | ૭ | આવે છે | આવેલ છે |
| ૭૬ | ૨૦ | એના | એવા |
| ૮૨ | ૭ | મસ્કત | મરકત |
| ૮૪ | ૬ | ખરચી | ખરચો |
| ૮૫ | ૩ | પાપ રટણો | પાપ પુંજો |
| ૮૭ | ૨ | કરી સહિત | કરી રહિત |
| ૮૮ | ૧૩ | અસકૃશ | અસદૃશ |
| ૯૧ | ૧૯ | શત્રુપણાને | શત્રુપણાએ |
| ૯૫ | ૨ | તરવા | તરવાર |
| ૧૧૬ | ૧૪ | મુનીશ્વરે | મુનીશ્વર |
| ૧૧૭ | ૧૨ | વિધાએ | વિધાનોએ |
| ૧૧૯ | ૬ | દેવોએ | દેવે |
| ૧૧૯ | ૭ | દેવો | દેવ |
| ૧૨૯ | ૫ | દુઃખી | દુઃખ |

| પૃષ્ટ | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૩૦ | ૧૫ | અન્તકાલેજ | અલ્પકાલેજ |
| ૧૩૦ | ૧૮ | કુમારે | કુમારે બહુસારૂ |
| ૧૩૧ | ૭ | ભવનો | ગુફા ભુવનો |
| ૧૩૨ | ૧૬ | વેતળીની | પુતળીની |
| ૧૩૭ | ૨૪ | ચદ્રવાલ | ચક્રવાલ |
| ૧૪૦ | ૯ | અધીન | આધીન |
| ૧૪૨ | હેડીંગ | ની રાજ્ય | રાજ્યની |
| ૧૪૪ | ૨ | અતિતિપુણ | અતિનિપુણ |
| ૧૫૮ | ૧૨ | દુઃખકર | દુષ્કર |
| ૧૬૦ | ૧૦ | તેને | તને |
| ૧૬૮ | ૧૩ | સમુદ્રભવને | ભવસમુદ્રને |
| ૧૬૯ | ૨૪ | જોડાવું | જોડવું |
| ૧૭૬ | ૧ | નિર્જંસ ભાવના | નિર્જરા ભાવના |
| ૧૮૯ | ૩ | ગર્હણા કરી | ગર્હણાકર |
| ૨૦૩ | ૧ | મિત્રા | મિત્રાનંદે |
| ૨૧૧ | ૧૨ | કરુણા ન | કરૂણાને |
| ૨૧૯ | ૮ | લતી | લેતી |

★

પરમ પૂજ્ય આચાર્ય દેવેશ શ્રી વિજય-
કુમુદસૂરીશ્વરજી મહારાજ સાહેબ.



જન્મ સં. ૧૯૩૭ ખરસલીયા (કાઠીયાવાડ)
દીક્ષા સં. ૧૯૫૮ કારતક વદ ૨ રાજનગર
પં. સં. ૧૯૭૮ વૈશાખ શુદ ૩ પાલીતાણા
આચાર્યપદ સં. ૧૯૯૨ ના વૈશાખ શુદ ૪ પાલીતાણા

॥ ॐ श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ॥

પં. મણિવિજયજી ગણિવર ગ્રંથમાલા નં. ૧૩

દેવપૂજાને સમ્યક્ત્વાદિ ધર્મનું પ્રતિપાદન કરનાર—

# શ્રી રત્નચૂડ રાજાની કથા.

## (ગુજરાતી અવતરણ)

પરમપૂજ્ય **શ્રી નેમિચંદ્રસૂરીશ્વરજી** જે બારમા સૈકાના પૂર્વાર્દ્ધમાં વિદ્યમાન હતા. તેઓએ શ્રી રત્નચૂડ રાજાનું ચરિત્ર, દેવપૂજા સમ્યકત્વાદિ ધર્મને પ્રતિપાદન કરનાર રસમય, આત્મશુદ્ધિકારક, પ્રાકૃત ભાષામાં બનાવ્યું; પ્રાકૃત ભાષાના અનભિજ્ઞો પણ તેનો લાભ ઉઠાવે, તે માટે તેનું ગુર્જર ભાષામાં અવતરણ કરવું ઉચિત ધાર્યું. પ્રથમ મંગલાચરણમાં તે મહાપુરૂષ ફરમાવે છે કેઃ— હે ભવ્ય પ્રાણિઓ! શ્રી વીરજિનેશ્વરરૂપી સૂર્યને તમો મસ્તકે કરી નમસ્કાર કરો, જે વીર ભગવાન નયે કરી નમતા નરપતિ રૂપી કમલોને વિકસ્વર કરનાર છે, અને જેમને ત્રણ જગત નમેલું છે; અજ્ઞાનરૂપી અંધકારનો જેઓએ નાશ કર્યો છે. મુખની કાંતિથી જે શ્રુતદેવીએ શરદપૂર્ણિમાના ચંદ્રને જીતી લીધો છે. અને દુસ્તર શ્રુતરૂપી સમુદ્રને તરવામાં વહાણ સરખો જેણીનો પ્રસાદ છે. તે **શ્રુતદેવી** જયવંતી વર્તે છે. આ પ્રમાણે ભાવથી શ્રી વીરજિનેશ્વરને નમસ્કાર કરીને અને સરસ્વતી દેવીની સ્તુતિ કરીને ભવ્યજનોના બોધને માટે કાંઈક ઉપદેશ કહું છું.

જન્મજરા અને મરણરૂપી જળથી ભરેલા આ સંસાર સમુદ્રમાં ભમનારા અને દારૂણ દુઃખો રૂપી વડવાનલે જેઓના શરીર બાળેલા છે, તેવા જીવોએ સમગ્ર પુરૂષાર્થની સિદ્ધિ કરનાર મનુષ્ય જન્મ પામીને શાશ્વતું સુખ છે જેમાં, તેવા મોક્ષમાર્ગ સાધવામાં પ્રયત્નપૂર્વક ઉદ્યમ કરવો. ચિંતામણિ રત્ન અને કલ્પવૃક્ષ સમાન જૈન ધર્મ તે મોક્ષ પમાડનાર ઉપાય છે. અને તે દાન શીલ, તપ ભાવનામય એ ચાર પ્રકારે કહેલ છે. તે ધર્મની સાધના જિનેશ્વરદેવની પૂજાથી અને કલ્યાણકારી પંચનમસ્કારના યોગથી થાય છે. તેઓનું ફળ જાણવા માટે મહાપ્રભાવશાળી ભવ્ય પુરૂષોના ચરિત્રો સાંભળો. કેમકે ફળ જાણ્યા સિવાય વિદ્વાન પુરૂષો કોઇપણ ઠેકાણે પ્રવૃત્ત થતા નથી. જેમ બુદ્ધિમાન રત્નચૂડ રાજા પાંચ રાણીઓએ પરિવરેલો જિનપૂજાદિકના કરવાથી કલ્યાણ પરંપરાને પામ્યો. તે ચરિત્ર જેમ ગૌતમ ગણધર મહારાજાએ રાજગૃહ નગરમાં શ્રેણિક રાજાને પૂજાદિ વિધાન પૂર્વકનું કહ્યું હતું, તેવા પ્રકારે ભવ્ય જીવોના બોધને માટે હું કહું છું.

## રાજગૃહ નગર અને જનસમુદાયનું સ્વરૂપ.

રાજગૃહ નામનું નગર છે. જે નગરની નિરૂપમ શોભાએ દેવનગરની સુંદરતાનો મદ તોડી નાંખેલ છે. અને જેમાં સુરનદીના પાણી પેઠે મધુર પાણીના ઘણા જળાશયો છે; અનેક પ્રકારના વનખંડોએ જે શોભાયુક્ત છે. પરચક્રનો ઉપદ્રવ દુર્ભિક્ષ ડમર ઇતિ આદિ ઉપદ્રવો અને સિંહાદિ હિંસારી પ્રાણીઓના ભયથી જે રહિત છે; જેની સીમમાં

મનોહર શબ્દને કરતી કોયલથી યુક્ત ઘણા આંબાના વૃક્ષો છે; અને જે મહા ઓચ્છવમય મગધદેશના અલંકારભૂત છે, જેમાં સુરગિરિ સરીખા મહાન ઊંચા દેવમંદિરો છે. તે નગરનો જનસમુદાય દાક્ષિણ્ય ગુણનો સમુદ્ર છે, કરૂણા કરવામાં એકો છે, ધર્મનું ધોંસરૂ ધારણ કરવામાં તત્પર, સરળસ્વભાવી, પરોપકારી, ગુણાનુરાગી, પરદોષના ઉચ્ચારણથી પરાંગમુખ, દાન આપવામાં તત્પર, પ્રાયે કરી ત્રણે કાલ દેવગુરૂનું શરણ સ્વીકારનાર, ગુણીયલ તે નગરમાં પરમાર્હત, **શ્રેણિક મહારાજા** રાજ્ય કરે છે. જેણે મદોન્મત્ત શત્રુના સમુહને પોતાની પ્રભાવશાળી તરવાર ધારાએ વિદારી નાંખી, મેળવેલી

**શ્રેણિક મહારાજાનું સ્વરૂપ**

કિર્તિરૂપી સુધાએ પૃથ્વીમંડલ અને આકાશ પાતાલને ઉજ્જવલ બનાવેલ છે. જેના મનભવનમાં મિથ્યાત્વ અંધકારને દૂર કરનાર નિશ્ચલ સમકિતરૂપી રત્ન બિરાજમાન છે. અને જે બંધુઓ અને સ્નેહીજનો રૂપી કમળવનને વિકસિત કરવામાં સ્વચ્છ સૂર્ય સમાન અને સ્વકુલરૂપી આકાશને શોભાવવામાં ચંદ્ર સમાન છે. પૂર્વે કરેલા પુણ્યના પ્રભાવથી પ્રાપ્ત થયેલ શ્રેષ્ઠ વિષય સુખને ભોગવનાર, અને સકલ પ્રજાને પીડનાર એવી કરણીએ કરીને રહિત યથોચિત સ્નેહી મિત્ર અને બંધુ વર્ગને સન્માન દેવાવાળો ન્યાયપૂર્વક રાજ્યને પાલન કરી રહેલ છે; આ પ્રમાણે કેટલોક કાળ ગયે છતે કોઈક સમયે અનેક સામંત મંત્રીમંડલના મધ્યમાં સભામંડપમાં બેઠેલા, તે રાજાની પાસે દિવસના પૂર્વભાગમાં યુવાવસ્થાએ પ્રગટ કરેલ લાવણ્યથી

તરૂણ જનના મનને મોહ પમાડનારી અને મુખશોભાએ ચંદ્રમાને જીતી લેનારી **મૃગાંકલેખા** નામની છડી ધારણ કરનારી દાસી આવી. પ્રણામ કરીને મસ્તકે ફરતી અંજલી જોડીને વિનંતી કરવા લાગી કે, હે રાજન્ અતિશય હર્ષ કરીને વિકસિત થયેલ વદનથી જે પ્રફુલ્લ કમલને જિતી લેનાર **હર્ષકુશલ**નામને ઉદ્યાનપાલક આપના દર્શનની અભિલાષા રાખતો દ્વારમાં આવી ઊભો છે. આપને શો હુકમ છે? આ પ્રમાણે કહ્યે છતે લક્ષમાં લઇને રાજાએ કહ્યું કે, જલદી તેને તું આવવા દે. દાસીએ હુકમને મસ્તકે ચડાવી જલદી તેને પ્રવેશ કરવા દીધો, તે પણ રાજા પાસે આવી પ્રણામ કરી મસ્તકે અંજલી કરવા પૂર્વક વિનંતી કરવા લાગ્યો.

**ગૌતમ સ્વામીનું વર્ણન**

હે રાજન્ જેમાં સૂર્યકિરણો પ્રસરી શકતા નથી, એવી વનરાજીએ યુકત **ગુણશીલ ચૈત્યમાં** ચાર જ્ઞાને સહિત સાધુ સમુહે કરી તપાવેલ ઉત્તમ સુવર્ણ સરખી શરીરની કાંતિવાળા, અને કામદેવને જેણે દૂર તગડી મુકેલ છે; તેવા સૌમ્યતાએ ચંદ્રસમાન, તપતેજલક્ષ્મીએ સૂર્યસમાન, મૂર્તિમાન ધર્મજ ખડો થયો હોય તેવા, પોતાના રૂપે કરી સુર અસુરને પણ ફીકા પાડનાર મંગળભૂત શ્રી ગૌતમસ્વામીજી ઉદ્યાનમાં પધાર્યા છે.

તે સાંભળીને શ્રેણિક મહારાજાને અતિશય આનંદ થયો. દેહમાં રોમરાજી ખડી થઇ. અને તે જ ક્ષણે હર્ષકુશલ ઉદ્યાન પાલકને મનોરથથી અધિક પ્રતિદાન આપ્યું. સભામંડપથી ઊઠયા, અને તે કાલનું ઉચિત કર્તવ્ય

કરીને બહુમૂલ્યવાળા હીરામોતીના અલંકારોએ કરી શરીર શણગાર્યું. અને શ્રેષ્ઠ વસ્ત્રોથી સજ્જ થઈ મનોહર ઘંટના મધુર શબ્દોએ દિશાઓને ગજવનાર, અનેક પ્રકારના ચિત્રેલ ચિત્રોથી શોભિત સુંદર કાયાવાળા પટ્ટહસ્તિ ઉપર સ્વારી કરી. અનેક પ્રકારના વાહનમાં બેઠેલ સામંત મંત્રી સાર્થ-વાહ આદિ પરિવારે યુકત મહાન્ સૈન્ય સાથે શ્રેણિક મહારાજા ગૌતમ ભગવંતને વંદન કરવા ચાલ્યા.

ગૌતમગણધર ભગવંતે અલંકૃત કરેલ ઉદ્યાનમાં પહોં-ચીને પટ્ટહસ્તિથી ઉતરી ત્રણ પ્રદક્ષિણા કરી ઉછળી રહેલ મહાન્ ભક્તિસમુહ જેમના શરીરમાં પ્રત્યક્ષ દેખાઇ રહ્યા છે એવા, શ્રેણિકરાજા પૃથ્વીતલમાં મસ્તક થાપી નમસ્કાર કરી પરિવાર સાથે ધરણી ઉપર બેઠા, અને નેત્રાંજલીથી ગૌતમગણધર ભગવંતના મુખ કમલના લાવણ્યરૂપી અમૃતરસનું આસ્વા-દન કરતાં યાવત્ રહે છે, તેટલામાં સકલ જીવો ઉપર ઉપ-કાર કરવામાં તત્પર, ખીરાસ્રવાદિ વિવિધ લબ્ધિ યુક્ત, ગૌતમ સ્વામિ ભગવન્ જલયુક્ત મેઘનાશબ્દને જિતનારી એવી મધુર વાણીએ કરી સમગ્ર દારૂણ દુઃખરૂપી કાષ્ટને દાવાનલ સમાન, અને સકલ શુભ વૃક્ષને વધારવામાં શુભજલ સમાન એવી ધર્મકથા કહેવા લાગ્યા.

હે ભવ્યો જન્મ મૃત્યુરૂપી જલે ભરેલા આ ઘોર સંસાર સમુદ્રમાં પાપકર્મોએ પકડાએલા તમો ભમી રહ્યા છો. તેમાં કોઈક પુણ્યોદયે તમોને મનુષ્યભવ આદિ સારી સામગ્રી મળેલ છે; માટે પ્રમાદ ન કરવો જોઇએ. અને આત્મહિતમાં તત્પર રહેવું કેમકે સ્વર્ગરૂપીમોક્ષને સાધનાર, જીનેશ્વરદેવ કથિત દાનાદિક ધર્મ પ્રાણીઓને એકાંતે હિતકર છે. કહ્યું છે કે—

पत्तेसु देंति जे दाणं, सीलं पालिंति निम्मलं ।
तवं तवंति सत्तीए, भाविंति सुहभावणं ॥१॥
विहिणा सुद्धचित्ताओ ते तरंति दुरुत्तरं ।
भवोदहिं महासत्ता, दुक्खकल्लोलमालियं ॥२॥
जहा रयणचूडस्स, भारियाओ मणोहरा ।
रायसिरिमाइयाओ, पत्ता कल्लाणमुत्तमं ॥३॥

જેઓ પાત્રમાં દાન આપે છે, નિર્મલશીલને પાળે છે. યથાશક્તિ તપસ્યા કરે છે. અને શુભભાવના વાસિત બને છે. તે મહાપરાક્રમવાળા જીવો વિધિએ કરી નિર્મળ ચિત્તથી દુઃખરૂપી કલોલે ભરેલા ભવસમુદ્રને તરીજાય છે. જેમ રત્નચૂડ રાજાની મનોહર, રાજશ્રી વિગેરે રાણીઓ ઉત્તમ કલ્યાણને પામી.

શુભાનુબન્ધિ આ દાનાદિક ધર્મનું પરમાર્થથી કારણ પંચનમસ્કાર જ છે. જે નમસ્કાર અચિંત્ય ચિંતામણિ રત્ન અને કલ્પવૃક્ષ સમાન છે. દુસ્તર સંસાર સમુદ્ર તરવામાં વહાણ સમાન છે. દુઃખ દારિદ્ર વ્યાધિને નાશ કરનાર છે. જલ અગ્નિ વૈતાલ અને સર્પના ઝેરને નાશ કરવાનો મહામંત્ર છે. મોહરૂપી મહામલ્લને મરડવાનું યંત્ર છે. કહ્યું છે કેઃ—

जे केइ गया मोक्खं, संपइ गच्छंति जे गमिस्संति ।
ते सव्वेवि नरिसर ! पंचनमोक्कारजोएण ॥१॥

જે કોઇ મોક્ષમાં ગયા, વર્તમાનકાળે જાય છે, અને જે જશે તે તમામ હે નરેસર ! પંચ નમસ્કારના વ્યાપારથી બને છે.

અને તે નમસ્કાર પણ, નવકારમંત્ર પ્રથમપદભૂત, રાગદ્વેષ મોહ જેણે ક્ષય કર્યો છે. સકલ સુરાસુર નરેશ્વરે જેમના ચરણ કમલની સેવા ઉઠાવી છે. અને સમગ્ર ત્રિભુવનના મનુષ્યોએ ચિંતવેલા પદાર્થને પમાડવા કલ્પવૃક્ષ સમાન છે, એવા તીર્થંકરદેવની ચિંતિત સકલ સુખને પમાડવાવાળી પૂજા કરવાથી જ્ઞાનાનુબંધી-સફલ બને છે, માટે પ્રથમ તે પૂજામાં જ સર્વ પ્રકારનો ઉદ્યમ કરવો. કહ્યું છે કે-તીર્થંકરદેવની ભાવપૂર્વક શક્તિ મુજબ જે પૂજા કરે છે, તે કલ્યાણને પામે છે. અને તેને પ્રકૃષ્ટ ધર્મની પ્રાપ્તિ જલ્દી થાય છે. જેમ રત્નચૂડ રાજા અને તેની તિલકસુંદરી આદી સ્ત્રીઓ તીર્થંકરદેવની ભાવથી પૂજા કરવાથી અનુપમ એવા ભોગોને પામી; નિવૃત્તિ પામી. આ સાંભળી શ્રેણિક મહારાજાએ પ્રશ્ન કર્યો કે હે ભગવન્ તે **રત્નચૂડ** રાજા કોણ અને તેની **તિલકસુંદરી** આદિ પત્નીઓ કોણ? કે પૂજાનું અને દાનાદિક ધર્મનું ફલ સાધવા માટે જેઓને દૃષ્ટાંતભૂત બનાવ્યા, ગૌતમગણધરદેવે મેઘગર્જના સમાન વાણીએ કરી કહ્યું કે-હે રાજન્! તમે જે પૂછયું તે એકાગ્ર મનવાળા બની સાંભળો-

**કાંચનપુર અને માળી બકુલ પદ્મિણિનું વર્ણન.**

ગામ નગર પર્વતો નદીઓ તથા સરોવરો અને વૃક્ષના સમુહે કરી શોભિત કલિંગ દેશમાં **કાંચનપુર** નામનું નગર છે. જે નગરને ગગનશીખાને ચુંબનાર શીખરવાળો ઉજ્વળ કીલ્લો છે. અને અનેક પ્રકારના કમલોએ શોભતી ઘણા જલચર જીવોના હલનચલનથી ઉછળતા તરંગોના સમુહ-

વાળી સુંદર ખાઇ ચોતરફ રહેલી છે. અને જે નગર મહાન ઉંચા શીખરવાળાં દેવમંદિરો તથા પ્રાસાદોએ કરી રળીયામણું છે. અનેક પ્રકારના પ્રચુર ધાન્યો અને પવિત્ર કરીયાણાએ કરી ભરેલી દુકાનોના સેંકડો પંકિતએ કરી મહાન્ વ્યાપારનું સ્થાન છે. તલાવ વાવડી વિગેરે જલાશયો જેમાં ઘણાં રહેલાં છે. અને ધાર્મિકવૃત્તિ અને પવિત્ર આચાર-વાળા લાખ્ખો સ્ત્રીપુરૂષોથી જે શોભી રહ્યું છે. તે નગરમાં સ્વાભાવિક ભદ્રિકગુણવાળો સરલસ્વભાવી ગુર્ણુનુરાગી ઈર્ષાએ રહિત અનેક પ્રકારના પુષ્પના વેપારથી ઉપાર્જન કરેલ ધનવાળો **બકુલ** નામનો માળી વસે છે. તેને સ્વાભાવિક વિનયગુણવાળી પરને ઠગવાના દુર્ગુણથી રહિત નિર્મલશીલ રૂપી અલંકારોએ શોભિતશરીરવાળી પ્રમાણોપેત અને મધુર બોલનારી **પદ્મિણિ** નામની ભાર્યા છે. તેણીની સાથે પોતાના વૈભવ અનુસાર વિષયસુખને ભોગવનાર અને અનેક પ્રકારના ફુલ ફળોએ યુકત વૃક્ષોના સમૂહવાળા પોતાના બગીચાના પુષ્પને ચુંટવા ગુંથવા અને વેચવાના વ્યાપારમાં મશગુલ એવા તે માળીને કેટલોક કાળ ચાલી ગયો.

**તીર્થભૂત રૂષભદેવ મંદિરની યાત્રાનું વર્ણન**

એક અવસરે તે નગરમાં રહેલ તીર્થભૂત મહાન્ રૂષભદેવ સ્વામિજીના મંદિરની યાત્રાનો ચૈત્રમાસમાં પ્રસંગ આવ્યો. મહાન્ કારિગરીવાળું મનોહર તે રૂષભમંદિર સુવર્ણના સેંકડો થાંભલાની રચનાવાળું આકાશતલ સુધી ઉંચા ગયેલા શિખરો ઉપર ચકચકાટ કરતી સોનાના કલશોની પંકિતથી

શોભતું, અને નાભિકુલકર રૂપી આકાશમાં ચંદ્રમા સમાન દીપતા પ્રથમ જિનેશ્વર શ્રી રૂષભસ્વામિની સુંદર મૂર્તિયુક્ત ગભારાવાળું, દર્શન માટે આવતા જનસમુદાયના પાપને દૂર કરવાવાળું, પવિત્ર તીર્થ છે. ભવ્ય જીવોને તારનાર છે. આશ્રવમાં ખુંચેલા પ્રાણીઓને અનેરો ઉલ્લાસભાવ પ્રગટ કરનાર છે, ઉલ્લાસભાવયુક્ત જિનેશ્વરની ભક્તિથી અનંત-કાલનો કર્મકચરો ધોવાઈ જવાથી પ્રાણીઓ આત્મશુદ્ધિ કરી ન્યાય નીતિવાન બની ધર્મમાર્ગમાં શ્રદ્ધાવાળા બની શાશ્વત મોક્ષ સુખને પામી શકે છે. માટે તીર્થયાત્રા મૌલિક માર્ગ છે. અનંતકાલથી ચાલ્યા આવતા તે માર્ગમાં ભાગ્યશાળીઓ શિર ઝુકાવી સ્વપર તારક બન્યા છે. માટે શ્રદ્ધાલુ જનોએ તે મંદિરમાં અત્યંત હર્ષથી રોમાંચિત બની મહાન્ સ્નાત્ર મહોત્સવ ઉજવવો શરૂ કરેલ છે. આ અવસરે **બકુલમાળી** દિશાઓના આંતરાને સુગંધિત બનાવનાર સુગંધિ પુષ્પોની માળા તથા ફુલોના કરંડીઆ ભરી સ્ત્રી પાસે ઉપડાવી અને પોતે ઉપાડી રૂષભદેવ મંદિરના ચોગાનમાં વેચવા આવી પહોંચ્યો. બીજા માળીઓ પણ ત્યાં પુષ્પમાળા વિગેરે લઈ આવી પહોંચેલ છે; ત્યાં શતપત્રિક જાઈ પાડલ બકુલ નવમાલિકા ચંબેલી અને કુંદ-પુષ્પની માળાઓની સુગંધ ચોમેર ઉછળી રહેલ છે. શ્રાવક શ્રાવિકા જનો તે માળીઓ પાસેથી મોં માગ્યા પૈસા આપીને તે માળાઓ અને પુષ્પો ખરીદ કરી રહ્યા છે. સ્નાત્રમહો-ત્સવ પુર્ણ થયે મનોરથથી પણ અધિક દ્રવ્યનો લાભ થવાથી તમામ માલ વેચી આનન્દિત ચિત્તવાળા અન્ય માળીઓ પોતપોતાને ઘેર પહોંચી ગયા. અને જેનો બધો માલ વેચાયો નથી તે બકુલ માળી પત્નિ સહિત જિન

મંદિરમાં ગયો. અને શ્રીઋષભસ્વામીજીને જુએ છે, તે પ્રભુ તરૂણસૂર્યના કિરણ સરખું ઉછળી રહેલ તેજે અંધકારના સમુહને દૂર કરનાર છે. તપાવેલ સુંદર સુવર્ણ ઘટિત દેહવાળા છે, આછું કસ્તુરી વિગેરેનું વિલેપન જેમને સર્વ અંગે કરેલ છે, અત્યંત સુગંધિ પુષ્પમાળાના અલંકારવાળા છે, વિચિત્ર મણિરત્ન જડિત આભૂષણોએ શોભિત, ભાલતલે જડિત શ્રેષ્ઠ રત્નયુક્ત તિલકવાળા છે, શ્રેષ્ટ વસ્ત્રોથી પુજાઇ રહેલા છે, જેમની પાસે ઝગઝગાટ કરતા દીપકો રહેલ છે અને સમિપમાં મનોહર બલિવિધાન થઈ રહ્યું છે, અનેક વિચિત્ર સાથિયા પુરાઇ રહેલ છે, ઉચ્ચસ્વરે મંગલપાઠ જેમના પાસે ઉચ્ચરાઇ રહ્યા છે. અને જેમના પાસે વિકસ્વર પુષ્પગૃહ રચાઈ રહ્યું છે, અને વધામણું નચાવવા પૂર્વક મૂકાઇ રહેલું છે, તથા આરતીમંગલ દીવા ઉતરાઇ રહેલ છે. એવા આદિનાથ ભગવંતને જોઈ બકુલ માળીને અત્યંત હર્ષ થયો. અને ચિંતવવા લાગ્યો કે—અહો ભગવંતની કેવી શાંતમુદ્રા! કેવી મુખની પ્રસન્નતા! અને દૃષ્ટિ પણ કેવી સુંદર! અને સર્વ અંગનું સુંદરપણું કેવું જબ્બર છે, અને શ્રાવકજનોની પણ કેવી સુંદર દેવભક્તિ! અને આશ્ચર્યકારી કેવી પૂજાની આસકિત, અને તેઓની વૈભવ સંપદા પણ કેવી આશ્ચર્યજનક! છે, ધર્માનુષ્ઠાન ઉપર તે શ્રાવક લોકોની કેટલી બધી લાગણી છે! અને બહુમાન પણ તેઓમાં અજબ રહેલ છે; તેથી તેઓ ધન્ય છે; પુણ્યવંત છે જન્મ જીવિતનું ફળ તેઓએ પ્રાપ્ત કર્યું છે; અને અમો અધન્ય-પુણ્ય વિનાના છીએ, કારણકે અમો અર્થમાં લુબ્ધ અને પરલોકની દરકાર વિનાના કાંઇપણ આત્મહિત કરી શકતા

નથી; આ પ્રમાણે બકુલનો આત્મા પ્રભુદર્શનથી સુંદર આશયવાળો બન્યો, ગુણાનુરાગી બન્યો, વિચારની ઉગ્રતાએ કર્તવ્ય માર્ગ ઉપર આવ્યો; અને ચિંતવ્યું કે આ પ્રભુની એકલાખ ફુલોએ કરી મારે પૂજા કરવી, તેમાં પચીસહજાર જાસુદના પુષ્પો અને પચીસ હજાર શતપત્રિકાનાં ફુલો અને પચાસહજાર જાઇના પુષ્પો ચડાવવા. વળી તેને વિચાર આવ્યો કે આ સંકલ્પ તો ભાવિ કાળનો છે. પણ હમણાં તો પાડલપુષ્પ મિશ્ર જાઈની માળાએ ભગવંતની પૂજા કરૂં. આ પ્રકારે ચિંતવીને પોતાનો સંકલ્પ પોતાની પત્ની પદ્મિણીને કહ્યો, તેથી તેણીએ પણ બહુ રાજી થઇ કહ્યું કે– હે સ્વામિનાથ! તમોએ બહુ સારૂં વિચાર્યું છે. મને પણ તેજ વિચાર આવ્યો હતો, તેથી વિના વિલંબે તમારા મનોરથનો જલ્દી અમલ કરો. આ સાંભળી તેને બહુ આનંદ થયો, અને નેત્રમાં હર્ષનાં આંસુ આવ્યાં; સુંદર ચડતા ભાવે પ્રભુના મસ્તકમાં માળા ચડાવી; તે વાર પછી તે બન્ને સ્રીભરતાર ત્રણ વખત ભૂમિએ મસ્તક લગાડી પ્રભુને નમસ્કાર કરી હર્ષિત બન્યા–સંતોષી બન્યા. આવી તેમની સુંદર કરણી જોઇ શ્રાવકોએ બહુ વખાણ્યા. બહુમાન કર્યું, પોતાના આત્માને કૃતાર્થ માનતા, તે બન્ને પોતાના ઘરે જઈને પણ કેટલાક કાળસુધી પ્રભુપૂજાની અનુમોદના કરતા રહ્યા. ત્યારથી માંડી તે બન્ને જણાએ અસ્ખલિત વધતા પરિણામે તારક રૂષભદેવસ્વામિની પુષ્પોથી પૂજા કરવા માંડી, અને એક માસમાં એક લાખ પુષ્પો પ્રભુને ચડાવી પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરી. અને છેલ્લે દીવસે બકુલમાળીએ હર્ષથી બલિ વિધાન કર્યું, અને પદ્મિણીએ એક

મહાન મોતીના વળીયાવાળું સોનાનું તિલક કરાવી પ્રભુના ભાલ સ્થલમાં સ્થાપન કર્યું, આ શુભવિધાનથી તે બન્ને જણે વિશિષ્ટ નરભવનું આયુષ્ય બાંધ્યું. અને શુભાનુબંધી નિરૂપમ રાજ્યલક્ષ્મીના ભોગને પમાડનાર મહાપુણ્યના ભાગી બન્યા. ધર્મીમનુષ્યોએ તેઓની ભૂરિ ભૂરિ અનુમોદના કરી, તે વાર પછી તેઓને પુત્રપરીવારની પ્રાપ્તિ થઈ. દેવ-પુજાથી પોતાના આત્માને કૃતકૃત્ય માનતો **બકુલમાળી** શુભપરિણામમાં વર્તી આયુષ્ય પૂર્ણ થયે કાલધર્મ પામ્યો અને **ગજપુર** નગરમાં ઉત્પન્ન થયો.

**ગજપુર નગર કમલસેન રાજા અને રત્નમાલા દેવીનું સ્વરૂપ**

તે નગર સુરનગર સરખી શોભાવાળું, ન ગણી શકાય તેવા પવિત્ર કરિયાણાથી ભરેલ દુકાનોમાં પ્રચુર વ્યાપાર ચાલી રહેલ છે તેવું. અને જે નગરનો સમસ્ત દેશ ધનધાન્ય સોનું રૂપું વિગેરે દ્રવ્યથી યુકત છે તેવું. સૂર્યરથના માર્ગમાં આડા આવે તેવા મહાન્ લાખો મહેલોથી શોભિત; મધુર જળે ભરેલા અનેક જળાશયવાળું, સકલ ઉપદ્રવે કરી રહિત; અને સર્વગુણોએ વ્યાપ્ત, સર્વજનોમાં પ્રસિદ્ધ અને કુરૂ-દેશને અલંકારભૂત છે. તેવા ગજપુરનગરમાં **કમલસેન**રાજા રાજ્ય કરી રહ્યા છે. તે પરાક્રમશીલ રાજવીને નમસ્કાર કરનાર બલિષ્ઠ સામંતરાજાના મુકુટોમાં જડેલ મણિરત્નોના કીરણોએ જેના ચરણ કમલોને રંગિત બનાવ્યા છે; અને જેણે નિરંતર રોકટોક સિવાય અપાતા દાને કરી મેળવેલ પ્રસિદ્ધિ દિશાઓના અંતસુધી પહોંચી ગયેલ છે. અને

કોઈપ્રકારની કદર્થના નહિ કરાતી હોવાથી સુખી અને અનુરાગી જેની પ્રજા છે; જે શરણાગતમાં પ્રેમાળ છે, પ્રાણનો નાશથાય તો પણ સ્વીકારેલ કાર્યમાં શૂરવીર છે; અને મિથ્યા અભિનિવેશ. ખોટા ફાંકા રાખવાના દૂષણથી પર છે. પરાક્રમે કરી જેણે શત્રુસૈન્યને દાબી દીધું છે, અને તે કમલસેન રાજાની રાણી મહાસતી **રત્નમાલા** નામની છે. જેણીએ પોતાના સૌભાગ્ય ગુણથી કામદેવની સ્ત્રી રતિને હંફાવી નાખેલ છે. જેણીના નેત્રો નીલકમળની પાંખડી જેવા કોમળ છે, અને નિરૂપમગુણસમુદાયે કરી સકલજનની ચાહના ઉત્પન્ન કરેલ છે. હસ્તિના કુંભસ્થળને જીતીલેનાર કઠિન જેણીના સ્તનો છે, જેણીના અને હોઠના લાલરંગ પાસે કુસુંબાનો લાલરંગ ઝાંખો પડી જાય છે, સમસ્ત કુલનારી-ગણમાં જેણીની મુખશોભા અપૂર્વ છે, તેવી મહાસતીની કુક્ષિમાં બકુલમાળીનો જીવ પુત્રપણાએ ઉત્પન્ન થયો. રાત્રિના છેલ્લા પહોરે તે રાણીએ પસરતાકિરણની શીખાવાળું મુખથી પેટમાં પેસતું રત્નના ઢગલાનું સુપનું જોયું, અને તરતજ જાગી ગઇ, કાલોચિત કર્તવ્યવાળી તે રાણીએ પોતાના પતિ પાસે જઇને તે સ્વપ્ન કહ્યું. તે સાંભળી રાજા બહુહર્ષવંત બન્યો. શરીરમાં રોમરાજિ ખડી થઈ, અને કહેવા લાગ્યો કે હે દેવી આ તમારૂં સ્વપ્ન સકલ નરેસરમાં શિરોમણિ એવા પુત્રના જન્મને સૂચવનાર છે, તેમાં સંદેહ નથી; તે સાંભળીને થયેલ આનંદથી શરીરમાં રૂંવાટા ઉભા થયા, અને અલ્પ હાસ્યવાળા મુખથી કહેવા લાગી કે– હે સ્વા-મીનાથ ! દેવગુરૂનાપસાયથી અને તમારા ચરણના પસાયથી એમ બનો, તેજ વખતે શુકુનની ગાંઠ બાંધી. અપૂર્વ આનંદ

રસને અનુભવતી પોતાના આવાસમાં ગઇ. અનુક્રમે ગર્ભ પ્રગટ થયો, તેથી વિકસ્વર નેત્રવાળી વિશેષે કરી શુભ વ્યાપારમાં આસકત સુખે કરી, તે ગર્ભને વહન કરતી કાળને ગુમાવે છે. તેણીને અનુક્રમે દેવગુરૂ અને વડીલોની સેવાનો અને દીન અનાથ વિગેરેને મહાદાન આપવાનો, અને શ્રેષ્ઠ વિલાસ કરવાના દોહલા ઉત્પન્ન થયા. તે સર્વે પૂર્ણ કરવામાં આવ્યા. ક્રમેકરી પ્રસૂતિ સમય આવી પહોંચ્યો. સુખસાતાપૂર્વક શુભક્ષણમાં સુરકુમાર સરીખો દીવડીમાફક વાસભુવનને પ્રકાશિત કરતો એવા પુત્રરત્નને જન્મ આપ્યો. આ અવસરે અંતેઉરની પ્રિયંકરા નામની દાસી હર્ષના આવેશથી જેના નેત્ર અને વદન વિકસ્વર થયા છે તેવી; રાજાની પાસે જલ્દી પહોંચી નિવેદન કરવા લાગી. કે હે રાજન્ આપનો જય વિજય અને કુલનો અભ્યુદય થાઓ; દેવીએ પુત્રને જન્મ આપ્યાની વધામણી આપું છું.

પુત્ર જન્મ સાંભળીને તે રાજાને રોમે રોમે આનંદની છોળો ઉછળી. અને જાણે અમૃત રસસાગરમાં ડુબ્યો હોય અને સમગ્ર પૃથ્વીનું રાજ્ય મળ્યું હોય ? તેવો બની પ્રિયંકરા દાસીને ચાર પલ પ્રમાણ સોનાની જીભ સાથે મહાન્ ઈનામ આપી નગરમાં પુત્ર જન્મની વધામણીનો મહાન્ ઓચ્છવ પ્રવર્તાવવા માંડયો. વધામણા ઓચ્છવ કેવો શરૂ કર્યો ? કે સંપૂર્ણ નગરમાં પુત્ર જન્મ્યાના ખબર આપ્યા, દેવમંદિરોમાં પૂજાઓ રચાવી, તમામ ગૃહોમાં આંબાનાં અને પીપળપાનનાં લીલાંછમ માંગલિક તોરણો બંધાવ્યાં. અને સામંત મંત્રી શેઠ સાહુકાર સાર્થવાહ વિગેરે પ્રચુર

પ્રધાન લોકો હાથી ઘોડા આભૂષણ રત્ન શસ્ત્ર ઉત્તમ વસ્ત્રોનું ભેટણું લઇ રાજા પાસે આવવા લાગ્યા. અને સારા રૂપવાળી સોહાગણ તરૂણ સ્ત્રીઓ ઉજ્વલ ચોખાનું અખીયાણું લઇ લીલારંગના અંબરવસ્ત્રો પહેરી ધવલમંગલ ગાતી રાજભુવનમાં આવવા લાગી, મધુરકંઠવાળા ભાટ ચારણો બીરૂદાવળી ગાવા લાગ્યા. અને મનની ઇચ્છાથી અધિક મહાદાનો સર્વને અપાવા લાગ્યા, તે ઓચ્છવ કેવો ઉજવાયો ? કે:-

संपत्तवंदिमोवखयं आणंदजायसोक्खयं ।
दिज्जंतहेमलक्खयं किज्जंत बालरक्खयं ॥ १ ॥
साहंतसारसत्तयं रोमंचचारुगत्तयं ।
होरंतपुंजपत्तयं लब्भंतमुरिमत्तयं ॥ २ ॥
पूइज्जमाणभट्टयं आगच्छमाणचट्टयं ।
दोसंतचारुनट्टयं बज्झन्तहेमपट्टयं ॥ ३ ॥

જે ઓચ્છવમાં કેદીલોકોને છોડી મૂક્યા છે. આનંદ જન્ય સુખની છોળો ઉછળી રહેલ છે, લાખો સોનૈયાનું દાન અપાઇ રહેલું છે. બાલબચ્ચાનું રક્ષણ સારી રીતે કરાઈ રહ્યું છે. જેનું સરસપણું ચોમેર ગવાઇ રહેલું છે. જેમાં રોમાંચયુક્ત શરીરો બનેલ છે. કચરોપૂંજો ચારેબાજુથી સાફ કરાયેલ છે. અને મનોહર ભોજનો અપાઇ રહ્યાં છે. ભાટ ચારણોને નવાજવામાં આવે છે, વિદ્યાર્થિઓ ચારે બાજુ ફરી કલોલ કરી રહ્યા છે. અને મનોહર નાટકો જોઇ રહ્યા છે. અને યોગ્ય માણુસોને સોનાના પટ્ટ બંધાઈ રહ્યા છે;

तह हट्टसोहसुमणोहरु, देउलभवणंगणु ।
वरनवरंगयभुसिउ सोहइ नारियणु ॥ १ ॥
सुरनरतिरिविज्जाहरमणहसुहावणउं ।
बहुपुरजणु परितुट्ठउ करेइ वद्धावणउं ॥ २ ॥
नरवइ तुह परिवड्ढउ अणुदिणु रायसिरि,
जाव न सायर सुक्कहिं जाव य मेरुगिरि ।
इय तहिं मंगलमुहलइं पाउलपइसरहिं,
राउलिनच्चणकुसलइं तरुणहं रइकरहिं ॥ ३ ॥

તેમજ હાટો શણગારેલા છે, અને દેવાલય તથા ઘરના આંગણા અત્યંત મનોહર બનાવેલ છે. શ્રેષ્ટ નવીન રંગથી શોભિત સ્ત્રીજન શોભી રહ્યો છે. સુરનર તિર્યંચ અને વિદ્યાધરોના મનને સુખ આપનાર જે ઓચ્છવ બન્યો છે. પરિતુષ્ટમાન થઈ નગરના લોકો વર્ધાપન મહોચ્છવ ઉજવી રહ્યા છે; હે રાજન્! દરરોજ આપની રાજ્યલક્ષ્મીની વૃદ્ધિ થાઓ, કયાં સુધી? કે યાવત્ સમુદ્ર સુકાય નહિ, અને જ્યાં સુધી મેરૂપર્વત રહેલો છે, આ પ્રકારે રાજકુલમાં નાચવામાં કુશલ એવા તરૂણજનો મુખે માંગલિક શબ્દો ઉચ્ચારી આશીર્વાદ આપતા રતિ કરી રહ્યા છે.

આવા પ્રકારનો વર્ધાપન મહોત્સવને કરતો અને પુત્રની દીવસે દીવસે સંભાળ કરતો રાજાને એક મહીનો થઈ ગયો. જેથી સુપનામાં માતાએ સ્ફુરાયમાન કિરણવાળો રત્નનો ઢગલો જોયેલ છે. તેથી તે પુત્રનું નામ રાજાએ રત્નચૂડ પાડયું. હવે તે રાજકુમાર માતાપિતાના મનને આનંદ પમાડનાર સકલ

બંધુવર્ગના મનને સુખ કરનાર છે. રાજલોકો જેને હર્ષે કરી છાતી સાથે ચાંપી રહ્યા છે, અંતે ઉરની સ્ત્રીઓ જેને ચુંબનકરી રહી છે, રાજકન્યાઓ જેને રમાડી રહી છે; વૃદ્ધ સ્ત્રીઓ આશિર્વાદ આપી રહી છે, પાંચધાવ માતા જેની સેવા ઉઠાવી રહી છે, તેવો તે પુણ્યવંત કુમાર આઠ વર્ષનો થયો.

**વિદ્યાભ્યાસનું સ્વરૂપ.**

કલાગ્રહણને યોગ્ય કુમારની અવસ્થા જાણી રાજાએ રાજભવનની અંદરજ વિશાલ વિદ્યાલય બનાવ્યું. અને સમસ્ત શાસ્ત્રાર્થનો પારગામી જ્ઞાનગર્ભ નામના કલાચાર્યને વસ્ત્રાદિ મહાન્ સત્કાર કરવાપૂર્વક થાપ્યો. તે પછી પ્રશસ્તમુહૂર્ત્તે વિદ્યારંભમાં શ્રેષ્ટ ગુરૂવારે અને શુભકાર્યમાં ઉત્તમ એવા હસ્તનક્ષત્રયુક્ત ઉજ્વલ પંચમી તિથિને દીવસે વિધિપૂર્વક કુમારને સ્નાન કરાવી ઉજ્વલ વિલેપન કરી, શ્વેત ઉજ્વલ વસ્ત્ર ધારણ કરી, પુષ્પના અલંકારો હાર ગજરા વિગેરેએ શણગારી, ભક્તિવન્ત પ્રાણીઓને સૂત્રરૂપી રત્ન આપવાવાળી સરસ્વતિદેવીની પૂજા કરાવી, કલાચાર્યને વિદ્યાભ્યાસ કરવા સોંપ્યો. કુમારનું વિનયીપણુ, અને મહાબુદ્ધિશાલીપણું છે, અને કલાચાર્ય સકલકલામાં કુશલ અને કલાને ગ્રહણ કરાવવામાં નિપુણ છે, અને છાત્ર પ્રમાદ કરે તો તુરત તર્જના કરનાર છે. તેથી થોડા સમયમાં વ્યાકરણશાસ્ત્ર અગણિત ગણિતવાળું ગણિતશાસ્ત્ર અને મહાન પ્રમાણશાસ્ત્ર જાણી લીધું, તમામ કલાઓ ગ્રહણ કરી લીધી. છંદ અલંકાર કાવ્ય નાટકશાસ્ત્રો અને સમસ્યા-

દિકમાં પણ હોંશીયારી મેળવી લીધી. તે વાર પછી પ્રશસ્ત દીવસે કલાચાર્યને ઉત્તમવસ્ત્રો મણિરત્નો સોનામહોરોએ સત્કાર કરી, રાજા કુમારને પોતાના મહેલમાં લાવ્યા. ફરી પણ મ્હોટો વધામણા મહોત્સવ કર્યો.

**યુવાવસ્થાનું વર્ણન**

તે વાર પછી તે વિદ્વાન્ કુમાર ચંદ્રવિકાશિ કમલને વિકસ્વર કરનાર ચંદ્રમાની પેઠે નગરજનોને અતિહર્ષ ઉપજાવે છે; અને શત્રુના સમૂહના કમલોને હીમપાતની જેમ સંતાપ ઉપજાવી રહેલ છે; અને બંધુજનને અમૃતરસો સિંચતો હોય અને માતાપિતાને નિર્વાણસુખ અનુભવાવતો હોય તેવો બન્યો. સભાજનોના મનને હરણકરનાર અને કામિનીજનના મન નેત્રરૂપી હરણને ફાંસા સમાન શ્રેષ્ઠ લાવણ્યગુણે પવિત્ર એવી તરૂણ અવસ્થાને પામ્યો. તેથી સૌભાગ્યગુણે રાવણને ટપી ગયો, અને સૌમ્યગુણે ચંદ્રમાનો પરાભવ કરતો, અને શ્રેષ્ઠ પોતાના પ્રભાવે સૂર્યને હંફાવતો, સત્યપ્રતિજ્ઞા ગુણે યુધિષ્ઠિરને ભૂલાવતો, ઉદારતાગુણે કર્ણરાજાને ઝાંખો પાડતો, પોતાના સરીખા મિત્ર વર્ગો સાથે ઇચ્છામુજબ વર્તી રહેલ છે. કોઇક વખત મનોહર બગીચાઓમાં, અને કોઇક વખત મનને આનંદ પમાડનાર ઉદ્યાનોમાં, કોઈક વખત કમલોએ શોભતા સરોવરોમાં અને કોઈક વખત જેમાં નાટક ખેલાઈ રહ્યું છે તેવા દેવ ભુવનોમાં, અને રમણીય પર્વત નદી આદિ સ્થાનોમાં જાય છે. પણ સવાર સાંજ સભામંડપમાં આવી પિતાને નમસ્કાર કરે છે. અને ઉભયસંધ્યાએ આવી માતાના ચરણકમલમાં પડે છે.

સકલકલાઓમાં કુશલ હોવાથી વિદ્વાન જનોના મનને આશ્ચર્ય પમાડે છે.

એક દીવસે સાંજની સભામાં નિરંકુશ વીર્યપરાક્રમે દુર્જયશત્રુઓને જીતનાર અને બન્ને બાજુ જેમને ચામરો વિંઝાઇ રહેલ છે અને અનેક રાજવીની વચ્ચે જે બેઠેલ છે, અને રત્નચૂડ કુમાર નજીક બેઠો હોવાથી જેમના મુખકમલને જોઈ રહ્યો છે. તેવા કમલસેન રાજવીની પાસે છડીદાર આવ્યો, અને ખબર આપ્યા કે એક યુવાન ભીલ આપના દર્શનની ઇચ્છા રાખે છે. રાજાએ પેસવાની અનુમતિ આપી. છડીદારે તે ભિલ્લને સભામાં પ્રવેશ કરવા દીધો; જેણે વેલડીની નસોથી વાળોને બાંધેલા છે, અને ઝાડની છાલનું વસ્ત્ર પહેરેલ છે, તે આવી નમસ્કાર કરી રાજાને વિનંતી કરવા લાગ્યો કે– હે રાજન્ શૈલકુટ પર્વતની દક્ષિણ દિશાએ રહેલ વનની નજીક એક દેવહાથી સમાન હાથી આવેલ છે. જેનું ચંદ્ર સરખું ઉજ્વલ શરીર છે, નિર્મલશ્વેત સાંબેલા સરખા જેને બે દાંતો છે, અને ઉંચાઇમાં પર્વત સરખો છે, માટે આ બાબતમાં આપની શી આજ્ઞા છે! એમ કહીને તે ભીલ મૌન રહ્યો, રાજા પણ આ વાત સાંભળી બહુ કુતુહલવાળો બન્યો; અને તે યુવાન ભીલને ઇનામ આપી કહેવા લાગ્યો કે:— અરે તે સુંદર હાથીને પકડો. એમ કહી ઝપાટાબંધ સભામંડપમાંથી ઉભો થયો. આ અવસરે કુતુહલપણાથી અને વિનીતપણું હોવાથી, અને પુરુષાતન ફોરવવું પ્રિય હોવાથી, વિનયપૂર્વક નમસ્કાર કરીને કુમારે કહ્યું કે– હે તાત! તમો મનમાં વિશ્વાસ ધારણ કરી અહીં રહો. અને હું જ ત્યાં જઇને આપના ચરણકમલના પ્રભાવે તેને પકડી

લાવું; તે વાર પછી રાજાએ કહ્યું કેઃ– હે કુમાર! તે હાથી વસમો લાગે છે, અને હજુ તું બાલક છે. માટે તારે જવું વ્યાજબી નથી; આમ નિષેધ કરવા લાગ્યા, કુમારે રાજા પ્રમુખ મંત્રી વિગેરે રાજલોકોને વારંવાર વિનંતી કરી; અને જવાની રજા મેળવી, જાત્ય અશ્વ ઉપર બેઠો. મહાન પરાક્રમી અશ્વારોનો સમૂહ તેને વીંટી વળ્યો. તે યુવાન ભિલ્લે માર્ગ બતાવ્યો. અને હસ્તિયુકત અરણ્યમાં પહોંચી ગયો, ત્યાં જઈ તેણે હસ્તીને જોયો.

**હાથી રાજપુત્રને ઉપાડી નાસ્યો**

જે હસ્તી મદગંધના લોભથી આવેલ ભમરાના સમૂહના રણઝણાટના મહાન કોલાહલથી ગંડસ્થળમાં કાનના ચપેટા લગાવી રહ્યો છે, અને બલિષ્ટસૂંઢે મોટાવૃક્ષોને મરડી રહેલ છે, મજબુત દંત પ્રહારોએ ઉંચા પર્વતને તોડી રહ્યો છે. અર્જુન કરંજ જાંબુ ખેર સલક્કીવૃક્ષોવડે વિષમ વનની અંદર છે, તે હસ્તી જોઈ હતાશ નહિ થયેલ કુમાર ઘોડા ઉપરથી ઉતર્યો, તેટલામાં રાજલોકોએ કહ્યું કે–હે કુમાર! આ હાથીને પકડવાનો ઉપાય બતાવો. રાજકુમારે ઉત્તર આપ્યો કે, તમો બધા અહીંયાંજ શ્રદ્ધા રાખી રહો. હું એકલોજ આ હાથીને પકડી લાવું, એમ કહી રાજકુમાર વૃક્ષોના વિવરે કરી નજીક થઈને તુંબરૂની વીણાના સરખા મનોહર શબ્દોએ ગાયન કરવા લાગ્યો, તેથી અમૃતરસની નીક સરખું તે મધુર ગાયન સાંભળીને તે હસ્તી જાણે ખીલે થંભાવ્યો અને ચિતરેલ હોય અને સર્વ અંગમાં બેડી નાંખેલ હોય તેવો

સ્થિર કાયાવાળો બન્યો. કુમાર પણ ઉત્કૃષ્ટ વીર્ય પરાક્રમે યુક્ત બની ફલાંગ મારી તેના પૃષ્ટ ભાગમાં ચડી ગયો, અંકુશ લાવો અંકુશ લાવો, આમ કુમાર જ્યાં શબ્દ કરી રહ્યો છે; ત્યાં તો પવનવેગી તે હાથી મહા વગડા તરફ નાસવા માંડયો, અરે ભાઈઓ દોડો દોડો બોલતાં અસવારો પોતાના ઘોડાને તર્જના પૂર્વક તેની પછવાડે દોડાવવા લાગ્યા. ક્ષણ માત્રમાં તો આ ગયો ગયો એમ બુમો પાડતા અસવારોથી તે હાથી અદૃશ્ય બન્યો, તોપણ તે અસવારો તેના પગલા અનુસારે દોડયા, જ્યારે પગલું પણ દેખાવા ન માંડયું ત્યારે કુમારના દર્શનની આશા છોડીને લોથપોથ થઈ ગયેલા શોકાતુર મનવાળા તે અસવારો પાછા ફર્યા, આવીને રાજાને નિવેદન કર્યું કે હે રાજન! વૈરી સરિખો તે હસ્તી કુમારને હરણ કરી ગયો, લાંબા કાળ સુધી તેની પછવાડે અમો ત્યાં સુધી દોડયા કે તે રેતીવાળા માર્ગમાં તે હાથીનું પગલું દેખાતું એકદમ બંધ પડયું, તેથી અમોને કોઇ રસ્તો સૂઝયો નહિ, તેથી અયોગ્ય એવા અમો પાછા ફર્યા.

**રાજા રાણીનો વિલાપ**

આ પ્રમાણે અસવારો કહી રહ્યા છે તેટલામાં તો મહાશોકાગ્નિની જ્વાળાએ બળતો રાજા સિંહાસન ઉપરથી એકદમ ભૂમિ ઉપર પડયો, અને મોગરના ઘાથી ઘવાયેલ મનુષ્ય પેઠે અથવા વજ્રના ઘાતથી જર્જરિત બનેલની પેઠે અથવા દીપ્ત ફણીધરે દંસેલા મનુષ્ય પેઠે, મૂર્છિત બન્યો, તેથી હા શું થયું? એમ બોલતો નજીક રહેલ પરિજન દોડયો, અને શીતલ પાણીએ સિંચવા

માંડયો. વીંજણાએ વાયરો નાંખવા માંડયો, ક્ષણાન્તરમાં ચૈતન્ય પ્રાપ્ત થયું, આંખમાંથી નીકળતા આંસુઓએ કપોલ ભાગ ભીંજાઇ ગયો, ગદ્ગદ સ્વરે વિલાપ કરવા માંડયો કે— કુલ રૂપી આકાશમાં ચંદ્રમા સમાન, નિષ્કલંક, બંધુજનના મનને વિકસાવનાર, હે પુત્ર ! તું કયાં ચાલી ગયો. શત્રુ સમૂહને બાળવામાં અગ્નિ સમાન, અને કલાસમૂહમાં શિરોમણિ, દોષ રૂપી કંદને મૂલથી ઉખેડી નાંખનાર, હે પુત્ર ! તું જલ્દી મારા પાસે આવ. આવા પ્રકારના વિલાપના શબ્દો સાંભળીને **રત્નમાલા** રાણી જલદી દોડી આવી, અને પુત્રને હાથી ઉપાડી ગયો જાણી આંખમાંથી મોતી સરખા સ્થૂલ આંસુઓ પાડવા લાગી, અને મૂર્છિત બની ગઇ. ઉપચારથી મૂર્છા વળી, શુદ્ધિમાં આવી અને કરૂણ સ્વરે રોવા લાગી. હા ચંદ્ર સરખા મુખવાળા નેત્રદલને વિકસ્વર કરનાર માતા પિતાના પરમ ભક્ત એવા હે પુત્ર ! અમોને મૂકી તું કયાં ચાલી ગયો ? આ પ્રમાણે સામંત રાજાઓ અંતેઉરીઓ પણ વિલાપ કરવા લાગ્યા. તેટલામાં સુરગુરૂ નામનો નિમિત્તિઓ આવી ચડયો. અને કમલસેન રાજાને વિનયપૂર્વક નમસ્કાર કરી વિનંતી કરવા લાગ્યો કે—હે રાજન ! શોકને મૂકી દો, ધીરતાને ધારણ કરો, મેં નિમિત્તબલે જાણ્યું છે કે—અનુત્તર લક્ષ્મીવાળો બની રાજકુમાર થોડા વખતમાં આપને મળશે. આ પ્રમાણે સાંભળીને રાજા કાંઇક સ્વસ્થ બન્યા, અને રાણીને કહી તેણીને પણ સ્વસ્થ બનાવી, અને નિમિત્તિયાનું સન્માન કરી કુમારની તપાસ કરતો રહેવા લાગ્યો.

આ બાજુ હાથીએ હરણ કરેલ રાજકુમાર, વિષમ

પર્વતની શ્રેણીવાળું અને સિંહ વાઘ-ભુંડ પાડાઓ વિગેરે પશુઓથી ભયંકર એવા વનવગડાને જુએ છે, હાથીની એટલી બધી શીઘ્ર ગતિ છે કે-પર્વત વૃક્ષો જાણે દોડી રહ્યા હોય, તેથી કુમારે ચિંતવ્યું કે-આ હાથી રૂપી રાક્ષસની ગતિની ઝડપ એટલી બધી છે કે તેના ઉપરથી ઉતરી શકાય તેમ નથી. યાવત આ વગડાથી પણ ભયંકર પ્રદેશમાં હાથી પહોંચી ન જાય, તેટલામાં આ હાથીને છુરીએ કરી ફાડીને અટકાવું, આમ વિચારી જ્યાં છરી કેડેથી ખેંચે છે. તેટલામાં તો પોતાને ઉડતા ઘોડા ઉપર બેઠેલ જુએ છે, જે ઘોડાની પુષ્ટ વિસ્તારવાળી છાતી છે, અને પૃષ્ટ વિશાલ છે, મધ્યભાગ નાનો છે, માંસે ભરેલું મુખ છે, ચીકણી રોમરાજિ છે, અને પોતાને લઈ જઈ રહ્યો છે તેથી કુમારે વિચાર્યું, અહો આ શું ? તે હાથી નથી અને વને નથી શું આ તે ઇંદ્રજાલ છે ? કે સુપન છે ? વિચાર કરતાં માલૂમ પડયું કે-કોઈક દેવ દાનવ અથવા વિદ્યાધર મને ઠગી રહ્યો છે, આમ ચિંતવતો જ્યાં જુએ છે. ત્યાં તો મનુષ્યના ખાંધા ઉપર બેઠેલ પોતાને જુએ છે; જે મનુષ્ય આકાશમાં ઉડી રહ્યો છે, જેના મસ્તકમાં અગ્નિની શિખા સરખા પીળા કેશ છે, અને દૃઢ કઠિન કર્કશ દેહવાળો છે, અને કાજળ સરખી કાળી દેહડી છે, અને વય મધ્યમ ભાસે છે; આવું અત્યંત આશ્ચર્યકારી અચ્છેરૂં દેખીને કુમારે નિર્ણય કર્યો કે,-કોઈક દેવ મને છેતરી રહ્યો છે, અને ઉપાડી જાય છે, તેથી હમણાં આને મારી કોઈ જલાશયમાં પડું ? અથવા તે પણ વ્યાજબી નથી; કેમકે આ બાબત શુભ પરિણામવાળી છે ? કે અશુભ પરિણામવાળી છે ? જો શુભ પરિણામવાળી હોય તો, તેમ

કરવાથી અકૃતજ્ઞતા દોષ આવે, અને અપકીર્તિ થાય અને વધમાં પાપબંધ પ્રાપ્ત થાય, અને પરોપકારવૃત ચાલ્યું જાય; અને અશુભ પરિણામવાળી આ બાબત હોય તો, પ્રહાર ન કરનાર મનુષ્ય ઉપર પ્રહાર કરવો તે ક્ષત્રિયકુલમાં જન્મેલાને કલંક સમાન છે. તેથી આ બાબતમાં તેમ કરવું વ્યાજબી લાગે છે કે,-આ મનુષ્ય જાણે નહિ તેમ એકદમ કુદકો મારી કોઇ સરોવરમાં પડું, આમ વિચારતો રાજકુમાર આકાશનો થોડો ભાગ જ્યાં ઓલંઘે છે, ત્યાં એક મનોહર સરોવર જુએ છે, જે સરોવર ધોળા અને નીલા કમળોથી શોભિત જલવાળું છે, અને કુદતા જલચર જીવોની ક્રીડાથી જેનાં તરંગો ઉછળી રહ્યા છે, અને કમળોની કેશરાએ પીળા બનેલ તરંગોએ જેનો કાંઠો રંગાએલ છે, શ્રેષ્ટ નગરની માફક શોભી રહ્યું છે, અને જજમાનના હુવનકુંડની માફક જેને પાળો રહેલી છે, વર્ષાકાલના ભૂમિ તલીયાની માફક બહોળ-તાએ ધરોવાળું છે, વર્ષાઋતુની જેમ કાદવવાળું અને કોઈક ઠેકાણે મારવાડદેશની જેમ કમળવિનાનું અને દરિદ્રજન પેઠે શોભાવિનાનું છે; દાવાગ્નિએ બાળેલ જંગલ સરખો કાળો મગરમચ્છનો સમુદાય પણ જેમાં રહેલ છે; એવું વિશાલ સરોવર દેખી શતપત્ર કમળને લક્ષી કુમારે પડતું મેલ્યું. પણ તે શતપત્ર કમલ ભાંગ્યું નહિ. તેમાં બ્રહ્માની માફક તે કુમાર બેઠો, જુએ છે તો તે પુરૂષ દેખાતો નથી, તેથી વિચાર આવ્યો કે-જે વિધિના વિલાસો અસંભવિત ગણાતા હોય તે પણ બને છે; અને કહેવા લાયક પણ કોઇને ન કહી શકાય તેવું બને છે; જેની શ્રદ્ધા ન હોય; તેને પણ સદ્દહવા પડે છે, કયાં ગજપુર નગર ? અને કયાં હાથી-ઘોડા

મનુષ્ય–સરોવર ? અને ક્યાં કુદકો માર્યા છતાં નહિ ભાંગી જનારૂં કમળ ? તેથી આ બધું ચિંતવાતું મનની સેંકડો યુક્તિએ પણ ઘટે નહિ, તેવું સુખ અગર દુઃખ વિધિ આ જગતમાં કરી રહ્યો છે; માટે કહેલ છે કે–વાદળાની ઉંચાઇ, રાજાનું ચિત્ત, યુવાન સ્ત્રીનું ચરિત્ર, અને વિધિના વિલાસ, કોઈ જાણવાને સમર્થ નથી. આ પ્રકારના વિચારમાં મગ્ન બનેલા તે કુમાર પાસે મધ્યમ વયનો એક તાપસ આવ્યો, યોગપટ જેના મસ્તકે છે, અને જટાઓની નિવિડ જેણે બાંધેલી છે, ચિકણું વલ્કલનું વસ્ત્ર ધારણ કરેલ છે, અત્યંત મનોહર આકૃતિ છે, અને મનોહર તરૂણકમળ ઉપર સ્વારી કરી છે, તે જોઇ કુમારે વિચાર્યું કે–આપણુ એક આશ્ચર્ય છે, તેમ જાણી તે તાપસને નમસ્કાર કર્યો. તાપસે અવસ્થા ઉચિત–સકલ કલ્યાણના ભાજન થાઓ, એવો આશિર્વાદ આપીને કહ્યું કે–હે કુમાર ! તમો આપદામાં પડ્યા છો એમ માની તપવું નહિ, કેમકે–સંતપુરૂષો આપદા પડે છતે ખેદ રહિત અને સંપદામાં ગર્વિષ્ટ બનતા નથી, અને મરણકાલે પણ ઉદ્વેગ રહિત હોય છે. સાહસજ જેને પ્રિય હોય છે, માટે મારા આગ્રહથી આશ્રમસ્થાનમાં ચાલો. મારે તારી સાથે કેટલીક વાતચિત કરવી છે, આમ કહેતાની સાથે પોતાનું અને કુમારનું કમલ સરોવરને કાંઠે પહોંચી ગયેલું જોયું. તેથી તાપસ સાથે સરોવરથી ઉતરીને ચાલવા માંડતા કુમારે એક સુંદર વન જોયું. જે વન કોમળ પવનથી કંપતી લતા રૂપી ભુજાથી જાણે નાચતું હોય ? અને વિકસિત કમલના રસાસ્વાદનથી મદોન્મત્ત બનેલ ભમરાઓના શબ્દોએ જાણે ગાયન કરતું હોય; પાકેલા ફળના રસાસ્વાદ-

થી સંતુષ્ટ થઇ પુષ્ઠ બનેલ કોયલના સુંદર શબ્દોએ જાણે સ્વાગત કરી રહ્યું હોય, નાગલોકની પેઠે સદા મોરવાળું, અને 'મહાન ઉંચી લતાવાળું' છે, તે વનમાં કુમાર થોડો આગળ વધ્યો, એટલે એક સુંદર બંગલો દેખ્યો, તે વનના મધ્યભાગમાં રહેલો છે, રમણીયતાએ સુરવિમાનસરિખો અને ઉજ્વલતાએ ચંદ્રભુવનસરીખો, ઉંચાઈએ હિમગિરિના શિખર સરખો, વિચિત્ર રચનાવાળા ચિત્રો અંદરની ભીંતો ઉપર ચિત્રેલ છે, તે જોઇ અહો કેવું રમણિયપણું મહેલનું છે. એમ વિસ્મિત મનવાળો કુમાર તેને ચારે બાજુએ નિહાળતો તે મહેલને બીજે માળે ગયો કે-શ્રેષ્ટ મહામૂલ્યવાળા સંથારા થકી ઉઠતી એક રાજકન્યા જોઈ, જે કન્યા કુપિત ઈંદ્રના શ્રાપથી સ્વર્ગ થકી ઉતરી આવેલ અપ્સરાના જેવી, નરલોકની શોભા જોવા આવેલી અસુકુમારિકા સરખી, અને દેવવિમાનના સૌભાગ્યને જીતી લેનાર આ બંગલાને જોવાના કુતુહલથી આવેલ મધ્યમભુવન દેવી સરખી, રૂપ અને સાથળોએ કેળની લતાનો તિરસ્કાર કરતી, જનપ્રિયતા અને કોમળ હસ્તોએ કામદેવની પ્રિયાને તર્જના કરતી; અને સૌભાગ્યગુણે અને ઈશ્વરપ્રિયતા ગુણે પાર્વતીનો પરાભવ કરતી; અને કામગુણમાં કુશલતાએ અને શોભાબહુલતાએ રતિને વિડંબના કરતી, રાતા કમળની પાંખડી સરખા કોમળ અને કાચબાની પીઠ પેઠે ઉંચા પગના તલીયાવાળી, કેસરવિલેપન કર્યા સિવાય પીળા સુંવાળા અને દીપતા જેણીના બે સુકુમાલ સાથળો છે, અને પવિત્ર લાવણ્ય રૂપી જલની લહેરીઓ ભરેલ ગંભીર નાભિવાળી, વિસ્તીર્ણ અને ઉંચો જેણીનો કેડ ભાગ છે તેવી, સૂક્ષ્મ રૂંવાટા-

વાળો કોમળ, ત્રણ રેખાએ યુક્ત હસ્તાંગુલીઓએ ગ્રહણ કરી શકાય તેવા મધ્ય ભાગવાળા, અને સ્થૂલ ધોળા ગોળ અને સુંવાળા કૃષ્ણ ડિંટીઆવાળી અક્કડ આંતરાવિનાના જેણીના સ્તનો છે, કમલદંડ પેઠે કોમલ જેણિની બાહુ છે, ઘસેલ સુંદર સોનાના પતરાની પેઠે જેણીનો છાતી વિભાગ છે, શંખ સરખા કંઠવાળી, એરણે માલીસ કરેલ સોનાનો દર્પણની પેઠે વિશાલ કપોલવાળી, કુંદના પુષ્પ પેઠે ઉજ્વલ નિર્મલ દાંતોવાળી, અને પ્રવાલ સરીખા હોઠવાળી, ગોળ સ્ફુટ ઉંચી અને સરલ નાસિકાવાળી, અને ઉજ્વલ પદ્મ સરીખા ચપળ વિશાલ અને છેડે રાતા દીર્ઘ નેત્રોવાળી, અને અષ્ટમીના ચંદ્ર જેવું અને કાજળ સરખી કાળી ભ્રકુટીએ શોભતું જેણીને કપાળ છે, મોરનાં પીંછા સરીખો લાંબો જેણીને કેશનો સમૂહ છે, અમૂલ્ય મનોહર વિચિત્ર રચનાવાળો અને ઉત્તમ રંગનો ઝીણો ચણીયો, ઓઢણું અને કંચુઓ જેણીને છે, નાભિમંડલ સુધી લાંબી હારની આવળીએ શોભતી ડોકવાળી, સુંદર અવાજવાળી ઘુઘરીવાળા કંદોરાએ જેણીની કેડ શોભી રહેલ છે, અને રૂમઝુમ કરતા ઝાંઝરોએ શોભિત પગવાળી છે; તે કન્યાએ તાપસને બેસવા નેતરની ખુરશી આપી, અને કુમારને સોનાનો ચાકળો આપ્યો, તે બન્ને જણ તેમાં બેઠા, અને તે રાજકન્યા મણિની ચોતરી ઉપર ચપળ કિકીવાળી સ્નેહાળ અડધી દૃષ્ટિએ કુમારને જોતી બેસી ગઈ.

આ કુમારીનું રૂપ લાવણ્ય તરૂણપણું ખુબ આશ્ચર્ય

**રાજકુમારીને જોઇ રત્નચૂડની વિચારણા**

ઉપજાવનાર છે તેથી સર્વથા મારૂં નેત્ર યુગલ કૃતાર્થ થયું. અને તેણીને બનાવવાની વિધાતાની કુશલતા પણ અપૂર્વ છે, તો પૂર્વે નહિ દેખેલ નહિ સાંભળેલ દેવદાનવયુક્ત લોકમાં પણ અસંભાવનીય, અને સ્વપ્ન વિષયને પણ ઓળંગી ગયેલ, અપૂર્વ એવી આ કન્યાના રૂપને જોઈ અન્ય વસ્તુ જોવાનું કૌતુક મારૂં ચાલ્યું ગયું. તેમજ આ કન્યાના દૃષ્ટિવિષયમાં આવેલું મારૂ શરીર અમૃતરસની નીકે સિંચ્યું હોય. તેવું સ્વસ્થ બની ગયું. તેમજ મારી માન્યતા છે કે, આ કન્યા દેવદાનવની દૃષ્ટિમાં આવી નથી, નહિંતર તો એકલી વનમાં સ્વસ્થ કયાંથી હોય ? અથવા ત્રણ ભુવનમાં પણ તેવા પુણ્યો નથી કે જે પુણ્યોએ આ કન્યાના સંગમસુખને અનુભવાય, અથવા આ સત્ય રમણી ન હોય ? ઈંદ્રજાલ હોય ? કે મારા નેત્રને ભ્રમ થયો હોય ? કારણ કે આવા રૂપને બનાવવાવાળા પરમાણું જગતમાં પણ નથી, જે પરમાણુંઓએ આવું સુંદર શિલ્પ બનાવી શકાય; અથવા આ વિષય સર્વજ્ઞ સિવાય બીજાઓથી નિશ્ચયપણે જાણી શકાય નહિ, કેમકે કહેલ છે કે **"बहुरत्ना वसुंधरा"** તેથી કાંઈ પણ જગતમાં અસંભવિત નથી. તો મારી યાત્રા બંધુના વિયોગથી શોકનું કારણ હતી, છતાં પરમ સુખનું કારણ બની, આ પ્રમાણે મનની વિકલ્પ પરંપરાએ ચેતના વિનાનો જાણે ન બન્યો હોય ? તેવા તે રાજકુમારના મનને છિદ્ર પામીને કામદેવ તીક્ષ્ણભાલાની જેમ વીંધવા લાગ્યો, અને તે રાજકુમારી પણ કુમારે સ્નેહવાળી વિકસ્વર નીલકમલ સરખી દૃષ્ટિએ જોવાએલી જાણે અમૃતરસનું પાન

કર્યું હોય કે સ્વર્ગ સુખ મળ્યું હોય, કે નિવૃત્તિ સુખને પામી હોય, કે તમામ દુઃખ નષ્ટ થયું હોય, તેવી બની ક્ષણ માત્ર પરમ આનંદને પામી. આ અવસરે આ કન્યા મારા શત્રુ સામે જોઈ રહી છે એમ ધારી કામદેવે તેણીને એવી ઘાયલ કરી કે કંઠે પ્રાણ આવી ગયા જેવી બની ગઇ. પણ યુવતિનો વધ થાય નહિ માટે કામદેવે તે કુમારીને મારી નાંખી નહિ. આ સમયે તાપસે મધુર સ્વરથી કુમારને કહ્યું કે–મેં તમોને પ્રથમ જણાવ્યું હતું કે મારે તમારી સાથે કાંઇક વાતચિત કરવી છે, માટે હે કલ્યાણભાગિ ! તમો તે વાત સાંભળો—

**ક્ષેમંકર સોનીનું સ્વરૂપ**

એક **વિજયખેડ** નામનું નગર છે, જેની ભૂમિ વન અને આંગણું ઘણા પ્રકારનું ધાન્ય મણિ રત્ન અને પાનાથી ભરેલું છે, તે નગરમાં સકલ પ્રજાવર્ગને પ્રિય **હેમપ્રભ** નામનો સોની છે, તેનો **ક્ષેમંકર** નામનો યુવાન પુત્ર છે, તે પોતાના ધંધામાં તત્પર છે, અને તે નગરમાં અલ્પ ધનવાળો સરળ સ્વભાવી આધેડ **ધનાવહ** નામનો શેઠીઓ છે, તેની સ્ત્રી **સુખંકરા** તરૂણજનના મન અને નેત્રોને મોહ પમાડનારી, ઉંચા કઠિન સ્તનવાળી, ઉગતી યુવાવસ્થાએ લાવણ્ય ગુણથી ભરેલી છે. તે સ્ત્રી દરરોજ કુંડલ વિગેરે કરાવવાના બ્હાને ક્ષેમંકર સોની પાસે આવી મુખ દેખાડી રહી છે, તેથી તે સોની કામનું દુર્જયપણું અને ઇંદ્રિયોનું ચપલપણું અને યુવાવસ્થા અવિવેકે ભરેલ હોવાથી વિકારી બની, તે સ્ત્રી સાથે ભોગો

ભોગવવા લાગ્યો. લુબ્ધ બન્યો. તેથી બન્ને જણાએ વિચાર્યું કે–આપણે દેશાંતર જઈ સુખેથી ભોગો ભોગવીએ, હાલ ભોગવાતા કામભોગો તો વિડંબના પ્રાયઃ છે; તેથી શ્રેષ્ઠ દ્રવ્ય ગ્રહણ કરીને ગુપચૂપ તે બન્ને જણા નગરથી નાઠા. અને અનુક્રમે આ નગરથી બહુ દૂર નહિ એવા સહકાર નામના ગામમાં જઇ રહેવા લાગ્યા, ત્યાં ખેમંકર લોકોના સુવર્ણના દાગીના ઘડે છે, અને મીઠા વચન વિગેરે ગુણો દેખાડી લોકોને બહુ પ્રિય બન્યો, એક દીવસે ચોરોએ આ વિદેશી છે તેમ જાણી તેનું ઘણું ધન ખાતર પાડી ઉઠાવ્યું, તેથી ખેમંકર અને સુખંકરાને બહુ ખેદ થયો, ચોરનો પત્તો લાગતો નથી, તેથી વિલખા બન્યા, અન્ય દિવસે પ્રભાત સમયે ખેમંકરે સોનું ઘડવાના ઉપકરણો સુખંકરા પાસે ઓરડામાંથી બહાર મંગાવ્યા, સુખંકરા તે ઉપકરણો લેવા ઓરડામાં ગઇ, અને અંધારામાં ઉપકરણ લેવા હાથ ફેરવવા લાગી કે–સર્પે ડંખ માર્યો, તેથી હે આર્યપુત્ર! સર્પે ડંખી સર્પે ડંખી એમ બૂમ મારતી ઓરડામાંથી બ્હાર આવી, તેથી ભયભ્રાંત બનેલા ખેમંકરે દીવો લઈ ઓરડો જોયો તો ઉગ્ર વિષવાળો ફણીધર સર્પ દેખ્યો, અરે દોડોરે દોડો એમ આક્રંદ કરવા લાગ્યો, લોકો એકઠા થયા, ગારૂડીઆ મંત્રવાદી બોલાવ્યા, વિષને નાશ કરનાર નાસ આપ્યો, ઔષધો પાયા, વિલેપન ધૂમાડો વિગેરે કર્યું, ગારૂડમંત્રોએ અંજન કર્યું, મંત્રની ધારાઓ કરી, તોપણ સુખંકરા પ્રાણથી રહિત થઇ નહિ તેનો મિત્રવર્ગ આકુલવ્યાકુલ બન્યો, અને ખેમંકર વિલાપ કરવા માંડયો, હે પ્રિયે! ચંદ્રવદની તું કેમ ચાલી ગઇ વિગેરે શબ્દોએ લાંબાકાલ સુધી રૂદન કર્યું.

લોકોએ માંડ માંડ છાનો રાખ્યો, અને મરણ કૃત્યો કર્યાં, એક દીવસે વૈરાગ્યે કરી ક્ષેમંકર તે નગરથી નીકળી અરણ્યમાં ગયો, અને ચિંતવવા લાગ્યો કે–અહો કેવો મારો પાપનો પરિણામ પ્રગટ થયો ? અને કેવું મારૂં અકાર્ય કરવાપણું ? અને કેટલી બધી પરલોકની નિરપેક્ષતા કરી ? જે હું બંધુ વર્ગને ઠગી શ્રેષ્ઠ દ્રવ્ય ઘરનું લઈને અને પરસ્ત્રીને ઉપાડી દેશાંતરમાં આવ્યો, તે મારૂં મહાપાપ અલ્પકાળમાં ફલ્યું. માટે આપઘાતે કરી તે પાપની વિશુદ્ધિ કરૂં એમ ચિંતવી, આંબા વૃક્ષની ડાળમાં ગળાફાંસો ખાધો. તે જોઈ જંગલમાં રહેલ તાપસ કુલપતિ, "અરે ભાઈ સાહસ ન કર સાહસ ન કર એમ બુમાડા મારતો ત્યાં દોડી આવ્યો, અને ગળાફાંસાથી મુકત કર્યો, પોતાના કમંડલના પાણીએ સિંચ્યો, અને સ્વસ્થ બનાવ્યો, અને કહ્યું કે હે મહાસત્ત્વ ! કાયર પુરૂષને ઉચિત આવી ક્રિયા તમારા જેવાએ કરવી ન જોઇએ, ખેમંકરે ઉત્તર આપ્યો કે–હે ભગવંત ! મહાપાપ કરવાવાળાં મને આજ કાર્ય ઉચિત છે, એમ કહીને ગળા ફાંસો ખાધા સુધીનો પોતાનો તમામ વૃત્તાંત તે કુલપતિને કહ્યો; તેથી કુલપતિ **સોમભૂતિએ** કહ્યું કે–કર્મને વશ પડેલા પ્રાણીને શું અકાર્ય સંભવતું નથી ? પરંતુ આપઘાત કરવાથી પાપની શુદ્ધિ થતી નથી, કહ્યું છે કે—

पापविसुद्धिनिमितं अप्पवहं कुणइ जो महामूढो ।
नहु होइ तस्स सुद्धी पंकेण व मलिनवत्थस्स ॥ १ ॥

પાપની શુદ્ધિ માટે જે આત્મવધ કરે છે. તે પ્રાણી

મહામૂઢ છે, કેમકે કાદવે કરી મલિન વસ્ત્રની શુદ્ધિ ન થાય, આમ કરવાથો પાપ શોધાતું નથી; માટે સંસાર ઉપર વૈરાગ્ય પામેલ મહાપરાક્રમવાળા પુરૂષે ધર્માનુષ્ઠાન કરવું જોઇએ. આ પ્રમાણે સાંભળી ખેમંકર બોલ્યો–હે ભગવંત જો આમ છે. તો મારા ઉપર ઉપકાર કરો અને તમારી તાપસી દીક્ષા મને આપો, આ પ્રમાણેનું તેનું વચન સાંભળી સોમભૂતિએ ક્ષેમંકરને યોગ્ય જાણી તાપસી દીક્ષા આપી. હવે તે તાપસ જનને ઉચિત ધર્માનુષ્ઠાન કરી રહેલ છે, હે રાજકુમાર! તે હું પોતે છું, કાલાંતરે મારા ગુરૂએ યોગ્ય જાણી મને થંભણી નામની વિદ્યા આપી, આયુષ્ય પૂર્ણ થયે પરલોકવાસી થયા, અને હું પણ ગુરૂના ઉપદેશ મુજબ તાપસ વૃત આચરતો આ વનમાં કેટલોકકાળ રહ્યો. અન્ય દીવસે હે કુમાર! તમોએ દેખેલ સરોવરમાં મધ્યાન્હ સમયે ગયો, અને મંત્રજાપ શરૂ કર્યો, તે જાપ પૂરો થવા આવ્યો કે–મારા કાને એક સ્ત્રીના કરૂણ રૂદનના શબ્દો પડયા કે–હે તાત! હે ધર્મિજનો! હે વનદેવતાઓ! હે લોકપાલો! મારૂં રક્ષણ કરો રક્ષણ કરો. અનાથ અને અશરણ એવી મને બલાત્કારે ઉઠાવી જાય છે, આ પ્રમાણે કરૂણ સ્વરે વિલાપ કરતી એક રમણીને આકાશમાં જોઇ, જેણી સર્વ અંગે સુન્દર છે, યુવાવસ્થાને પામેલી છે, અને એક વિદ્યાધર તેણીને ઉપાડી જાય છે, તેથી મને કરૂણા આવી, અને તે વિદ્યાધરને આકાશમાં વિદ્યાએ કરી થંભાવ્યો, તેના હાથમાંથી તે કન્યા સરી પડી, અને સરોવરના કાંઠા નજીક નીચે પડી મારા પાસે આવી, મેં તેણીને ખુબ ધીરજ આપી કહ્યું કે–તારે બિલકુલ ભય રાખવો નહિ, તે સાંભળી કન્યા સ્વસ્થ બની, અને વિદ્યાધરને પણ ઠપકો

આપ્યો કે—તમારા જેવાને આ અનુચિત કાર્ય છે માટે ફરી આવું કામ કરવું નહિ એમ કહી છૂટો કર્યો, અને તે વિદ્યાધર પોતાના સ્થાને ચાલી ગયો, અને હું પણ તે કન્યા સાથે મારા આશ્રમમાં આવ્યો, અને ખુબ મહેનતે તે કન્યાને ફલાહાર કરાવ્યો, તે વાર પછી કન્યાને મેં પૂછ્યું કે—હે આર્યે તું કોણ છે ? કોની પુત્રી છે ? અને શાકારણે વિદ્યાધર તને ઉઠાવી લઈ જતો હતો ? આ પ્રશ્નોના ઉત્તરમાં તે કુમારી મોતી સરખા સ્થૂલ આંસુડાએ છાતી ભીંજવતી, અને ઉન્હા દીર્ઘ નિસાસા નાંખતી, અવ્યક્ત સ્વરે રોવા લાગી, તે જોઈ મને પણ ખેદ થયો કે—અહો આવા મહાનુભાવ માણસોને દુષ્ટ વિધિ મહાદુઃખ પમાડી રહ્યો છે, એમ ચિંતવી કરૂણાએ કરી બહુ આશ્વાસન આપ્યું, અને કહ્યું કે—તું રોવું બંધ કર, અનર્થોએ ભરેલા આ સંસારમાં ક્યા કર્માધીન પ્રાણીને દુઃખની પ્રાપ્તિ થતી નથી ? અર્થાત્ થાય છે, કહ્યું છે કે—કોણ આ સંસારમાં સદા સુખીયા છે ? કોનું જીવતર શાશ્વત છે ? કોને બંધુજનનો વિયોગ નથી થયો ? અને કોની પાસે લક્ષ્મી સ્થિર રહી છે ? માટે આ જગતમાં વિધિએ જે લખેલું છે તે સુખ કે દુઃખ પ્રાપ્ત થાય છે, એમ ધીર પુરૂષો વિચારી આપદા વખતે કાયર બનતા નથી; ઉત્તમ કુલમાં જન્મેલ ગુણીયલજનોને પણ ખીરસાગરમાંથી ઉત્પન્ન થયેલ ચંદ્રમાની પેઠે દુઃખો આવી પડે છે, સૂર્ય ચંદ્રની પ્રભાને શું રાહુ આવરી લેતો નથી ? માટે ખેદ છોડી દે, અને સાહસનું અવલંબન કર, અને જો કહેવાલાયક હોય તો મારા પ્રશ્નોનો ઉત્તર આપ, કેમકે તપસ્વીજન પિતાતુલ્ય હોય છે, આ પ્રકારે મેં તેણીને સમજાવી, એટલે ઉત્તર

વસ્ત્રથી પોતાનું મોઢું લુછી કહેવા લાગી કે-પિતાતુલ્ય તમોને શું કહેવા લાયક ન હોય? માટે હે પિતા તમે તે હકીકત સાંભળો એમ બોલી કહેવા લાગી—

### રાજપુત્રી તિલકસુંદરીનું વૃત્તાંત

સંડિલ્લ નામના દેશમાં **નંદિપુર નામનું** એક શ્રેષ્ઠ નગર છે, જે નગર ઉંચા દરવાજાના શિખર ઉપર રહેતી ધજા રૂપી આંગળીએ અમરાવતીને તર્જના કરી રહેલ છે, ચંદ્રમાના કિરણ સમુદાય પેઠે ઉજ્વલ હજારો મહેલોથી અલકાપુરીનો ઉપહાસ કરી રહેલ છે, અને બજારોમાં પડેલ રત્નના ઢગલાના તેજસ્વી કિરણો રૂપી દંડે, શંકા કરનાર રોહણાચલ પર્વતને કટાક્ષ કરી રહેલ છે, દેવો કરતાં પણ અતિશય રૂપવાળા મનુષ્યોએ અને અપ્સરાના રૂપને જિતિ લેનાર તરૂણરમણીઓએ, દેવલોકના મદને જે દૂર કરી રહ્યું છે, અને ધનાઢયજનોના ધન ભંડારોએ કરી કુબેરભંડારીની ઠકુરાઇને જે ઘસી રહેલ છે; તેવા તે નગરમાં હાટોથી રાજમાર્ગો શોભી રહ્યા છે, અને હાટો ધનોથી શોભી રહેલ છે, અને ધનો દાનથી શોભે છે, અને દાનો ભકિતથી શોભે છે, અને ભકિત પાત્રોથી શોભે છે, અને પાત્રો ગુણસમુદાયથી શોભી રહેલ છે; તે નગરમાં **કનકરથ** નામના રાજા છે, તેને નિરુપમ લાવણ્યવાળી, મહાકુલમાં જન્મેલી, ગુણરત્નોની ખાણ સમાન, અને દોષ રૂપી વૈરીને દુર્ગમ કિલ્લાસમાન, સકલ અંતેઉરમાં પ્રધાન, એવી **જયસુંદરી** રાણી છે, તેણીની મંદપુણ્યવાળી હું પુત્રી છું; કોઇ પુત્ર પરિવાર નહિં હોવાથી મારા જન્મ

વખતે સમગ્ર અંતેઉર સંતોષ પામે તેવું મહાવધામણું મારા પિતાએ કર્યું હતું. અને તેજ દીવસે સત્યવાદી **જ્યોતિષરાશી** નામના નિમિત્તીયાને મારા ભાગ્ય સંબંધીનું સ્વરૂપ–પિતાએ પૂછ્યું, તેણે કહ્યું કે–આ પુણ્યવંત પુત્રીનો જે વર થશે, તે સકલ વિદ્યાધરનો રાજા રાજાધિરાજ થશે. આ સાંભળીને મારા માતા પિતા ખુબ ખુશ થયા. એક માસ ઉલંઘન થયે માતાએ સ્વપ્નમાં તિલકોએ સુંદર રત્નાવલી જોઇ હતી તેથી મારું **તિલકસુંદરી** નામ પાડયું. તે વાર પછી પુત્રની માફક માતાપિતાએ પાલન કરાતી અને અન્ય રાજપુરુષોએ ઉત્કૃષ્ટ હર્ષે લાલનપાલન કરાતી વધવા લાગી; અને યુવતીજનને ઉચિત કલાઓ હું શીખી. અનુક્રમે યુવાવસ્થાવાળી મને દેખીને પિતાએ મારી માતાને કહ્યું કે–હે પ્રિયે જગતમાં રુપ યૌવન લાવણ્ય અને કલા વિગેરે ગુણોથી યુકત તિલકસુંદરી સરખો કોઇ રાજકુમાર છે; કે નહિ? અને આ પુત્રીને કેવી રીતે પરણાવવી? શું સ્વયંવર મંડપમાં આવેલા રાજાકુમારોમાંથી પોતાને રૂચે તે વરને વરે એમ સ્વયંવરમંડપ કરવો? કે સર્વ દેશાંતરના રાજકુમારોના પાટીયામાં ચિત્રેલ રુપો જોઈ ઈચ્છા મુજબ કોઇ રાજકુમારને વરે? અને ચિત્રેલા રૂપ લાવવા માટે અન્યદેશોમાં આપણે પુરૂષો મોકલવા કે નહિ? અથવા કોઇ અન્ય ઉપાય છે. આ બાબતમાં તમારી જે મનની ઇચ્છા હોય તે જણાવો. મારી માતાએ ઉત્તર આપ્યો કે હે સ્વામિનાથ! તમામ કાર્યમાં આપ કુશલબુદ્ધિવાળા છો. અમારા જેવી મહિલાઓમાં બુદ્ધિપકર્ષ કયાંથી હોય? તોપણ આર્યપુત્ર તમો મને બહુમાનથી પુછો છો, તેથી મારા હૃદયની

ઈચ્છા જણાવું છું.

હે સ્વામિનાથ! તમોએ રચેલ સ્વયંવર મંડપમાં આવેલ તમામ રાજપુત્રો જો તિલકસુંદરીને રૂચ્યા નહિ, તો પોતાનો તિરસ્કાર સમજી સર્વ રાજપુત્રો તમારી સાથે વિરોધવાળા બનશે, અને રાજકુમારોના ચિત્રેલ પાટીયા દેશાંતરથી પુરૂષો દ્વારા મંગાવવામાં આવે, તેમાં પણ યોગ્ય વરની પરીક્ષા થઇ શકશે નહિ; કારણ ચિત્રક્રિયા ચિતારાને આધીન છે. સુંદર વસ્તુ ન હોય તોપણ સુંદર ચિતરી શકે છે, માટે મને તો તે ઈષ્ટ લાગે છે કે–આપ આપણી પન્નતિદેવીનું આરાધન કરી અનુરુપ વર તે દેવીને પુછો. આ સાંભળી રાજા ખુશ થઇ કહેવા લાગ્યો કે–અહો તમોએ સુંદર ચિંતવેલ છે! અને તમારી બુદ્ધિ સુંદર કુશલતાવાળી છે, હું તે વાત સ્વીકારું છું. હવે બીજા દિવસે સ્નાનથી પવિત્ર બની એકાંત પ્રદેશમાં ડાભનો સંથારો પાથરી, ઉપવાસ કરી, પ્રજ્ઞપ્તિ દેવીનું સ્મરણ કરતો રાજા આરાધના કરવા લાગ્યો. યાવત્ ત્રીજે દિવસે રાજાની અપૂર્વભક્તિથી ખેંચાઇ **પ્રજ્ઞપ્તિ** દેવી હાજર થઇ કહેવા લાગી.

હે મહારાજા! કેમ મને સંભારી? કાર્ય બતાવો જલદી કરી આપું. મારા પિતા ખુબ આનંદિત બની પ્રણામ કરી, અંજલી જોડી, કહેવા લાગ્યા કે

**પ્રજ્ઞપ્તિદેવીનું વચન** હે ભગવતિ! તિલકસુંદરીને યોગ્ય અને **મદનકેશરીની** વર કોણ છે? તે કૃપા કરી બતાવો.

**હરિફાઈ** અને મારી ચિંતા દુર કરો. તેથી દેવીએ ઉપયોગ આપી કહ્યું કે:—

ગજપુર નગરના અધિપતિ કમલસેન રાજાનો પુત્ર જે સકલ વિદ્યાધર રાજ્યનો અધિપતિ બનશે; તે રત્નચૂડ રાજાની તમારી પુત્રી પટ્ટરાણી બનશે. માટે તમારે ઉદ્વેગ કરવો નહિ. અને સર્વ ઉપદ્રવને નાશ કરવાવાળું આ ચિંતામણિ રત્ન છે, તે તિલકસુંદરીની ભુજામાં બાંધી રાખવું. એમ કહી ચિંતામણિ રત્ન રાજાને આપી તે દેવી અદૃશ્ય બની. તેથી મારા પિતા પરમ પ્રમોદને પામી સ્વભવનમાં આવ્યા, અને મારી માતાને તમામ વૃત્તાંત કહી ચિંતામણિ રત્ન આપ્યું. માતા પણ ન કહી શકાય તેવો આનંદ પામી, અને ચિંતામણિ રત્ન મારે હાથે બાંધ્યું. હવે કેટલાક દિવસ સુધી મારા માતાપિતા શાંત મનવાળા બન્યા, એક દિવસે સુવેલગિરિના શિખર ઉપર રહેલ રતિવિલાસ નગરનો સ્વામી જેના દિવ્યશસ્ત્રો નિષ્ફલ જતા નથી. અને અપૂર્વસાહસે બહુ વિદ્યા મેળવવાથી મહાબલ પરાક્રમવાળો છે; તે **મદન-કેશરી** વિદ્યાધર રાજાએ જ્યોતિષરાશી નિમિત્તિયાએ ઉચ્ચારેલું મારા વિષયનું નિમિત્ત સાંભળીને મને પરણવા માટે પોતાની બીજી ભુજા સમાન મુખર નામના દુતને મારા પિતા પાસે મોકલ્યો. છડીદારે પૂછીને રાજસભામાં તેને પેસવા દીધો, તે દુત આવી પ્રણામ કરી બેઠો. પિતાએ તેનું બહુ સન્માન કર્યું. તેણે વિનંતી કરી કે-હે મહારાજા! મારા સ્વામી વિદ્યાધરના રાજા મદનકેશરીએ કહેવરાવ્યું છે કે:—તમારી કન્યા તિલકસુંદરી મારી સાથે પરણાવો. અને મારા સગાસ્નેહી બનો. આવું તેનું વચન સાંભળી યાવત્ મારા પિતા મૌન રહ્યા, તેટલામાં ફરી દુતે કહ્યું કે મહારાજ! આ તમોને ઉચિત છે, કેમકે મહાકુલમાં

જન્મેલ, અને સ્નેહીજનને કલ્પવૃક્ષસમાન, આ પુરુષરત્નને કન્યારત્ન આપવું શ્રેષ્ટ છે. અને જગતમાં પણ સિંહ—સિંહણનો સંયોગ બહુમાનવાળો બને છે. આ પ્રમાણેનું દુતનું વચન સાંભળી મારા પિતાએ જણાવ્યું કે—તમારા સ્વામીએ અને તમોએ સુંદર કહ્યું, કેમકે કલ્પવેલડી કલ્પવૃક્ષ ઉપર ચડાવેલી શોભે છે; પરંતુ આ કન્યાને મેં આરાધેલી પ્રજ્ઞપ્તિદેવીના આદેશે કમલસેન રાજાનો પુત્ર રત્નચૂડ કુમારને પ્રથમથી જ આપેલ છે, સત્ય પ્રતિજ્ઞાવાળા સત્પુરુષો હોય છે. તેથી વિદ્યાધર મહારાજાએ અમારી ઉપર ખોટું લગાડવું નહિ. આ પ્રકારે દુતને સત્ય વાત જણાવી સમજાવીને રવાના કર્યો. અને તે દુત પોતાના નગરે પહોંચ્યો. હું પણ દેવતાએ બતાવેલ રત્નચૂડકુમારનું હૃદયમાં ધ્યાન ધરતી સખીઓની સાથે વિચિત્ર ક્રિડા કરું છું, અને શીખેલી કલાનો ઉપયોગ કરું છું. હવે એક દિવસે હું નગરની બહાર રહેલ કિંસુયકેસર નામના બગીચામાં ક્રિડા કરવાને માટે ગઇ; ત્યાં બહુ ક્રિડા કરવા લાગી, સખીજનો ફૂલ ચુંટવામાં એકાગ્ર બનેલ છે, અને હું મનહર વનરાજીને જોવામાં તન્મય બનેલી છું, તે વખતે ઓચિંતો એક વિદ્યાધર આવ્યો, અને મને ઉપાડવા લાગ્યો. મેં બૂમ મારી કે હે પિતા મારું રક્ષણ કરો, મારું રક્ષણ કરો, તેટલામાં તે વિદ્યાધર આકાશમાં મને લઇ ઉડયો. મારી બૂમ સાંભળીને અને જોઇને આકુલવ્યાકુલ બનેલ મારા સખી વર્ગે બૂમાટ કરી મૂકયો કે–હે મહારાજ! મહારાજાના સુભટો! તમો જલદી દોડો રે દોડો. તિલક સુંદરીને કોઇક ઉઠાવી લઇ જાય છે, પરંતુ કોઇ આવ્યું

નહિ અને મને ઉઠાવી વિદ્યાધર આકાશમાં ચાલ્યો અને આ સરોવરે પહોંચ્યો. અનાથ ઉપર પ્રેમાળ અને કરુણાના મહાસમુદ્ર પિતા તુલ્ય એવા તમોએ મને તેનાથી છોડાવી, આ પ્રમાણેનો પોતાનો વૃત્તાંત કહી રાજકુમારી નીચા મુખવાળી બની ગઇ. મેં તેણીને મધુર વચનોએ સંસારના સ્વભાવને બતાવી સ્વસ્થ બનાવી, અને આજ વનમાં પુત્રીરૂપે બહુ માન આપી રાખી, અને કહ્યું કે- હે પુત્રી! ભવિતવ્યતાના યોગે અતિ વાત્સલ્યને યોગ્ય એવી તું અનુચિત વનવાસને પામી છે, પરંતુ નિ:સંગી કંદમૂલ ફલાહારી પ્રેમાળ આ તપસ્વીજન તારી શી પરોણાગત કરી શકે? એમ કહી આંખમાંથી આસુડાં પાડી પ્રેમાળ-દૃષ્ટિએ વારંવાર સ્વસ્થ બનાવી. તેથી કાંઇક શોકરહિત બની આશ્રમમાં સેવા કરવા લાગી. કેટલાક દિવસ ગયા. એક દિવસે રાત્રિના સમયે ભવિતવ્યતાના યોગે મને પ્રાણઘાત કરનારી શૂલવેદના ઉપડી; તે વખતે મેં વિચાર્યું કે, મારું આયુષ્ય પૂર્ણ થયું લાગે છે, નહિતર તો આ ઓચિંતી કોઈ વખત નહિ થયેલી શૂલવેદના કેમ ઉપડે? સોમભૂતિ ગુરુજીએ ઉપદેશેલ ધર્મ માર્ગમાં હું સ્થિર છું. તેથી મરણનું દુ:ખ મને પીડા કરી શકશે નહિ, પણ બંધુના વિયોગવાળી અનાથ, અશરણ તિલકસુંદરી મને માતપિતા બંધુ માની મારુ શરણુ સ્વીકારી રહી છે, તેણીનું મારા મરણ બાદ શું થશે? અને તે મહાનુભાવવાળી એકલી આ વનમાં કેવી રીતે રહી શકશે? અને કયાં જશે? અને કેવી રીતે ધીરજ ધારણ કરી શકશે? અને કેવી આપદાને પામશે? અને કોનું શરણ સ્વીકારશે? આ પ્રમાણે ક્ષણ

માત્ર હું બહુ શોકવાળો બન્યો; ફરી એવો વિચાર આવ્યો કે, આ અસાર સંસારમાં કર્માધીન પ્રાણીઓને પોતાનું પુણ્ય અને પાપ સહાયભૂત છે, તેથી મારે શોક કરવો વ્યાજબી નથી. માટે મેં સમાધી લગાવી અને ગુરુના ઉપદેશની ભાવના ભાવતાં મરણ પામ્યો. અને અસુરકુમાર દેવોમાં મહાર્દ્ધિક **જ્વલનપ્રભ** નામવાળો દેવ થયો. અને પૂર્વે નહી દેખેલી દેવરિદ્ધિ અપ્સરા રત્નનાઢગલા અને મણિનું ભવન દેખીને મેં અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકયો તેથી થયેલ કરુણા અને સ્નેહથી દેવનાં કાર્યો કર્યા સિવાય આ વનમાં આવ્યો. નિદ્રાધીન તિલકસુંદરીએ આ કાંઈ પણ જાણ્યું નહી. મેં તો પૂર્વભવનો તાપસવેષ ધારણ કર્યો, આ અવસરે પરમઆશ્ચર્ય પામેલ તાપસકુમાર અને કુમારીઓએ મને નીલવિકસ્વર કમલ સમાન, શરીરના પસરતા કિરણોએ કરી નીલમણિમયજ આવાસની ભીંતને જાણે બનાવી રહ્યો હોય તેવો, અને પ્રકાશિત રત્નવાળા મુકુટે શોભિત મસ્તકવાળો અને દિવ્ય સ્વરૂપવાળો જોઈને ચિત્તમાં ચમત્કાર પામ્યો.

આ અવસરે તિલકસુંદરી રત્નચૂડકુમારને જોઈ વિચારવા લાગીકે–આ રાજકુમારની આકૃતિ કેવી શીતલતા જનક છે? જાણે ચંદ્રમાના મંડલથી પરમાણુઓ કોતરી બનાવી હોય?, અને એનું ગોરાપણું સોલવર્ણીસોનાએ જાણે બનાવ્યું હોય!, અને લાવણ્યગુણ વિકસ્વર કુસુમના સમુહ થકી લઈ બનાવેલ હોય?, અને શાંતિને પમાડનાર હોવાથી અમૃતમય હોય?; અને રુપગુણ ત્રણ જગતના શ્રેષ્ઠ પરમા-

ણુઓએ બનાવેલ હોય ?, તેવો ભાસે છે. તેથી હું પુણ્યશાળી અને કૃતાર્થ છું, જે મેં જયંતકુમારદેવને જિતનાર અને કલ્પવૃક્ષની જેમ પુણ્યરહિતજનોને દુર્લભ દર્શનવાળો આ કુમાર જોયો, તેથી આપદા પણ મારે સંપદા બની. મન નેત્રને સુખ આપનાર અમૃત, સાગર માંથી ઉત્પન્ન થાય છે, એવી લોકમાન્યતા કેવળ વાર્તા માત્ર છે. અમૃત પણ માણસ હોય છે. આ પ્રકારે ચિંતામાં મગ્ન બનેલી તિલકસુંદરીને જ્વલનપ્રભદેવે આંગળીએ કરી કુમારને બતાવી કહ્યું કે–આ રાજકુમારી, કે જેણીના માટે હું દેવલોકથી આવેલ છું; આ સાંભળી રત્નચૂડકુમાર બહુ ખુશ થયો, અને તેના હૃદયમાં કામદેવ પેઠો, ફરી પણ જ્વલનપ્રભે કહ્યું કે–હે કુમાર! આ ભવન મેં દેવશકિતએ વિકુર્વ્યુ છે. જેમાં સુંદર પલંગ છે, આ મહેલમાં તિલકસુંદરીને એમ કહી લાવેલ છું કે આ આશ્રમના ઝુંપડામાં વાસ કરવો તારે અનુચિત છે; માટે વનમાં રહેલ સુંદર મહેલમાં ચાલ, આ મહેલમાં તેણીને વસાવી, વિરહથી બીકણ એવી તિલકસુંદરીને દેવતાઇ ભોજનથી પાલન કરૂં છું. આજ મને વિચાર આવ્યો કે લાંબા કાળથી તિલકસુંદરી ખિન્ન હૃદયવાળી છે, અને તેનો બંધુજન તેણીના સમાચાર નહિ મળવાથી શોકાગ્નિએ બળી રહેલ છે. માટે તેણીને પિતૃગૃહમાં મૂકી દઉં. પણ તે વિચાર મને અયોગ્ય ભાસ્યો, કારણકે તેણીને પોતાના ઘેર મૂકીશ તો, દેવતાએ બતાવેલ વર લાંબા કાળ સુધી પામશે નહિ; અને પિતાને ઉદ્વેગનું કારણ બનશે, તેથી સુંદર તો એ છે કે હું રત્નચૂડકુમારને કોઈપણ પ્રયોગે ઉઠાવી લાવીને તેની સાથે આ કુમારીનો સંયોગ કરી દઉં. માટે હે

કુમાર તમોને હું અહીં ઉઠાવી લાવેલ છું, તમોને આશ્ચર્ય પમાડવાને માટે હાથી, ઘોડા, મનુષ્ય અને તુટે નહિ એવું કમલ વિગેરે માયાજાળ મેં વિકુર્વેલી છે. તેથી હે કુમાર! આમાં આ પરમાર્થ છે કે પૂર્વે પ્રજ્ઞપ્તિ દેવતાએ બતાવેલ. અને તેણીના પિતાએ અનુમોદેલ એવા તમોને પ્રાર્થના કરૂં છું કે;–આ કન્યા સાથે તમો અહીંજ લગ્ન કરો. એમ કહી દેવે પોતાના પરિવારને સંભાર્યો કે તુરત આવી ખડો થયો, જે અત્યંત સુંદર શરીરવાળો અનેક પ્રકારના મણિરત્નના આભુષણોથી શોભિત દેવ વર્ગ છે, અને જંગમ કલ્પલતાના સમુહ પેઠે રૂચિર હારોની શ્રેણી વડે શોભતી સ્તનવાળી દેવાંગનાઓ છે.

**રત્નચૂડ અને તિલક સુંદરીનો લગ્ન મહોચ્છવ**

હવે દેવદેવીઓએ જવલનપ્રભના હુકમથી વિવાહ કૌતુક શરૂ કર્યું, તેમાં બંન્નેને તીર્થજલના ભરેલ કલશોએ ન્હવરાવ્યા, ગાઢ હરિચંદનના લેપે લેપ્યા, દેવદૂષ્ય વસ્ત્રો પહેરાવ્યા, કલ્પવૃક્ષની ધોળી માળાએ દીપાવ્યા, શ્રેષ્ઠ આભૂષણો પહેરાવ્યા, અને કાળ ઉચિત બીજાં કાર્યો પણ કર્યા, પછી સુરગિરિના વાંસડાઓ લાવ્યા, અને ઉજ્વલ સોનાના કલશોએ ચોરી બનાવી કલ્પવૃક્ષના લાકડાએ અગ્નિ પ્રગટાવ્યો, અને પરસ્પર હાથ ગ્રહણ કરીને ફેરા ફેરવ્યા, લગ્ન એવું બન્યું કે–

**सुररमणीयणनच्चणसारं, किन्नरविरइयगीयपयारं**
**वरवहुहरिसाउरियनयणं, इय तहिं वित्तं पाणिग्गहणं ॥**

દેવરમણીઓ નાચી રહી છે કિન્નરો ગાયન કરી રહેલ છે.

વરવહુ હરખિત નેત્રવાળા છે આ પ્રકારે ત્યાં વિવાહ થયો, તે વારપછી મહાવિભૂતિએ વિવાહ પુરો થયે છતે બન્ને જણા એ જ્વલનપ્રભદેવને નમસ્કાર કર્યો, અને તેણે આશીર્વાદ આપ્યો કે હે પુત્રી! અવિયોગવાળી સોહાગણ અને પુત્ર-વતી તું જલદી થા, અને કુમારને આશિષ આપી કે વિદ્યા-ધરને રાજા બની પરમ સુખી થા. ફરી પણ દેવે કહ્યું કે, તમોને પરિણાવીને મેં મારૂં ઈચ્છિત કર્યું, અને મનને શાંત પમાડયું. તમારા સંયોગને તજવો દુષ્કર છે, તો પણ દેવલોકના અવશ્ય કરવા લાયક કાર્યો મારે કરવાનાં છે, તેથી મને રજા આપો કે,–હું સ્વભવનમાં પહોંચી જાઉં, અને તમોને જરૂર પડે તો મને સંભારજો. આ પ્રકારે કહી અને કૌતુક માત્ર ફળવાળો સર્વજિવની ભાષા વિજ્ઞાનનો વર, અને પઠિતસિદ્ધ આકાશ ગામિની વિદ્યા, આપીને ફરી પણ દર્શન કરીશું એમ કહેતો શોકયુક્ત બની પ્રાસાદ સંહરીને પરિવારે સહિત જ્વલનપ્રભ દેવ સ્વસ્થાને ગયો. તે ગયે છતે રત્નચૂડકુમાર ચિંતવવા લાગ્યો કે–અહો મારી પ્રિયાનું કેવું પ્રચંડ પુણ્ય છે? કે ત્યાગી તાપસજન જ્વલનપ્રભ દેવ-લોકમાં ગયો છતાં પ્રેમી રહી અહિં આવી પરિણાવી ગયો. વિદ્યા આપી ગયો વિગેરે વ્યવસાય કરી ગયો! એમ ચિંતવતા તેના વિયોગના શોકે હૃદય ભરાઇ ગયું, અને આંખોમાંથી આંસુ પડવા લાગ્યાં અને ક્ષણવાર મૌન થઈ ગયો. આથી તિલકસુંદરી પણ આજે જ માતાપિતાનો જાણે વિયોગ થયો હોય? અથવા મહાનિધિનો નાશ થયો હોય?, અથવા સકલ જગતમાં રહેલી પાપરાશિઓ જાણે ભરાઇ ગઈ હોય?, તેમ શોકે કરી રુદન કરવા લાગી, અને બોલવા

લાગી કે અત્યંત વ્હાલા હે પિતા મને છોડી તમે કેમ ચાલ્યા ગયા?, તેવાર પછી કુમારે તેણીને છાની રાખી, કહ્યું કે-હે પ્રિયે! આ સંસાર આવો અસાર છે, પ્રિયજનના સમાગમો વિરહવાળા હોય છે, કહ્યું છે કે-"ઇષ્ટ વસ્તુના સંયોગો અનિત્ય છે, અને જિવતર ચપલ છે, યુવાવસ્થા ચલાયમાન છે. લક્ષ્મી હસ્તીના કાન પેઠે ચંચલ છે, અને આ સંસારમાં સર્વ અનિત્ય છે" માટે હે સારા શરીરવાળી શોકને તું ન કર. અને તારું ચિત્ત સમાધિવાળું બનાવ. કાલો-ચિત કાર્યમાં મનને ધારણ કર, આમ આશ્વાસન પમાડયું. ત્યારે તિલકસુંદરીએ કહ્યું કે-હે આર્યપુત્ર! જો એમ છે તો આપણે મારા પિયર જઇએ, કેમકે મારા માતાપિતા મારા અપહરણથી દુ:ખી બની ગયેલ છે. કુમારે તે વચનનો સ્વીકાર કર્યો, અને તમાલનાપત્ર પેઠે શ્યામવર્ણી એવા આકાશમાં આકાશગામિની વિદ્યાએ પ્રિયાસહિત ઉપડયો, અને તે રમ-ણીય વનને જોતો થોડાક ભૂમિ ભાગે ગયો કે-એક તાપસ આશ્રમમાં તાપસ તાપસીજન કરૂણાજનક રૂદન કરતો દીઠો.

**ચિંતામણિ રત્ને તાપસ વેદના દૂર કરી.**

તેથી તિલકસુંદરીએ કહ્યું કે આર્યપુત્ર? કેમ આ ત્યાગી તાપસજન વિલાપ કરી રહેલ છે? કુમારે કહ્યું કે-હે પ્રિયે! નીચે ઉતરી પુછીએ. એમ બોલતો નીચે ઉતર્યો અને વિલાપનું કારણ પૂછયું. તે તપસ્વીજને કહ્યું કે-અમારા કુલપતિ તીવ્રશૂલરોગની વેદનાએ ન કહી શકાય તેવી અવસ્થાને પામ્યા છે. તેથી અમો અનાથનું શું થશે? માટે શોકથી

વિલાપ કરી રહ્યા છીએ; તેથી તિલકસુંદરી બોલી ઉઠી કે હે આર્યપુત્ર ! સકલ ઉપદ્રવને દૂર કરનાર આ મારા પાસે રહેલ ચિંતામણિરત્ને તેને સ્વસ્થ બનાવો, તેથી હર્ષપૂર્વક કુમારે ચિંતામણિનું જલ પાઈને કુલપતિને સાજો કર્યો. તેવાર પછી તે ચિંતામણિરત્ન તિલકસુંદરીએ રત્નચુડની ભુજાએ બાંધ્યું, તપસ્વીજન બહુ તુષ્ટ થયો, અને કુલપતિએ અપૂર્વ આકાર જોઈ બહુમાન કર્યું. ત્યાં કેટલોક સમય કુલપતિની સમીપમાં રહ્યો. રાત્રીનો સમય થતાં આશ્રમની નજીક લતાગૃહમાં કોમળ સંથારો પાથરી મનોહરક્રીડાએ વિષયસુખ ભોગવીને બંન્ને જણ સૂઈ ગયા, યાવત્ મધ્ય રાત્રિ થઈ, તે અવસરે ઘુઘુ કરતો એક ઘુવડ આવ્યો, કાન પાસે રહી તે ઘુવડે તિલકસુંદરીને ભય પમાડયો, તેથી તેણીએ કહ્યું કે—

**ઘુવડ ઉપર રત્નચૂડનો ઉપકાર**

હે સ્વામીનાથ ! હું ઘુવડથી બીઉં છું, તેથી સુતા-સુતા કુમારે હાકલ કરી, પણ તે ઘુવડ ખસ્યો નહિ, અને પોતાની ભાષાએ બોલ્યો કે- જો તમે મરદ હો તો ઉભા થાઓ, આ ખાલી પોકારો કરવાથી શું ? આ સાંભળી રત્નચૂડે પ્રિયાને કહ્યુ કે- તું ભય રાખીશ નહિ, આ ઘુવડને નસાડી હમણાં આવી પહોંચ્યું છું, એમ કહી ઊભો થયો, જોયું તો માલુમ પડયું કે-આ કોઈ પક્ષીરૂપ દિવ્ય ઘુવડ લાગે છે. તેથી કૌતુકે કરી તેની સામે ગયો, તે પણ કહેવા લાગ્યો કે- જો પુરુષાતનવાળા હો તો અવીજા, એમ કહેતો વેગ કરી દોડયો, તેને પકડવા

પછવાડે કુમાર દોડયો, અને પહોંચીને પકડી લઉં એમ આશા રાખી, પણ તે ઘુવડ ખુબ દોડી દુર એક વડલાની ડાળીમાં બેઠો, કુમાર પણ વડલા ઉપર ચડી હાથે પકડવા લાગ્યો, ત્યારે ઘુવડે કહ્યું કે–હું તારો શરણાગત છું, હે કુમાર! મારૂં રક્ષણ કર રક્ષણ કર, અહો આ શું આશ્ચર્ય? એમ ચિંતવતા કુમારે તેને કહ્યું કે– પ્રથમ તું શું બોલતો હતો, અને હમણાં શું બોલે છે, આમ કેમ? તે ઘુવડે કહ્યું કે–હે કુમાર! તમો મને તમારા ખોળામાં બેસાડો. પછી હું સત્ય વાત કહું, તેથી કુમારે કૌતુકે અને કરુણાએ તેને પોતાના ખોળામાં બેસાર્યો. કે તુરત તે ઘુવડ વિદ્યાધરકુમાર બની ગયો. તેથી રત્નચૂડ અત્યંત આશ્ચર્યને પામ્યો, આ અવસરે નમસ્કાર કરીને વિદ્યાધરે કહ્યુ કે–નાશ પામેલો મનુષ્યજન્મ ફરી પણ હું આપનાથી પામ્યો, માટે આપે મારા ઉપર મહાન્ ઉપકાર કર્યો, તેથી હું મને પોતાને ધન્ય માનું છું, હવે સત્યવાત કહું તે સાંભળોઃ—

**વિદ્યાધરે સત્ય વાત કહી**

વૈતાઢય પર્વત ઉપર દક્ષિણ શ્રેણીમાં નર અને નારી રુપ રત્નોનો જાણે કરંડીઓ હોય? તેવું પદ્મખંડ નામનું નગર છે, પ્રકટ પ્રભાવે જેણે શત્રુને દુર કર્યો છે, તેવો **જયરક્ષ** નામનો રાજા છે. તેને કામદેવને નાચવાની રંગશાલા સમાન **જયશાલા** નામની રાણી છે. તેણીને રતિના રુપને જિતનારી **પદ્મશ્રી** નામની પુત્રી છે. તેણીને અનુકુલ એવો વર કોઈ જાણવામાં આવેલ નથી. તેથી રાજાએ યોગ્ય રાજકુમારની તપાસ માટે દેશાન્તરોમાં વિદ્યા

ધરે મોકલેલ છે. હું પણ તે રાજાની ધાવમાતા વેગવતીને પુત્ર **પવનવેગ** છું. રાજાએ મને પણ આ કામ માટે જ મોકલેલ છે, તેથી આકાશ ઉલંઘતાં હું આ વડલા ઉપર આવ્યો, કે–તુરત કોઈ અદૃષ્ટ પુરુષ કહેવા લાગ્યો કે— અરે દુરાચારી! તું વડલા નીચે રહેલ **સુરતેજ** નામના રાજરૂષીને દેખતો નથી? અન્ય માર્ગ હોવા છતાં ઋષીની અવજ્ઞા કરીને ઉલંઘી રહ્યો છે? તો તને ઘુવડ કરી નાંખું છું. જો તને પશ્ચાતાપ થશે તો આ વડલા ઉપર ચિંતામણી રત્નને ફરસવાથી તું ફરી મૂલસ્વરૂપને પામીશ. એમ કહી મને ઘુવડ બનાવ્યો. તે વાર પછી ભગવાન્ સુરતેજ ચારણ મુનિશ્વર ત્યાંથી ઇચ્છા મુજબ વિહાર કરી ગયા. તેથી હું પણ શોકને પામ્યો, અને પશ્ચાતાપ અગ્નિએ બળતો શું કરું? કોને કહું? કોનું શરણું સ્વીકારું? કેવી રીતે મારા મૂલસ્વરુપને પામું? આ પ્રમાણે ચિંતાતુર બની તે વડલામાં ચિંતામણી રત્નના સંયોગના ઉપાયને ચિંતવતો કેટલાક કાળસુધી રહ્યો. યાવત્ આજે તરુવિવરમાં રહેલા મેં ચિંતામણી રત્નના જલ પ્રભાવે કરી કુલપતિને સ્વસ્થ બનાવતા તમોને જોયા. તેથી આવા કપટથી તમોને વડલા સુધી ખેંચી લાવ્યો છું; તો હું હવે મારા નગરમાં જાઉં છું; અને માની રહ્યો છું કે–રાજાને અને વિદ્યાધરોને પદ્મશ્રિરિને અનુકુલ વર ખોળવાનો પરિશ્રમ અને ચિંતા આ બનાવે નષ્ઠ કરી છે. માટે તમો વિરહથી દુઃખી તમારી પત્ની પાસે પહોંચી જાઓ, પણ એક મારી વિનંતી છે કે–મારા ઉપર કૃપા કરી થોડો સમય આ જ વનમાં રહેવું, બીજે જવું નહિ; અને હું પણ જયરક્ષ રાજા પાસે જઇ વૃત્તાંત કહી

તમારા પાસે જલદી આવી પહોંચીશ. એમ કહી નમસ્કાર કરી પવનવેગથી વૈતાઢ્ય પર્વતે ગયો. કુમાર પણ ચિંતવવા લાગ્યો કે-અહો! કેવું દિવ્ય પરિણામ? કયાં ઋષી? અને કયાં ઘુવડરુપ શાપ? અને કયાં ચિંતામણી સંજોગ? એમ આશ્ચર્યયુકત બની લતાગૃહે ગયો, જઇને જુએ છે તો તિલકસુંદરી ત્યાં દેખાતી નથી તેથી આકુલવ્યાકુલ બન્યો.

**તિલક સુંદરીનો વિયોગ અને તેણીની તપાસ**

હે પ્રિયા! તું કયાં છો એમ વારંવાર બુમ પાડી, પરંતુ કાંઇ જવાબ મળ્યો નહિ, તેથી ગુપ્ત પ્રદેશોમાં જોવા લાગ્યો, પણ કાંઈ દીઠું નહિ, તેથી અત્યંત ભ્રમિતચિત્ત બનીને સંક્ષેપે ઘુવડનો વૃત્તાંત તાપસોને કહીને પૂછયું, ઉત્તર મળ્યો કે-અમોને ખબર નથી, તેથી વિલાપ કરવા માંડયો, હે પ્રાણ પ્રિયા! શરદઋતુના ચંદ્રમા સરખી મુખવાળી, ઉત્તમ હરિણના બચ્ચા સરખા નેત્રવાળી, ગુણરત્નને સમુદ્રસમાન દાક્ષિણ્યગુણની સાગર, તું કયાં રહી છે? કેમ ઉત્તર આપતી નથી? એમ કહેતો મૂર્છા ખાઇ ધરતી ઉપર પડી ગયો; કુલપતિ ત્યાં દોડી આવ્યો; તમારા જેવા સત્પુરૂષને વિલાપ કરવો ન ઘટે એમ કહી કમંડલના પાણીથી ભીંજવ્યો, અને વલ્કલના છેડાથી વાયરો નાંખ્યો, તેથી કાંઇક શુદ્ધિમાં આવ્યો, વિલાપ બંધ કરાવી કુલપતિએ મધુવચને કહ્યું કે-હે કુમાર તારી પત્ની વૈધવ્ય દુઃખને જોશે નહિ, અને વીરપુત્રને જન્મ આપનારી બનશે, એમ તેણીના લક્ષણોથી મેં જાણેલ છે, માટે તપસ્વીજનને બહુ

જ પ્રિય એવા તમારે મનમાં દુઃખ ધારણ કરવું નહિ. વિધિને આધીન પડેલા જીવોને આ સંસારમાં વ્યસનો આવવા તે દુર્લભ નથી; કહ્યું છે કે "પુરૂષો વિધિવશેકરી સુખ દુઃખને પામે છે, માટે ધીર પુરૂષો આપદામાં કાયર બનતા નથી, અને સંપદામાં ગર્વિષ્ટ બનતા નથી." આ પ્રમાણે સમજાવી તપાસ કરવા રજા આપી, તેથી નમસ્કાર કરી રત્નચૂડ સ્ત્રીને ખોળવા નિકળ્યો. સાવચેતી પૂર્વક આશ્રમસ્થાનો બિલો લતાઘરો પર્વતો ગુફાઓ દેવકુલો સરોવરો નગરો ગામો અને અન્ય સંભવતાસ્થાનો, શેષ-રાત્રિથી માંડી દીવસભર જોયા, પણ કાંઈ પત્તો લાગ્યો નહિ. આ અવસરે પત્નીના વિયોગથી દુઃખી રત્નચૂડને જોવા મિત્ર પેઠે અસમર્થ બનેલો સૂર્ય જગતને સુખકારી છતાં અસ્ત પામ્યો, અને સંધ્યા પણ કુમારને દુઃસહવિયોગ દુઃખ જાણીને પોતાના પતિના પછવાડે ઝપાટાબંધ ક્ષણ-વારમાં ચાલી ગઇ. તેથી રત્નચૂડ પ્રિયાના દર્શનની આશા છોડી ગિરિશિખર ઉપર રહેલ લતાઘરમાં કોમળશય્યા બનાવી ખેદે કરી અસમર્થ શરીરવાળો બેસીને વિચાર કરવા લાગ્યો, અરે ક્યાં પ્રિયા હશે ? શું ખેચર કે ભૂમિચર મનુષ્યે સાનુરાગી બની તેણીના દૃઢ શીયલપણાને નહિ જાણનારે ઉપાડી છે ? અથવા પૂર્વનો વૈરી કોઇ દેવ દુઃખ પમાડવા ઉપાડી ગયો ? જે બન્યું હોય તે ખરૂં, પણ નહિ દેખેલાને અને નહિ જાણેલાને મહાબલ પરાક્રમવાળા પુરૂષે શું કરાય ? પરંતુ ઉપાડનાર ખરાબ પુરૂષાતનવાળો તો ખરો, કારણ કે—મારી ગેરહાજરીમાં અનાથ બીકણ અને એકલીને ઉપાડી ગયો, આ પ્રકારે વિકલ્પ કરતાં કુમારની

કેટલીક વેળા ચાલી ગઈ.

**ખેદરહિત બનવું નિરુદ્યમી બનવું નહિ**

આ સમયે પ્રિયાવિરહથી તપી ગયેલા કુમારને અમૃતમય કીરણોએ તમામ અંગોને જાણે શાંત કરવા ચંદ્રમા આવી પહોંચ્યો. પણ શય્યામાં સુતો છતાં અરતિ ગઇ નહિ, નિદ્રા આવી નહિ; અને શીતલ એવા વનસ્પતિના પલ્લવો પણ તેના દેહને તપાવવા લાગ્યા. અમૃતમય ચંદ્રમાના કીરણોએ બળવા લાગ્યો, અને ખુબ શીતલ એવા પવનોએ દાઝવા લાગ્યો. કહ્યું છે કે–" વિયોગી માણસને ચંદ્રમાની જ્યોત ખુબ ઉષ્ણ લાગે, રાત્રિનો શીતલ પવન પણ દેહ તપાવે, અને પુષ્પોનો હારપણ તીવ્રખાર જેવો લાગે, અને ભીંજાવેલાં કપડાં પણ અગ્નિ જેવાં લાગે. " એમ પ્રિયાના વિયોગરુપી અગ્નિએ બળતા તે કુમારને શું રાત્રિ કે દીવસ? વસવાટ કે જંગલ? સુખ કે દુ:ખ? સંપદા કે વિપદા? સુપ્ત અવસ્થા કે જાગૃત અવસ્થા? હું કોણ અને કયાં રહ્યો છું. આ પ્રકારનો ઉપયોગ નાશ પામેલ છે, અને ચિંતાસમુદ્રમાં ડુબેલ છે, તેથી ક્ષણમાત્ર પણ નિદ્રા આવી નહિ, અને જેમ તેમ રાત્રિ પ્રસાર થઇ ગઇ. કુમારને પત્નીની તપાસમાં અંધકારે કરી હું વિઘ્નકારી બની માટે કરૂણાવાળી જાણે બની હોય તેમ રાત્રિ ચાલી ગઈ, અને અમૃતમય છતાં હું કુમારને શાંત કરી શકયો નહિ. તેથી જાણે વિલખો બની ચંદ્રમા પણ દેશાન્તરમાં ગયો, અને સખિજન પેઠે તેજે રહિત તારા પણ શીઘ્રગતિવાળા બની, દરેક દિશામાં કુમારની પત્નીને

ખોળવા જાણે ચાલ્યા ગયા હોય ? આ સમયે પૂર્વ દિશાને લાલચોળ બનાવતો સૂર્ય ઉગ્યો, જાણે કુમારને પ્રિયાની પ્રાપ્તિ થઈ કે નહિ ' એમ પૂછવા ઇચ્છતો હોય ? તેમ મિત્રની પેઠે નજીક આવી દૃષ્ટિએ પડયો, કુમારે પણ નિશ્ચય કર્યો કે-" પુરુષે ખેદરહિત બનવું અને કઠિનકાર્યમાં પણ નિરુદ્યમી બનવું નહિ " તેથી ફરી પણ પત્નીની તપાસ માટે ચાલી નીકળ્યો, તેથી સૂક્ષ્મદૃષ્ટિએ સર્વ ઠેકાણે જોતો જોતો સાયંકાળે **રિષ્ટપુર**નગરમાં આવી પહોંચ્યો; જે નગર સર્પના ઘર સમાન મલયપર્વતના વન માફક સપ્રાકાર-કીલ્લાવાળું છે, જ્યાં મહાદાન આપ્યું હોય ત્યાં જેમ સુખડી વિગેરે વેરાણી હોય તેમ આ નગર **विच्छिन्नखाइयं** કહેતાં-વિસ્તારવાળી ખાઇએ સહિત છે. જેમ અતિ દરિદ્રી મનુષ્યને એક દુકાન હોતી નથી. પણ ઘણી દુકાનો ભમવા માટે હોય છે; તેમ આ નગર પણ **बहुहट्टं**-કહેતાં ઘણી દુકાનોવાળું છે, જેમ કૈલાસપર્વત ઉજ્વલ શિવગણયુક્ત છે. તેમ આ નગર— **धवलहरगणसंगयं**-કહેતાં, ઉજ્વલ ઘરોના સમુદાયથી યુક્ત છે, મત્તવાલક કહેતાં દરવાજાના ઉપરના ઝરૂખામાં ખાલી પડેલ હોય તેથી જેમ વ્યન્તરોનો વાસ થઇ જાય; તેમ આ નગર **बहुसुरसयणं**-કહેતાં ઘણા રસવાળા મનુષ્યોનું સ્થાન છે, પણ અત્યારે તે નગરમાં મનુષ્ય કે પશુઓ નજરે ચડતા નથી. તે રમણિક નગરને કૌતુકથી રત્નચૂડ-કુમાર જોતો ધનધાન્યોએ સહિત છે. છતાં કેમ શૂન્ય છે ? એવા વિકલ્પ-વાળો બની ઠેઠ રાજમહેલ સુધી

**રિષ્ટપુર સ્વરૂપનો અને સુરાનંદાનો વૃતાંત**

પહોંચ્યો, અને તેના સાતમા માળે બારીમાં બેઠેલી **સુંદર-વાંદરી** જોઈ, વાંદરીએ સત્કાર કરી કહ્યું કે—રતિએ રહિત કામદેવ સરીખા હે કુમાર ! તમો આવ્યા. તો બહુ સારૂ થયું, આવો આ પલંગમાં બેસો, તેથી કુમાર પણ વિચારમાં પડયો કે—આ કોઈ દિવ્ય વાંદરી છે ? કે સ્વાભાવિક વાંદરી છે ? એમ વિચારતો પલંગમાં બેઠો, અને પૂછયું કે કે ભદ્રે ! તમે કોણ છો ? તેણીએ કહ્યું કે—રાજપુત્રી **સુરાનંદા** હું છું, ફેર પૂછયું કે આ નગરનું નામ શું છે ? અને કેમ ઉજડ બન્યું છે ?, આવા રૂપવાન્ તમો એકલા અહીં કેમ વસો છો ?, તેણીએ ઉત્તર આપ્યો કે—**રિષ્ટપુર** નામનું આ નગર છે, આ નગરના **સુરકેતુ** રાજાની હું પુત્રી છું, તેના અંતેઉરમાં શ્રેષ્ટ **સોમશ્રી** રાણીએ મને જન્મ આપેલ છે, કલાઓ ગ્રહણ કરી, અને હું યુવાવસ્થા પામી, વિશિષ્ટક્રીડાએ આનંદ પામતી રહું છું. યાવત્ એક દીવસે પ્રભાતે જાગેલી મેં શૂન્ય અંતેઉર જોયું. તેથી આમ કેમ બન્યું ? એમ ક્ષોભ પામીને રાજકુળ તપાસ્યું, અને નગર તપાસ્યું તો શુન્ય દીઠું, તેથી અત્યંત ભય ભ્રાન્ત બની શું સ્વપ્નું છે ! કે આ તે ઇંદ્રજાલ છે ? અથવા ચિત્તનો ભ્રમ થયો છે ? કે દૃષ્ટિની શુન્યતા થઇ છે ?, કેમ બધું ઉજડ દેખાય છે ? આમ વિકલ્પના સમૂહે આકુલ વ્યાકુલ બની ને ભયે કરી ચિત્ત ધડકવા લાગ્યું, જાણે યમરાજાના શ્મશાને પહોંચી એમ થવા લાગ્યું, અરે હવે કયાં જાઉં ? કોનું શરણું સ્વીકારૂં ? હે તાત ! હે જનની ! તમો મારા ઉપર સ્નેહાળ હતા છતાં મને એકલી અનાથ મેલી કયાં ચાલા ગયા ?. આ પ્રકારે મોટા શબ્દે રોતી બંધ

થાઉં છું, ત્યાં તો એક રુપાળો અને સૌમ્ય આકૃતિવાળો દિવ્ય પુરુષ આવ્યો, અને તેણે મને કહ્યું કે—હું જક્ષ છું, વેર લેવાને માટે મેં આખું નગર ઉજ્જડ બનાવેલ છે; તો હે સુતનુ ! તારે ઉદ્વેગ કરવો નહિ, અને કોઈથી ભય પામવો નહિ, ખરેખર હું પૂર્વભવના સંબંધે તને મદદ કરીશ, અને અહીંયાં રહેવાથી જ તારે બધું સારૂં થઈ જશે, એમ આશ્વાસન આપ્યું, અને આ મહેલમાં મને તે લાવ્યો, અને દરેક દીવસે બંને કાલ આવી ક્ષેમકુશલતા પુછે છે, અને આહારાદિ આપે છે, જતી વખતે મારા અવયવો વાંદરીરૂપ કરી નાંખે છે, આમ કેટલો કાળ કાઢીશ ? મારી શી ગતિ થશે ? એમ મારવાડના અરણ્યમાં પડેલી રાજ-હંસલી માફક અને પોતાના ટોળાથી જુદી પડેલી મૃગલી માફક ચિંતાતુર બની. છ માસ ચાલ્યા ગયા, આગળ શું થશે તે પણ જાણતી નથી; પરંતુ આજ પુણ્યોદયે તમોને દેખીને હું બહુ રાજી થઇ છું, કુમારે કહ્યું કે—હે સુતનુ ! અત્યંત દુઃખી તારી અવસ્થા થયેલી છે, તો પણ ચિત્તના સન્તાપે આત્માને ખેદ પમાડવો નહિ, કેમકે “ વિધિના વિલાસો નિવારવાનું શકય નથી, તેથી વિધિ જેમ જેમ ભિન્ન ભિન્ન પ્રકારોએ નિષ્ઠુર ઢોલ વગાડે તેમ તેમ હસ્તામુખ-વાળા ધીરપુરૂષો નાચ જ કર્યા જાય છે ”, હે સુતનુ ! તું દેખ કે-હું પણ મારા બંધુ નગર અને દેશનો વિયોગી, વિધિએ કરી એકલો ભમી રહ્યો છું; આ પ્રમાણે તેણીને આશ્વાસન પમાડી સંક્ષેપથી કુમારે પોતાનો વૃત્તાંત કહ્યો, આ સમયે સૂર્ય અસ્ત પામ્યો, અને કુમારે સંધ્યાનું કૃત્ય કર્યું, પછી તે કાલને ઉચિત કથાઓ કરી પ્રદોષ કાળ

વીતાવ્યો, અને પલંગમાં કુમાર સુતો. અને વાંદરી પણ બારીમાં સુઈ ગઈ.

**રત્નચૂડને ઉપદ્રવોનું દર્શન**

તિલકસુંદરીની પ્રાપ્તિના ઉપાયની ચિંતાવાળો કુમાર જેટલામાં રહ્યો છે તેટલામાં સર્વ-નગર બળતું દેખે છે, અગ્નિજ્વાળાના સડસડાટ શબ્દ સંભળાય છે, અને ફુટતા એવા વાંસડાનો તડતડાટ સંભળાય છે, પડતા એવા મહેલોનો ભડભડાટ શબ્દ સંભળાય છે, અને રાજભુવન અગ્નિની જ્વાલાએ યુક્ત છે, આ ઉપદ્રવ દેવતાઈ છે, પણ સ્વાભાવિક નથી, એમ માનતો કુમાર ક્ષોભ પામ્યો નહિ. પણ પોતાના પલંગમાં જ જોતો બેઠો, આ ઉપદ્રવ ક્ષણવારમાં શમ્યો, તે વાર પછી પૃથ્વીને કંપાવતો અને આકાશને જાણે ફાડી નાંખતો હોય તેવો મોટો અટ્ટહાસ શબ્દ થયો, તે સાંભળી કુમારનું રુંવાડું ફરક્યું નહિ. પછી ઉગ્રવિષવાળા અને મુખથી અગ્નિની જ્વાલાને કાઢતા કાજલ સરખા કાળા સર્પો ભીંતો ઉપર તલીયા ઉપર અને થાંભલા ઉપર લટકી રહ્યા, પણ ચિંતામણિના પ્રભાવથી કુમારના પલંગ ઉપર ચડી શકતા નથી. મુહૂર્ત માત્રમાં સર્પો પણ અદૃશ્ય બન્યા, પછી અગ્નિ શિખા સરખા કેશવાળો, પીળા ભયંકર નેત્રવાળો, મોઢામાંથી નિકળતી લાંબી જીભવાળો, કાળા વર્ણવાળો, હાડપીંજર સરખો, કૃતાંત પેઠે ભયંકર, રૂધિર યુક્ત મનુષ્યનું ચામડું જેણે પહેર્યું ઓઢ્યું છે તેવો, વિજળી સરખી ચમકારા મારતી છરી જેના હાથમાં છે તેવો, એક રાક્ષસ પ્રગટ થયો; તેને દેખીને અહો જબરું કૌતુક છે એમ કુમાર

હસ્યો, તે પણ રાક્ષસ યમદાઢા સરખી કુટિલ ભ્રકુટી ચડાવી. પલંગથી કુમારને એંચવા લાગ્યો, તેથી કુમારે સુતા છતાં જ વજ્ર પ્રહાર સરખા દારુણ દ્રઢપાદનો પ્રહાર તેની છાતીમાં લગાવ્યો, તેથી તે રાક્ષસ અદ્રશ્ય થઈ ગયો. તે વાર પછી એક દિવ્યરૂપવાળો અને દેવતાઇ અલંકારવાળો પ્રસન્ન મુખવાળો દેવતાઇ પુરુષ આવ્યો, અને કુમાર પાસે બેઠો, તેણે કહ્યું કે—હે કુમાર! તારું સાહસ બલ અને અદ્વિતીય રૂપ આશ્ચર્યકારી છે, તેથી મારા મનને પુરુષોમાં રત્નસરખા તમોએ આનંદ પમાડયો છે. તો તમોને જે ઇષ્ટ હોય તે કહો. જેથી તેની પ્રાપ્તિં કરાવું. તેથી અહો દિવ્ય આકૃતિ આ દેવની છે. એમ કૌતુકવાળા બની કુમારે કહ્યું કે—હે અતિથિમાં પ્રેમાળ! તમે કોણ છો? અને કોણે આ નગરને ઉજ્જડ બનાવ્યું?, તે તમો અત્યંત આગ્રહ ન હોય અને સ્વકાર્યનો વિનાશ થતો ન હોય તો કહો. જક્ષ પણ કુમારના મધુર વચને ખુશ બન્યો, અને ગુણની ખાણ એવા હે કુમાર! સાંભળો એમ કહી કહેવા લાગ્યો—

**જક્ષે આપેલ ઉત્તરમાં સ્વ વૃત્તાંત**

આજ ભરતક્ષેત્રમાં **વર્ધમાન** નામનું નગર છે તેમાં અપરિમિત ધનવાળો **ધનેશ્વર** શેઠીઓ છે, હું પણ તે નગરમાં સોમદેવ બ્રાહ્મણનો પુત્ર **સોમપ્રભ** નામનો હતો. અને તે નગરમાં જ પરસ્પર હરીફાઇ વાળી ગણિકામાં ઉત્તમ **કામરતિ** અને **કામપતાકા** આ બે વેશ્યાઓ છે. કામરતિ ગણિકામાં ધનેશ્વર આસક્ત છે; અને કામપતાકામાં હું આસક્ત છું. એમ કેટલોક કાળ ચાલી ગયો, એકદા વસંતઋતુ આવી,

જેમાં આંબામાં મ્હોર ખીલેલા છે અને કેસુડાના પુષ્પોથી ઉદ્યાન લાલ બની ગયું છે, અને કોયલના મધુર ટહુકારે મુસાફરનું હૃદય વિંધી નાંખ્યું છે, નવીન ટસોયાવાળા સકલ ઝાડો બનેલ છે, અને જોરાવર કામદેવનું રાજ્ય પસરેલ છે, તે વસંતઋતુમાં કામદેવના હીંચકાની ક્રીડા આરંભાણી છે. તેમાં અત્યંત મનોહર વેષ વાળી ગુણિકાઓ અને કૌતુકવાળા બહુ નગરના લોકો આવે છે ને તે કામદેવના હીંચકામાં પ્રથમ ચડવા વિષે કામરતિ અને કામપતાકાને વાદવિવાદ થયો, તેથી નગરના મહંત પુરૂષોએ કહ્યું કે–ખોટા સૌભાગ્ય અને મહાનપણાના મદ વડે શું ઝગડો છો? જેણી લાખ સોનૈયા અર્થિજનને દાનમાં આપે, તેજ આ હીંચકામાં પ્રથમ બેસે. કેમકે ઉદારતા વિના મોટાઈ મળતી નથી, તેથી તે બન્ને ગુણકાએ અમારા સામું જોયું, ધનેશ્વરે સ્વીકાર કર્યું, અને મંદવિભવવાળા મેં સ્વીકાર્યું નહિ, તેથી કામપતાકા વિલખી બની, લોકોએ તેણીની મશ્કરી કરી, અને કામરતિને લોકોએ વખાણી, ભાટ ચારણોએ તેણીની બિરુદાવળી ગાઈ, તે હિંચકા ઉપર ચડી, લાખસોનૈયાનું દાન આપ્યું, તેથી મને બહુ ખેદ થયો, અને વિલખો બની કામપતાકાને ઘરે ગયો નહિ અને વિચાર્યું કે-- ધન નહિ હોવાથી મારો માનભંગ સહજ છે, અને નગરમાં રહું તો પરાભવ થાય, કેમકે નિર્ધનને કોઇ સગુ કે મિત્ર નથી, તેમજ ગૌરવ તથા મહાજનની ગોષ્ઠી નથી, વિલાસ અને બુદ્ધિ નથી; કુલજાતિ વિદ્વાનપણું અને વિજ્ઞાન નથી; અને નિર્ધનનું રુપ અને વિનયપણુ લોકમાં શોભતો નથી; તેથી દેશાંતરમાં જઇ કોઇ પણ ઉપાયે મહા ધનને પેદા કરું,

એમ નક્કી કરીને ઘરમાં કીધા વિના પ્રભાત કાલે નગરથી નીકળ્યો.

સેંકડો ઉપાય ચિંતવતો **પદ્મોત્તર નગરે** પહોંચ્યો.

**સોમપ્રભનું દેશાંતરનું ભ્યાન**

ત્યાં એક મઠમાં રહેલા પદાર્થનું વ્યાખ્યાન કરતા એક તાપસ ઉપાધ્યાય દીઠા, તેમાં સાંભળ્યું કે બિલ્લપલાસાદિ વૃક્ષનો રેસો નીકળી ભૂમિમાં પેઠો હોય, અથવા તેના ઉપર ખંજરીટ પક્ષિનો સંયોગ થયો હોય તો તે, વૃક્ષ ભૂમિમાં રહેલ નિધાનનું સૂચન કરે છે. તેમાં પણ તે રેસાનો રસ લાલ રંગનો હોય તો રત્નભંડાર રહેલો જાણવો, પીળારસવાળો હોય તો સુવર્ણનિધાન જાણવું, અને ઉજ્જ્વલ રસવાળો હોય તો રૂપીયાનો ભંડાર જાણવો. ઈત્યાદિક સાંભળીને અનુક્રમે એક પર્વત ગુફામાં ગયો; અને તેમાં બિલાનો રેસો પૃથવી તલમાં પેઠેલો જોયો, તુષ્ટ ચિત્તવાળો બની તેના સમીપમાં ગયો, અને નખ મારી તે રેસો તપાસ્યો તો માલૂમ પડ્યું કે રાતો રસ છે, જે રત્નનિધિને સૂચવે છે, તેથી અત્યંત ખુશી થઇ ચારે તરફ જોઇને પૃથ્વીતલ ખોદ્યું, તો મહામૂલી રત્નનો ડાબડો દેખી ઉપાડયો, અને તેને વસ્ત્રે વીંટી કાંખમાં ઘાલી મારા નગર તરફ ચાલ્યો, અને અટવીમાં ડામાડોળ ચિત્તવાળો થઈ જતો ચોરોએ પકડયો, અને રત્નની પેટી પડાવી લીધી, અને અંધકુવામાં મને નાંખ્યો, તેમાં રહ્યો થકો ખેદવાળો બન્યો, અને ચિત્ત શુન્ય થઈ ગયું. જીવિતની આશા મૂકાઇ ગઈ, નિરાહારી ત્રણ દીવસ સુધી રહ્યો, એટલામાં તે કુવાના નજીક ભાગમાં એક સાથે-સમૂહે પડાવ નાંખ્યો, તેના મનુષ્યો પાણી જોવા માટે આવી ચડયા, તેઓને મેં કહ્યું

કે–હે મહાશયો ! આમાં જળ નથી, પણ ચોરોએ મુસાફર બ્રાહ્મણ એવા મને આમાં નાંખી દીધેલ છે, તેથી મને બહાર કાઢો, તેઓએ જઈ પોતાના સાર્થવાહને કહ્યું, સાર્થવાહે પણ ત્યાં આવી દોરડાના પ્રયોગે મને બહાર કાઢયો, વૃત્તાંત પૂછયો, મેં તે ઉપકારીને જેવો બન્યો હતો તેવો વૃત્તાંત કહ્યો. તેણે મને સાથે બેસાડી જમાડયો, અને ભાતુ આપ્યું, તેથી ફરી દેશાંતરમાં ફરવા લાગ્યો, યાવત્ એક પર્વત સમીપે **હેમકુંડ** નામનો ધાતુવાદી જોવામાં આવ્યો, તેની સમીપે જઈ બેઠો, એટલે તેણે પૂછયું કે—કેમ ભમ્યા કરો છો ? મેં કારણ કહ્યું, તેથી હર્ષવાળા બની તેણે મને કહ્યું કે—અલ્પમહેનતે જ તને ઋદ્ધિવંત બનાવી દઉં, તે સાંભળી મેં કહ્યું કે–તો આપનો મોટો ઉપકાર માનીશ, તેથી અમો બન્ને એક મહાન પર્વત ઉપર ચડયા, ધાતુઓ ગ્રહણ કરી અને વનસ્પતિના મૂળિયા પણ લીધા, અગ્નિ જગવી ધાતુઓનો સંયોગ કરી ધમી તો ઘણું સોનું પડયું, તે સોનાને ગુપ્ત રીતે ઉપાડી અમો બન્ને એક વસવાટવાળા ગામે પહોંચ્યા, ત્યાં એક દેવળમાં ઉતારો કર્યો, રાત્રિએ મને સુતેલો રાખીને જ હેમકુડ સોનું લઇ ચાલતો થયો; જાગીને તેને બહુ ખોળ્યો પણ કાંઈ દીઠો નહિ. તેથી મને બહુ ખેદ થયો, તોપણ 'પુરૂષે ખેદયુકત રહેવું નહિ' એમ વિચારી ફેર ભ્રમણ શરુ કીધું, તેથી એક દેવળમાં **યોગેશ્વર** નામનો પરિવ્રાજક દીઠો, તેને વિનયપૂર્વક મેં પ્રણામ કર્યા. આ યોગસિદ્ધ પુરુષ છે એમ જાણી મેં કહ્યું કે–હે ભગવંત ! દરિદ્રતાના દુ:ખે હું પીડાયો છું, આપના શરણે આવ્યો છું, આપ સરખા મહાપુરૂષો શરણે આવેલા ઉપર પ્રેમાળ અને

દીનઅનાથ ઉપર કરૂણા કરવામાં તત્પર હોય છે, માટે મારા ઉપર પ્રસાદ કરો, અને ધન ઉપાર્જનનો ઉપાય બતાવો. તેથી પરોપકારમાં તત્પર એવા તેણે કહ્યું કે–હે ભદ્ર ! ઇચ્છા મુજબ સોનાને પ્રાપ્ત કરાવનાર મંત્ર મારી પાસે છે. પણ સાધનામાં કઠિણ છે, સાહસિક પુરુષોને જ તે મંત્ર ફળે છે, લોલુપતાએ મેં પણ કહ્યું કે–કઠિણ એવા તે મંત્રની હું સાધના કરીશ, તેથી હે ભગવંત ! મારા ઉપર ઉપકાર કરી તે મંત્ર મને શીખવો, તેથી મંત્ર મને આપી સાધવાનો ઉપાય બતાવ્યો કે–કાળી ચૌદશે મસાણમાં અગ્નિ જગાવી પવિત્ર પુષ્પાદિકે ત્યાં સુધી હોમ કરવો કે–યાવત્ સુવર્ણ-પુરુષ કુંડમાંથી નીકળે, પછી અગ્નિને હોમ કરનારે બુઝવી નાંખવો, પણ ઘોર બીમરામણોએ બીવું નહિ, અને તે સુવર્ણપુરૂષ છેદ્યા છતાં પણ કોઇ દીવસ પણ ખૂટી નહિ જાય. આ પ્રકારે સાંભળીને સોમપ્રભ ખુશી થયો, તે વાર પછી જોગેશ્વર યોગીને પ્રણામ કરી 'તમારા ચરણ પ્રભાવે તે મંત્ર મને સિદ્ધ થાઓ' એમ કહીને એક સન્નિવેશમાં ગયો, બતાવેલ વિધિએ ચૌદશે હોમ કરવા માંડયો; ત્યાં તો મહા ભયંકર શીયાલના શબ્દો થવા લાગ્યા, પૃથ્વી કંપવા લાગી, કાગડાઓ કરવર કરવા લાગ્યા, પણ હું ક્ષોભ પામ્યો નહિ, તેવાર પછી રાત્રિના ચોથા પહોરે વિકરાલ રૂપવાળા મુખવિવરમાંથી અગ્નિની જ્વાલાને કાઢતા, અને અટ્ટહાસને કરતા ઉલ્લળતા આક્રંદ કરતા એવા વેતાલો આવ્યા. તેથી હું ક્ષોભ પામ્યો. એટલે મંત્રદેવીએ મને છળ્યો, તેથી મને મહાજ્વર આવ્યો. કંપતો પૃથ્વી ઉપર પડી ગયો, આ સમયે રાત્રિ પુરી થવા આવી અને પ્રભાત થયું, એટલે ઓચિંતો

**લોભનંદી** સંન્યાસી આવ્યો, તેણે તેવી સ્થિતિમાં પડેલો મને જોયો, અને મંડલ હોમ દેખવાથી આ કોઈ મંત્ર સાધનારને દેવીએ છળ્યો છે, એમ જાણી શીખાબંધ કરી મંત્રથી મને સ્વસ્થ બનાવ્યો. તેવાર પછી આ જીવિત આપનાર છે તેથી મેં તેને નમસ્કાર કર્યો, હર્ષવંત બનીને તે સન્યાસીએ મને પૂછ્યું કે—હે ભદ્ર ! આ શું તેં આરંભેલ છે ? મેં યથાસ્થિત મારો વૃત્તાંત કીધો, તેથી તેણે કહ્યું કે હે ભદ્ર ! આવા જીવના જોખમવાળી મંત્ર સાધનાએ શું ? આવ મારી સાથે ઘણા લાખો સોનૈયાનો માલિક તને બનાવી દઉં. એમ કહી એક દૂર રહેલી પર્વત ગુફામાં મને લઈ ગયો, અમે બન્ને જણા તેમાં પેઠા, બલિવિધાન કરી અને દીવો હાથમાં લઈ તુંબડા ઉપાડી અંધકાર વાળી પર્વત ગુફામાં તેટલા દૂર ગયા કે, એક રસકુંપિકા જોવામાં આવી' તેમાં હાથમાં તુંબડુ ઝલાવી દોરડા વડે મને તેમાં ઉતાર્યો, રસના સમીપે હું પહોંચ્યો, અને રસ લેવા હાથ લાંબો કર્યો, તેટલામાં કોઈકે કહ્યું કે—હે પરાક્રમશાલિ ! તું રસને ગ્રહણ કર નહિ, કોણે તને આ કુવામાં ઉતાર્યો છે ? મેં આ શબ્દ સાંભળી તર્ક કર્યો કે—આ કોઈ પુરૂષનો શબ્દ છે, માટે વિશ્વાસ લાવી મેં તેને સર્વ કીધું, તેથી તેણે કહ્યું કે—મને પણ લોભનંદીએ આ કુવામાં ઉતારેલ છે, મેં તુંબડુ રસે ભરી સંજ્ઞા કરી એટલે મને ઉપર ખેંચ્યો. તેણે પ્રથમ મારા પાસે રસ ભરેલું તુંબડું માંગ્યું, ભોલપણાએ મેં તેને અર્પણ કર્યું, તેવાર પછી તેણે મારુ બાંધેલ દોરડું કાપી નાંખ્યું, એટલે હું પાછો કુવામાં રસમધ્યે પડયો, અને રસે કેડ સુધીનું શરીર ગાળી નાંખ્યું છે,

તેથી તને રસભરી આપવ જેટલા પરોપકારે મારા આત્માને કૃતાર્થ કરું, એમ કહીને મારી પાસેથી તેણે તુંબડું માગ્યું. મેં આપ્યું, મને તેણે કહ્યું કે–પ્રથમ તારે લોભનંદીને રસયુક્ત તુંબડું આપવું નહિ, પણ ઉતાર્યા બાદ આપવું એમ કહી તુંબડું ભરી મને સોંપ્યું, મેં દોરડું ચળાવ્યું કે, લોભનંદી દોરડું ખેંચવા લાગ્યો. જ્યાં હું ઉપર આવ્યો કે લોભનંદીએ પ્રથમ મારા પાસેથી તુંબડુ માંગ્યું, મેં કહ્યું કે–ઉતર્યા બાદ આપીશ, એટલે મને તેણે બહાર કાઢયો, મેં તેને રસભરેલ તુંબડુ સોંપ્યું, અને અમો બંન્ને જણા ગુફામાંથી બહાર નીકળ્યા, અને એક પર્વત ગુફામાં ગયા, ત્યાં ઘણું સુવર્ણ પાડયું, તેથી હું બહુ ખુશ થયો, તેવાર પછી ચૂર્ણ યોગે મને મોહપમાડી એક ગામમાં માલપુવા લાવવા નિમિત્તે મને મોકલ્યો, અલ્પ વખતમાં જ હું આવ્યો પણ તેને દેખ્યો નહિ, તેથી મેં બુમ મારી કે–અરે મને લુંટી લીધો, આ બુમ સાંભળી એક દરિદ્ર મુસાફર ત્યાં આવી ચડયો, તેણે પૂછતાં મેં સઘળો વૃત્તાંત કહ્યો, આશ્વાસન આપીને તેણે મને કહ્યું કે–'હે પુરૂષ ખેદવાળા બનવું નહિ' ચાલ મારી સાથે, આપણે સુવર્ણ ભૂમિ જઈએ, તેથી તેની સાથે ધનાથી એવો હું ચાલ્યો, સુવર્ણભૂમિ ગયા, અને સોનાની માટીની ઘણી ઈંટો બનાવી વહાણમાં ભરી ત્યાંથી આવવા લાગ્યા, પણ તે વહાણ સમુદ્રના મહાન મોજાએ દૂર હડસેલ્યું, તેથી એક પર્વતના શિખર સાથે અથડાઈ સ્ત્રીની ગુપ્ત વાત પેઠે ફુટી ગયું, મારા મનોરથની પેઠે ટુકડેટુકડા બની ગયું. તેમાંથી પડતા મને એક પાટીયું હાથ લાગી આવ્યું, અને તે પાટીયું તણાતું મરણની વેદનાએ જેનું મુખ ફાટેલ

છે તેવો જીર્ણ મગરમચ્છના પેટમાં પેઠું, તેથી હું પણ મરણ ભયથી પ્રાણો ચાલી ગયા હોય તેવો બની ગયો, સમુદ્રની છોળોએ તે મગરનું કલેવર સમુદ્ર કાંઠે આવ્યું, અહો આ તો મોટો મગરમચ્છ, એમ આશ્ચર્ય યુક્ત થઈને જલકેતુ માછિમારે તે કલેવરને ફાડયું, તો કંઠે આવેલ પ્રાણવાળા મને તેણે દેખ્યો, અહો મગરે ગળેલ કોઇક આ પુરુષ છે, પણ મર્યો નથી, એમ કૌતુક પામીને કરુણાએ મને બહાર નીકાલ્યો, મધુર જલ વડે નવરાવ્યો, અને મગનું પાણી મને પાયું, શરીરે તેલ ચોળ્યું, અને પોતાના ઘેર લઇ જઇ પ્રયત્ન પૂર્વક મારી સેવા કરી ફરી નવીન દેહ વાળો મને બનાવ્યો. અને સમાચાર પૂછયા, મેં તમામ સમાચાર કહ્યા, તેણે કહ્યું કે હે ભદ્ર ! તમારે મારા ઉપર ક્ષમા કરવી, કેમકે મેં તમોને વટલાવ્યા છે. આ સાંભળી આનું કેવું સુંદર મહાનુભાવ પણું છે ? એમ ચિંતવતાં મેં કહ્યું કે–હે ભ્રાતા તું તો મને જીવીત આપનાર છો; સ્વભાવે તું મહાપુરૂષ છો, ભલે જાતીએ તું માછીમાર હોય તેથી તારે માફી માગવાનો અવસર ન ગણાય, એમ કહી તેની બહુ પ્રશંસા કરી, અને રિષ્ટપુર નગર તરફ ચાલવા લાગ્યો. માર્ગમાં વિચાર આવ્યો કે–અહો વિધિનું કેટલું બધું પ્રતિકુલપણું છે ? અને મારે પાપનો પરિણામ પણ જબ્બર છે, કેમકે ધનની પ્રાપ્તિ થાય છે પણ મરણાંતકષ્ટ પમાડે છે. તો શા માટે હવે ભમવું ? હમણાં મારા નગરમાં જાઉં, અથવા સ્વનગરમાં જઈને પણ શું? કેમકે નિર્ધનને મરવું તે શ્રેષ્ટ છે, પણ સહવાસીઓનું દર્શન કરવું વ્યાજબી નથી. કહ્યુ છે કે–"લો કમાં નિર્ધન

પુરુષ, અને મુર્ખ, રોગિષ્ટ, નિરંતર મુસાફર, તેમજ પરાધીન પુરુષ જીવતાં છતાં મરેલો છે." તેથી જેમ થવાનું હોય તેમ બનો પણ ઉદ્યમ કરવો તેજ સુંદર છે, પુરૂષાતન નહિ છોડનારા મક્કમ પુરુષોને લક્ષ્મી પ્રાપ્ત થાય કે મરણ પ્રાપ્ત થાય પણ ડામાડોળવાળા કાયરોને તો મરણની પ્રાપ્તિ જ થાય, તો હવે દેવતાનું આરાધન કરૂં, એમ ચિંતવી સોમપ્રભ રિષ્ઠપુરની નજીક ઉદ્યાનમાં ચામુંડાદેવીના મંદિરમાં પહોંચ્યો. ક્ષણમાત્ર વિસામો કરીને તેણે ચિતવ્યું કે—આ ચામુંડાદેવી ઘણા મનુષ્યોને સહાય કરનારી, મારે શરણ કરવા લાયક છે. તો ભગવતીનું શરણું સ્વીકારૂં, એમ ધારીને સંધ્યાસમયે નમસ્કાર કરી શરણું સ્વીકારી કહ્યું કે— હે ભગવતી! નમેલા જન ઉપર પ્રેમી, દીન અનાથના શરણભૂત, વિધિની પ્રતિકુલતાવાળાને તથા બંધુવર્ગના ત્યાગી દરિદ્રી મંદભાગી એવા મને તું જ શરણભૂત છો. એમ કહી તે દેવી પાસે પડયો. રાત્રિ પડી, થાકી ગયેલ હોવાથી મને નિંદ્રા આવી, આ અવસરે રાજાની વેશ્યા રાજભુવનથી પોતાને ઘેર જાય છે; તેણીના કાન તોડીને બે કુંડલો અને એકહાર ઉપાડી એક ચોર નાઠો. રાજપુરૂષો તેની પછવાડે દોડયા. તે સૂરખંડ નામનો ચોર ચામુંડાના. મંદિરમાં પેસી ગયો તેથી સિપાઈઓએ વિચાર્યું કે–સવારે તેને પકડી લેશું. એમ વિચારી ચામુંડાના મંદિરને ઘેરો ઘાલીને ત્યાં રહ્યા. તે ચોર કોઈ પણ પ્રકારે તે જાણી ભયભ્રાંત થઇ તે ચોરેલાં કુંડલો તથા હાર મારા ઓસીકા નીચે તેણે મૂકી દીધાં. મેં નિદ્રાધીનપણાથી તે જાણ્યું નહી. યાવત્ પ્રભાત થયો, સિપાઈઓએ અંદર આવી ચોરીના માલ સહિત મને 'આ ચોર

છે' એમ જાણી પકડયો, તેથી મેં ભયભ્રાંત બનીને કહ્યું કે –હે સિપાઇઓ ! હું ચોર નથી, પણ એક મુસાફર બ્રાહ્મણ છું. તેથી તમો સત્ય ચોર ખોળો, આ ચોરીનો માલ કર્મપરિણુતિએ પ્રેરેલા કોઇ પણ ચોરે હું સૂતો હતો ત્યારે મારા ઓશીકે મૂકી દીધેલ છે. તેથી કરી તે ચોરને પણ સિપાઈઓએ પકડયો, અને બંને જણને રાજસભામાં લઈ ગયા અને સિપાઈઓએ જેવો બન્યો તેવો વૃત્તાંત રાજાને કહ્યો, તેથી રાજાએ ન્યાયમાં નિપુણતા હોવાથી અમો બંને પાસે દિવ્ય કરાવ્યું, તેમાં કોઇપણ પ્રકારે ચોર શુદ્ધ થયો, તેથી તેને છોડી દીધો, અને ચોર જાણી મને પકડયો. હું ભયભ્રાંત બની વિનવવા લાગ્યો કે–મેં આ લીધું નથી અને ચોર નથી, મારે આ હાર કુંડલોનું કાંઈ પણ પ્રયોજન નથી, તેથી રાજાએ કોપાયમાન થઇ આજ પ્રત્યક્ષ ચોર છે, એમ ફરમાવી શૂલીની શિક્ષા કરી. તેથી સિપાઇઓએ ગધેડા ઉપર બેસારી મસ્તક ઉપર ફાટેલ છત્ર ધારણ કરી ગળામાં રામપત્રની માળા લટકાવી, ગળામાં રાતાકણવીર પુષ્પની માળા પહેરાવી રૂસનાઇના તિલકોએ શરીર શોભાવી, આગળ વિષમ ઢોલ વગાડવા માંડયો. કલકલાટ કરતાં છોકરાઓના ટોળાં ચોતરફ ફરી વળ્યાં અને લુંટારા લોકો ઉપહાસ કરવા લાગ્યા, મરણ ભયથી કંપતો હું, હે નિર્દય વિધિ ! નિરપરાધીને આ કુલકલંકભૂત આળ તેં શા માટે ચડાવ્યું ?:અને નિરપરાધીના વેરી હે વિધિ ! મને આ મહાદુઃખમાં કેમ હડસેલી મૂકયો ? એમ કરુણ સ્વરે રોવા લાગ્યો. આ ચોર છે તેમ નગરના ત્રિકચતુષ્ક અને ઘણા માર્ગોમાં પ્રસિદ્ધિ કરી ભમાડી મસાણમાં લઇ ગયા, અને

શૂલીએ ચડાવી દઈ રાજપુરુષો ચાલ્યા ગયા. આ અવસરે એક વૃદ્ધ ડોશી તે માર્ગે કાખમાં જલ ભરેલો ઘડો ઉપાડી જતી હતી. મેં તેણીને કહ્યું કે– હે માવડી ! કરુણા કરીને આ નિરપરાધી જનને જલ પાન કરાવો, ભવિતવ્યતાએ હું આ દશાને પામ્યો છું. કરુણાવાળી તે ડોશીએ મને જલ પાયું. આ સમયે ભદ્ર આકૃતિવાળા બે વિદ્યાધરો આકાશ માર્ગેથી આવ્યા. તેઓને મેં કહ્યું–હે કરુણાના રસિયા મહાપુરુષો ! હું નિરપરાધી છું, મારૂં રક્ષણ કરો. અવિવેકીજનથી આ અવસ્થાને હું પામ્યો છું. તેથી અનુકંપામાં તત્પર એવા તે બંને વિદ્યાધરે આકાશમાંથી ઉતરી શૂલી થકી મને નીચે ઉતાર્યો. અને મને એક પર્વત ઉપર રહેલ આંબાની શીતલ છાયામાં લઈ ગયા. વનસ્પતિના કોમળ સંથારામાં સૂવાડીને પૂછયું કે–હે ભદ્ર ! તું નિરપરાધી છતાં કેમ આ આપદાને પામ્યો ? મેં મારૂં સવિસ્તર ચરિત્ર તેઓને કહ્યું. તેથી તેમણે કહ્યું કે–અહો તારી કેવી કર્મપરિણતિ છે ? જેથી અનેક વખત ધન પ્રાપ્તિના ઉપાયને કરતો તું આપદાને પામ્યો છે. અથવા પુણ્ય વિના ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ થતી નથી.

જેમ ધાતુઓને ધમે, પૃથ્વીને ખોદે, વ્યાપાર માટે સમુદ્રને ઓળંગે, મંત્ર વિદ્યાને સાધે, દેવીની આરાધના કરે, રાજાની સેવા ઉઠાવે, ખેતીનો ધંધો કરે, વ્યાપાર ખેડે, વિજ્ઞાનો પ્રગટ કરે, શ્રુતને ભણે, અને ક્રિયાઓને કરે, તો પણ પુણ્યરહિત જીવો ધનને પામી શકતા નથી. કેમકે લોકમાં કણુક વિના પુડલો થઈ શકતો નથી. તેમ જ આ લોકમાં નિરપરાધી છતાં જન્માંતરમાં કરેલા અશુભ કર્મના ઉદયથી

જ જીવો આપદાને પામે છે. તેમ જ જે પ્રાણીને જ્યારે સુખ કે દુઃખ પામવાનું નિર્માણ થયેલું છે તે પ્રાણી ભલે દુર નાસી ગયો હોય તો પણ તેને સુખ કે દુઃખ પ્રાપ્ત થયા સિવાય રહેતું નથી. કેમકે કેશરીસિંહને નિવારવાને શકય થવાય છે. અગર મોટી બીવરામણુ આવી પડી હોય તેને પણુ નિવારી શકાય છે, પણુ ભવિતવ્યતાને બુદ્ધિમાન પુરૂષો પણુ નિવારી શકતા નથી. તે નિવારવા શક્રાદિક દેવો, કે રાજ્યસંપદા, કે બંધુજનો, પણુ શક્તિમાન થતા નથી. આ પ્રકારે જાણી મહાન જીવો રોગમાં સપડાય કે, બીજી આપદા આવી પડે છતે શોક કરતા નથી. અને હે ભદ્ર ! તું શૂલીથી ભેદાયેલ છો, તેથી ઔષધો તને સારો કરી શકશે નહિ. માટે ભાવ ઔષધ કરવામાં જ તું પ્રયત્નવાળો બની જા. આવા પ્રકારના વિદ્યાધરનાં વચન સાંભળી સંવેગવાળા બની, મેં કહ્યું કે-હે મહાનુભાવો ! તમે મારા ઉપકારી છો, અને હિતોપદેશક છો, તો આ અવસ્થાને લાયક મને ધર્મ-ઔષધ આપો. તેઓએ કહ્યું કે-ચિત્તમાં સમાધી કરીને અનાથનો નાથ, બિનશરણુવાળાને શરણુભૂત, અને તમામ કલ્યાણોનું કારણુ એવો પંચનમસ્કાર મંત્ર છે, એમ કહી મને તે મંત્ર આપ્યો. મેં બહુમાનથી સ્વીકાર્યો. ફરીથી પણુ તેઓએ મને કહ્યું કે-આ મહાન મંત્ર છે. જગતમાં પ્રકટ ચિંતામણી છે, આપદામાં શરણુભૂત છે, અને પરલોકમાં સુખ આપનાર છે. આ મંત્રને મોઢેથી ઉચ્ચારનાર ભક્તિમાનજનોને આ જગતમાં તેવું કોઇ નથી, કે-આ નમસ્કારથી સિદ્ધ ન થાય. માટે તું પુણ્યશાલી છે કે-મરણ સમયમાં આ નમસ્કાર મંત્ર પામ્યો. તેથી ભક્તિપૂર્વક

અમૃતની પેઠે પંચનમસ્કાર રુપી રસાયણને બહુ સારી રીતે હું પીવા લાગ્યો, એટલે ઉચ્ચારણ કરવા લાગ્યો, અને આ મારા પરમબંધુ છે, એઓએ મને મહાઆપદામાંથી બચાવી તાર્યો છે, એમ શુભધ્યાન કરતાં હું મરણ પામ્યો. અને નમસ્કારના પ્રભાવથી મહર્દ્ધિક ધુમકેતુ નામનો હું જક્ષ થયો. પછી મેં અવધિજ્ઞાનનો ઉપયોગ કર્યો, તો જાણવામાં આવ્યું કે, નિરપરાધી મને સુરકેતુ રાજાએ શૂલીએ ચડાવ્યો હતો. તેથી તેના ઉપર બહુ રોષાયમાન બન્યો. દેવભવમાં પણ દેવકાર્ય કરવામાં બહુ ગુંથાઇ જવાથી મારો કેટલોક કાળ ચાલી ગયો. એક અવસરે વેરને સંભાળી હું અહીં આવ્યો. અને રાજાને સમુદ્રમાં ફેંકી દીધો. રાજપુત્રી સુરાનંદાને મૂકી બીજા તમામ નગર જનોને નગર બળે છે તેવી બીક દેખાડીને ચારે દિશા તરફ નસાડયા. અને આ સુરાનંદાને દેખતાં મારી પ્રીતિ વધવા લાગી, નેત્રો વિગેરે આનંદ પામવા લાગ્યાં. તેથી સુરાનંદાને અહીંયાંજ રાખી પુત્રીની પેઠે કેટલાક કાળ સુધી મેં પાલન કર્યું, મારી ગેરહાજરીમાં તેણીને કોઇ ઉપદ્રવ ન કરે તે માટે વાંદરીનું રુપ કરી દીધું. અને તેણીને યોગ્ય એવા વરની ચિંતા પણ પહેલાં કરી ચૂકયો, પરંતુ હવે તો તમે જમાઇ મળી આવ્યા, તેથી તમામ ચિંતા મારી દુર થઇ ગઇ છે. તેથી હે કુમાર! સુરાનંદાને તમે પરણો. પહેલ વહેલું આ મારૂં અતિથિ વાત્સલ્ય છે. એમ કહી સુખે સુતેલી સુરાનંદાને જગાડી તેણીનું વાંદરીનું રુપ સંહરી લઇ, સર્વ અલંકાર આભુષણોથી શોભાવી તેણીને કુમારની પાસે લાવ્યો.

આ અવસરે શ્રેણિક રાજાએ ગૌતમ ગણધર દેવને કહ્યું

કે-તે બ્રાહ્મણપુત્ર સોમપ્રભને કયા કર્મના ઉદયે આવો દારુણ વિપાક ભોગવવો પડયો? ગૌતમ ભગવંતે કહ્યું કે- હે રાજન્! તેણે પૂર્વે ચૈત્યદ્રવ્યનો ઉપભોગ કર્યો હતો. તેથી બંધાયેલ અશુભ કર્મના ઉદયે શૂલી ઉપર ચડવું પડયું. તો તેનો બધો વૃત્તાંત તમે એક ચિત્તથી સાંભળો.

ખેમંકરા નામની નગરીમાં જિનપૂજા, સાધુ સત્કાર કરવામાં આસક્ત એવો કેશવ નામનો શ્રાવક હતો, તે નગરીમાં રહેલ તમામ ચૈત્યદ્રવ્યની સારસંભાળ કરે છે. એક અવસરે દુકાળ પડયો, તેથી પાંચહજાર પ્રમાણ ચૈત્યદ્રવ્ય તેણે લીધું. પ્રતિજ્ઞા એવી કરી કે વેપારમાં જે લાભ થાય તેમાંથી અડધો લાભ ચૈત્યને આપવો. આ પ્રકારે કેશવ દેશાંતરમાં વેપાર કરવા ગયો. થોડા કાલે જ પોતાનો માલ વેચી પાછો આવી ગયો. પાંચહજારના વેપારમાં દશહજાર થયા. દુકાળ જશે એટલે નફાનું અડધું ધન આપી દઈશ. એમ કહી જે મૂલ ધન પાંચહજાર હતું, તે ભંડારમાં મૂકી દીધું. દુકાળ પુરો થયો પણ પ્રમાદથી અને લોભદોષથી અને અશુભ કર્મનો ઉદય થયેલ હોવાથી, તે દેવલાભ આપ્યો નહિ. તેથી ચૈત્યદ્રવ્યના ઉપભોગથી ઉત્પન્ન થયેલ અશુભ કર્મના યોગે તે જ ભવમાં મહાદરિદ્રી થઈ ગયો, અને ખેતી કરવા માંડયો, વેપાર વિગેરે કરવા માડયું. પણ અન્ન—વસ્ત્ર પુરતું પણ કમાઇ શકતો નથી. તેનું કુટુંબ વિખરાઈ ગયું, અને જુનો મલિન એક વસ્ત્રનો ટુકડો પહેરી રાંકડો બન્યો, કુકર્મથી પામેલ દુખું અને

**દેવદ્રવ્ય ભક્ષણ ઉપર કેશવ શ્રાવકનું વૃત્તાંત.**

વિરસ ભોજને નિર્વાહ કરવા લાગ્યો, અને શરીરે ક્ષયરોગી બન્યો, તે દેખીને શ્રાવક જનોએ "અહો દેવદ્રવ્ય ભક્ષણનો દારુણ વિપાક" એમ દેખાડાતો તે મરણ પામ્યો, અને કુતરાની યોનિમાં ઉત્પન્ન થયો. કર્મે કરી જન્મ્યો કે કુતરીને સ્તનમાંથી દુધ નાશ પામ્યું, તેથી ભુખે પીડાતો મરીને હરણ થયો. અલ્પકાળમાં જ જંગલ દાવાનળથી સળગ્યું, તે કારણે અને તરસથી નાસતો દાવાનલથી બળી, મરણ પામી, તે સર્પ થયો. અને તેણે રમતા દેવહુલ્લ આભીરના પુત્રને ડંખ દીધો, દેવહુલ્લે કોપ કરીને તે સર્પને પકડી ઘડામાં નાખી મોઢીયું લીંપી નાખ્યું. ગારૂડીઆએ વિષ ઉતારી આભીર પુત્રને જીવાડયો. સર્પ ભુખ્યો થયો પવન આવવાનો રસ્તો ન હોવાથી મરણ પામ્યો, અને કાગડો બન્યો. ત્યાં વૃક્ષની શાખા ઉપરના માળાના બારણાને જોતી સમળીએ તેને પકડયો, ત્યાં ડોક મરડાઈ ગઇ અને મરણ પામ્યો. તે વાર પછી મોટા મત્સ્યપણે ઉત્પન્ન થયો. એક અવસરે ગ્રીષ્મસ્નાન સમયે માછીમારે પકડી તપી ગયેલી શિલા ઉપર તેને મૂકયો, તૃષા અને દાહની વેદનાએ ખુબ તપી જઇને તે મરણ પામ્યો. પછી અત્યંત વેદનાએ વ્યાપ્ત તીર્યંચ વિગેરે યોનિમાં લાંબાકાળ સુધી ભમ્યો. ભમતાં ભમતાં અંબશેઠીયાની શ્રીદેવી નામની ભાર્યાની કુક્ષિએ ઉત્પન્ન થઈ ધનવતી નામની દીકરી થઈ. તેણી યુવાવસ્થામાં આવી અને પુંડરિકગિણિ નગરીના વાસી વૈશ્રમણ વણિકે તેણીની સાથે લગ્ન કર્યું. અને તેણીને પોતાના ઘરે લઇ ગયો. આ અવસરે ધનવતીને પૂર્વ ઉપાર્જિત કર્મનો ઉદય થયો, તેના પ્રભાવે વૈશ્રમણનો વેપાર પડી ભાંગ્યો અને ખેતી પણ ફળી નહિ.

દેણુદારો લેણું પણ આપતા નથી, પશુઓ મરણ પામે છે, ચોરોએ ઘર લુંટયું, મિત્રો ફરી બેઠા છે, અને બાંધવો પણ આદર કરતા નથી. આ પ્રકાર જોઇને વૈશ્રમણે વિચાર કર્યો કે કેમ અકાલે કોઈપણ કારણ વિના વિધિ દુઃખ પમાડી રહ્યો છે? ખરેખર આ બનાવ મારી સ્ત્રીના પાપના ઉદયે બનેલ હોય તેમ લાગે છે, આમ વિચારી ધનવતીને પિતાના ઘરે મોકલી દીધી. તેથી જે આપદા થતી હતી તે નાશ પામી. આથી તેને પણ ચોક્કસ થઈ ગયું કે, મારી સ્ત્રીના પ્રભાવથી મારે દુઃખ સહન કરવું પડયું છે, તેથી ધનવતીને તેણે તજી દીધી. ત્યારથી ધનવતી પોતાના પિતાના ઘરે રહેવા લાગી, ત્યાં પણ ધન હાની થઈ, તેથી માતાપિતા તેણીથી ઉદ્વેગ પામ્યા કે–આ પુત્રી કુલક્ષણી છે, આથી બંધુઓએ પણ તેણીને ઘરમાંથી કાઢી મૂકી. તેથી તેણી પેટ માટે પર ઘરે હલકાં કામ કરવા લાગી; ત્યાં પણ કારણ વિના લોકો તર્જના કરવા લાગ્યા. દુઃખે કરી કેટલોક કાળ ગમાવીને તેણીને પશ્ચાતાપ થવા લાગ્યો કે–અહો મને કયા પાપના ઉદયે આવાં સંકટો આવે છે? મને લાગે છે કે–અન્ય ભવમાં મેં કોઇક મોટું પાપ કર્યું હશે? તેથી મને આવા પ્રકારના દુઃખની પ્રાપ્તિ થઈ છે. આ પ્રકારે આત્મનિંદા કરવાથી કેટલુંક પાપ ખપ્યું, અને કાંઇક શુભ પરિણામવાળી બની. આયુષ્ય પૂર્ણ થયે મરણ પામી, સોમપ્રભ બ્રાહ્મણપણે ઉત્પન્ન થઇ. અને ત્યાં બાકી રહેલ કર્મના વશથી સોમપ્રભને શૂલીનું દુઃખ ભોગવવું પડયું. આ પ્રકારે શ્રી ગૌતમ ભગવંતે શ્રેણિકરાજાને સોમપ્રભનો દેવદ્રવ્ય ભક્ષણનો વૃત્તાંત કહી સંભળાવ્યો. તેથી શ્રેણિક મહારાજાએ કહ્યું કે શું આટલા માત્ર દુષ્કૃતનું આવડું મોટું પરિણામ પ્રાપ્ત

થાય છે ? ભગવંત. ગૌતમસ્વામિએ ઉત્તર આપ્યો કે-થોડા પણ દેવદ્રવ્યના ઉપભોગનું કારણ મહાઅનર્થકારી બને છે; કેમકે દેવદ્રવ્ય અને સાધારણદ્રવ્યને મોહના દોષે જે બથાવી પડે છે, તેનું બોધિબીજ નષ્ટ થાય છે, અને તે અનંતસંસારી બને છે. અને જે તેની આવક ભાંગે છે, દેવને અર્પણ કરવા નક્કી કરેલ દ્રવ્ય આપતો નથી, અને દેવદ્રવ્ય નાશ પામતું હોય તેની ઉપેક્ષા કરે છે, તે દુ:ખે કરી વ્યાપ્ત એવા આ સંસારમાં ભમ્યા કરે છે. જે વિધિયુક્ત દેવદ્રવ્યનું રક્ષણ કરે છે, વૃદ્ધિ કરે છે, તે જલ્દી સંસાર સમુદ્રને તરી જાય છે. તેથી કહ્યું છે કે—દેવદ્રવ્યની રક્ષા કરતો મનુષ્ય અલ્પસંસારી બને છે, અને જે દેવદ્રવ્યની વૃદ્ધિ કરે છે, તે તીર્થંકર આદિ પદવીને પામે છે.

શ્રેણીક મહારાજાએ ફરીથી પૂછયું, કે હે ભગવંત ! હજુ પણ સોમપ્રભને અશુભ કર્મની પીડા થશે ?, ભગવંતે કહ્યું કે— વિદ્યાધરે આપેલ પંચ નમસ્કાર મંત્ર ઉપર હવે તેને બહુમાન થયું છે, તેથી સોમપ્રભે ઘણાં અશુભ કર્મ ખપાવી નાંખ્યાં છે. તેથી બોધિબીજ મેળવી પુણ્યાનુબંધિપુણ્ય ઉપાર્જન કર્યું છે, તેથી તેના પ્રભાવે દેવ નરભવોમાં અનુત્તર કલ્યાણની પરંપરા અનુભવીને તે છેવટે મોક્ષપદને પામશે. માટે હે નરેંદ્ર ! તમોએ જે પૂછયું તેનો જવાબ મેં તમને આપ્યો હવે તેનો પાછળનો વૃત્તાંત અધુરો છે તે સાંભળો.

**ધૂમકેતુજક્ષે** રત્નચૂડ પાસે સુરાનંદાને ઊભી કરી, કુમારે સર્વ અલંકારે શોભિત તેણીને જોઇ. તો તેણી જાણે કલ્પવૃક્ષની લતા સમાન, સૌમ્યદર્શનવાળી ચંદ્રરેખા સમાન, રૂચિરવર્ણવાળી વિજળીની જ્યોત સમાન, ઉદ્ભટ કઠિન સ્તનવાળી,

ભરાવદાર સ્તનોથી કેડ વિભાગ ભાંગી રહ્યો છે તેવી નિરૂપમ રૂપવાળી જોઇ કુમાર ચમત્કાર પામ્યો. જક્ષે તેને મહાશોભાસ્પદ રીતે પરણાવ્યો, અને કહ્યું કે—બીજું જે તમને ઇચ્છિત હોય તે કહો?, કુમારે કહ્યું કે—જે કરવા લાયક હતું, તે અને દેવોને પણ દુર્લભ દર્શનવાળી આ તમારી પુત્રી મને પરણાવી તે તમોએ સારૂં કર્યું છે. હવે બીજું પ્રિય તો, આ ઉજ્જડ બનેલ નગરને ફેર તમો વસાવો તે છે. આથી જક્ષે કહ્યું કે-હું તમોયે કહ્યું તેમ કરીશ; પછી રત્નચૂડને બહુરુપિણી વિદ્યા આપી વિનંતી કરી કે—મારા આગ્રહથી કેટલાક દિવસો તમારે અહીં પસાર કરવા, પરંતુ બીજે ઠેકાણે જવું નહિ; હું હવે પ્રભાતે ફરીથી અહિં આવીશ, એમ કહી જક્ષ અદૃશ્ય થયો. કુમાર પણ સુરાનંદા સાથે વિશિષ્ટ ક્રીડાએ ખેલીને તેજ પલંગમાં સૂઇ ગયો. પ્રભાત સમયે સુરાનંદા પ્રથમ ઉઠી, અને રત્નચૂડ ને નિદ્રામાં સ્વપ્નું આવ્યું કે-કોઇક નગરને વિષે સ્વયંવર મંડપમાં દેવકુમારી સરખી એક રાજકન્યાએ મારા કંઠમાં વરમાળા આરોપી. એવું સ્વપ્ન જોઇ જાગી ગયો. ઉઠી પ્રભાતનું કાર્ય પૂર્ણ કરી, તેજ પલંગમાં બેઠો વિચાર કરવા લાગ્યો કે—નહિ અનુભવેલું, નહિ સાંભળેલું, નહિ દેખેલું, અને નહિ ચિંતવેલું આ આવેલ સ્વપ્નું સાચું ? કે જૂઠું હશે ? પણ તેનો નિર્ણય પોતે કરી શક્યો નહિ, તેથી તેણે તેની પ્રિયાને સ્વપ્નની બધી વાત કરી, તેજ અવસરે શબ્દો કાને પડયા કે—"હે કમલસેનરાજાના વંશરુપી આકાશને ચંદ્રમાસમાન રત્નચૂડકુમાર ! જયવંતા વર્તો, રણરસિયા યોદ્ધાના મદને તોડનાર ? હે

કુમાર ! તમો જય પામો, ”

આ પ્રમાણે સાંભળી આજુબાજુ જોવા લાગ્યો તો પવનગતિ વિદ્યાધરને દેખ્યો. સંભ્રમ પામી કુમારે કહ્યું કે– હે પવનગતિ ! તું આવ્યો ? એમ પૂછે છે ત્યાં તો કુમારના ચરણકમળને પવનગતિ નમસ્કાર કરવા લાગ્યો. દક્ષિણ ભુજાએ કુમાર તેને ભેટી પોતાના પાસે બેસાડી પૂછયું કે–તારા સ્વામિ જયરક્ષ મહારાજા પરિવાર સહિત ક્ષેમકુશળ છે ? કેવી રીતે મારૂં સ્થાન તેં જાણ્યું ? અને કયા કારણે તું અહિં આવ્યો? તે કહે ?, તેથી પવનગતિએ ઉત્તર આપ્યો કે– પરાર્થ પ્રાપ્તિમાં કુશલ હે કુમાર ? તે વૃત્તાંત તમોને કહું છું, તે તમે સાંભળો.

જે સમયે તમારા પાસેથી નીકળી અનુક્રમે પ્રભાતકાળે પદ્મખંડ નગર નજીક પહોંચ્યો “તે પહેલાં પવનવેગ ગયો પણ હજુ કેમ ન આવ્યો ? તેને માર્ગમાં શું વિઘ્ન નડયું ?” આ પ્રકારે ખેદ કરતા રાજાની પાસે હું પહોંચ્યો. નમસ્કાર કરી બેઠો કે –રાજાએ પૂછયું કે તને કેમ વિલંબ થયો ?, મેં તેમના ઉત્તરમાં મારો સઘળો વૃત્તાંત કહ્યો, તે સાંભળી રાજા વિગેરે આશ્ચર્ય પામ્યા. અને તેઓએ પૂછયું કે– રત્નચૂડકુમાર કેવો છે ? મેં કહ્યું કે–તે રત્નચૂડકુમારનું વર્ણન કેવી રીતે વર્ણવી શકાય ?, જેની રચનામાં પ્રજાપતિ પણ પોતાના વિજ્ઞાનના સૌભાગ્યે માનહસ્તિ ઉપર ચડેલ છે, જેની ઉપમા ત્રણ જગતમાં નથી. તે સાંભળી રાજા હર્ષવંત બન્યા, અને કૌતુક ધારણ કરી કહેવા લાગ્યા કે–તે કુમારને તું જલ્દી અહીં લાવ, એમ જણાવી તુરત જ મને ત્યાંથી પાછો

રવાના કર્યો. તમારા બિછાનાએ કરી શોભિત તે તાપસવનમાં હું આવ્યો, પણ તમોને દેખ્યા નહિ. તેથી હું ખેદ પામી, કુમાર ક્યાં હશે ? એમ તર્કવિતર્ક કરતો તાપસોને પૂછવા લાગ્યો. તાપસોએ યથાસ્થિત વાત કહી તે સાંભળી. અરે મને ધિક્કાર હો, કે-કુમારને પ્રિયાના વિયોગમાં હું કારણભૂત બન્યો ?, એમ મારા મનમાં બહુ શોક થયો. શું કરૂં ? કયાં જાઉં ? હવે કુમારને કયાં જોઈ શકીશ ? આમ વિકલ્પોએ મૂઢ બની ગયો, અને તમોને અટવીમાં ખોળવા લાગ્યો, પણ તમારી ખબર બિલકુલ મળી નહિ. ત્રીજા દિવસે મધ્યાન્હ સમયે ભમતો ભમતો **કનકશૃંગ** નામના પર્વતે પહોંચ્યો. ત્યાં એક મહાન્ સુવર્ણમણિરત્નમય જિનમંદિર દેખવામાં આવ્યું. તેમાં પેસી શ્રી શાંતિનાથ ભગવંતને નમસ્કાર કરી તેની જગતિમાં રહેલ ચાર જ્ઞાની **સુરપ્રભચારણ** મુનિશ્વર પાસે પહોંચ્યો. તેમને વિનયપૂર્વક વંદન કરીને બેઠો. ત્યાં અવસર મળ્યો ત્યારે પૂછયું કે-હે ભગવંત ? મારા ઘુવડના રુપને દુર કરનાર કુમાર હાલ કયાં હશે ? ભગવંતે કહ્યું કે-ધુમકેતુ જક્ષે ઉજ્જડ કરેલ રિષ્ટપુર નગરે તે કુમાર છે. આ સાંભળી હું બહુ ખૂશ થયો. અહો ભગવંતનો જ્ઞાનાતિશય કેવો સુંદર છે ? એમ આશ્ચર્ય પામી ફેર પૂછયું કે-હે ભગવંત ? મને ઘુવડ બનાવનાર જેનું રુપ પણ મેં દેખ્યું નથી એવો તે કોણ હતો ? ભગવંતે કહ્યું કે-હે સૌમ્ય તું સાંભળ.

આજ ભરતક્ષેત્રમાં **કંચનપુર** નગર છે, તેનો સ્વામી **કનકકુંડલ** રાજા છે, તેને બે રાણીઓ **કનકસુંદરી** અને

**સુરતેજ કુમારનું વૃત્તાંત**

**મતિસુંદરી** છે. તેણી બંનેને પુત્રો છે. પહેલી રાણીને સુરતેજ નામનો પુત્ર છે, અને બીજીને સુરધર્મ નામનો પુત્ર છે. એકદા ભવિતવ્યતાએ કનકસુંદરી મરણ પામી; તેથી તેણીનો સુરતેજકુમાર બહુ ખેદ પામ્યો. એક સમયે રાજાએ મતિસુંદરી રાણી સાથે મધ્યાન્હ સમયે પ્રશ્નોત્તર ગોષ્ઠી આરંભી. રાજાના પ્રશ્નોત્તરો રાણીએ બહુ સારા આપ્યા. તેથી રાજા કહેવા લાગ્યો કે—હે પ્રિયે! તારી બુદ્ધિ બહુ સુંદર છે. તારી બુદ્ધિને કોઈ વસ્તુ અગમ્ય નથી. હું તારા ઉપર પ્રસન્ન થયો છું. માટે ઇચ્છા મુજબ વસ્તુને માગી લે. તેણીએ કહ્યું કે—હે સ્વામીનાથ! અવસરે માંગી લઇશ. હમણાં રહેવા દો. રાજાએ કબૂલ કર્યું. અને ત્યાંથી ઊઠયો, કેટલાક દિવસો ચાલ્યા ગયા, પછી એક દિવસે મતિસુંદરીએ રાજા પાસે વર માગ્યો કે—મારા પુત્રને રાજય આપો. સત્યપ્રતિજ્ઞાવાળો હોવાથી રાજાએ સ્વીકાર કર્યો. અને મંત્રી સામંતોને વૃત્તાંત કહીને સુરધર્મકુમારને યુવરાજનો અભિષેક કર્યો. આથી સુરતેજકુમારે ખેદ પામી ચિંતવ્યું કે—અહો મને મારા પિતાએ પણ તિરસ્કાર પમાડયો. માનિજનને પરાભવ પ્રાણના ત્યાગ કરતાં પણ દુઃસહ થઈ પડે છે. કહ્યું છે કે—"અર્થનો, દેશનો અને બંધુવર્ગનો પરાક્રમી મનુષ્યો ત્યાગ કરે છે. અને જીવિતને પણ હોડમાં મૂકી દે છે, પણ અપમાન સહન કરતા નથી". અને માનીપુરૂષને માન તે જીવિત, ધન અને બંધુવર્ગસમાન છે; જો માનનું ખંડન થયું તો તેને બધું પણ ખંડિત થાય છે; તે પુરૂષ જન્મને ધારણ ન કરો, કદાચ જન્મી ગયો તો

જિવિતને ધારણ ન કરો કે–જે પુરૂષ પોતાના દેશમાં અપમાન સહન કરે છે. અને માતાની યુવાવસ્થાને નાશ કરનારો બને છે. કેમકે માતાએ યુવાવસ્થામાં પેટમાં ધારણ કર્યો તે પરાક્રમી થવાને માટે, નહિ કે માયકાંગલા થવા માટે છે, તેથી દેશાંતરમાં ચાલ્યો જાઉં, એમ નિશ્ચય કરી રત્નાવલી હાર જેના કંઠમાં છે એવો તે કુમાર તરવાર ગ્રહણ કરી એકલો જ રાત્રિએ નગર થકી નીકળી ગયો. અનુક્રમે તે વિશ્વપુર નગરમાં પહોંચ્યો, ત્યાં મસાણમાં લઇ જવાતો, જેની બેબાહૂનિવિડ બાંધેલી છે, યમભટ સરખા પુરૂષોએ વિંટેલ દીન મુખવાળો, જીવિતની આશા જેણે છોડી દીધી છે, એવા એક પુરૂષને સુરતેજકુમારે જોયો. આ સમયે સુરતેજને જોઇને આ કોઇ મહાપુરૂષ છે, એમ ચિંતવતા તે પુરૂષે સુરતેજને કહ્યું કે–હે મહાસત્વ! આ દારૂણ આપદાથી મને બચાવો બચાવો. તેથી કરુણાવાળા કુમારે કહ્યું કે–હે ભદ્રપુરુષો ! તમારો શો અપરાધ આ મનુષ્યે કર્યો છે?, ત્યારે તેઓએ કહ્યું કે–ચાર હજારે પોતાના હાથ પગ અમારી પાસે હારી ગયો છે, પાંચ હજારે પોતાનું મસ્તક હારી ગયો છે, અને અમોને કાંઇ પણ દ્રવ્ય આપતો નથી; તેથી મસ્તક આદિ છેદવા માટે અમો મસાણમાં તેને લઈ જઈએ છીએ. તેથી અનુકંપા કરવામાં નિપુણ એના કુમારે પરોપકાર પ્રિય હોવાથી પોતાના કંઠથી રત્નાવલીહાર ઉતારીને તે બાંધેલા પુરુષને આપી, તેને છોડાવીને કહ્યું કે–આ રત્નાવલીના દ્રવ્યથી તું આ લોકોનું દેવું ચુકવી આપી દેવારહિત બની જા. અને જે દ્રવ્ય વધે તેનું તારી ઇચ્છા મુજબ કરજે. એમ સમજાવી સુરતેજકુમાર નગર તરફ ગયો. આ અવસરે

બગીચાથી રથમાં બેસી પાછી ફરતી વિક્રમ બાહુરાજાની કન્યા પ્રિયંગુમંજરીની પછવાડે માવતને અવગણીને નિરંતર ઝરતી મદની ધારાએ જેનું મસ્તક શોભેલ છે તેવો હાથી દોડયો. તેથી અરે તે દુષ્ટ હાથીથી કુમારીનું રક્ષણ કરો રક્ષણ કરો, એમ બૂમ મારતો રાજકુમારીનો દાસીવર્ગ નાસવા લાગ્યો. આ બૂમો સાંભળીને સુરતેજકુમારે પોતાના પ્રાણ કરતાં પર પ્રાણની રક્ષા કરવી પ્રિય હોવાથી અને કલાનું કુશળપણું હોવાથી, જલ્દી જઈને તે હાથીના પુંઠ ભાગ ઉપર પોતાની વજ્ર સરખી હથેલીથી પ્રહાર કર્યો. આથી હાથી ખુબ રોષ પામ્યો, અને કુમાર તરફ વળ્યો. તે વાર પછી દક્ષપણાથી અને શિક્ષા ગુણપણાથી લાંબા કાળસુધી તે હાથીને કિલામણા પમાડી વશ કરી ખંધ ભાગ ઉપર ચડીને મર્મ ભાગમાં તાડન કર્યું, અને અંકુશ ગ્રહણ કરી હાથીખાનામાં લઇ ગયો. આવું પરાક્રમ જોઈ રાજકન્યા વિચારવા લાગી કે—અહો આ કોઈ પુણ્યશાલી જીવિતદાન આપનારો નિષ્કારણ પ્રેમાળ કુમાર છે, એમ ચિંતવતી અને ભય પામેલી મૃગલીના નેત્ર સરખી મનોહર સ્નેહાળ દૃષ્ટિએ જોતી, પોતાના મહેલમાં ગઈ. ત્યાં પણ તેજ કુમારનું સ્મરણ કરતી તમામ વ્યાપારને મૂકી દઈ મનમાં ઉદ્વેગ ધારણ કરી કેટલાક કાળ સુધી ત્યાં રહી. બીજી તરફ આ બનાવ સાંભળીને ખુશ થયેલા રાજાએ સુરતેજકુમારને બોલાવ્યો. સુરતેજકુમાર રાજાની સમીપે આવ્યો. રાજા કુમારને જોઇને આ કોઇ મહાકુળમાં ઉત્પન્ન થયો હોય એમ આકૃતિએ કરી જણાય છે, એમ આનંદપૂર્વક રાજા મનમાં ચિંતવી રહ્યો છે, ત્યાં તો વિનય પૂર્વક કુમારે નમસ્કાર કર્યો, અને આપેલા આસન ઉપર બેઠો. રાજાએ કુમારને

વૃત્તાંત પૂછ્યો, તેથી લજ્જાપૂર્વક પોતાનો અહેવાલ સરળતાથી રાજાને કહ્યો. પ્રસન્ન થઇને રાજાએ પોતાની પુત્રી પ્રિયંગુમંજરીનું તેની સાથે મહાવિભૂતિએ લગ્ન કર્યું. રાજાએ તેને કહ્યું કે—હે કુમાર! તારા પિતાતુલ્ય મને માનવો. અપુત્રીયા એવા મને કુલદેવતાએ આ બનાવે તું પુત્ર આપ્યો છે, તેથી તારે બીજે ઠેકાણે જવું નહિ. એમ કુમાર પાસે રાજાએ નક્કી કરાવ્યું. અને રહેવા શ્રેષ્ઠ મહેલ આપ્યો. વિશિષ્ટ ક્રીડા વિનોદ રતિ સુખને અનુભવતો કુમાર ત્યાં રહ્યો. આ પ્રકારે કેટલાંક વરસો ચાલ્યાં ગયાં. એકદા કુમાર સાથે ઘોડા ખેલવાના બ્હાને ગયેલ રાજાએ **મનનંદન** ઉદ્યાનમાં ઘણા શિષ્ય સમુદાયે પરિવરેલ **ધર્મનંદન** આચાર્યને ધર્મોપદેશ આપતા જોવામાં આવ્યા. તેથી કૌતુક સહિત રાજાએ તેઓની પાસે જઈ, વિનયપૂર્વક નમસ્કાર કર્યો. આચાર્ય ભગવંતે ધર્મલાભ આપીને ધર્મોપદેશ આપવો શરૂ કર્યો.—મનુષ્યપણું પામીને, ધર્મ અધર્મનું ફલ જાણીને સકલ સુખનું સાધન એવા ધર્મમાં ઉદ્યમ કરવો. જીવહિંસા જૂઠ ચોરી અબ્રહ્મચર્ય અને પરિગ્રહથી વિરતિ, મન વચન કાયા ને પાપકર્મથી રોકવી; અને કષાયનો વિજય કરવો તે ધર્મ કહેવાય. ઇત્યાદિક સાંભળીને રાજા પ્રતિબોધ પામ્યો, અને કર્મનો ક્ષયોપશમ થવાથી તેને ચારિત્ર લેવાનું મન થયું. તે વાર પછી પોતાના મહેલે પહોંચી મંત્રી અને સામંતોને તે વાત કહી, અને સુરતેજકુમારને રાજ્યાભિષેક કરી રાજા તરીકે સ્થાપ્યો, અને ગુરુપાસે તેણે ચરિત્ર સ્વીકાર્યું. સુરતેજકુમાર મહારાજા થયો છતાં નિરંકુશપણે સ્વપરાક્રમે કરી અન્યમંડલો જીતી લીધાં.

અવસરે "સૂરધર્મને રાજ્ય ઉપર સ્થાપન કર્યો છે. એમ સાંભળી" સૂરતેજને પોતાનું કરેલ અપમાન સંભારી તેના પર તિરસ્કાર ઉત્પન્ન થયો, તેથી તેના ઉપર એક દૂત મોકલી કહેવરાવ્યું કે—હે સુરધર્મ ! ક્રમે કરી આવેલું રાજ્ય મારૂં છે, તારો તેના ઉપર હક્ક નથી, માટે રાજ્યને છોડી દેવું, અથવા તારે મારી આજ્ઞા સ્વીકારવી. તેણે પણ બળના ગર્વથી કહ્યું કે—કાયર પુરુષો ક્રમાગત રાજ્યને ગ્રહણ કરે. પણ શૂરવીર પુરુષો તો પરાક્રમથી રાજ્ય મેળવે છે. દૂત પાસેથી આ સમાચાર સાંભળી સુરતેજરાજાએ તેના ઉપર કોપાયમાન થઈ ચડાઈ કરી. સુરધર્મ રાજા પણ આ વૃત્તાંત સાંભળી લશ્કર લઈ તેની સન્મુખ આવ્યો. દેશની સીમમાં બન્ને લશ્કરો મળ્યાં. વાગી રહેલા યુદ્ધવાજિંત્ર શ્રેષ્ઠ કાહલાથી તાડન કરાતી ઉદ્દામઢક્કાથી, સુભટોના રૂંવાડા ઉભા થાય તેવા ભાટચારણોના વાક્યોથી, રણરસના આવેશે પરાધીન બનેલા બંને સૈન્યો સામસામા અથડાયા. બાણાવલી પોતાના બાણોથી શત્રુપક્ષના માણસોને વિંધે છે, અને કેટલાક યોદ્ધાઓ અર્ધચંદ્રશસ્ત્રો દ્વારા માથાઓ છેદી રહ્યા છે, ચક્રધારીઓ ધજા અને છત્રદંડને છેદી રહ્યા છે, કેટલાકો તો પોતાની તીક્ષ્ણ તલવારોથી હાથીની શૂંઢને કાપી રહ્યા છે, ભાલાધારીઓ ભાલાથી ઘોડાને વીંધી રહ્યા છે, અને મદોન્મત્ત હાથીઓ પોતાના પગોથી ઉંચા-રથને ચુરી રહ્યા છે, એમ હરીફાઈથી પરસ્પર સુભટો આગળ જઈ રહ્યા છે, અને કાયર મનુષ્યો નાસવાનો ઉપાય જોઈ રહ્યા છે. તે યુદ્ધમાં લોહીની નદીઓ પસરી રહી છે. મનુષ્યના માંસની લાલસાવાળા રાક્ષસો આવી રહેલા છે. આ પ્રકારના વર્ત્તતા મહાયુદ્ધમાં સુરધર્મરાજાનું સૈન્ય પાછું હઠયું.

તે દેખીને વર્ષાઋતુના વરસાદ પેઠે બાણના વરસાદને વરસાવતો સૂરધર્મ રાજા ઉછળ્યો. તેને સ્હામો આવતો દેખીને રણના આવેશે જેના શરીરના બખ્તરના બંધનો ત્રુટી રહ્યા છે, એવો સૂરતેજ રાજવી સામે આવ્યો. ક્ષણ વાર મહાયુદ્ધ જામ્યું, પરાક્રમનું અસ્ખલિતપણું હોવાથી સૂરધર્મને સૂરતેજે હરાવીને બાંધ્યો. આ અવસરે ભાટ ચારણોએ સૂરતેજનો જય પોકાર્યો. પણ સૂરતેજે પોતાના બંધવ સૂરધર્મને ફરીથી તે રાજ્ય ઉપર સ્થાપન કર્યો. તેથી સર્વ રાજ લોકોએ અહો સૂરતેજની મહાનુભવતા? અહો સજ્જન સ્વભાવતા? એમ કહી પ્રશંસ્યો. અનુક્રમે સૂરતેજ પોતાના નગરે પહોંચ્યો; નગર લોકોએ મહાન્ ઓચ્છવ કર્યો. તેને ઘણો કાલ ચાલી ગયો. એક અવસરે સૂરતેજે પોતાના કુમાર વિક્રમશૂરનો રાજ્યાભિષેક કરી રાજ્ય સોંપી મહાન્ દાન દેઈને અને ચૈત્યોમાં મોટો ઓચ્છવ કરાવીને સકલ-નગરના લોકોનું અભિનંદન કરતો વિક્રમબાહુ ગુરૂ પાસે ગયો, દિક્ષા લીધી. શ્રુતનો અભ્યાસ કર્યો, અને દુષ્કર-તપ તપી જંઘાચારણરિદ્ધિને પામી, એકલ વિહાર સ્વીકાર્યો.

**વજ્રપાણિ યક્ષનું સ્વરૂપ**

સૂરતેજે જે જુગારીને મરણ આપદાથી મૂકાવેલ હતો, તે જુગારી વિચારવા લાગ્યો કે, વ્યસની પાપીજનોને પગલે પગલે દારુણ દુઃખો આવી પડે છે, તે સંતપુરૂષોને અનુકંપા લાયક બની રહે છે. માટે તે મહાપુરૂષનું બહુમાન કરું. દુષ્કૃત્યો છોડી સુકૃતના કાર્યો કરૂં, એમ વૈરાગ્ય પામી દ્રવ્ય ધર્મકાર્યમાં ખરચી

તાપસ થયો. તેવાર પછી કેટલોક કાળ તાપસવ્રત પાળી, મરણ પામીને વજ્રપાણિયક્ષ થયો. અવધિજ્ઞાને સૂરતેજ મુનિવરનો પૂર્વે કહેલ વૃત્તાંત જાણીને તેના ઉપકારને સંભારતો અને ગુણાનુરાગને ધારણ કરતો અને વૈયાવચ્ચને કરતો તેનો રાગી બન્યો. આ પ્રમાણે સાંભળીને આનંદ પામેલો હું તે ભગવંતને વંદીને તમારા દર્શનની ઉત્કંઠાવાળો અહીં આવ્યો. તો હે કુમાર! મારા ઉપર અનુગ્રહ કરી, વૈતાઢયપર્વત ઉપર ચાલો. કેમકે જયરક્ષરાજા તમારા દર્શનની ખુબ ઉત્કંઠા ધરાવી રહ્યા છે. આ પ્રમાણે વાત ચાલી રહી છે તેટલામાં ધૂમકેતુ જક્ષ આવી પહોંચ્યો; અને તેણે પૂછયું. હે કુમાર! કોણ આ પુણ્યશાળીજન છે? કુમારે પૂર્વનો વૃત્તાંત જણાવ્યો, તેથી ધૂમકેતુએ કહ્યું કે-હે કુમાર! આમના ઉપર અનુગ્રહ કરો, અને રાજાના દર્શનાર્થે જાઓ. તેથી કુમારે કહ્યું કે-જેવી તમારી આજ્ઞા. પણ આ દેવીને તમે સંભાળજો. એમ કહી નીલકમલદલની કાંતિ સરખું શામલ એવા આકાશમાં પવનગતિ વિદ્યાધરે કરી સહિત ઉપડયો, અને વૈતાઢય સન્મુખ ચાલ્યો. જલ્દી બંને જણા કનકશૃંગ પર્વતની સમીપ પહોંચ્યા. એટલે પવનગતિએ કહ્યું કે, હે કુમાર! આ કનકશૃંગ નામના શ્રેષ્ટ પર્વત ઉપર સર્વ રત્નમય **શ્રી શાંતિનાથ** જિનેશ્વરનું મંદિર છે. અને ત્યાં સુરપ્રભચારણ શ્રમણ મુનિવર બિરાજે છે. તેમની પાસે મેં તમારી ખબર મેળવી હતી. તેથી રત્નચૂડે કહ્યું કે જો એમ છે, તો હે મિત્ર! આ પર્વત ઉપર આપણે જઈ જિનમંદિર જોઈએ, અને શ્રી શાંતિનાથ મહારાજના દર્શન કરી આત્માને પવિત્ર કરીએ.

આ વચન પવનગતિએ માન્ય કરી, બંને જણા ત્યાં ગયા.

**શાંતિનાથ મંદિરનું વર્ણન**

કુમારે ત્યાં જઈ જોયું તો મેરૂગિરિના શિખર પેઠે ઊંચું, અને સર્વાર્થસિદ્ધ વિમાન પેઠે વિશાળ છે, અને નિર્મળ ઉજ્વલ સ્ફટિક રત્નોએ બનાવેલ હોવાથી ચારે બાજુએ નિલમણિમય ભોંતળીયામાં પ્રતિબિંબ પડેલ છે અને મસ્કત મણિમય મૂળમાં હોવાથી વિશાળ ભાસમાન થાય છે, ત્યાં આગળ મરકતમણિનું શિખર હોવાથી સૂક્ષ્મ માલૂમ પડે છે; અને ભગવંતને વાંદવા આવતા જનના પાપરૂપી લાકડાને ફાડવા માટે કઠોર કરવતના દાંતા ને જાણે ધારણ કરતો હોય તેવા કિલ્લાએ વિંટાએલ છે. ધવલરત્ન શિલાએ ઘડેલ, વિસ્તારે કરી વિજય દ્વારની મશ્કરી કરી રહેલ, અને સૌધર્માવતંસકવિમાનની હાંસી કરવા માટે હસતું જાણે મુખ હોય તેવા બારણાએ શોભિત છે. વિચિત્ર મણિરત્ન અને સોનાનુ બનાવેલ વિશાલ અને ઉંચું, પોતાના સુંદરપણાના મદે કરી મેરૂની સુંદરતાને કટાક્ષ કરવા માટે દૂર ખેંચેલા નેત્રની જેમ ઘણું દૂર લંબાવેલ તોરણે દીપતું છે. અને તપાવેલ સોનાના પૂંજે રચેલ ઘણા પગથીઆની શ્રેણી વડે જાણે સ્વર્ગનો માર્ગ દેખાડતું હોય તેવું છે, ગગનશિખા સુધી લાંબા શિખરે કરી મોક્ષપંથને જાણે પ્રકટ કરતું હોય ?, મૃદુપવને કંપાવેલી સોનાના દંડ ઉપર રહેલો ધ્વજાના છેડા રૂપી અંગુલીઓએ કરી શાંતિજિનને વંદન કરવાને માટે સુર અસુર મનુષ્ય અને વિદ્યાધરને બોલાવતું હોય ? મનોહર અવાજવાળી ઘુઘરીના ઘમકારવાળી અને કોમળ પવને ઉડાડેલ ધોળા

વસ્ત્રની ધ્વજાસહિત સોનાના દંડે કરી શોભિત છે, નિર્મળ વેરૂલીયરત્નનો બનાવેલ આમલસારાના પસરતા કિરણના સમુહવાળું છે, મનોહર શબ્દવાળી મુખર એવી બગલીનો સમુહ નજીક ઉડતો હોવાથી જાણે સ્ફુરાયમાન વિજળી દંડે કરી સહિત હોય ? જાણે છુપાયેલું પર્વતશિખર હોય ? અને સારસપક્ષીના ટોળાએ કરી જાણે જલભરેલું વાદળનું વલય હોય ? નજીક રહેલી ધૂપઘટા રુપી વડવાનલ જ્વાલા દંડે કરી શોભિત એવું, લવણ સમુદ્રનું જલ, દુષ્ટ જલચર જીવોએ ડોળી નાંખવાના ઉપદ્રવના ભયે કરી શાંતિનાથ જિનના શરણે આવેલ હોવાથી, જાણે શિખરના ટોચ ભાગે ધારણ કરી રહેલ હોય ? પીઠમાં મનુષ્ય હાથી ઘોડા અને રથની આકૃતિ હોવાથી, તેના બ્હાને જાણે દુર્જય મોહરાજાના સૈન્યને પરાજય માટે ચતુરંગી સેનાને સજ્જ કરતું હોય ? તેમજ વંદન કરવા આવનાર મનુષ્યના મિથ્યાત્વ અંધકાર નાશ કરવા માટે તરૂણ સૂર્યમંડલ પેઠે પદ્મરાગવાળો મહાન્ કલશ મસ્તકે ધારણ કરતું હોય ? જિનવંદન માટે આવેલ અને સુર ખેચરોએ વગાડેલ મધુર ઘંટના રણકાર શબ્દોએ ભગવાનની જાણે સ્તુતિ કરતું હોય ?, નિરૂપમ શોભાવાળી સુંદર સોનાની અને રત્ન પુતલીઓના બ્હાને સુરલોક કરતાં અધિક રમણીયપણાએ ખુશ થયેલી અપ્સરાએ જાણે સેવાતું હોય ?, યાત્રાર્થે આવેલ પ્રાણીના નેત્રોને કબજે કરવા માટે ગંભીર વિશાલ પાંજરાની માફક પછવાડાના ભાગને જાણે વહન કરી રહ્યું હોય ?, જગતમાં આશ્ચર્યભૂત, ગર્ભને ધારણ કરનારો સંગ છોડી દીધેલ છે છતાં **गब्भहरसंठिपण**–કહેતાં ગભારામાં રહેલ શાંતિનાથ ભગવંતે કરી સહિત છે, એવું પ્રાસાદરત્ન (જિનાલય) તેણે જોયું.

**મંદિર સંબંધી રત્નચૂડના તર્કો**

તે જોઈને રત્નચૂડકુમારે કહ્યું, કે–અહો આ મંદિરની કેવી સુંદરતા છે? હું માનું છું કે તમામ રત્નાકરના રત્નોએ આ મંદિર બનાવેલ છે. અને સમગ્ર સુરગિરિના સોનાએ કરી નિપજાવેલ છે. સકલ ત્રણ જગતના દ્રવ્યને ખરચી કરાવેલ છે. આ મંદિરનો બનાવનાર સુરાસુરનો સંઘ લાગે છે, અને આને બનાવતાં હજારો યુગ કાલ ચાલી ગયો હશે; કારણ કે પરિમિતરત્ન અને સુવર્ણ દ્રવ્યોએ, અને અલ્પ કારીગરોએ સહિત, થોડાકાલમાં આવું સુંદર મંદિર બની શકે નહિ. તેથી તે જીવો પુણ્યશાલિ છે, કે જે અહીંઆં વસે છે, અને જે આ મંદિરનાં દર્શન કરે છે. હું પણ મારા આત્માને કલ્યાણભાગી માનું છું કે, મેં પણ આ મંદિર જોયું. આ પ્રકારે ચિંતવતો હર્ષવાળો અને કૌતુકવાળો મંદિરની અંદર પેઠો. અને શાંતિનાથ ભગવાનને જોયા. પ્રશાંતદેહે કરી ચાલી ગયેલ રાગદ્વેષ મોહને સૂચવી રહેલ એવા, અને દૃષ્ટિમાં શાંતરાગનો પકર્ષ હોવાથી હૃદયમાં રહેલા કરૂણા રસને સૂચવતા, અને પ્રસન્ન મુખકમળે કરી સર્વજીવોમાં મૈત્રી ભાવને પ્રગટ કરતા હોય, અને નિરૂપમ જે અષ્ટપ્રાતિહાર્યે કરી ત્રણ જગતનું પ્રભુ પણું જાણે દેખાડી રહ્યા હોય? અને ઉત્તમસુવર્ણ રત્નોએ જેમનો દેહ બનાવેલ છે, અને કલ્પવૃક્ષના પુષ્પોની માળાએ અલંકૃત છે, દિવ્ય આભૂષણોએ કરીને જે શોભિત છે, તેવા શાંતિનાથ ભગવંતને દેખીને; અહો! ભગવંતની અદ્વિતીય કેવી શોભા છે. એમ ચિંતવતો શરીરમાં રુંવાડા ખડા છે જેને એવો બની, પ્રભુને નમસ્કાર કરી સ્તુતિ કરવા લાગ્યો.

"હે દેવ! દુઃખિયા જીવોના આધારભૂત, શરણાગત જીવોને વત્સલ, જે તારૂં ચરણ કમલ મેં દીઠું, તેથી પુર્વ-જન્મના ઉપાર્જન કરેલા પાપરટણો મારા નષ્ટ થયા. હે ચિંતામણિ અને કલ્પવૃક્ષ સમાન પ્રભુ! તમે જયવંતા વર્તો. જેઓ તારા ચરણ કમલને નમે છે, તેઓ સકલ સુખ પામીને સંસારમાં પરિભ્રમણ કરતા નથી." આ પ્રકારે સ્તુતિ કરીને પોતાના આત્માને કૃતાર્થ માનતો પ્રદક્ષિણાને કરતો પાછળ કિલ્લાના ભાગમાં રહેલા અશોકવૃક્ષ પાસે ગયો. ત્યાં સુર-પ્રભમુનિવર દીઠા. આનંદ પામી નમસ્કાર કરીને ધર્મલાભરૂપી આશિષ પામી ખુશી થયો, અને તેમની પાસે બેઠો. ભગવંતે તેને ધર્મોપદેશ આપ્યો. તેમાં ફરમાવ્યું કે—"ધર્મ અર્થ અને કામ આ ત્રણ પુરૂષાર્થો લોકોમાં કહેવાય છે, તે મધ્યે ધર્મપુરૂષાર્થ પ્રધાન છે, કેમકે ધર્મથી અર્થ અને કામ-પુરૂષાર્થની પ્રાપ્તિ થાય છે. ધર્મે કરી રહિત જીવોને પગલે પગલે દારૂણ આપદાઓ આવી પડે છે. તેથી કરી વિદ્વાન પુરૂષો ધર્મવિષયક પ્રયત્ન કરે છે. આ જગતમાં દેવો અને સાધુઓની ભક્તિ કરવાથી ધર્મની પ્રાપ્તિ થાય છે. તેથી વિશેષે કરી ધર્મમાં પહેલોજ ઉદ્યમ કરવો જોઈએ. ભક્તિ તેને કહેવાય કે, જિનેશ્વરનું મંદિર અને પ્રતિમા બનાવવી, પૂજન-વંદન-યાત્રાદિક કરવી, તેમજ મુનિમહારાજાની ભક્તિ તે કહેવાય કે વિનય વૈયાવચ્ચ જ્ઞાન દર્શન ચારિત્રની સામગ્રી મોક્ષ અર્થે બહુમાનથી સાધુઓને આપવી. આ અવસરે રત્નચૂડે કહ્યું કે—હે ભગવંત! પુણ્યશાલી સકલ-જનને પ્રશંસનીય અને ભવિષ્યમાં કલ્યાણનો સમુહ જેણે પ્રાપ્ત કરેલ છે એવા કયા પ્રાણીએ આ ચૈત્યરત્ન બનાવી

ભગવંતની અપૂર્વ ભક્તિ કરી?, મુનિવર ઉત્તર આપે છે કે હે ભવ્યસત્વ! આ પ્રશ્નનો ઉત્તર સાંભળ:-

આજ ક્ષેત્રમાં **કુંડલપુર** નામનું નગર છે. તેમાં **ચંદ્રશેખર** નામનો રાજા છે. તેને **ચંદ્રાનન** નામનો પુત્ર છે, અને તેનો શિવપુરોહિતનો પુત્ર મિત્ર **શિવકેતુ** છે. તે બંને મિત્રો છે, પણ સ્વભાવે કેલિપ્રિય અને જૈનધર્મના દ્વેષી છે. દુઃખે કરી દમી શકાય તેવા સ્વભાવવાળા, અને સાથે રમતગમત કરતા રહે છે.

**ચૈત્યનો ઈતિહાસ.**

એક અવસરે શાંતિનાથ ભગવંતનો મોક્ષ કલ્યાણકનો દિવસ આવ્યો. તે દિવસે શ્રીસંઘે મહાન્ **સ્નાત્ર મહોત્સવ** ઉજવવો શરૂ કર્યો. તેમાં જોર શોરથી મનોહર પડહા વાગી રહ્યા છે, ઝાલરના ઝંકાર શબ્દો પસરી રહ્યા છે, અને શ્રેષ્ઠ કાહલા પણ વાગી રહ્યા છે. તે સાંભળીને રાજપુત્ર અને પુરોહિત-પુત્ર બંને જણા એમ બોલી રહ્યા છે કે—આ ઋદ્ધિગારવીઓ, ભિક્ષુસરખા આ શ્રાવકો, કેમ જોર શોરથી વાજીંત્ર વગાડાવી રહ્યા છે? ચાલો જોઈએ. એમ ઈર્ષા કરતા કેટલાક સ્વપરિવારે કરી સહિત ત્યાં આવી પહોંચ્યા. જુએ છે તો ત્યાં સાધુ સાધ્વીવર્ગ અને મનોહર વેષવાળો શ્રાવક શ્રાવિકાનો સમુદાય દેખ્યો. તેમાં કેટલાક શ્રાવકો વિચિત્ર રચનાવાળા નરઘા વગાડી રહ્યા છે, કેટલાક ઘણી રચનાવાળા ફુલ ઘરો રચી રહ્યા છે, કેટલાક શ્રેષ્ટગંધ અને સુંદર રસ વાળી મિઠાઈઓ ગોઠવી રહ્યા છે, કેટલાક દ્રાક્ષ-નાલિયેર ખજુર બીજોરાદિ ફળોએ ભરેલા થાળો ગોઠવી રહ્યા છે, કેટલાક અનેક રંગોથી રંગિત ચોખાના વિચિત્ર સાથિયા પુરી રહ્યા છે, અને કેટલાક કાનને સુખકારી જિન-

ગુણોએ ગુંફિત ગાયનો ગાઈ રહ્યા છે. “તરુવરે કરી ગહન એવા મેરૂપર્વતના શિખર ઉપર, જન્મ અને મરણે કરી સહિત જેમને દેવોએ પૂજ્યા હતા, જે ગુણુના સમુદ્ર, શ્રેષ્ટ કરૂણાની ખાણુ, અને શિવસુખના સાગર છે. તે જિનેશ્વરને હે ભવ્યો ! તમે ભાવથી નમસ્કાર કરો, કે–તેજ ક્ષણે તીક્ષ્ણ પાપોથી તમે મુકાઇ જશો, અને શિવપુરને પ્રાપ્ત કરશો. જે દેવાધિદેવો દુષ્ટ આઠ કર્મોને ફેડી નાંખનાર છે, તેને નમસ્કાર કરો. જેઓ ત્રણુ જગતમાં પ્રસિદ્ધ છે, જે ત્રણુ જગતના અવિચલ નાથ છે, અને અશ્વસેન રાજાના મનને આનંદ કરનાર છે, તેમને નમસ્કાર કરો. અને જેણી રતિનારૂપને જીતી લેનાર છે, ઇંદ્રો જેણીની સેવા ઉઠાવી રહ્યા છે, તેવા અચિરાદેવીથી જન્મેલા છે, અને મોક્ષમાં જવા માટે રથ સમાન, એવા તે જિનેશ્વરને નમસ્કાર કરો.” કેટલાક ભાવીકો ઉદ્દામ શબ્દવાળા વાજીંત્રો વગાડી રહ્યા છે, કેટલાક વિશુદ્ધ મનોહર ધોતીયાવાળા, સુગંધિ ચંદનાદિકે કરી શરીરે જેમણે વિલેપન કરેલ છે, એવા મનોહર અલંકાર ધારણ કરવાવાળા, યુવાન વયવાળા, મનોહર રૂપવાળા, અને ભક્તિવાળા, પ્રભુને ન્હવણુ કરી રહ્યા છે. કેટલાક ચંદ્રના કિરણુ સરખા ઊજ્વલ કેશના સમુહવાળા, રત્નોએ કરી શોભિત સોનાની દાંડિયો જેને છે, તેવા મનોહર ચામરો વીંજી રહ્યા છે, કેટલાક મઘમઘાટ કરતા સુગંધી પાંચ વર્ણના ફુલો ગુંથે છે, કેટલાક સુગંધિદાર ચંદનો ઘસી રહ્યા છે, કેટલાક ઊજ્વલ મનોહર વસ્ત્રના ખોલીયાવાળા અને મોટા મોતીની માળાથી શોભિત શ્રેષ્ટ સોનાનો દંડ જેને છે, તેવા ત્રણુ છત્રોને શુદ્ધ કરી રહ્યા છે. અને કેટલાક વિલે-

પનવાળા -ફુલોથી શોભિત-દુધના ભરેલા પૂર્ણ કલશો, અને સુગંધિદાર ઘૃતના કુંભો, અને ફેણુના પીંડ માફક ઉજ્વલ કઠિન પેસીવાળા દહીંના માટલા, અને સુગંધિ જલોએ ભરેલ સુવર્ણના કલશો લાવી રહ્યા છે આ પ્રમાણે મહાવિભૂતિએ વિધિયુક્ત સ્નાત્ર મહોત્સવ પ્રવર્તતે છતે, કુસુમ વૃષ્ટિ પછી તરતજ સુગંધિજલે ભરેલા સુવર્ણ કલશો ઉપાડે છતે, અને મધુર ગાયન કરનારના ગાયનોએ કરી મિશ્ર વીણા અને વેણુંના ઝંકારોએ મનુષ્યના કાનો આણુંદ પામ્યે છતે, નૃત્યમાં કુશલ એવી વેશ્યાના નાટકે કરી પ્રેક્ષક લોક ખેંચાયે છતે, ઘણા પ્રકારોએ મધુર મૃદંગ ઝાલર અને ઢોલ વગડાઈ રહે છતે, દેવબિરૂદો બોલાવેલ છતે, હે દેવ પ્રણતજનના પાપરુપી કાદવને પખાળવામાં મેઘસમાન !, સકલ જગના મનને મનોહર ! અસકૃશ રૂપાદિગુણ સમુદાયે કરી ત્રણ જગતમાં અદ્વિતીય !, પરવતના મહિમાને મસળી નાંખવામાં બહુ મંત્રવાળા, ગર્વિષ્ટ મોહરૂપી મહામલ્લને મરડી નાંખનાર !, દારૂણ ઇંદ્રિયરૂપી ચોરને ચુરવામાં ઘરંટી સમાન !, આપ છો. અને મનોહર જનના ટોળા આપની પાસે આવી રહેલ છે એવા શ્રેષ્ટ સિંહાસન ઉપર બેઠેલા આપ લોકપ્રભુ ! શોભી રહ્યા છો. શરદનાચંદ્ર પેઠે અત્યંત મનોહર એવા હે પ્રભુ ! અમારા નેત્રને ઓચ્છવ કરી રહ્યા છો. ભવિજનના મનોરથ પુરવામાં ચિંતામણિ રત્ન સમાન હે શાંતિનાથ ભગવંત ! તમારૂં દર્શન પુણ્યરહિત લોકો કેવીરીતે કરી શકે ? અર્થાત્ કરી શકે નહિ. અને મનોહર રાસદાંડિયા પણ ત્યાં ખેલાઈ રહ્યા છે, તેમાં ગવાઈ રહ્યું છે કેઃ- હે ભવિજનો શાંતિનાથ મહારાજને નમસ્કાર કરો,

અને તેમના ગુણ સમુદાયને ભાવથી પ્રશંસો, જે નિર્મળ શીલે કરી શોભિત છે. સુરનર ખેચરોએ જેમના ચરણ કમલને વાંધા છે, જે કેવલજ્ઞાનરૂપી સુર્ય છે, દારૂણ દુઃખરૂપી કંદને ઊખેડી નાંખનાર છે, અને ત્યાં મધુર મંગળો પણ ગવાઈ રહ્યાં છે. એવા હે શાંતિનાથ! તમારા મુખને શરદચંદ્ર પણ પહોંચી શકતો નથી, એવા આપની વાણી કાનને સુખ ઉપજાવી રહી છે, જાણે અમૃતનું ઝરણું હોય તેવી લાગે છે.

આ પ્રકારનો અત્યંત પ્રમોદ પ્રવર્તી રહેલ છે, તે સમયે રાજપુત્ર અને પુરોહિત પુત્રોએ દુર્દાંતપણાથી અને ધર્મ–શત્રુવટ હોવાથી અને મુરખપણાથી તમામ ગીત નાટક વિગેરે અપૂર્વ ઓચ્છવને હુકમ કરી બંધ કરાવ્યો. તેથી સર્વે શ્રમણસંઘ પણ ખેદ પામ્યો. આ વિઘ્નને પામી શ્રાવિકાઓ શાસન દેવતાના કાઉસ્સગ્ગ વિગેરે કરવા લાગી. તેમાં કેટલીક શ્રાવિકા 'હે ભગવતિ! હે શાસનદેવી! અમારા સમીપ આવ,' અને આ વિઘ્નને દૂર કર. એમ બોલતી નિર્મળ આત્માવાળી કાઉસ્સગ્ગને કરે છે. અને કેટલીક શ્રાવિકાઓ 'હે બ્રહ્મશાંતિદેવ! તું અમારી પાસે આવ' અને આ શાસનના પરાભવને દુર કર. અમો એક દ્રોણપ્રમાણ સુંદર મોદક તને ચડાવીશું, અને અન્ય સ્ત્રીઓ 'હે વૈરોટ્યાદેવી! આ વિઘ્નને તું શમાવી નાખ.' અમો ચાર પળ કેશરે કરી તારૂં વિલેપન કરીશું. અને બીજી સ્ત્રીઓ 'હે શાંતિદેવ! તું અમોને શાંતિ પમાડ' અમો સુવર્ણના પુષ્પોએ તારી પૂજા કરીશું. અને કેટલીક સ્ત્રીઓ 'હે વિદ્યાદેવીઓ! તમે જાગૃત થાઓ' શ્રી સંઘને પ્રવચન પરાભવથી થયેલો મનસંતાપ દૂર કરો. અમો સોનાના તિલકો તમોને ચડાવીશું, અને

કેટલીક સ્ત્રીઓ 'હે શ્રુતદેવિ! અમારા ઉપર પ્રસન્ન બન' અને અમારો આ યાત્રા વિઘ્ન વિનાની બનાવ, અમો તારા નિમિત્તે આઠ આયંબિલ કરીશું. આ પ્રકારે માનતા કરી રહી છે. ત્યારે જૈનાગમભાવિત મતિવાળી સ્ત્રીઓ ઓચિંતો કેવો ધર્મઅંતરાય આવી પડયો?, ધર્મ પણ નિર્વિઘ્ને કરી શકાતો નથી; અથવા કલ્યાણકારી કાર્યોમાં વિઘ્નો આવી પડે છે, એવી ભાવના ભાવી રહી છે. અને કેટલીક અતિ ધર્મશ્રદ્ધાળુ શ્રાવિકાઓ સકલ વિઘ્નને નાશ કરનાર સકલ ઉપદ્રવોને વિખેરી નાંખનાર મહામંત્ર પરમેષ્ઠિ નમસ્કારના પ્રભાવે આ વિઘ્ન શમી જાઓ, અને શાસનની ઉન્નત્તિ થાઓ. એમ ચિંતવી એકાગ્ર મનવાળી બની નવકાર મંત્રને ગણી રહી છે. અને અવરસ્ત્રીઓ પ્રભાવિક સ્તોત્રના પ્રભાવે ખેમકુશલ થાઓ એમ સમજી જલ અગ્નિ સર્પ વેતાલ ચોર હાથી સિંહ રાજરોગ યુદ્ધ ડાકણના ભયને શાંત કરનાર ભરહર સ્તોત્રો ભાવથી ગણવા લાગી ગઈ છે. અને મહાખેદ કરી વિહ્વલ બનેલ શ્રાવકવર્ગ સ્નાત્ર મહોચ્છવ નિમિત્તે પધારેલ જૈનાગમના જાણકાર અને નિર્મળ ચરણ કરણના આચારમાં રક્ત ઉત્સર્ગ અપવાદને જાણકાર અનેક પ્રકારના વિદ્યા મંત્રતંત્રમાં કુશલ એવા **પ્રવચનાનંદસૂરિ** મહારાજ પાસે ગયા, અને વિનંતી કરી કે—હે ભગવંત! આ અમૃત-તુલ્ય સ્નાત્ર મહોત્સવમાં જાણે વિષનો સંયોગ થયો હોય! દૂધપાકમાં ઓસામણ પડેલ હોય! દિવ્ય ભોજનમાં અશુચિ નાંખવામાં આવેલ હોય! અને સોનાના વરસાદમાં જેમ અંગારાનો પાત થયેલ હોય! તેમ બહુ સંતાપ કરાવનાર આ વિઘ્ન આવી પડેલ છે, તેથી આ વિઘ્નનું નિવારણ

કરો. અને આપ જેવા સમર્થ વિદ્યમાન છતાં શાસનની નિંદા ન થવી જોઈએ. આ વિનંતિ સાંભળી આચાર્ય ભગવંતે વિચાર્યું કે—આ કાર્ય ઉચિત છે, પ્રવચનની પ્રભાવના કરવી, તેજ જૈનશાસન પામ્યાનો સાર છે, અને આ વિઘ્નની જો શક્તિમાન્ ઉપેક્ષા કરે તો અનંત સંસારી બની જવાય છે. એમ વિચારીને વિદ્યાના પ્રભાવે કરી પરિવારે સહિત તે બન્ને કુમારોને થંભાવી નાખ્યા. લાકડા જેવા અક્કડ બની ગયા. તે વારે તેઓ જોઇ રહ્યા છે, પણ જેનું નેત્ર સરખું પણ ચાલતું નથી; જાણે લેપ્યમય બની ગયા હોય! અથવા ચિત્રમાં આલેખેલ જન જેવા બની ગયા હોય ? અથવા જીવિતને તજી ગયા હોય ? તેવા બની ગયા. શ્રાવકોએ પરમ પ્રમોદ યુક્ત મનવાળા બની યથેચ્છ વિભૂતિએ સ્નાત્ર મહોત્સવ ઉજવ્યો.

આ અવસરે કોઈપણ પ્રકારે આ વૃત્તાંત સાંભળીને રાજા અને પુરોહિત સંભ્રમવાળા બની પરિવારે સહિત સૂરિમહારાજ પાસે આવ્યા. વિનયપૂર્વક નમસ્કાર કરીને તેઓએ કહ્યું કે—હે ભગવંત ! કુમારને જીવિતદાન આપવાની કૃપા કરો. તેઓ ફરી આવું નહિં કરે. ભગવંતે કહ્યું કે—હે મહારાજ ! તેઓએ ધર્મના શત્રુપણાને અને ધર્મિજનને ઉપદ્રવ કરવાથી બહુ અશુભ કર્મ બાંધ્યું છે, તેથી તેઓને દીક્ષા લીધા સિવાય શુદ્ધિ થવાની નથી. માટે આ કુમારો જો વ્રતગ્રહણ કરશે તો જ સાજા થશે, નહિંતર સાજા થશે નહિ. તેથી રાજાએ આ બાબત ચોક્કસ જાણીને કહ્યું કે—એમ બનો. ગુરૂએ તે બન્નેનું મોઢું ઉચું કરીને પૂછયું, તે બંને જણે કબુલ કર્યું, તેથી દીક્ષા આપી બંનેને

સાજા કર્યા. હવે તે સાધુ પણું પાલન કરે છે, પરંતુ પુરોહિત-પુત્ર શિવકેતુ 'અમોને ગુરૂએ બલાત્કારે દીક્ષા આપી, છતાં' ગુરૂ ઉપર દ્વેષ ધારણ કરતા નથી. આમ બંને જણા સાધુ-પણાની વિરાધના નહિ કરેલી હોવાથી આયુષ્ય પૂર્ણ થયે કાલધર્મ પામી, સૌધર્મદેવલોકમાં **સૂરકાંત** અને **ચંદ્રકાંત** નામે મહર્ધિક દેવપણે ઉત્પન્ન થયા. ઉદાર દિવ્ય વિષય સુખને ભોગવતા ઘણો કાળ ચાલી ગયો, એક અવસરે શ્રી સીમંધર સ્વામીને વંદન કરવા મહાવિદેહમાં ગયા, ત્યાં તેઓએ ભગવંતનું વચન સાંભળ્યું કે—

**पाविज्जइ सुररिद्धी, पाविज्जइ रज्जसंपया विउला।**
**जिणधम्मे पुण बोही, सुदुल्लभा भवसमुद्दंमि ॥१॥**

દેવોની રિદ્ધિ પામી શકાય છે, અને વિપુલ રાજ્ય સંપદા પમાય છે. પણ આ ભવસમુદ્રમાં જિનધર્મ વિષયક બોધિબીજ પામવું અત્યંત દુર્લભ છે.

તે વચન સાંભળી સૂરકાંતદેવે પૂછ્યું કે—હે ભગવંત! અમો સુલભ બોધિવાળા છીએ? કે નહિ? ભગવંતે કહ્યું કે—હે સૂરકાંત! ચંદ્રકાન્તે ભવાન્તરમાં ગુરૂ ઉપર દ્વેષ કરેલો છે, તેથી કાંઇક દુર્લભ બોધિયો છે, અને તું તેવો નથી, આ સાંભળી ચંદ્રકાંતે કહ્યું કે—હે ભગવંત! બોધિને પામવા સારૂ મારે કયો ઉપાય કરવો? ભગવંતે કહ્યું કે—દર્શન વિશુદ્ધિમાં પ્રયત્ને કરી પ્રવર્તવું જોઈએ, તે સાંભળી તે બન્ને દેવો સંવેગરસને ધારણ કરતાં પોતાનાસ્થાનકે ગયા. તેવાર પછી ચંદ્રકાંતદેવ ભગવંતે કહેલ દુર્લભબોધિપણાનો મનમાં સંતાપ કરવા લાગ્યો. અને દર્શન શુદ્ધિ નિમિત્તે સુરગિરિ સરખી રમણીયતાવાળા આ પર્વતમાં તેણે શાંતિ-

જિનનું મંદિર બનાવ્યું, અને કેટલાકકાળ સુધી ભગવાનની પૂજાદિક કરતો અહીં રહ્યો. હવે એક અવસરે પોતાનો ચ્યવન સમય જાણી સૂરકાંત મિત્રદેવને તેણે કહ્યું કે- હે મિત્ર! તારે મને પ્રતિબોધ કરવો, જો કેમે કરી બોધ ન પામું તો તારે મને કનકશૃંગ ઉપરના શાંતિનાથ મંદિર પાસે લાવવો એમ ભલામણ કરી.

**સૂરપ્રભની પૂર્વ અવસ્થા**

પૂર્ણકાલે દેવલોકથી ચ્યવીને **મલયપુર** નગરમાં **મૃગાંક** રાજાની **મૃગાંકલેખા** રાણીની કુક્ષિમાં ઉત્પન્ન થઈ, પૂર્ણ અવસરે જન્મ થયો. એક માસ સુધી રાજાએ વધામણી મહોત્સવ કર્યો, અને **સૂરપ્રભ** નામ પાડ્યું. અનુક્રમે કળાઓનો અભ્યાસ કરી યૌવન પામ્યો, અને મદનલેખા રાણી પરણ્યો. તેણીની સાથે વિષય સુખને ભોગવતો કાલ પસાર કરે છે. એક અવસરે રાત્રિના ત્રીજા પહોરે ભૂમિ ઉપર સંથારામાં રહેલ પોતાની પાસે મનોહર આકૃતિવાળા એક અણગાર મુનિવરને ધર્મને કહેતા દેખે છે.

"જન્મ જરા અને મરણ તે જેમાં જલ છે, અનેક પ્રકારના વ્યાધીરૂપી જલચર જીવોએ જે ભરેલ છે, એવા અપાર ભવસમુદ્રમાં ખરેખર મનુષ્ય ભવ મળવો દુર્લભ છે. જીવોને મળેલ રૂપ પણ અશાશ્વત છે, અને જીવતર વિજળી પેઠે ચંચળ છે, અને યુવાવસ્થા સંધ્યાનારાગ જેમ અલ્પકાળ રમણીય છે, અને લક્ષ્મી હાથીના કાન પેઠે ચપળ છે, અને વિષયસુખ ઇંદ્રધનુષ્ય પેઠે અલ્પકાલીન છે. માટે હે ભદ્ર! તું બોધ પામ અને મોહને છોડી દે. કિંપાક ફળસરખા

કામભોગો ઝેરનું કાર્ય કરનારા અને પાપના બંધન કરાવવાવાળા છે. મોઢે મીઠા અને પરિણામે દારૂણ છે. આજીવે દિવ્ય ભોગો, સુર અસુર ગતિમાં ભોગવ્યા છે, અને મનુષ્ય ગતિમાં ભોગવ્યા છે, પણ હે જીવ! લાકડાથી અગ્નિની જેમ તૃપ્તિ તું પામ્યો નહિ, તો આ સારાસાર જાણીને હે ભદ્ર! તું સકલ સુખનું કારણ જે જૈનધર્મ તેને સ્વીકારી આદરવાળો બન."

આ અવસરે અરે આ તે શું ઇંદ્રજાળ છે? એમ કલ્પના કરતા સુરપ્રભકુમારે મુનિને દેખીને કહ્યું કે–તમે કોણ છો? શા માટે અહીં આવ્યા છો? મુનિએ કહ્યું કે–હું શ્રમણ છું, અને તને ધર્મોપદેશ આપવા આવેલ છું. કુમારે કહ્યું, શું આ ધર્મકથનનો કાળ છે? મુનિએ કહ્યું ધર્મકથનને કોઇ અકાલ નથી; કુમારે કહ્યું–પણ ધર્મ મને રૂચતો નથી, મુનિએ કહ્યું–ધર્મ સિવાય કોઇપણ સુખ પામતું નથી. કુમારે કહ્યું–અરે સુખતો અર્થકામથી થાય છે, મુનિએ કહ્યું તે અર્થ કામો પણ ધર્મથી પમાય છે. કુમારે કહ્યું, અર્થકામ દૈવની સહાયથી મલે છે, કેવળ ઉદ્યમથી મળતા નથી, અને દૈવ તેજ ધર્મ છે. આ વાતચિત થતાં પ્રભાત થયો મુનિ ચાલ્યા ગયા. તેથી વિચાર કર્યો કે શું આતે ઇંદ્રજાળ છે? કે સ્વપ્નું છે? કે મારી બુદ્ધિનો વિપર્યાસ છે? કે કોઇ દિવ્ય પ્રયોગ છે? એમ વિચાર કરતો સુરપ્રભ પોતાના પલંગેચઢીને બેઠો, આ પ્રમાણે બીજા ત્રીજા દિવસે પણ મુનિ આવી રીતે દેશના આપવા લાગ્યા, પણ કુમાર પ્રતિબોધ પામ્યો નહિ, હવે એક અવસરે સ્વપ્નમાં તેણે નારકસ્થાન દેખ્યું, તેમાં ચક્ર તલવાર વાંસલો ભાલો બાણ અને તોમર વિગેરે શસ્ત્રોથી છેદાતા

ભેદાતા અને અગ્નિ જવાલાએ બળાતા નારકી જીવો દેખ્યા, તેમજ યંત્રમાં જેઓના દેહ ચૂરી નાંખ્યા છે, તરવા સરખા પાંદડાવાળા વનમાં જેના દેહો કપાઈ રહ્યા છે, વૈતરણી નદીમાં જેઓના દેહ બળી રહ્યા છે, અને જેઓ શાલ્મલી વૃક્ષને આલિંગન કરી રહ્યા છે, એવા નારકીઓ જોયા, અને તપાવેલ તરવું જેઓના મુખમાં નંખાઇ રહેલ છે, અને સ્વદેહનું માંસ કાપી ખવરાવાય છે, તેથી કરૂણ સ્વરે આરડી રહ્યા છે, એવા નારકજીવો દેખ્યા; આ પ્રકારનું સ્વપ્નું દેખી બેબાકળો થઈ જાગી ઉઠયો, તો પાસે બેઠેલ મુનિને જોયા, મુનિએ પૂછયું કે-કેમ ભયભ્રાંત બન્યો છે? કુમારે કહ્યું કે—મેં સ્વપ્નામાં ભયંકર નારકસ્થાન દેખ્યું, માટે હું ભયભ્રાંત બન્યો છું. મુનિએ કહ્યું—બેબાકળા બનવાથી શું વળે? વિષયસુખ સેવનારાએ તે નારકીમાં અવશ્ય જવું પડે છે. કુમારે કહ્યું કે-કોણે નારક લોક જોયો છે? અને સ્વપ્નામાં દેખેલ વસ્તુ સાચી હોતી નથી. માટે સાંભળો તેનું સ્વરૂપ હું કહું છું;

**સત્ય અસત્ય સ્વપ્નાની કથાઓ**

એક ગામમાં ગણુા ઓરડાવાળો મઠ છે, તેમાં એક શિષ્યવાળો એક મહંત સાધુ રહે છે. એક સમયે તેણે રાત્રીમાં લાડવાએ ભરેલ મઠનો એક ઓરડો સ્વપ્નામાં જોયો, આનંદ પામી મહંતે શિષ્યને તે વાત કહી. તે સાંભળી શિષ્યે ગુરૂને કીધું કે—જો આટલા બધા લાડવા છે, તો ગામને ભોજન માટે નોતરૂં આપીએ, કારણુકે આપણે પહેલાં ગામના ઘરોમાં બહુ વખત જમ્યા છીએ. મહંતે તે વાત સ્વીકારી, એટલે શિષ્ય ચોરામાં

જઇને ઠાકોર સહિત ગામને નોતરૂં આપવા લાગ્યો. ગામલોકોએ કહ્યું કે—મહંતપાસે આટલી બધી સામગ્રી છે નહિ માટે તે વાત મનાય નહિ, એટલે અનિચ્છા છતાં પણ ગામના લોકોને શિષ્ય મનાવવા લાગ્યો કે–ધર્મ પસાયે બધું થઇ રહેશે, આમ બલાત્કારે ભોજનનું નોતરૂં કબુલ કરાવ્યું. અને ભોજન મંડપ કરાવ્યો, આસનો ગોઠવી દીધા, ઉચિત અવસરે ગામલોક આવી આસન ઉપર બેઠાં. દરેકને ભોજનપાત્ર અપાઇ ગયાં. આ સમયે મહંત લાડવા લાવવા નિમિત્તે ઓરડામાં પેઠો, પણ લાડવાનો કકડો સરખો પણ દેખાતો નથી, તેથી તે ગભરાયો, અરે લાડવાની ભરેલ વખાર ભુલી ગયો કે શું ? તેથી તે વખારને જોવા માટે ફેર હું સુઇ જાઉં છૂં, શિષ્યને કીધું કે તારે લોકનો કોલાહલ નિવારવો, એમ કહી તે સૂઇ ગયો. આ અવસરે શિષ્યે લોકોને કહ્યું કે–તમો કોલાહલ ન કરશો, કેમકે મારા ગુરૂ સુઈ ગયા છે. લોકોએ કીધું કે—ચેલાજી અત્યારે ગુરૂજી કેમ સૂઇ ગયા ? શિષ્યે કહ્યુ કે—તમોને ભોજન કરાવવા માટે સ્વપ્નામાં જે વખાર લાડવાથી ભરેલી દેખી હતી, તે ભુલી ગયા છે, માટે તેને જોવા માટે સૂઈ ગયા છે. આવી વાત સાંભળી ગામના લોકો હસવા લાગ્યા. પરસ્પર હાથતાલી આપી કુદવા માંડ્યા, અને જાણ્યું કે આ મહંત અને શિષ્ય બન્ને મૂરખા છે. એમ જાણી પોતાના ઘરે ગામના લોકો ચાલી ગયા. માટે હે શ્રમણ ! દેખેલું સ્વપ્નું સાચું હોતું નથી. મુનીએ કહ્યું કે–હે કુમાર ! આ વાત ચોક્કસ માનવા જેવી નથી; કેમકે શુભાશુભ કર્મના વશ થકી અને દેવતાના પ્રભાવથી દેખેલું

સ્વર્ગનું સાચું હોય છે. તેનું તું દૃષ્ટાંત સાંભળ—**પદ્માવતી** નામની નગરી છે. તેમાં દાતા સાહસી પ્રથમ યુવાવસ્થાવાળો **પુરિસોત્તમ** રાજા છે. તેના રાજ્યની ચિંતા કરવાવાળો ભાઇસમાન પરમમિત્ર કુશલ બુદ્ધિવાળો મંત્રિપુત્ર **સુમતિ** નામે છે. એકદા રાજસભામાં બેઠેલ રાજાની પાસે એક કાપાલિક–બાવો આવ્યો. રાજાએ નમસ્કાર કરી બેસાડયો. અને કીધું કે, હે ભગવંત! જે કાર્ય હોય તે કહી મારા ઉપર ઉપકાર કરો. બાવાએ કહ્યું કે, મારા પાસે ગુરૂપરંપ-રાથી આવેલ મહાફલવાળો મહામંત્ર છે, તે અદ્વિતીય સાહસવાળા પુરુષની સહાયથી સિદ્ધ થઈ શકે તેમ છે. તમે દયાવાળા દાક્ષિણ્ય–સાહસ–પ્રતિપન્નનું પાલન કરવું ઇત્યાદિક ગુણોથી સાચા **પુરિસોત્તમ** છો. તો તે મંત્ર સાધવામાં મને તમો સહાય કરો. આ વચન સાંભળી પરમાર્થ કરવામાં તત્પર અને સરળસ્વભાવી રાજાએ તે વચન સ્વીકાર્યું. તેથી કાલિચઉદશે મસાણમાં તમારે એકલા આવવું એમ કહી બાવો ચાલ્યો ગયો. રાજા પણ તે રાત્રિએ મસાણમાં ગયો અને બાવાને દેખી શું હુકમ છે? એમ કહેવા લાગ્યો. બાવાએ પણ એક અક્ષત મડદું લાવો એમ હુકમ કર્યો. રાજાએ કહ્યું–કે રાત્રિમાં મડદું ક્યાંથી મળે? ત્યારે બાવાએ કીધું કે–અહીંથી નજીક એક પીપળાની ડાળ-માં લટકાવેલ એક મૃત પુરૂષ છે, તેને લાવો. એમ કહી રાજાને ત્યાં મોકલ્યો, વિનિતપણું હોવાથી ત્યાં રાજા જલ્દી ગયો. ત્યાં મડદું દેખી બંધ છેદવાને છરો કાઢી છેદવા લાગ્યો; પરંતુ ઉંચી ડાળ હોવાથી તે દોરડી છેદાઇ નહિ, તેથી ઉપર ચડી દોરડી છેદી, કે તરત મડદું નીચે પડયું. તેને લેવા માટે તે નીચે ઉતર્યો, કે–તરત તે ઝાડ ઉપર લટકતું

મડદું તેણે જોયું. તેથી તર્ક કરવા લાગ્યો કે-"મેં બરાબર દોરડી છેદી નહિ હોય" ફેર ચડી છેદી નીચે પાડું એમ ધારી ફેર ચડી દોરડી છેદી મડદું નીચે પાડયું. નીચે આવી ગ્રહણ કરવા જાય છે ત્યાં તો વૃક્ષ ઉપર લટકતું જોયું, ત્રીજી વખત પણ તેમજ બન્યું, તેથી જાણ્યું કે નક્કી આ કોઇ દિવ્ય પ્રકાર છે, તેથી ઉપર ચડી મડદું પોતાની બાથમાં ઘાલી વૃક્ષ ઉપરથી ભુસકો મારી નીચે પડયો; અને મડદું ઉપાડી ચાલવા લાગ્યો કે-આકાશમાં વાણી થઇ, કે હે મહા રાજવિ ! તમે મડદું ન લેઇ જાઓ. તેથી રાજાએ વિચાર્યું કે કોઈ રાક્ષસી કે વનદેવતા ના પાડી રહી છે, તેથી રાજાએ કીધું કે-તું કોણ છે ?, શા માટે મડદાનો નિષેધ કરી રહેલ છે ?, તે દેવીએ કીધું કે-હું તમારા રાજ્યની અધિષ્ઠાયિકા દેવી છું, તમારી સાચવણી કરવી તે મને ઇષ્ટ છે. આ દુષ્ટ કાપાલી આ મડદાના હાથમાં તરવાર રખાવી નીચે બેઠેલ તમોને મારી નાંખીને સુવર્ણ પુરૂષ સાધવાના નિયમવાળો તે છે. માટે હું વારૂં છું; અને ઝાડથી મડદું તમોએ પાડયું છતાં વારંવાર ઝાડ ઉપર લટકતુ મેં કર્યું હતું, માટે તમો આ અસાધ્ય વ્યાપારથી વિરમો. રાજાએ કહ્યું કે-ભલે આમ છે છતાં સત્પુરૂષો સાચી પ્રતિજ્ઞાવાળા હોય છે, કેમ કે-"વિનાશ થઈ જાય તો પણ મહાપુરૂષો પોતાનું સ્વીકારેલું વચન પાળે છે, અન્યથા કરતા નથી. દીનપણાને પામતા નથી, અને પ્રાર્થનાનો ભંગ પણ કરતા નથી." માટે હે ભગવતિ ! સ્વીકારેલું કાર્ય હું મૂકીશ નહિ, પણ જે સાવચેતી રાખવી હોય તે ફરમાવ. તેથી દેવીએ કહ્યું કે-જો તમારો આવો આગ્રહ છે, તો તમારે ૐકારનું ધ્યાન કાળાવર્ણવાળું તલવાર યુક્ત,

મડદાના કપાળમાં કરવું, આ પ્રકારેથી કુશલ થશે. એમ કહી દેવી ચાલી ગઇ. રાજા પણ કાપાલિક પાસે પહોંચ્યો, તેને મડદું દેખાડયું, અને મંડલમાં મૂકયું. કાપાલિકે કહ્યું કે–હે મહારાજ! તમારે આ મડદાના પગે તેલ ચોપડયા કરવું, આ પ્રમાણે મંત્ર સિદ્ધ થાય છે. એમ કહી મડદાના હાથમાં તલવાર આપી મંત્ર જાપ કરવા લાગ્યો. રાજા પણ પ્રયત્નથી કહ્યા પ્રમાણે ૐકારનું ધ્યાન કરતો મડદાના પગમાં તેલ ચોપડવા માંડયો. ક્ષણવારમાં મંત્રનું અચિંત્ય સામર્થ્ય હોવાથી મડદું તલવાર પકડી ઉભું થયું; રાજા પણ તે દેવીએ આપેલ ૐકારનું અત્યંત ધ્યાન કરી રહેલ હોવાથી, પ્રહાર કર્યા સિવાય મડદુ મંડલમાં પડી ગયું, તેથી આ શું થયું ? આથી કાપાલિક અત્યંત ઉપયોગવાળો બન્યો. બીજી વખત પણ તેજ પ્રમાણે બન્યું, અને ત્રીજી વખતે મંત્રદેવી કોપાયમાન થઇને તે કાપાલિકને કુંડમાં પાડી દીધો. તેથી તે સુવર્ણ પુરૂષ બની ગયો, અને ઉભું થયેલું મડદુ પડી ગયું. તેથી રાજા વિચારવા લાગ્યો કે–અહા કેવું મંત્રનું સામર્થ્ય છે ?, કૌતુકી બની રાજાએ તે સુવર્ણ પુરૂષ ભૂમિમાં સંતાડયો, અને પ્રભાતે કોઈ જાણે નહિ તેમ રાજમહેલમાં પહોંચી, પોતાના મહેલમાં તે સુવર્ણ પુરૂષ મંગાવી લીધો. આ પ્રકારે કોઇને નિષેધ કર્યા સિવાય સતત્ દાન આપનાર અને દેવોની પૂજામાં તત્પર એવા તે રાજાના કેટલાક દિવસો ચાલી ગયા. હવે એક અવસરે પાછલી રાત્રીમાં તે રાજાએ સ્વપ્નું જોયું કે–હું કોઇક શ્રેષ્ટ નગરીમાં ગયો છું, તેમાં ભમતા એક ચોકમાં રહેલ દેવમંદિરમાં બે તાપસણી જોઈ, તેણીની પાસે રતિનું રુપ જેણીએ જીતી લીધું છે તેવી એક રાજકુમારી બેઠેલી

જોઇ, તેથી ચિંતવવા લાગ્યો કે–અહો આ રમણી બનાવવામાં પ્રજાપતિએ વિજ્ઞાનનો જબ્બર ઉપયોગ કર્યો લાગે છે; આ કન્યાનો જેના ઉપર અનુરાગ હશે, તે પુરૂષ પુણ્યશાલી વિધિએ બનાવેલ હશે. આ અવસરે પ્રભાતીયાં ગાનાર મનુષ્યોએ રાજાને જગાડી દીધો, તેથી વિચારે છે કે–તે નગરી કઈ? અને તે કુમારી કઇ? એમ વિચારમાં રાજા ગુંથાયો છે; તેથી શય્યામાંથી ઉઠતો નથી. આ સમયે પ્રધાન સુમતિ રાજા પાસે આવ્યો, ચિંતાતુર રાજાએ તેને બોલાવ્યો નહિ; તેથી સુમતિએ પૂછયું કે–હે મહારાજ! કેમ ખેદિલા જણાઓ છો?, રાજાએ સ્વપ્નનો વૃત્તાંત કહ્યો. તેણે કીધું કે–હે દેવ! સ્વપ્ના ઉપર અત્યંત વિશ્વાસી ન બનવું જોઈએ, તેથી ખેદ મૂકી દો, અને પલંગથી ઉઠો, અને કરવા લાયક કાર્ય કરો. રાજાએ કહ્યું કે–તમામ સ્વપ્નાઓ અસત્ય હોતા નથી. સ્વસ્થચિત્તવાળા જીવને તે સાચા હોય છે, તેથી જ્યાંસુધી મારૂં આ સ્વપ્નું સાચું ન પડે ત્યાંસુધી મારા મનને શાંતિ નહિ થાય; તેથી હે મિત્ર! આમાં જે ઉપાય હોય તે તું પ્રગટ કર. આથી સુમતિએ જાણ્યું કે–અહો આ સ્વપ્નુ સાચું પાડવામાં રાજાનો અતિ આગ્રહ છે. સંસારમાં સર્વ વૃત્તાંતો સંભવિત છે, એમ વિચારી કહ્યું કે–હે રાજન્! આપનો અત્યંત આગ્રહ હોય તો સ્વપ્નામાં દેખેલી નગરીના આકારવાળી એક નગરી બનાવો, અને તેમાં એક ભોજનશાળા બનાવો, તેમાં ભોજન માટે આવેલ બ્રાહ્મણ વણિક અને તવંગર, ગરીબ વિગેરે આ બનાવેલ નગરી સંબંધી કાંઇક બોલશે; તેથી આપે સ્વપ્નામાં કઈ નગરી જોઇ તેના નામનો પત્તો લાગશે; આ પ્રમાણે સાંભળી રાજા બોલી ઉઠયો કે–

હે સુમતિ ! તારી બુદ્ધિ જબ્બર હોવાથી ખરેખર તું સુમતિ જ છે. એમ કહી પલંગથી નીચે ઉતરી, યોગ્ય કાર્યો કર્યા પછી થોડા સમયમાં જ નગરી કરાવી, દાનશાલા શરૂ કરી, કાર્પ-ટિક આદિ ઘણા લોકો આવી ભોજન કરે છે. સુમતિ પ્રધાન તેઓને દેશાંતરની પ્રવૃત્તિઓ પૂછે છે, અન્યદા બે મુસાફરો દાનશાલામાં જમ્યા, સુમતિએ તેને બોલાવ્યા, એટલે મહેલ ઉપર ચઢયા, ચારે બાજુએથી નગરી જોઈને તે બંનેને આંખમાં આંસુ આવ્યા. સુમતિએ તે જોઈ પૂછયું કે–હે ભદ્રો ! તમો ઓચિંતા કેમ શોકિલાની જેમ બની ગયા ! તેઓએ કહ્યું કે–અમોને અમારા સગા વ્હાલા યાદ આવ્યા. સુમતિએ કહ્યું કે–અહીં બંધુજનના સ્મરણનું શું કારણ બન્યું. તેઓએ કહ્યું કે–આ નગરીનું દર્શન કારણ બન્યું. તેથી પૂછયું કે તમારી નગરી કેવી છે ? ત્યારે જવાબ આપ્યો કે–મનુષ્યને છોડી દઈને આ નગરી આબેહુબ અમારી નગરી સરખી છે. સુમતિએ કીધું કે તમારી નગરી કઈ દિશામાં છે ? અને તે નગરીનું શું નામ છે ?, તેમાં રાજા કોણ છે ? તેઓએ જવાબ આપ્યો કે–ઉત્તર દિશામાં **પ્રિયંકરા** નામની અમારી નગરી છે, ત્યાં **સત્યસાર** રાજા છે, આ વાત સાંભળી તેઓનો સત્કાર સન્માન કરી વિસર્જન કર્યા. અને સુમતિ રાજા પાસે પહોંચ્યો, અને કહ્યું કે હે રાજન્ તમારૂં સ્વપ્નું સાચું ઠરશે, કેમકે મેં પણ આજે સ્વપ્નું જોયું કે રાજા એકલા ઉત્તર દિશામાં ગયા, અને રત્નમાલાનો લાભ મેળવી જલ્દી પાછા આવી ગયા. આજરોજ બે મુસાફરોએ ઉત્તર દિશામાં સ્વપ્નામાં સૂચવેલ નગરી કહી, તેથી હે મહારાજ ! હવે કાલો-ચિત ચિંતવો. રાજાએ કહ્યું કે–હે સુમતિ ! તારા સ્વપ્નાએ

સૂચવેલ કાલોચિત કાર્ય આ છે, કે–રાજા અપટુ શરીરવાળા એકાંતમાં ઔષધ કરાવે છે, એમ લોકોને જણાવતો અને રાજ્યકાર્ય કરતો કેટલાક દીવસો તું પસાર કર, અને હું સ્વપ્નાએ સૂચવેલ બાબત તપાસી ખાત્રી કરી પાછો આવું છું. આ સાંભળી સુમતિએ વિચાર્યું કે–આ બાબતમાં બીજો કોઇ ઉપાય નથી, અને આજ મને પણ સ્વપ્નું આ બાબતનું આવેલ છે, તેથી અનુમતિ આપું; એમ નક્કી કરી રાજા પાસે કબુલ કર્યું. તેથી રાજા રાત્રિમાં વેષનું પરિવર્તન કરી તલવાર લઇ નગરથી નીકળ્યો, અનુક્રમે અખંડ પ્રયાણ કરી પ્રિયંકર નગરીએ પહોંચ્યો, ચારે બાજુ તે નગરીને જોતો આશ્ચર્ય પામતો ચઉટામાં ગયો. ત્યાં એક દેવાલય દેખ્યું, અંદર પેસી નમસ્કાર કરી બહાર આવી પડશાલમાં જુએ છે તો સ્વપ્નાએ સૂચવેલ મધ્યમ વયવાળી એ પરિવ્રાજિકા અને **કમલશ્રી** રાજકન્યા દેખવામાં આવી. તેથી ખરેખર મારો પરિશ્રમ સફલ થયો અને સ્વપ્નું સાચું પડયું એમ મનમાં વિચારી આનંદિત બન્યો.

**પરિવ્રાજિકા અને રાજકન્યા સ્વરૂપ.**

રાજાએ ત્યાં જઇ તાપસણીને નમસ્કાર કર્યો, તેણીએ સકલ ઇચ્છિત સિદ્ધિ થાઓ એમ આશિર્વાદ આપ્યો, અને આસન આપ્યું તેમાં તે બેઠો. અહો આ મનોહર આકૃતિવાળા કોણ છે? આ પ્રકારે ચિંતવીને પરિવ્રાજિકાએ પૂછયું કે–હે મહાભાગ્યશાલિ! તમો કયા નગરથી પધાર્યા? રાજાએ કહ્યું કે–પદ્માવતી નગરથી. તેણીએ પૂછયું કે–શા પ્રયોજને આવવું થયું? રાજાએ કહ્યું કે–તમારા દર્શન માટે. તે વાર પછી સ્નેહપૂર્વક વિશિષ્ટ

વાતચિત કરી, યાવત્ ભોજનકાલ થઈ ગયેલ હોવાથી તાપસણીએ કહ્યું કે—અમારે અતિથિજન વલ્લભ હોય છે. માટે તમારે ભોજન અહીં કરવાનું છે, બીજે જવાનું નથી. માટે તમે અમારા પરોણા થાઓ. એમ કહીને તે તાપસણીઓ ભિક્ષા લેવા ગઇ, અને રાજકન્યા પોતાના પરિવારે સહિત પોતાના સ્થાને ગઇ. રાજા પણ વિચારવા લાગ્યો કે—આ પરિવ્રાજિકાનું કેવું પ્રેમાળપણું છે, અને રાજકન્યાનો સુંદર રૂપનો કેવો અતિશય છે, એમ આશ્ચર્ય પામી ત્યાં રહ્યો. ક્ષણવારમાં તાપસણીઓ ભિક્ષા લઇ આવી અને મનોજ્ઞ ભોજન રાજાને કરાવ્યું, પછવાડે તેણીઓએ ભોજન કર્યું. ભોજન કર્યા બાદ જલાશય જોવા હું જાઉં છું, એમ કહી રાજા નગર બહાર ગયો; અને એક મોટું અનેક પ્રકારની વનરાજીએ શોભિત અને પાળ ઉપર એક સુંદર દેવભવન રહેલ છે એવું સરોવર તેણે દીઠું. તેમાં મુખનું પ્રક્ષાલન તથા સ્નાન કરી તેને જોવા માંડયો. અહો આ વનની બહુ સુંદરતા છે; એમ કૌતુક પામી પરિશ્રમને ઉતારવા માટે દેવકુલના વિશાલ શિલાપટ્ટ ઉપર સૂઈ ગયો, ઠંડકને લઈ તેને ત્યાં નિદ્રા આવી ગઈ.

આ અવસરે દેવપૂજા નિમિત્તે એક વિદ્યાધર ત્યાં આવ્યો.

**વિદ્યાધરનો વૃત્તાંત.**

તેણે પોતાની સ્ત્રીને હુકમ કર્યો કે, 'તું પૂજા નિમિત્તે બગીચામાંથી પુષ્પો લાવ,' એમ કહી તેણીને મોકલી, પોતે દેવાલયમાં આવ્યો. તેણે સુતેલા રાજાને જોઈ ચિંતવ્યું કે—અહો આ માણસનું બહુજ સુંદર રૂપ છે, અને વિદ્યાધરથી અધિક લાવણ્ય છે. સ્ત્રીઓ ચંચલ ઈંદ્રિયોવાળી હોય છે, તેથી આ માણસને દેખી મારી પ્રિયા કેવા

પરિણામવાળી થઈ જશે ? તે માલુમ નથી પડતું. માટે આ પુરૂષનું સ્ત્રીનું રૂપ બનાવી દઉં. એમ ચિંતવી ધીમેથી રાજાના જમણા હાથે એક માદળીયું બાંધ્યું. એટલે ઔષધિનું અચિંત્ય સામર્થ્ય હોવાથી રાજા યુવતી સ્ત્રીરૂપ બની ગયો. આ સમયે વિદ્યાધરી ત્યાં આવી પહોંચી; અને તે યુવતીને દેખી. 'અહો કેવી સુરુપા યુવતિ છે,' આ સ્ત્રીને દેખી મારો પતિ કેવા પરિણામવાળો થઇ જશે ? માટે જલ્દી અહીંથી ચાલ્યા જવું, એમ ચિંતવી પતિ પાસે જઇ કહ્યું કે—હે પ્રિયતમ; બહુ મોડું થઈ ગયું માટે જલ્દી ચાલો; એમ બાનું કાઢી પોતાના પતિને લઈ પોતાના સ્થાને ચાલી ગઇ. આ વખતે રાજા જાગ્યો, પોતે સ્ત્રીરૂપ બની ગયો છે એમ જાણી વિચારવા લાગ્યો કે—શું આ ઇંદ્રજાળ છે ? કે સ્વપ્નું છે ? કે કોઈ અન્ય પ્રયોગ છે ? એમ ચિંતવતો પોતાનું શરીર તપાસવા લાગ્યો, હાથે બાંધેલું માદળીયું જોયું તેથી ખરેખર આ માદળીયાનો પ્રભાવ છે એમ નક્કી કરી હાથથી તે છોડી નાખ્યું. કે મૂલ પુરૂષ સ્વરુપ બની ગયું. એટલે અહો આ માદળીયાનો કેવો પ્રભાવ છે ? પણ કોણે ? અને શા કારણે બાંધ્યું ? એમ ચિંતવતો પરિવ્રાજિકાના આશ્રમમાં ગયો. તાપસણીએ પૂછયું કે—કેમ બહુ વાર લાગી ? ઉત્તર આપ્યો કે-ત્યાં વિસામો લીધો, એમ રાજાએ જણાવ્યું. આ અવસરે તે રાજકન્યા આવી પહોંચી, રાજા અનુરાગ સહિત તેણીને જોવા લાગ્યો. પરિવ્રાજિકા તે ચિન્હ જોઇ ગઈ. હવે તે રાજપુત્રી તાપસણી પાસે ભણવા લાગી. સંધ્યાકાળે પોતાને સ્થાને તેણી ગઇ, કેવી રીતે આ કન્યાને મેળવવી એમ ચિંતાતુર થયેલ રાજાને દેખી મોટી તાપસણી કહેવા લાગી કે-તમો ખેદવાળા કેમ જણાઓ છો ? હું તો

તમારી માતા સમાન છું, એટલે રાજાએ વિચાર્યું કે 'આનો અવિશ્વાસ રાખવા જેવો નથી.' તેથી પોતાને આવેલ સ્વપ્નાની-વાત કહી દીધી. અને મને 'યોગ્યસ્થાને અનુરાગ છે' એમ ચિંતવી તાપસણીએ કહ્યું કે—હે મહાભાગ! તમો આ રાજકન્યાને લાયક છો, પણ રાજકન્યાને પુરૂષ ઉપર દ્વેષ છે, તેથી પુરુષનું નામ પણ સહન કરતી નથી. રાજાએ કહ્યું કે—તે રાજકન્યાનો પુરુષ ઉપરનો દ્વેષ તેણી સાથે દરરોજ દીવસે વાર્તાલાપ કરી ઉતારી નાખું, તાપસણી બોલી કે-આ વાત સંભવે ખરી; પણ રાજકન્યા પુરૂષ સાથે બિલકુલ વાતચીત કરતી નથી. રાજાએ કહ્યું કે-મારૂં સ્ત્રીરૂપ બનાવું તો વાર્તાલાપ કરશે કે નહિ? તાપસણી બોલી કે-સ્ત્રીરૂપ બનાવવામાં તમારા પાસે કોઇ ઉપાય છે? રાજાએ હા પાડી, કયો ઉપાય છે? ઉત્તર આપ્યો કે, માદળીયાના પ્રયોગથી સ્ત્રીરૂપ બનાવું. તાપસણી બોલી કે-જો એમ છે તો તમારૂં ઇચ્છિત ફળશે કેમકે મહા-ભાગ્યવંતનેજ સ્વપ્નું પણ સફળ થાય છે. માટે તમે કાલે સ્ત્રીરૂપ બનજો; તે રાજાએ સ્વીકાર્યું. હવે બીજે દિવસે રાજા સ્ત્રીરૂપ બનાવી બેઠા છે, ત્યાં તો રાજકન્યા આવી જોઇ પૂછવા લાગી કે, હે ભગવતિ! આ બ્હેન કોણ છે? તાપસણી બોલી કે-પદ્માવતી નગરીથી મારી ભત્રીજી **સુલોચના** આજ મારા મેમાન થયાં છે. રાજકન્યાએ કીધું કે-જો એમ છે તો આ મારે બ્હેન સમાન છે, માટે મારી સાથે ભોજન વસવાટ વિગેરે કરશે; તાપસણીએ આ વાત સ્વીકારી. ઉચિત સમયે પોતાના મ્હેલે લઇ ગઇ, ખેમકુશલ સમાચાર પૂછયા, ભોજનાદિક કર્યું. આ પ્રકારે સાથે ક્રીડા કરતા તે બન્નેને કેટલાક દીવસ ચાલી ગયા. માંહોમાંહે દૃઢ પ્રીતી થઈ ગઇ.

એક અવસરે સુલોચનાએ કહ્યું કે–હે પ્રિય સખિ! તું યુવાન થઇ છતાં રાજાએ તને કેમ પરણાવી નથી? રાજકન્યાએ કહ્યું કે–મને પુરૂષ ઉપર દ્વેષ છે, માટે મને પરણુવા ઇચ્છા નથી. શા કારણે પુરૂષ ઉપર દ્વેષ થયો છે? રાજકન્યાએ કહ્યું કે–જાતિસ્મરણ જ્ઞાનથી થયો છે; કેવી રીતે? તો રાજકન્યાએ પોતાનો પૂર્વવૃત્તાંત પોતાની સખીને કહેવા માંડયો.

**હાથી હાથણીનું સ્વરૂપ**

એક મહાન વનમાં માંહોમાંહે તીવ્રરાગવાળું એક હસ્તિ યુગલ હતું. કોઇ એક વખત ગ્રીષ્મ ઋતુમાં દાવાનલ પ્રકટયો, તેથી નાસભાગ કરતું પૂર્વે જોયેલ એક ઉખર ક્ષેત્રમંડલમાં તે હસ્તિયુગલ ગયું. તે મંડલ સસલા, ભૂંડ, હરિણ વિગેરે અરણ્યના પશુઓથી ખુબ ભરાઈ ગયેલું જોયું. તેઓની અનુકંપાથી હાથી અને હાથણી બીજે જવા માંડયા, એટલામાં વનદાવ આવી પહોંચ્યો, હાથી પ્રાણ લઇ નાસી ગયો અને હાથણી સપડાઈ ગઇ. અને વિચારવા લાગી કે અરે પતિનું કેવું નિઃસ્નેહીપણું, મને મૂકીને નાસી ગયો, માટે આજસુધી તેના ઉપર મેં ફોકટ સ્નેહ રાખ્યો. આ પ્રમાણે વિરક્ત ચિત્તવાળી તે હાથણીને તે દાવાનલથી બળી મરણ પામી. હું રાજપુત્રી થઇ છું. હાથીની ક્રીડા જોતાં મને જાતિસ્મરણ જ્ઞાન થયું. તેથી પુરુષ ઉપર દ્વેષ પેદા થયો છે. તે સાંભળી રાજાને પણ જાતિસ્મરણ જ્ઞાન થયું. અને જાણ્યું કે–તે હાથી હું જ હતો; પણ રાજકુંવરીને કહ્યું નહિ. તાપસણીને તે વૃત્તાંત ખાનગીમાં કહ્યો. તેથી તેણીએ પોતાની બુદ્ધિની કુશલતાએ પૂર્વભવના વૃત્તાંત વાળો એક ચિત્રપટ ચિતરાવ્યો. તેમાં જલે શુંઢ ભરી બળતી

હાથણીને પાણી સિંચન કરતો હાથી દેખાડયો. હવે આ ચિત્રપટનો સાર કોઇક પુરૂષને શિખવી તાપસણીએ તેને નગરમાં ફરવા મોકલ્યો. તે ચિત્રપટ બારીમાં બેઠેલી રાજકન્યાએ દેખ્યો. તે જોઇ કૌતુકવાળી બની રાજકન્યાએ પોતાના મહેલમાં તે પુરૂષને બોલાવ્યો, અને ચિત્રપટમાં ચિતરેલું પોતાનુ ચરિત્ર દેખીને વિચારમાં પડી ગઈ. અહો મારો સ્વામી દાવાનલમાં નાસી નથી ગયો, પણ મને શુંઢવતી જલ સિંચી રહ્યો છે, તેથી હું કૃતઘ્ની છું કે, તે મહાનુભાવ ઉપર મેં અનાદર કરી, બહુ ખોટું કર્યું. એમ ચિંતવી પૂછવા લાગી કે કોણે આ ચિત્રપટ ચિતરાવ્યો છે?. પુરૂષે જવાબ આપ્યો કે, પદ્માવતી નગરીમાં **પુરિસોત્તમ** રાજા છે. તેને જાતિસ્મરણ જ્ઞાન થયું તેથી તેણે પોતાનો પૂર્વભવ જાણ્યો અને ચિંતવ્યું કે. કોઇક ઠેકાણે મારી હાથણી પણ મનુષ્યભવ પામી હશે' તે જાણવા સારૂ સ્ત્રી ઉપરના અનુરાગથી પટ ચિતરાવી માણસોને દેશાવર મોકલેલા છે. મને પણ આ નગરીમાં મોકલ્યો છે. આ સાંભળી રાજકન્યા પુરિસોત્તમ રાજા ઉપર ગાઢ પ્રીતિવાળી બની. તેથી ચિત્તના ઉદ્વેગથી ભોજન શયન વિગેરે અવશ્યકરણી પણ તેણી કરતી નથી. તેની સખી સુલોચનાએ પૂછયું, ત્યારે યથાસ્થિતવૃત્તાંત સખીને જણાવ્યો. તેથી સુલોચના કહેવા લાગી, કે હે પ્રિયસખી! તું ખેદ ન કર. તને આ વસ્તુ પ્રાપ્ત થશે, કેમકે વિધાતાએ ચિત્રપટના બ્હાને તમોને પૂર્વભવપતિને શું કરવા જણાવ્યો? માટે તું આ વૃત્તાંત તારી માતાને કહે, એમ ચિત્ત સ્થિર કરાવીને કુમારી પાસે માતાને વૃત્તાંત કહેવરાવ્યો. તે રાણીએ પુરૂષ ઉપર કન્યા દ્વેષિણી છે એમ જાણી મહાખેદવાળા સત્યસાર

રાજાને જણાવ્યો. રાજાએ વિચાર્યું કે, 'આમાં એક ક્ષણ-વાર પણ વિલંબ ન કરવો' એમ જાણી જલ્દી મહાવિભૂતિ સહિત સ્વયંવરા મોકલવાનો બંદોબસ્ત કર્યો. રાજકન્યા પોતાનો વૃત્તાંત તાપસણીને જણાવી મારી સાથે સુલોચનાને સ્વદેશમાં મોકલો એમ રજા લઈ તે બંન્ને તાપસણીને ખમાવી રજા લઈ ચાલવા લાગી. અનુક્રમે પદ્માવતી પહોંચી, નગર બહાર પડાવ નાંખ્યો, સાયંકાળે સુલોચનાએ કહ્યું કે હું મારા ઘરે જાઉં છું, ફરી મળીશ, એમ કહી ગઈ; એટલે રાજા પોતાના મહેલમાં ગયો, ખુબ હર્ષવંત બનેલ સુમતિ પ્રધાન મળ્યો; રાજાએ સર્વ વૃત્તાંત કહ્યો. બીજે દીવસે મંત્રીએ રાજા સ્વસ્થ શરીરવાળા બન્યા છે તેમ ઉદ્‌ઘોષણા કરાવી. નગરીમાં મોટો ઓચ્છવ કર્યો, અને મહાન્ ધામધૂમપૂર્વક **કમલશ્રીને** નગરીમાં પ્રવેશ કરાવ્યો. અનુક્રમે કરી મોટા મહોત્સવપૂર્વક વિવાહ થયો, વધામણી કરી અને રાજારાણીને સ્નેહાનુબંધ થયો, અવસરે તેઓ જૈનધર્મ પામ્યા. તેથી હે સુરપ્રભકુમાર! આ નગરના દર્શનવાળું સ્વપ્નું સાચું પડયું. આ સાંભળી તે વાત સુરપ્રભકુમારને ગમી નહિ, તેથી મુનિ ચાલ્યા ગયા. પ્રભાતે શ્રમણનો વૃત્તાંત પોતાના પિતાને કુમારે જણાવ્યો. પિતાએ કહ્યું કે–'આ કોઈ વ્યંતરદેવનો પ્રયોગ લાગે છે, માટે તારે બીવું નહિ.' એમ જણાવી દિલાસો આપી, સાચવણી કરવા લાગ્યો. હવે એક દીવસે સુરપ્રભને મોટી મસ્તક વેદના થઈ, તમામ ઉપાયો કર્યા પણ મટી નહિ. રાત્રિના ટાઈમે મુનિ આવ્યા અને પૂછયું કે, 'કેમ આકુલવ્યાકુલ બન્યો છે.?' ઉત્તર આપ્યો કે મસ્તક પીડાથી. હું તારી માથાની પીડા દૂર કરૂં, પણ જો તું જૈનધર્મ સ્વીકારી દેરા-

સરોમાં પૂજા કરી, સાધુ પાસે જઇ, અને ધર્મોપદેશ સાંભળે તો. વેદનાનાવશથી તે વાત સ્વીકારી. એટલે માથે હાથ ફેરવી સાજો કર્યો. કીધા પ્રમાણે કરજે એમ કહી સાધુ ચાલ્યા ગયા. તેણે પણ આ બનાવ પિતાને કહી બે ત્રણ દીવસ સુધી બધું કર્યું, પછી બધું છોડી દઈ ભોગવિલાસમાં મસ્ત બન્યો. હવે એક દીવસે અસાધ્ય શૂલ વેદના ઉપડી, વૈદ્યોએ દવા કરી છતાં શમી નહિ. રાત્રિએ તેના પાસે કર્ત્રિમ સાધુ આવ્યા, અને કહ્યું કે, કેમ બુમાડા પાડે છે? હે ભગવંત! મને શૂલ ઉપડયું છે, ઉપકાર કરી તમો મટાડો, એમ મુનિને પ્રણામ કરી કહ્યું. મુનિએ ઉત્તર આપ્યો કે–તેં મસ્તક પીડા દૂર કરી તે સમયે બોલેલું પાળ્યું નથી, તેથી તને હું સાજો ન કરી શકું. કુમારે કહ્યું કે હવે અવશ્ય કરીશ સંદેહ રાખવો નહિ એમ કબુલાત કરી, તેથી પાણી મંત્રીને પાયું તેથી કુમાર સાજો થયો. હવે કેટલાક દીવસો સુધી સાધુવચન પાળ્યું. એક દીવસે ઘોડો ખેલવવા સુરપ્રભકુમાર બહાર ગયો. ઘોડાએ ઉપાડી આકાશમાં ઉડી આ ચૈત્ય પાસે લાવી મૂકયો. ત્યાં પોતાના મિત્ર સુરકાંત દેવને દેખ્યો. મિત્રે કહ્યું કે ' હે કુમાર સ્મરણમાં આવે છે આ દેવાલય? ઓળખે છે તારા મિત્ર સૂરકાંતદેવને? તેં મને ભલામણ કરી હતી, કે મને પ્રતિબોધ પમાડજે. તેથી તને પ્રતિબોધવા માટે રાત્રિએ મુનિનો વેશ લઇ હું આવતો જતો વિગેરે ઘણી મહેનત કરી અને છેવટે ઘોડો બની આ દેવાલય પાસે લાવ્યો, આ સઘળી બીના તને યાદ છે કે? આ સાંભળી સુરપ્રભ વિચારવા લાગ્યો કે, આ દેરાસર મેં કયારે જોયું હતું? અને આ મિત્રને કયારે દેખ્યો હતો? આ પ્રમાણે

ઉહાપોહ કરતાં જાતિસ્મરણ જ્ઞાન પામ્યો, અને ચારિત્ર-મોહનીયકર્મ ક્ષયોપશમ ભાવને પામ્યું.

તેથી અહો મિત્ર! દઢસ્નેહી પ્રતિજ્ઞા પૂર્ણ કરવામાં શૂરવીર અને પરોપકારી, જેણે મને મહા મોહનિદ્રામાં સુતેલને જગાડયો. તું મારો પરમ બંધુ છો; આ પ્રકારે સુરકાંતદેવની પ્રશંસા કરીને જિનાલયમાં ગયો, શ્રીશાંતિજિનને વાંદ્યા અને દેવે આપેલ આકાશગામિની વિદ્યાએ પોતાના નગરમાં જઈને માતપિતાને પુછી દેવમંદિરોમાં અઠ્ઠાઈ મહોત્સવ કરીને અને મહાદાન આપીને **ગુણસેનસુરિ** મહારાજ પાસે ચારિત્ર લીધું. તે **સુરપ્રભકુમાર** હે રત્નચૂડ હું પોતે જ છું. આ અવસરે આ મંદિર દેવે બનાવેલ છે, અને યાત્રા મહોત્સવ બહુ થયા છે. એમ સાંભળીને અહો 'તીર્થંકરોનો કેટલો જબ્બર પુણ્ય પ્રકર્ષ છે!' કે જેમને દેવ અસુર અને મનુષ્ય આ ત્રણે લોક પુજી રહ્યા છે. આ પ્રકારે આશ્ચર્યવાળા બની રત્નચૂડે પ્રશ્ન કર્યો કે હે ભગવંત! કેવી રીતે? કયા ભવમાં? શાંતિનાથ ભગવંતે તીર્થંકરપણાના કારણ માટે શુભકર્મ ઉપાર્જન કર્યું? આના ઉત્તરમાં સુરપ્રભમુનિવર શ્રી શાંતિનાથ ભગવંતનુ ચરિત્ર કહેવા લાગ્યા.

**શ્રી શાંતિનાથ ભગવાનનું સંક્ષેપથી ચરિત્ર**

આ જંબુદ્વીપમાં વૈતાઢ્ય પર્વતની ઉત્તરશ્રેણીમાં **રથનુપુર ચક્રવાલ** નગર છે. તેમાં **અમિતતેજ** રાજા છે; તેને સુતારા બ્હેન છે. તેણીને પોતનપુર નગરના રાજા શ્રી વિજય વેરે પરણાવેલી છે. એક દિવસે અમિતતેજ પોતનપુરમાં શ્રીવિજય અને સુતા-

રાને મળવા માટે ગયા છે. આકાશમાંથી જુએ છે તો આખું નગર ધ્વજાપતાકાથી શોભિત હર્ષવાળું છે. અને રાજકુલ વિશેષે કરી આનંદિત છે. તેથી વિસ્મય પામી વિકસ્વર નેત્ર-વાળો તે આકાશથી રાજભુવનના આંગણે ઉતરે છે; શ્રીવિજય તેની સ્હામે આવી ઉચિત વિનય સાચવી મ્હેલમાં લઇ જઇ સિંહાસન ઉપર બેસાડે છે. અમિતતેજે નગરના ઓચ્છવનું કારણ પૂછયું, તેથી શ્રીવિજયે કહ્યું કે—આજથી આઠમે દિવસે એક નિમિત્તિઓ આવ્યો, દરવાને રજા લઇ સભામાં પેસવા દીધો, આપેલ આસન ઉપર બેઠો, મેં તેને આવવાનું કારણ પૂછયું તેથી તેણે કહ્યું કે—હે મહારાજા ? મેં નિમિત્તશાસ્ત્ર જોયું તેમાં માલુમ પડયું છે કે—પોતનપુરના અધિપતિઉ પર આજથી સાતમે દિવસે મધ્યાન્હ સમયે વીજળી પડશે. આવા કાનને કટુક વચન સાંભળી મંત્રી બોલી ઉઠયા કે, હે નિમિત્તિયા ! તે વખતે તારા માથે શું પડશે ? તેણે કહ્યું કે—કોપાયમાન ન થાઓ. મેં જેવી રીતે જાણ્યું તેવું નિમિત્ત તમોને કહ્યું છે. આ બાબતમાં મારો કોઇ આત્મદોષ નથી. પણ કહું છું કે–તે દિવસે મારા મસ્તકે સુવર્ણની વૃષ્ટિ થશે. આ પ્રકારે તેણે કહ્યું છતાં મંત્રિએ કીધું કે—આ નિમિત્તશાસ્ત્રનું જ્ઞાન તમે કોના પાસેથી મેળવ્યું ? તેણે કહ્યું કે જ્યારે **અચલસ્વામી**એ દીક્ષા લીધી તે વખતે મેં પણ મારા પિતા સાથે દીક્ષા લીધી હતી; અને તે સાધુ અવસ્થામાં હું અષ્ટાંગ નિમિત્ત ભણેલો, તે વાર પછી હું યૌવન અવસ્થા પામ્યો, પૂર્વે જે કન્યા સાથે મારૂં સગપણ થયેલું હતું તેણીના ભાઇઓએ આવી મને ચળાવીને દીક્ષા છોડાવી. કર્મ પરિણુતિના વશથી હું તે કન્યાને પરણ્યો છું. પણ હમણા સર્વજ્ઞ કથિત નિમિત્ત અનુસારે મેં ઉપયોગ

કર્યો તો જાણ્યું કે–પોતનપુરના અધિપતીને વીજળીપાતનો ઉપદ્રવ થશે. આ વાત સાંભળી મંત્રિએ સભાને ઉદ્દેશીને કહ્યું કે–જો આવો ઉપદ્રવ થવાનો છે, તો રાજા સમુદ્રમાં વહાણ ઉપર રહે, કેમકે ત્યાં વિજળી પડી શકશે નહિ. બીજાએ કહ્યું કે મંત્રીશ્વર! ત્યાં પણ દૈવતાઇ બાબત અન્યથા કરી શકાય નહિ, કેમકે–"મોજાંએ પર્વતને ભેદનાર એવો સમુદ્ર ચાલ્યો આવતો હોય તો તેને રોકી શકાય, પણ અન્ય જન્મમાં કરેલ શુભાશુભ કર્મપરિણામ રોકી શકાય નહી." ત્રીજો મંત્રી બોલ્યો કે હે ભાઇઓ! નિમિત્તે પોતનપુરના અધિપતિનો વધ બતાવ્યો છે, પણ શ્રીવિજયરાજાનો વધ બતાવ્યો નથી; માટે સાત દિવસ સુધી પોતનપુરનો અધિપતિ કોઇ બીજાને બનાવો. આ વાત સર્વને બહુ જ ગમી અને વિચારણા કરતાં તે નક્કી થયું; તે મુજબ વૈશ્રમણજક્ષની મૂર્તિને રાજ્ય ઉપર સ્થાપન કરી. હવે સાતમા દિવસે મધ્યાન્હ સમયે મેઘ ચડયો વિજળી ઝણુકવા લાગી, ગર્જારવ થવા લાગ્યો, વિજળી ચારે બાજુએ ફેલાઇને પડી કડાકો થયો અને જક્ષ પ્રતિમા ઉપર પડી તેનો વિનાશ કર્યો. અને હું પોષહસાળામાં સાત દીવસથી રહેલો હતો; તે આનંદિત બની સ્વભવનમાં આવ્યો. નગરના લોકોએ મને બહુ સન્માન કર્યું. અને ફરીથી મારો રાજ્યાભિષેક કર્યો. નિમિત્તિયાના મસ્તકે સોનાનો વરસાદ વરસાવી તેની પૂજા કરી. આ કારણથી સર્વત્ર ઓચ્છવ ઉજવાયો. આ સાંભળી અમિતતેજે કહ્યું કે અહો નિમિત્ત. અવિસંવાદી અને રક્ષણનો ઉપાય પણ જબ્બર લીધો. તે વાર પછી શ્રી વિજયરાજા સુતારા રાણી સાથે બહાર ઉદ્યાનમાં ગયો છે, ત્યાં સુતારાના હરણનો અર્થી અશનિઘોષ વિદ્યાધરે

શ્રી વિજય રાજાને મોહ પમાડવા માટે વૈતાલિ નામની વિદ્યાદ્વારા એક સોનાની કાંતિવાળો સુંદર મૃગલો વિકુર્વ્યો તેને દેખીને સુતારા બોલી કે–હે પ્રિયતમ! આ મૃગલો બહુ શોભાવાળો છે, માટે રમવા માટે તેને તમો પકડી લાવો. આથી રાજા પોતે જ તેને પકડવા દોડયો. મૃગલો થોડી ભૂમિ દૂર જઈ આકાશમાં ઉડયો. આ અવસરે અશનિઘોષે સુતારાને ઉપાડી, અને વૈતાલીવિદ્યાએ સુતારાનું રૂપ લીધું, અને બૂમ પાડવા લાગી કે–હે રાજન્! મને કુક્કડ સર્પ ડશ્યો, તેથી મારૂં રક્ષણ કરો. આ બૂમ સાંભળી રાજા પાછો વળી તે સ્થાને આવ્યો, કે તુરત મરણ પામી ગઈ. રાજા શોકાતુર થઇ તેણીની સાથે બળી મરવા તૈયાર થયો. ચિતામાં પેસી અગ્નિ ચેતાવ્યો, તેટલામાં બે વિદ્યાધરો આવી ચડયા; એકે પાણી મંત્રી ચિતા ઉપર છાંટવા માંડયું કે અટ્ટહાસ્ય કરી વૈતાલીવિદ્યા નાશી ગઈ. રાજા ચિતાથી બહાર નીકળી સ્વસ્થ બન્યો, અને બોલ્યો, કે આ શું કૌતુક? વિદ્યાધરે કહ્યું કે–અમે અમિતતેજને આધીન છીએ. જિનવંદન માટે અમે ગયા હતા. પાછા ફરતાં અમોએ અશનીઘોષથી લઇ જવાતી સુતારાનો આક્રંદ શબ્દ સાંભળ્યો. અમો તેણીને મૂકાવવા યુદ્ધ કરવા તત્પર થયા, એટલે સુતારાએ કીધું કે–યુદ્ધ ન કરો, પણ હાલ વૈતાલીવિદ્યાએ છેતરાયેલ મહારાજા જીવિતનો ત્યાગ ન કરે તેમ, તમો ત્યાં જલ્દી પહોંચી જાઓ. તેથી અમો અહીં આવ્યા છીએ, અને જોયું તો વૈતાલીવિદ્યા સાથે તમો ચિતા ઉપર ચઢી ગયા હતા, તેથી પાણી મંત્રી છાંટવાથી તે દુષ્ટ વિદ્યા નાશી ગઇ, અને તમો ચિતાથી બહાર નીકળ્યા. આવી રીતે સુતારાના હરણનો વૃત્તાંત સાંભળી રાજા ખેદ પામ્યો.

તેથી અમોએ કહ્યું, કે તમે સ્વસ્થ બનો. તે પાપી અશનિઘોષ ક્યાં જવાનો છે? એવી રીતે સ્વસ્થ બનાવી તે બંને વિદ્યાધરો ગયા, અને અમિતતેજને આ વૃત્તાંત કહ્યો. તે જાણી અમિતતેજ અને શ્રીવિજય **ચમરચંચા** નગરીમાં અશનિઘોષ પાસે ગયા. બહાર રહીને અશનિઘોષને દૂત મોકલ્યો, તે જોઈ રાજા નાસી ગયો. તેની પછવાડે બંને રાજા ગયા, અને ઉત્પન્ન થયેલ કેવળ-જ્ઞાનવાળા અચલમુનીશ્વર સમીપે અશનિઘોષને દીઠો. એક અમિતતેજ વિદ્યાધર પાસે સુતારાને ત્યાં લવરાવી. તેવાર પછી ઉપશાંત વેરવાળા તે બંને કેવલી સમીપે ધર્મ સાંભળે છે. અવસર પામીને અશનિઘોષે કહ્યું કે–દુષ્ટ ભાવે કરી મેં સુતારાને ઉપાડી ન હતી, પણ વિદ્યા સાધીને આવતાં મેં તેણીને દેખી, તેથી પૂર્વ સ્નેહે કરી હું તેણીને છોડી શકવા અશક્ત બન્યો, તેથી કપટ કરી, વૈતાલીવિદ્યાએ શ્રીવિજયને મુંઝવી સુતારાને ઉપાડી ચાલતો થયો. તેથી અદુષ્ટ સ્વભાવ-વાળા મારા ઉપર તમારે ક્ષમા કરવી. આ પ્રમાણે સાંભળી અમિતતેજે પ્રશ્ન કર્યો કે–હે ભગવંત! સુતારા ઉપર અશ-નિઘોષને સ્નેહનું કારણ શું?, કેવલીએ ઉત્તર આપ્યો કે–

આજ ભરતક્ષેત્રમાં મગધદેશમાં અચલ ગામે **ધરણિજડ** નામે બ્રાહ્મણ હતો. તેને **કપિલા** નામની દાસી હતી. તેણીનો પુત્ર કપિલ હતો. તે કાને સાંભળી સાંભળી વેદો ભણી ગયો. મોટો થઇ દેશાંતર કરતાં **રત્નપુર** નગરે પહોંચ્યો. ત્યાં છાત્રને ભણાવનાર ઉપાધ્યાય પાસે જઈ વિનય કરવા લાગ્યો. તેથી ઉપાધ્યાયે તેને પૂછ્યું કે તું ક્યાંથી આવ્યો? તેથી તેણે ઉત્તર આપ્યો કે અચલ ગામથી ધરણિજડ બ્રાહ્મણનો હું પુત્ર છું. અને વિદ્યાભ્યાસ માટે આપની પાસે આવ્યો છું.

ઉપાધ્યાયે બહુમાનપૂર્વક તેને રાખ્યો, અને પોતાની પુત્રી **સત્યભામા** તેને પરિણાવી. એકદા તે કપિલ વર્ષાઋતુમાં પ્રદોષકાળે વરસતા વરસાદે વસ્ત્રોને બગલમાં મારી ઘેર આવ્યો. વરસાદમાં લુગડાં ભીંજાઈ ગયા હશે, એમ જાણી સત્યભામા બીજાં વસ્ત્રો લઈ સ્હામી આવી. કપીલે કહ્યું કે મારા પ્રભાવે વસ્ત્રો ભીંજાયા નથી; પણ સત્યભામા ચતુર હોવાથી જાણી ગઈ કે, આ મારો સ્વામી ન વસ્ત્રો થઇ આવેલો લાગે છે, તે કારણે નિપુણતાથી તેનું શરીર જોવા લાગી. તેથી તેણીની કલ્પના સાચી પડી. આથી તેણીએ વિચાર્યું કે કુલીન મનુષ્યોને નાગા થઇ આવવું ઘટે નહિ, તેથી જરૂર આ અકુલીન છે તેથી તેનાથી મંદસ્નેહી બની ગઇ. એક દીવસે ધરણીજડ ત્યાં આવ્યો, સત્યભામાએ પિતાપુત્રના વિરૂદ્ધ આચાર દેખી ધરણિજડને પરમાર્થ પુછયો, તેણે સત્ય વૃત્તાંત કહ્યો, તે સાંભળી સત્યભામા ઉદ્વેગ પામી કામભોગ ઉપરથી ઉભગી ગઈ. પોતે દીક્ષા લેવા માટે કપિલને વિનવ્યો પણ કપિલ તેણીને છોડતો નથી. તેથી તેણી શ્રીસેનરાજા પાસે ગઇ, અને કહેવા લાગી કે હે મહારાજ ! મને કપિલ થકી છોડાવો, જેથી હું દીક્ષા ગ્રહણ કરી શકું. રાજાએ કપિલને કહ્યું, પણ કપિલે માન્યું નહિ. તેથી રાજાએ તેણીને કહ્યું કે—હમણાં તું ધીરજ રાખ, હું કપિલને મનાવીશ. એકદા તે રાજા ગણિકા નિમિત્તે પોતાના પુત્રોને લડતા દેખી કંટાળો આવવાથી વિષ ખાઈને મરણ પામ્યો, તેની પાછળ શિખિનંદિતા અને **અભિનંદિતા** રાણીઓ અને **સત્યભામા** પણ વિષનો પ્રયોગ કરી મરણ પામી.

તે ચારે જણાઓ દેવકુરૂના યુગલીઆ થયા. ત્યાં

આયુષ્ય પૂર્ણ કરી સૌધર્મ દેવલોકે ઉત્પન્ન થયા; ત્યાંથી ચ્યવીને સિરિસેણુરાજાનો જીવ અમિયતેજ થયો. અભિનંદિતાનો જીવ શ્રી વિજયરાજા થયો, અને સત્યભામા સુતારારાણી થઈ, અને કપિલ તિર્યંચગતિમાં ભમીને તેવા પ્રકારનું અનુષ્ટાન કરીને અશનિઘોષ થયો. સત્યભામા બ્રાહ્મણીનો જીવ સુતારાને દેખી સ્નેહથકી ઉપાડી અહીં આવ્યો. **અમિતતેજે** ફેર પૂછયું કે, હે ભગવંત! હું ભવ્ય છું, કે અભવ્ય? કેવલીએ કહ્યું કે તું ભવ્ય છે, અને આ ભવથી નવમા ભવે તું તીર્થંકરદેવ થઇશ. અને આ શ્રીવિજય પણ તમારો પ્રથમ ગણધર થશે. આ ઉત્તર સાંભળીને અમિતતેજ અને શ્રીવિજય બન્ને બહુ જ ખુશ થઈ ભગવાનને વાંદી પોતપોતાને નગરે ગયા, અને ભોગો ભોગવવા લાગ્યા. એક અવસરે તે બન્ને ઉદ્યાનમાં ગયા, ત્યાં વિપુલમતિ ચાર જ્ઞાની ચારણ શ્રમણ મુનીશ્વરો જોયા. તેમની પાસે ધર્મ સાંભળી પોતાનું આયુષ્ય પૂછયું; ચારણ શ્રમણ મુનીશ્વરે અવધિજ્ઞાનથી જાણીને ૨૬ દીવસનું કહ્યું. તેથી તે બન્ને જણાએ નગરમાં આવી અઠ્ઠાઇ મહોત્સવ કર્યો, અને પોત પોતાના પુત્રોનો રાજ્યાભિષેક કરી અભિનંદણ જગનંદણ મુનીશ્વરો પાસે બંને જણાએ દીક્ષા લીધી; અને પાદપોપગમ અનશન કરી કાળધર્મ પામી **પ્રાણતકલ્પ** દેવલોકે વીસ સાગરોપમ આયુષ્યવાળા દેવો થયા. અને ત્યાં આનંદસાગરમાં ડુબી તમામ આયુષ્ય પૂર્ણ કર્યું, અને આજ જંબુદ્વીપના પૂર્વ મહાવિદેહમાં રમણિકવિજયની સીતા મહાનદીના દક્ષિણ કાંઠે સુભગા નગરીના **સ્તિમિતસાગર** રાજાની વસુંધરી અને અનંગસુંદરી રાણીની કુક્ષિમાં ક્રમે કરી ઉત્પન્ન થઇ જન્મ્યા.

અમિતતેજ તે **અપરાજિત** કુમાર, **અને** શ્રીવિજય તે **અણુંતવિર્ય** કુમાર થયા. ત્યાં પણ **દમિતારિ** વિદ્યાધર પ્રતિવાસુદેવને મારીને અનુક્રમે બલદેવ વાસુદેવ થયા. અને તેમના પિતા પણ દીક્ષા ગ્રહણ કરી પાળીને **ચમર** અસુરકુમાર દેવ થયા. અનંતવીર્ય વાસુદેવ પોતાનું આયુષ્ય પુરૂં કરી કાલધર્મ પામી પ્રથમના નારક પૃથિવીમાં ૪૨૦૦૦ હજાર વર્ષના આયુષ્યવાળો નારકી થયો. ત્યાં તીવ્રવેદનાઓ નારકીની સહન કરે છે, પુત્રના સ્નેહે અમરદેવ ત્યાં જઇ વેદનાની શાંતિ કરવા લાગે છે, પણ અવશ્ય વેદવી પડતી હોવાથી સંવિગ્ન બનેલ તે નારક જીવ સહન કરે છે. અપરાજિત બલદેવ ભાઇના વિયોગથી દુઃખી થઈ પુત્રને રાજ્ય સોંપી **જયહર** મુનીશ્વર પાસે દિક્ષિત બને છે. પ્રવજ્યાની વિધાએ કરી આયુષ્ય પુરૂં કરી અચ્યુત દેવલોકે ઈંદ્ર બન્યો. આ બાજુ અનંતવીર્યનો જીવ નરકથી નીકળી વૈતાઢય પર્વતમાં **વિદ્યાધર** થયો. ત્યાં અચ્યુત ઈંદ્રે આવી, બોધ પમાડયો અને દીક્ષા લીધી. ત્યાંથી મરીને અચ્યુત દેવલોકે દેવ થયો. અપરાજિતનો જીવ ઈંદ્રનું આયુષ્ય પુરૂં કરી ચ્યવીને જંબુદ્વીપના પૂર્વ મહાવિદેહમાં સીતા મહાનદીના દક્ષિણ કાંઠે મંગલાવતી વિજયની રત્નસંચય નગરીના ક્ષેમંકર રાજાની ભાર્યા રત્નમાલાની કુક્ષીમાં ઉત્પન્ન થયો. ક્રમે કરી જન્મી વજાયુધ રાજા થયો. શ્રીવિજયનો જીવ દેવાયુ પાળીને ચ્યવીને તેનાજ પુત્રપણે ઉત્પન્ન થયો, તેનું નામ **સહસ્રાયુધ** પાડયું. અન્યદા વજાયુધ પોસહશાલામાં રહ્યા છે, દેવેન્દ્રે તેમની ખુબ પ્રશંસા કરી કે વજાયુધને દેવો પણ ધર્મથી ચળાવી શકે તેમ નથી. તેથી એક દેવ આ વાતને નહિ માનતો

ત્યાં આવ્યો, અને પારેવાનું રૂપ વિકુર્વ્યું. તે પારેવો ભયભ્રાંત બની વજ્રાયુધ પાસે આવી છુપાણો, અને મનુષ્યભાષાએ 'હું શરણાગત છું' એમ બોલ્યો. વજ્રાયુધે તેને શરણ આપ્યું. તેથી તેમના પાસે રહ્યો. તે વાર પછી એક શ્યેન નામનો પક્ષી આવ્યો, તેણે આવી કહ્યું કે હે મહાસત્વ ! ભુખથી પીડાએલા મેં આ પારેવાને પ્રાપ્ત કરેલ છે, તેથી તમો એને છોડી દો. જો તમો નહિ છોડો તો મારૂં જીવિત નાશ થશે. તે સાંભળી વજ્રાયુધે કહ્યું કે-શરણે આવેલાને સોંપાય નહિ, અને તારે પારેવાનો ભક્ષ કરવો વ્યાજબી નથી, કેમ કે "પરના પ્રાણોનો વિનાશ કરી જે પોતાના આત્માને પોષે છે, તે થોડા દિવસોમાં આત્માનો નાશ કરે છે." તને જેમ જીવિત પ્રિય છે, તેમ સર્વ જીવોને જીવિત પ્રીય હોય છે; માટે પોતાની જેમ સર્વ જીવોનું રક્ષણ કરવું. તને આ પારેવાનો ભક્ષ કરવાથી ક્ષણવાર તૃપ્તિ થશે, પણ આનું જીવિત ખલાસ થઈ જાય છે. માટે તારે આ તડફડતા પારેવાનો ભક્ષ કરવો વ્યાજબી નથી." આ પ્રમાણેનાં મધુર વચનોએ શિખામણ આપી. ત્યારે શ્યેનપક્ષી બોલ્યો કે-"હું ભૂખ્યો છું, તેથી મને મનમાં ધીરજ રહેતી નથી." ત્યારે રાજાએ કહ્યું કે—જો તું ભૂખ્યો છે, તો તને બીજું માંસ ખાવા આપું. પક્ષીએ કહ્યું કે—મારી મહેનતે ઉત્પન્ન કરેલ માંસ ખાવું એવો નિશ્ચયવાળો હું છું. પરે ઉત્પન્ન કરેલ માંસ મારે જોઇએ નહિ. રાજાએ કહ્યું કે—જેટલા પ્રમાણમાં આ પારેવો થાય તેટલું માંસ મારા દેહમાંથી કોતરીને આપું તેને તું ખા. તેથી સંતુષ્ટ થયેલા શ્યેન પક્ષીએ રાજાનું વચન સ્વીકાર્યું. ત્રાજવાં મંગાવ્યાં. એક પલ્લામાં પારેવો મૂક્યો, અને બીજા પલ્લામાં

રાજાએ પોતાના શરીરમાંથી માંસ કાપી નાંખવા માંડયું, પણ દેવમાયાથી પારેવો ભારે થઈ ગયો, તે દેખીને સભાજનો હાહારવ કરી રહેલ છે, છતાં રાજા પોતાના જીવિત ઉપર નિરપેક્ષ બની પલ્લા ઉપર બેસી ગયો. આ પ્રકારે દેવમાયાએ પારેવા જેટલો રાજા તોલમાં થયો. દેવ આશ્ચર્ય પામ્યો, અને મણિકુંડલોએ ભૂષિત દેવોએ પોતાનું રૂપ દેખાડયું, અને રાજાની પ્રશંસા કરી. દેવો પોતાના ભાવને પ્રગટ કરી આનંદિત ચિત્તવાળો આશ્ચર્યમાં ગરકાવ થઇ એકદમ પોતાને સ્થાને ગયો. એક દીવસે વજ્રાયુધ અને સહસ્રાયુધ પિતા પુત્રે ખેમંકર તીર્થંકરના ગણધર મહારાજ પાસે વૈરાગ્ય પામીને સહસ્રાયુધના પુત્ર બલિને રાજ્ય આપી દીક્ષા લીધી. પ્રવજ્યા પાળીને પાદપોગમન અનશન કરી નવમા ગ્રૈવેયકે એકત્રીશ સાગરોપમના આયુષ્યવાળા અહંઇંદ્ર દેવ થયા. તે વાર પછી તે દેવનું સુખ અનુભવીને ત્યાંથી ચ્યવી આ જંબુદ્વીપના પૂર્વ વિદેહની પુષ્કલાવતી વિજયની પોંડરગિણી નગરીમાં **ઘનરથ** રાજાના રાણી **પદ્માવતી-મનોરમતી**ની કુક્ષિમાં ઉત્પન્ન થયા. જન્મ પામી વજ્રાયુધનો જીવ **મેઘરથ** અને સહસ્રાયુધનો જીવ **દૃઢરથ** થયો. યોગ્ય ઉમરે કલા ગ્રહણ કરી. મેઘરથને અને દૃઢરથને પૂર્વ ભવના અભ્યાસથી જૈનધર્મ પરિણમ્યો. તેથી જીવાજીવાદિક પદાર્થનું જ્ઞાન થયું, અને સુશ્રાવક બન્યા. એક અવસરે પોતાના પીતા તિર્થંકર દેવ પાસે વૈરાગ્ય પામી પોતાના પુત્રનો રાજ્યાભિષેક કરીને પરિસહોની સામા થઈ તે બંને જણાએ દીક્ષા સ્વીકારી. તેમાં મેઘરથ મુનીશ્વરે સુત્રાર્થ ભણીને વીસસ્થાનકમાંથી કેટલાંક સ્થાનકોએ તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું. તે વાર પછી સંલેખના તપ વડે દેહને

કૃશ બનાવીને વિધિપૂર્વક કાલધર્મ પામી અનુત્તર દેવલોકમાં દેવ થયા. ત્યાં પણ સુરલોક સુખ અનુભવીને ચ્યવીને મેઘરથનો જીવ આ જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં હસ્તિનાપુર નગરમાં **વિશ્વસેન** રાજાની અચિરાદેવીની કુક્ષિમાં ભાદ્રપદમાસની વદી સાતમે ચૌદ મહા સ્વપ્નાએ સૂચન કરેલ પુત્રપણાએ ઉત્પન્ન થયા. નવ મહિના અધીક ઉદરમાં વસ્યા, અને જેઠ વદ તેરસે અર્ધરાત્રિ સમયે ઈંદ્રોએ નમસ્કાર કરાએલી અને ત્રણ જ્ઞાને સહિત સુખે સુખે કરી અચિરાદેવીએ પ્રસવ્યા. છપ્પન દિક્કુમારીકાઓએ આવી સૂતિકા ક્રિયા કરી–તેણીઓએ સંવર્તક વાયુ–વરસાદ–આદર્શ ભૃંગાર–વીંજણો ચામર દીપક રક્ષા પોટલી વિગેરે કાર્ય કર્યું, અને નાલ કાપી પૃથ્વીમાં નાંખ્યું. જિન અને જિનમાતાને પરમશ્રદ્ધાએ ન્હવરાવી લુંછી. આભુષણોએ શોભાવ્યા. તે વાર પછી ઈંદ્રોએ અભિષેક કર્યો. આસન ચલાયમાન થવાથી ઈંદ્ર વિગેરે દેવ સમુહ મેરૂપર્વત ઉપર જિનેશ્વરને લઇ ગયા. જન્મોત્સવ ઉજવી માતા પાસે લાવીને મૂકયા. રાજા વિશ્વસેને વધામણા ઓચ્છવ કરવા માંડયો. ગર્ભ સમયથી સર્વ દેશોમાં ઉપદ્રવ નાશ પામીને શાંતિ થઈ ગઈ. તેથી માતાપિતાએ **શાંતિનાથ** એવું નામ પાડયું. ક્રમે કરી કળાઓમાં કુશલ એવા પ્રભુ યૌવન અવસ્થા પામ્યા. તેમને શ્રેષ્ઠ રાજકન્યાઓ પરણાવી. અને વખત થતાં રાજ્યાભિષેક કરી વિશ્વસેન રાજાએ દીક્ષા લીધી. રાજ્યાવસ્થામાં ચૌદ રત્નો ઉત્પન્ન થયા, અને ભરતક્ષેત્રના છએ ખંડો તેમણે સાધ્યા. નવનિધાન બત્રીશ હજાર રાજાઓ અને ચોસઠ હજાર અંતેઉરીઓ ચોરાશી લાખ હાથીઓ, અને રથો અઢાર ક્રોડ ઘોડાઓના અધિપતિ, સોલહજાર જક્ષો સેવામાં હાજરાહજુર

છે, એવા **ચક્રવર્તી** બન્યા. અને ઉદાર વિષયસુખને અનુભવતાં ઘણો કાલ ચાલી ગયો. સમયે લોકાંતિકદેવોએ આવી તીર્થ પ્રવર્તાવવાની વિનંતિ કરી, એટલે મહાન વરસીદાન દેઈને મહાવિભૂતિએ કરી જયેષ્ઠ કૃષ્ણ ચતુર્દશીને દિવસે વસ્ત્રમાં લાગેલ ઘાસ જેમ ખંખેરી નાંખે તેમ રાજ્યલક્ષ્મીનો ત્યાગ કરી દીક્ષા લીધી. અને ઉગ્ર વિહારે વિહરવા લાગ્યા. દીક્ષા લીધી કે તુરત ચોથું જ્ઞાન ઉત્પન્ન થયું. તપ સંજમમાં રક્ત એવા પ્રભુને એકજ માસમાં પોશ સુદી ૯ના દિવસે સમગ્ર લોકાલોકને પ્રકાશિત કરનાર કેવલજ્ઞાન ઉપન્યું. દેવોએ સમવસરણ બનાવ્યું, તેમાં રત્ન–કનક–રજતના ત્રણ ગઢ રચ્યા, ચાર ચાર બારણા બનાવ્યા, અશોકવૃક્ષ–ત્રણછત્ર–મણિમય ધર્મચક્ર-મહેન્દ્રધ્વજ-દેવ છંદો બનાવ્યા. તે સિંહાસન ઉપર બેસીને પ્રભુએ ધર્મ દેશના આપી કે—"ભવપરંપરા-રૂપી જલે કરી ગહન, ઘણા પ્રકારના દુઃખ રૂપી દુષ્ટ જલચરોએ વ્યાપ્ત, અનેક પ્રકારની ચિંતારૂપી લહેરોએ યુક્ત, ઘણી લાખો યોનિરૂપ વેત્રલતાએ અટપટો, વ્યસનોરૂપ આવર્તોએ ભરેલ–કૃતાંતરૂપી વડવાનલેકરી રૌદ્ર, એવા ભવસમુદ્રમાં જીવોને મનુષ્યપણું પામવું તે દુર્લભ છે, અને વિશેષે કરી આર્યક્ષેત્ર વિગેરે સામગ્રીઓ પામવી ઘણી કઠિન છે, માટે તેઓને પામીને જીવોએ ધર્મમાં પ્રયત્ન કરવો. અને તે ધર્મ—દાન—શીલ—તપ—ભાવનામય છે, અથવા તેના બે પ્રકાર છે; એક શ્રાવકધર્મ અને બીજો સાધુધર્મ પહેલો ધર્મ અણુવ્રતાદિક બાર પ્રકારે છે, અને સાધુધર્મ પંચમહાવ્રત સ્વરૂપ ક્ષમા વિગેરે ગુણોએ કરી દશ પ્રકારનો છે. આ પ્રકારનો અતિ સુંદર ઉપદેશ આપીને ઘણા પ્રાણીઓને

બોધ પમાડયો અને દીક્ષાઓ આપી. તેમને છત્રીશ ગણધરો, બાસઠ હજાર મુનિવર્ગ અને એકસઠ હજાર છસો સાધ્વીવર્ગ થયો. ગ્રામનગરાદિકે શોભિત પૃથ્વી મંડલમાં વિહાર કરીને અનુક્રમે સંમેતશિખરપર્વત ઉપર પધાર્યા, ત્યાં સર્વ કર્મો ક્ષીણ થયા, તેથી જેઠ વદી તેરસે મોક્ષમાં પધાર્યા. કુમાર-પણામાં અને માંડલિક રાજાપણામાં, ચક્રીપણામાં અને સાધુપણામાં પચીશ પચીશ હજાર વર્ષો ગયા. એટલે એક લાખ વરસનું શાંતિનાથ ભગવાનનું આયુષ્ય હતું.

**રત્નચુડને બોધિ-બીજ અને પદાનુસારિ લબ્ધિની પ્રાપ્તિ**

આ અવસર જાણી વદન શોભાએ જિતાએલ ચંદ્રમાએ આપેલ સૌમ્યપણાને ધારણ કરતો, અને સૂરકાંત એ શબ્દથી છેતરાઇને તુષ્ટ થયેલ સૂર્યે આપેલો પોતાનો તેજ વિસ્તારને જાણે ધારણ કરી રહ્યો હોય, તેમ ભગવંત દર્શનથી હર્ષવંત બનેલાની પેઠે વિકસ્વર પાંખડીવાળા કલ્પવૃક્ષના પુષ્પોનું છોગું કલ્પવૃક્ષના અજાણ જનોને જાણે કલ્પ-વૃક્ષનું મહાત્મ્ય પ્રગટ કરવા માટે ધારણ કર્યું હોય, અને મહામૂલી રત્ન અને સોનાના આભુષણો ધારણ કરનાર દેવદૂષ્ય વસ્ત્ર જેણે પહેર્યું છે, અને સર્વ અંગે મનોહર એવો **સુરકાંતદેવ** ત્યાં આવ્યો. ત્રણ પ્રદક્ષિણા કરવા પૂર્વક **શ્રીશાંતિનાથ ભગવંતને** વાંદીને અશોકવૃક્ષની નીચે આવી, સુરપ્રભમુનીશ્વરને નમસ્કાર કરી પાસે બેઠો, અને પ્રફુલ્લિત મુખવાળો, અંજલી જોડીને શરીરની સુખસાતા પુછી, એટલે મુનીશ્વરે ધર્મલાભ આપી કહ્યું કે–હે રત્નચૂડ! આ મારો ધર્મ મિત્ર છે, એમ કહી ઓળખાણ કરાવી. રત્નચૂડ પણ તેને પ્રણામ કરી વિસ્મિત

થઈ વિચારવા લાગ્યો કે—અહો આની કાન્તિ—આકૃતિ—લાવણ્ય અદ્ભુત છે; તેથી સર્વ પ્રકારે રત્નોમાં ચિંતામણિ વૃક્ષોમાં કલ્પવૃક્ષ જેમ ઉત્તમ છે, તેમ સર્વ ધર્મોમાં જૈનધર્મ ઉત્તમ છે. કેમકે તે ધર્મ પામેલાનું આવા સમર્થ દેવો દાસપણું સ્વીકારી રહેલા છે. આ રીતે તેના પરિણામની વૃદ્ધિ થતાં કર્મની કુટિલ ગાંઠ ત્રુટી, મિથ્યાત્વ મોહનીયકર્મ ક્ષયોપશમ ભાવને પામ્યું, અને નિરૂપમ સુખનું કારણ **સમ્યક્ત્વ** પ્રાપ્ત થયું. તેથી બહુ આનંદિત બનીને કીધું કે—હે ભગવંત! તમે બહુ પુણ્યશાલી છો, કેમકે આવા પ્રભાવિક જૈન માર્ગમાં કાયર પુરૂષ આચરી ન શકે તેવું સાધુપણું પામ્યા છો. આપનો આ ધર્મમિત્ર કૃતાર્થ બનેલ છે કે જે જિનશાસનના દૃઢ પક્ષપાતી છે. મુનીશ્વરે કહ્યું કે—હે રત્નચૂડ! તને પણ ધન્યવાદ આપું છું કે—ભવસમુદ્રમાં જહાજ સમાન બોધિબીજ તેં પ્રાપ્ત કર્યું. હે સુતનુ! સમકિત પામ્યે છતે આ સંસારનો અંત આવેલ છે; અને નિરૂપમ શાશ્વત સુખવાળું મોક્ષ હાથ મને મળી ગયું. હે ભગવંત! એમજ છે તેમાં સંદેહ નથી, એમ કહીને રત્નચૂડ કુમાર લાંબા કાળસુધી સેવા ઉઠાવી અને વાંદીને ઉઠયો, એટલે અહો આ કુમારને કેવો સુંદર જૈનધર્મ ઉપર અનુરાગ છે? એમ વિચારી સૂરકાંતદેવ પ્રમોદપૂર્વક કુશલ સમાચાર પૂછવા લાગ્યો; અને કહ્યું કે—હે કુમાર! તું મારો નવો સાધર્મિક ભાઈ છો. તેથી તમારૂં કાંઇક સાધર્મિક વાત્સલ્ય કરવા ઇચ્છું છું. માટે જે તને પ્રિય વસ્તુ હોય તે તું મને કહે, જેથી તે વસ્તુ આપી તમારું વાત્સલ્ય કરૂં? કુમારે કહ્યું કે—જૈનધર્મથી બીજું શું મને પ્રિય હોય? અને મનુષ્યને સુરદર્શનથી બીજું શું પ્રિય હોય?

અને તે બંને મને મુનીશ્વરથી અને તમારાથી પ્રાપ્ત થયાં છે. આવી અલભ્ય વસ્તુ પ્રાપ્ત થતાં હવે મારે શી કમીના છે? અર્થાત્ મારે બધું જ છે. દેવે કહ્યું કે-બીજી પ્રિય વસ્તુ તમને આપ્યા સિવાય મને શાંતિ વળવાની નથી. અને મહાનુભાવ પુરૂષો શાંતિ પમાડવામાં તત્પર હોય છે. માટે હે કુમાર! તારૂં ઈચ્છિત હોય તે બોલ. કુમારે કહ્યું કે- નિષ્કારણ પરોપકારમાં રક્ત એવા તમારા જેવા માનનીય હોય છે, તેથી કહ્યું છે કે **અક્ષરપદાનુસારિલબ્ધિ** મને ઇષ્ટ છે. તેથી દેવે તે લબ્ધિ કુમારને આપી. રત્નચૂડે તે દેવને પ્રણામ કરી "ફરી દર્શન આપજો" એમ કહી વૈતાઢ્ય પર્વત તરફ પવનગતિની સાથે ઉપડી ગયો.

**રત્નચૂડને સ્વપ્નું અને રાજહંસિની પ્રાપ્તિ.**

રત્નચૂડે જતાં જતાં પવનગતિને કહ્યું, કે હે વરમિત્ર! ભગવંતે સ્વપ્નાના કથાનકમાં કેવું સુંદર પ્રત્યક્ષ ફળ બતાવ્યું? મને પણ આજ પ્રભાત સમયે સ્વપ્નું આવ્યું છે. પણ સફળ છે કે, નિષ્ફળ? તે જણાતું નથી. માટે મને સ્વપ્નાનું સ્વરૂપ કહો. તેથી પવનગતિ બોલ્યો કે—હે કુમાર જો તમોને આવું સ્વપ્નું આવ્યું, તો તે સ્વપ્નું નજીકમાં ફલનારૂં છે. કુમારે કહ્યું કે કેવી રીતે? તે સાંભળી પવનગતિ બોલ્યો કે—

અમરાવતી સરખી એક **અમરાવતી** નામે નગરી છે. તેમાં નમતા એવા રાજાના મુકુટોના રત્ન અને પુષ્પોથી જેના ચરણ પૂજાએલા છે, એવા **મેઘનાદ** રાજા છે. તેને **મંજુશ્રી** નામે રાણી છે. પોતાના રૂપે કરી જગતમાં જેણીએ

જયપતાકા મેળવી છે, અને સાભાગ્યનું ઘર છે, એવી **રાજહંસી** નામે પુત્રી છે. પિતાએ તેણીને અનુરૂપ વર મેળવવા માટે સ્વયંવર મંડપ કરાવ્યો છે. તેમાં હજારે રાજકુમારો આવ્યા. ધાવમાતાની પુત્રીએ રાજહંસીને તે બધા કુમારો દેખાડયા. પણ કોઇ વર તેણીને ગમ્યો નહિ. તેથી પિતાએ કહ્યું કે–હે પુત્રિ! આમાંથી કોઇપણ કુમારને તું પસંદ કર. તેણીએ કહ્યું કે, મને કોઈ રાજકુમાર આમાંથી પસંદ પડતો નથી. માટે જે ઉચિત હોય તે કરો. આ વચન સાંભળી રાજાએ ખેદ પામી, વિચાર કર્યો, કે હવે હું શું કરૂં? અને આ પુત્રી હું કોને આપુ? અથવા કોઇને પણ ન આપુ? તો આ સર્વ સાથે વિરોધનું કારણ બને છે. આમ ચિંતાતુર બનેલા રાજાને સુરકાંત પુરોહિતે કહ્યું કે, હે દેવ! વિષાદ ન કરો, મારા પાસે ગુરૂ-પરંપરાગત સત્ય આદર્શ વિદ્યા છે. માટે કાલે સર્વ રાજકુમારો સમક્ષ તે વિદ્યાથી ખાત્રી કરીને, પછી જે ઉચિત લાગે તે કરજો. રાજાએ આ સુંદર ઉપાય છે એમ જાણી તે વચન કબુલ કર્યું.

આ વાર્તા મારા મિત્ર સુવેગ પાસેથી મેં સાંભળી છે. તેથી હે રત્નચૂડ! ત્યાં આજે આદર્શ વિદ્યાને પૂછાશે. તો સ્વપ્નનું સાચું પાડવા ત્યાં આપણે જઇએ. એમ પવન-ગતિએ કહ્યું. આ અવસરે કુમારનું જમણું નેત્ર ફરકયું; તેથી પ્રસન્ન થઈ કુમારે કહ્યું કે, હે મિત્ર! જો તને આ વાત પસંદ હોય તો ચાલો જઈએ. ત્યાંથી નીકળી તે બન્ને જણ અમરાવતી પહોંચ્યા. રત્નચૂડકુમારે બટુકનો વેષ ધારણ કર્યો. અને પવનગતિ સહિત સ્વયંવર મંડપમાં ગયા. જે મંડપ અનેક પ્રકારના રત્ન–મોતીઓએ રચેલ વિચિત્ર સાથીયાઓથી ભોંયતલીયાનો ભાગ શોભિત કર્યો છે, વિચિત્ર–મોંઘા ચંદરવાઓએ ઢાંકેલ

છે, લાંબી લબડતી સ્ફુરાયમાનકિરણવાળી રત્નની માળાઓએ શોભિત છે, અને શ્રેષ્ટ રત્નના કિરણોએ વ્યાપ્ત એવા ઉંચા તોરણવાળો છે, ઘણાવર્ણવાળી ધ્વજાઓથી આજુબાજુનો ભાગ શોભિત બનાવ્યો છે, ચારે બાજુ પગથીઆ સહિત મહામાંચડા બાંધેલ છે, કાલાગુરૂ કુંદરૂક વિગેરે સુગંધીત દ્રવ્યના ગંધોએ સુગંધીત કરેલ છે, તે મંડપની અંદર મહાકુલમાં જન્મેલા સુંદર રૂપવાળા, મનોહર વેષવાળા, જાણે સૌધર્મ દેવલોકની સભાના દેવકુમારો હોય તેવા રાજાઓને તેણે દેખ્યા. તે મંડપના મધ્ય ભાગમાં સિંહાસન ઉપર મેઘનાદ નામે રાજા પણ બેઠેલ છે. અને તેમની ડાબી બાજુએ પુરોહિત બેઠેલ છે.

**રાજહંસીનું સ્વરૂપ**

આ સમયે દેવાંગનાના રૂપને તિરસ્કાર કરનારી અને મુખનાવ્યપ્રદેશે કરી રાજપુત્રોના મનરૂપી ચંદ્રવિકાશી કમળોને વિકસાવવા માટે કૌમુદીચંદ્રને જાણે વહન કરતી હોય તેવી, અને પ્રેક્ષક લોકના મનરૂપી ભમરાને ખેંચવા માટે વિકસિત નીલકમલયુગલ જેવા બે નેત્રને દેખાડી રહી હોય તેવી, અને સ્થૂલ મોતીની માળાએ વ્યાપ્ત નિવિડ ઉદ્ભટ ગોળ સ્તન યુગલને ધારણ કરતી, જાણે નક્ષત્રની માલાએ અલંકૃત કામરૂપી ગજરાજના ઉભય કુંભ સ્થલો હોય તેવી. લક્ષ્મીની પેઠે જેણીએ લીલું કમળ હસ્તમાં ધારણ કરેલું છે, રાજહંસીની પેઠે કોમળ પગના સંચારવાળી, અને સકલ નરપતિના મનનેત્ર રૂપી હરણલાઓને આકર્ષવા વાગુરા સમાન એવી, **રાજહંસીકુમારી** ત્યાં આવી પહોંચી. આ સમયે પુરોહિતે પાસે આરીસાને સ્થાપન કર્યો. રક્ષામંત્ર ઉચ્ચારી આત્મરક્ષા કરી, ચંદનનું માંડલું આલેખી

અંદર મોતીનો સાથીઓ પુર્યો, પુષ્પોએ પુજા કરી, અગર કપુરનો ધૂપ ઉખેવ્યો, અને " રાજહંસીને અનુરુપ વર આરિસામાં બતાવો " એમ કહી પદ્માસનવાળી પુરોહિતે મંત્રજાપ શરૂ કર્યો. ત્યાં ધારણા એકતાન બની. ક્ષણવારમાં મંત્રનું અચિંત્ય સામર્થ્ય હોવાથી આરિસામાં અક્ષરો દેખાવા લાગ્યા. તે અક્ષરો રાજપુત્રોએ વાંચ્યા, તો **રાભરમ** વાંચવામાં આવ્યા. મંત્રજાપ પુરોહિતે પુરો કર્યો. પણ અક્ષરોનો ભાવાર્થ કોઇએ જાણ્યો નહિ. તેથી રાજા અત્યંત ખેદ વશ બની કહેવા લાગ્યો, કે-જે આ અક્ષરોનો ભાવાર્થ કહે તેને આ મારી પુત્રી રાજહંસીકુમારીને પરણાવું. રાજકુમારો અક્ષરોના ભાવાર્થને નહિ જાણનાર હોવાથી નાસીપાસ થયા. આ અવસરે પવનગતિ વિદ્યાધરે કહ્યું કે-હે રાજન્ ! આ અક્ષરોનો ભાવાર્થ વિદેશી મુસાફરને કહેવાનો હક્ક ખરો ? કે નહિ ?, રાજાએ કહ્યું કે-જે અક્ષરોનો ભાવાર્થ કહે તે મારો પરમ બંધુ છે, તેને હું વિદેશી માનીશ નહિ તેથી પવનગતિએ રત્નચૂડને કહ્યું કે-હે પરમમિત્ર ! આનો પરમઅર્થ કહી, રાજાનો ઉદ્વેગ દૂર કર ! કુમારે કહ્યું કે,-સર્વે રાજલોકો તમે સાંભળો. હું પરમ અર્થ બતાવું છું-પ્રથમ અક્ષરોએ કરી શ્લોકના ચારે પાદો જાણી લીધા, તે નીચે મુજબ-

**रायहंसि करेयव्वो, भत्ता ते गुणसुन्दरि । रयणचुडो कुमारो उ, ममेयं वयणं सुण ॥१॥** ગુણોએ કરી સુંદર હે રાજહંસિ ! તારે રયણચૂડ ભર્તાર કરવો. મારું આ વચન તું સાંભળ ! આ સમયે આકાશમાં વાણી થઈ કે-અહો રત્નચૂડ કુમારનો મતિવૈભવ ? અહો સામાન્યવેષવાળાનો કેટલો આશ્ચર્યકારી મતિપ્રકર્ષ છે ? એમ ચિંતવતા તમામ રાજલોકે એકી

સાથે તેના સ્હામું જોયું, તો વિદ્યુતના પુંજ પેઠે તેને જળહળતો અને રૂપના પ્રકર્ષે કરી સુરાસુરનર વિદ્યાધરોને ઝાંખા પાડતો મનોહર અલંકારવાળો સુવર્ણ કમલ ઉપર બેઠેલો રત્નચુડકુમારને જોયો; તેથી સર્વજન આશ્ચર્ય પામ્યા. અને તેથી રાજા અત્યંત આનંદવાળો બન્યો. રાજહંસી પણ ખૂબ હર્ષને પામી. અને રાજાએ તેણીને કહ્યું કે-હે પુત્રી! દેવતાએ આપેલ વરને તું વર. વિકસ્વર નેત્રવાળી તેણીએ પણ કુમારના ગળામાં વરમાળા આરોપી, તેથી વાજિંત્રો વાગવા લાગ્યાં. ભાટ ચારણો બિરૂદાવળી બોલવા લાગ્યા. હવે મેઘનાદ રાજાએ તમામ રાજવીને સન્માન કરી વિસર્જન કર્યા, અને નગરમાં મહાન્ વધામણામહોત્સવ કર્યો. અને મહા દાન આપવા માંડ્યું. દેવાલયોમાં મહાપૂજા રચાવી, અને શુભ દિવસે બડી ધામધુમથી વિવાહ લગ્ન કર્યું. રાજહંસી કુમારી બહુ આનંદ પામી. કુમારે પણ કહ્યું કે-હે પ્રિયે ! તું પ્રથમ સ્વપ્નામાં તો મને વરી ગઇ હતી. આ સાંભળી રાજહંસીએ કહ્યું કે તે કેવી રીતે ? રત્નચુડે સ્વપ્નાનો બધો વૃત્તાંત કહ્યો. તેથી તેણી બહુજ પ્રસન્ન થઇ. ત્યારપછી સુખે કરી કેટલાક દિવસો રત્નચુડે ત્યાં પસાર કર્યા. હવે એક દીવસે પવનગતિની પ્રેરણાથી રત્નચુડે તેણીને કહ્યું કે-હે સુંદરી! તારે મનમાં સંતાપ કરવો નહિ; હું કારણ વશે વૈતાઢય પર્વત જાઉં છું. એમ કહી પવનગતિ સાથે રત્નચુડે આકાશ માર્ગે પ્રયાણ કર્યું. જતાં જતાં સન્મુખ આવતા એક વિદ્યાધરને તેમણે દેખ્યો. તેને જોઇ પવનગતિ બોલ્યો કે, હે કુમાર! જયમંગલરાણીનો પ્રધાન મનહર વિદ્યાધર સામો આવી રહ્યો છે, માટે આંબાવૃક્ષની નીચે પડેલ શિલાતલમાં આપ બેસો; શા પ્રયોજને અને કયાં જવાને મનહર વિદ્યાધર

આવે છે? તો તેને પુછી વાકેફ થઇએ. તેથી કુમાર બેઠો. વિદ્યાધર આવ્યો. નમસ્કાર કરી કુમાર સન્મુખ બેઠો. રત્નચૂડે પુછ્યું કે હે–ભદ્રમનહર? સપરિવાર મહારાજા કુશલ છે ને? મનહરે કહ્યું:—હે કુમાર! તમારા નહિ મળતા સમાચાર સિવાય કોઈ દુઃખી નથી. આ સમયે પવનગતિ બોલ્યો કે—રાજપુત્રી પદ્મશ્રી શું કરે છે? અને તું ક્યાં જવાને નીકળ્યો છે? તેણે કહ્યું કે—હે મિત્ર! તેનો તું ઉત્તર સાંભળ.

કુમારના ગુણનું વર્ણન સાંભળીને મહારાજાએ તમને કુમારને લાવવા માટે મોકલતી વખતે તારા મુખથકી કહેવાતું વર્ણન સાંભળી વિકસિત બનેલી ચુતમંજરી સખી, રાજપુત્રી **પદ્મશ્રી** પાસે ગઈ. પદ્મશ્રીએ પૂછ્યું કે–હે પ્રિય સખી! તું આજ અત્યંત પ્રમોદવાળી કેમ દેખાય છે? ત્યારે તેણીએ કહ્યું કે—હે કુમારી! "તમારે અનુરૂપ એવા વરને જાણવાથી." એમ કહી કુમારનો બધો વૃત્તાંત પદ્મશ્રીને કહ્યો. કુમારી પણ તે વૃત્તાંત સાંભળી જાણે અમૃતરસે સિંચાણી હોય તેવી બની. ન કહી શકાય તેવા આનંદરસને અનુભવતી આખો દિવસ કુમારને આવવાની વાટ જોવા લાગી; પણ કુમાર આવ્યો નહિ; તેથી તર્ક કરવા લાગી કે–પવનગતિ કેમ ના આવ્યો? શું તેણે કુમારને દેખ્યો નહિ હોય? કે કુમારે મને નાપસંદ કરી? કે અન્ય કોઈ મારો અંતરાય જાગ્યો? હશે આમ વિકલ્પમાંજ નિદ્રા વીના તેણીની રાત્રી હજાર વર્ષ સમાન થઈ પડી. પ્રભાતે પણ તેણીએ સવારનું કાર્ય ન કર્યું, ગુરૂજનને નમસ્કાર કરવા પણ ન આવી, સખીજન સાથે વાર્તાલાપ પણ ન કર્યો, શરીરની સંભાળ ન કરી અને આહાર પણ ન લીધો. કેવળ

મહાગ્રહે પકડાણી હોય, અગર સન્નિપાતથી પરવશ બની હોય, અને શરીરે કમ્પવા થયો હોય, અગર મહાવિષ ચડયું હોય તેવી બની ગઈ. પરંતુ કોઇને ઉત્તર આપતી નથી. ઉન્હા નીસાસા નાંખવા લાગી, કારણ વિના હસવા લાગી, અસ્પષ્ટ ગીત ગાવા લાગી, ચંદ્રના કિરણોએ તપી જાય છે; પુષ્પની શય્યા પણ દુઃખદાયી લાગે છે, ભીના પંખાઓના વાયરાથી પણ દાઝે છે, આવા પ્રકારનું દારૂણ દુઃખ અનુભવતી કેટલાક દીવસો જાણે હજાર યુગ જેવડા લાંબા થઇ ગયા હોય તેવા વીતાવે છે. આજે ચુતમંજરી પાસેથી આ વૃત્તાંત જાણીને જયમાળાદેવીએ મને કહ્યું કે–હે ભદ્ર મનહર ! તું પણ રત્નચુડકુમાર અને પવનગતિની પ્રવૃતિને જાણવા સારૂ ગમન કર, કેમકે પદ્મશ્રી પ્રવૃત્તિ જાણ્યા સિવાય રહી શકતી નથી. અને તેથી બહુ દુઃખ પામે છે. આ પ્રકારે મને કહી અને પદ્મશ્રીને વિશ્વાસ પમાડી રાજાની અનુમતિથી મને મોકલેલ છે. પુણ્યના યોગે અંતકાલેજ મેં કુમારને દેખેલ છે, એમ કહી ચુપકીદી પકડી. તે સાંભળી પવનગતિ કહેવા લાગ્યો કે–હે કુમાર ! આપણે ત્યાં શીઘ્ર પહોંચી જઈએ, જેથી રાજપુત્રીની અવર્ણનીય અવસ્થા ન થાય. કુમારે જવાબ આપ્યો, અને એ પ્રકારે કરીને તેઓની સાથે થોડી જ વારમાં વૈતાઢય પર્વતે કુમાર પહોંચ્યો.

પોતે રુપામય છતાં ભુવનગુરૂની ભક્તિજન્ય પુણ્યોએ સોનામયપણું પામીશ, એવા મનોરથોએ

**વૈતાઢય સ્વરૂપ** જાણે શાશ્વત જિનમંદીરને મસ્તકે ધારણ કરતો, મસ્તકે રહેલ જિન ભુવનને સૂર્ય રથના ઘોડાઓ ઉલ્લંઘે નહિ માટે જ જેણે ગગન-

શિખા સુધી પોતાનું શિખર ઉંચે લઇ ગયો હોય તેવો, પર ભાગમાં રહેલ, અનાર્યો આવી ધર્મને ઉપદ્રવ કરે તે ભયથી જ અનાર્ય લોકોને મધ્યમ ખંડમાં નહિ પેસવા દેવા માટે સમુદ્ર સુધી પોતાના બન્ને છેડા લંબાવ્યા હોય તેવો, એકાંત દુઃખમ કાલના ઉપદ્રવના ભયથી નાશી આવનાર પ્રાણીઓને શરણ આપવા માટે જાણે કંદરાના બ્હાને નિરૂપદ્રવ ગંભીર રૂડા ભવનો તૈયાર કર્યા હોય તેવો, અને નમિ વિનમિએ બનાવેલ રમણીય ખેચર નગરોના સમુહવાળો, જેના સુરતરુ કલ્પલતાગૃહો સુરાસુર-ખેચરના મિથુનોએ સેવાઇ રહેલ છે, અને નિરંતર ઝરતાઝરણાના પાણીના શબ્દોએ કરી મુખર જેનું શીખર છે તેવા વૈતાઢય પર્વત ઉપર રહેલ **પદ્મખંડનગર** પહોંચ્યો. મનોરમ શ્રેષ્ટ તરૂવરોના કૌતુકથી કુમાર નગરના ઉદ્યાનમાં ઉતર્યો. મનોહર વિદ્યાધર નગરમાં ગયો. હર્ષવંત મુખવાળો બની કુમારની પ્રવૃત્તિ જાણવામાં જેણે બહુ ઉપાય કરેલ છે, એવા ચિંતાતુર રાજાની સભામાં પેઠો. ત્યાં આવી રાજાને નમસ્કાર કર્યા. નૃપે પુછયું કે–હે ભદ્ર મનોહર! કુમારની પ્રવૃત્તિ મેળવી? કે નહિ! તેણે કહ્યું કે હે દેવ! હું આપને વધામણી આપુ છું કે, આપના પ્રભાવે અને રાજપુત્રના પુણ્યપ્રભાવે રત્નચુડકુમાર અહીં આવેલ છે, અને નગરના ઉદ્યાનમાં ઉતરી વિસામો લે છે. તે સાંભળીને ચંદ્રના ઉદયે ચંદ્રવિકાશિ કમલની પેઠે, ગંભીર ગાજતા વાદળના જુથને દેખી મોર સમૂહ પેઠે, શ્રેષ્ઠ વરસાદ વરસવાએ કરી સુકાતા ઘાસની પેઠે રાજા પ્રફુલ્લિત બન્યો, અને સભા જનો પણ હર્ષને પામ્યા. અને તેજ ક્ષણે હું પહેલો જાઉં, હું પહેલો જાઉં. એવી

હરીફાઈએ રાજાએ સન્મુખ મોકલેલ રાજપુરૂષો હાથીઘોડા રથાદિક વાહનમાં બેસી ત્યાં પહોંચ્યા. કુમારને દેખી સર્વે જનો અત્યંત આનંદ પામ્યા, અને યથોચિત ઉપચાર વિનયે કરી શ્રેષ્ઠ હસ્તી ઉપર કુમારને બેસાડયો, અને ભાટચારણો ગંભીરસ્વરે બિરૂદાવલી બોલતે છતે સુંદર સરોદવાળાં વાજિંત્ર વાગતે છતે નિર્દય પણે તાડન કરાતી ઢક્કાના અવાજો થયે છતે, અને જનના શ્રવણને આઘાત કરનાર ભાણો વાગતે છતે, આનંદિત મુખોએ રાજલોકોએ પૂજા કરાતા કુમારને નગરમાં પ્રવેશ કરાવ્યો.

આ અવસરે રાજપુત્રી પદ્મશ્રીનો વર રયણચુડકુમાર આવે છે, એમ જનપરંપરાએ સાંભળીને કુમારના દર્શનના કુતુહલથી નગરનો નારીજનવર્ગ આકુલવ્યાકુલ બન્યો. કેટલીક સ્ત્રીઓ પોતાના મહેલના શિખરે જોવા ઉભી; ત્યાં આવતા કોમલ પવન વડે ઉત્તરીય વસ્ત્રના છેડા ઉડે છે તેથી જાણે ધ્વજાઓ ફરકતી હોય તેવી દીસે છે, અને કેટલીક કુમારના રૂપને દેખી ખેંચાયેલ હૃદયવાળી વેતળીની જેમ સ્થિર અંગવાળી બની બારીઓમાં ઉભી છે. તેમજ કેટલીક કુમારને સુવર્ણમય મંગલદર્પણની પેઠે પોતાના કપોલો દેખાડવા લાગી, અને કેટલીક ભુવન દ્વારમાં રહેલી સુવર્ણના બનાવેલ પુર્ણ કળશોની જેમ પોતાના સ્તનયુગલને દેખાડી રહી છે, અને કેટલીક તોરણમાં રહેલ રત્ન ઘંટડીના સમૂહે વ્યાપ્ત વંદનમાલાની પેઠે કેડમાં રહેલ કંદોરાને બતાવી રહેલ છે, અને બીજીઓ લહેરની માફક પસરતું કુમારના શરીરનું કાંતિલાવણ્યરૂપી જલને પીવા માટે નેત્રરૂપી અંજલીઓને વિસ્તારતી હોય એમ દેખાવા લાગી, અને કેટલીક તો તેનો

સંગ્રહ કરવા માટે જાણે ગંભીર નાભિ કુવાને પ્રગટ કરવા લાગી; અને કેટલીક તો કુમારના નેત્ર રૂપી ભમરાને ખેંચવા માટે મુખરૂપી કમળને પ્રગટ કરવા લાગી, અને કેટલીક તો કુમારના મનરૂપી હરણને ખેંચવા માટે વાગુરાની જેમ હારની આવલીને વિસ્તારવા લાગી, તેમજ કેટલીક પ્રથમ ગુણુઠાણુામાં વર્તનારીઓ માંહોમાંહે વાતો કરવા લાગી કે—

હે પ્રિય સખી! રાજકન્યા **પદ્મશ્રી** ધન્યવાદને પાત્ર છે. કૃતપુણ્યા છે કે, જેણીને દેવકુમારીકાને પણ દુર્લભ એવો આ વર મળી ગયો. નક્કી તેણીએ વિનયભાવે બિલ્લી-ફળની માળાએ શંકરની પૂજા કરી લાગે છે. અખંડ ખાંડના પિંડાએ ચંડિકાની પૂજા કરેલી લાગે છે. સુરતરૂના પુષ્પ અને દીપનું પ્રગટાવવું તથા વિલેપન અને સુંદર નૈવેદ્ય કરી કામદેવની પૂજા કરેલી લાગે છે. દારુણ સૌભાગ્યાદિજનક તપ કર્યો લાગે છે. તેમ જ પાપરૂપી મેલ ધોવા માટે ગંગા આદિ તિર્થસ્થાનમાં પ્રાણત્યાગ કરેલ લાગે છે. આ સિવાય કેટલીક શ્રાવિકાઓ માંહોમાંહે આ પ્રમાણે વાતચીત કરી રહેલ છે કે—અહો રાજપુત્રીનો કેવો જબરજસ્ત પુણ્યપ્રકર્ષ છે! કે જેણીને સુકુમાર સરીખો ભરતાર મળી ગયો. હું માનું છું કે રાજકુમારીએ ભક્તિ-પૂર્વક વીતરાગ દેવોની પૂજા કરેલી હશે, કોઇક સુપાત્રને દાન આપ્યું હશે, અને ભાવના પ્રધાન સૌભાગ્યાદિ તપ તપ્યો હશે. પરંતુ હવેથી જો તે મહાનુભાવ, જો જૈનધ-ર્મને પામે તો શાકમાં ઘી ઢાલવા જેવું અથવા દૂધમાં સાકર પડે તેવું સુંદર બને; કહ્યું છે કે— "નિર્મલ કુલ

લક્ષ્મીયુક્ત તરૂણુ અવસ્થા, સૌભાગ્યનું સ્થાન, અને પરમરૂપ-લાવણ્ય સહિત શરીર, પ્રિય બાંધવોનો મિલાપ, સ્વર્ગ સરીખો શ્રેષ્ટ વિલાસ, અને જે અન્ય સંસારીક સુખો તે સર્વે જૈનધર્મ રહિત હોય તો અપ્રધાન અને કિંપાક ફળ સરીખા છે.” જૈન ધર્મરહિત મનુષ્યની રિદ્ધિ પણ અકૃતાર્થ છે. રાજલક્ષ્મી મળી હોય તોપણુ ફોકટ છે. અતિ મનોહર અને ગુરૂના ગુરૂ સરખું દેવપણું પણ મહાન મલ્યું હોય તે પણ નકામું છે. ધર્મ વિના એક કોડીની પણ પ્રાપ્તિ થવી દુર્લભ છે. કદાચ મળે તોપણ દુઃખસમાન છે. જૈનધર્મ વિના સમગ્ર વસ્તુ પણ અસાર છે. કેટલીક વિધવા સ્ત્રીઓ બોલે છે, કે તે ગિરિપુત્રી ઠગાએલી છે. જેણીએ રતિએ વરેલ કામદેવ પેઠે આ ભરતાર વર્યો નહિ. અને તે રેવતી પણ અકૃતાર્થ બનેલી છે, કે જેણીએ રંભાએ વરેલ સુરપતિ પેઠે બલાધિક આ વર વર્યો નહિ, અને સાગર પુત્રી લક્ષ્મી પણ છેતરાયેલી છે, કે જેણીએ દાનમાં નિપુણ એવા આ વરને મુકી દાન રહિત કૃષ્ણને વર તરીકે સ્વીકારેલ છે.

આ પ્રમાણે રમણીજનની વાર્તા સાંભળતો અને નગરીની શોભાને જોતો અખંડ ચોખાએ વધાવાતો અને મનુષ્યોએ નેત્રાંજલીથી પીવાતો શું આ વેશ્રમણ પુત્ર છે? કે મધુમદનનો પુત્ર છે? કે સુરપતિ પુત્ર છે? કે કોઇ અન્ય દિવ્ય પુરુષ છે? કે કોઇ સ્વરૂપે મનુષ્ય છે? આ પ્રમાણે લોકોએ શંકા કરાતો આશિષોએ અભિનંદન કરાતો રાજ્ય ભુવનમાં તે પેઠો. જે રાજ્યભુવન નીલપાડલવૃક્ષની વંદનમાળાએ શોભિત બનેલ છે. તેમાં પેસી હાથીથી નીચે ઉતરી

અને તે રાજસભામાં ગયો. વિનયપૂર્વક રાજાને તેણે નમસ્કાર કર્યા. રાજાએ બાથમાં ઘાલી આલિંગન કર્યું. અને તેને આપેલ આસન ઉપર તે બેઠો, રાજા પણ શરીરની કુશળપ્રેમની વાર્તા પુછી તુરત જ વિચારમાં પડયો કે— અહો ! સકલ જગતને જીતનારૂં કુમારનું કેવું સુંદર આ રૂપ છે. સૌમ્યતાએ ચંદ્રમાને પણ ટક્કર મારી રહેલ છે. અને તેજથી તરૂણસૂર્યમંડલને પણ ઝાંખુ પાડતો હોય તેવો તે છે. હું માનું છું કે—મારી પુત્રીના ગુણોએ ખેંચાઇ પ્રજાપતિએ આ વર બનાવેલ છે. આ પ્રમાણે તર્ક કરતો, આનંદના આંસુએ નેત્રયુગલ ભીંજવતો, અને હર્ષ વડે ઉલ્લાસિત મનવાળો રાજા લાંબા કાળસુધી કુમાર સામું જોઇ રહ્યો. તે વાર પછી મહામહેનતે કુમારના દેહથી—પોતાની દ્રષ્ટિને પાછી વાળી, પદ્મશ્રીને બોલાવવા લાગ્યો. સુંદર વેષવાળી પદ્મશ્રી ત્યાં આવી. જેણીનું શરીર કસ્તુરીયુક્ત પાતળા વિલેપનના રંગથી પીળું છે, અંબોડામાં બાંધેલ પુષ્પમાળામાં ભમરાઓ રસ ચૂસી રહ્યા છે, અને મુખની શોભાએ કરી ચંદ્રમંડલને ઝાંખું પાડયું છે; અરે પુષ્ઠ ઉન્નત્ત સ્તનોએ નીલકંચુકની દોરીઓ ત્રુટી રહી છે, અને મધુર રણઝણાટઝાંઝરોના શબ્દોએ મુખર કંદોરાની ઘુઘરીના સમૂહ જેણીને છે, અને ધીમી ચાલે ચાલી રહેલ, તેણી દૂરથી જ કાંઈક નમેલ ચપળ પાંપણવાળા લોચનો એ કરી કુમારને જોતી આવી ચડી. એને નમસ્કાર કરી, રાજાની પાસે નીચી દ્રષ્ટિએ બેઠી. રાજાએ કહ્યું, કે નિરુપમ પુણ્ય અને અનુપમ પુરૂષાર્થ તમામ કાર્યને સાધવાવાળા મહર્દ્ધિક દેવો જેને સહાય કરનાર છે, ચિંતામણિ રત્નના પ્રભાવે સકલ ઈચ્છિત પ્રાપ્ત થયેલા છે,

અને વાત્સલ્યને લાયક એવા હે કુમાર ! તમારા મનને પ્રમોદ જનક વાત્સલ્ય અમારા જેવા શું કરી શકે ? તો પણ હું આ પરોક્ષ અનુરાગવાળી મારી કન્યા તમોને અર્પણ કરૂં છું; તે તમો તમારા પિતા સરિખા બહુમાનવાળા બની મારી પ્રાર્થના તમે સ્વીકારો. એમ સર્વ નરપતિ સમક્ષ કહી, તેમને કન્યા અર્પણ કરી. જોશીને બોલાવી વિવાહ લગ્નનું મુહૂર્ત્ત પુછ્યું, જોશીએ અર્ધમાસ ઉપર બતાવ્યું. તે સાંભળી રાજા બહુ પ્રસન્ન થયો. તે વાર પછી કૃષ્ણની પ્રાપ્તિએ લક્ષ્મીની પેઠે, શંકરની પ્રાપ્તિએ પાર્વતીની પેઠે, કામદેવની પ્રાપ્તિએ રતિની પેઠે, ઇચ્છાધિક વરના સમાગમે પ્રસન્ન મનવાળી જાણે અમૃત રસનું ભોજન કર્યું હોય, અને પાપનો ભાર સર્વ નષ્ટ થયો હોય, તેવી બનેલી પદ્મશ્રીને રાજાએ પોતાના ભવનમાં મોકલી, રત્નચૂડ કુમારને રમણિક મહેલમાં મોકલ્યા. અને યથોચિત સ્નાન ભોજન વિગેરે કાર્યો કરાવ્યાં. આ પ્રકારે પરમાનંદ રસને અનુભવતા તેઓને કેટલાક દીવસ સુખમય ગયા.

**રંગમાં ભંગ, દૂતનું આવવું, પદ્મશ્રી તરીકે રત્નચુડનું રથનેપુર નગર જવું.**

હવે એક દિવસે રથનેપુર ચક્રવાલ નગરથી વિદ્યાધરનો ઉપરી રાજા રાજશેખરે પદ્મખંડ નગરમાં સુવચન નામનો પોતાને દૂત મોકલ્યો. તે રાજાની આજ્ઞા પામી, તે રાજસભામાં આવી પહોંચ્યો; તેણે કહ્યું, કે હે મહારાજ! મારા સ્વામિએ આજ્ઞા ફરમાવી છે કે–તમારી પુત્રી પદ્મશ્રી અમોને સ્વયંવરા મોકલો. તે સાંભળી રાજા ખેદ પામ્યો. રાજલોક પણ આકુલ વ્યાકુલ બન્યાં.

પણ તે વખતે દૂતનું સન્માન કરી કહ્યું કે—વિચારીને જે ઉચિત હશે તે અમો કરીશું. એ પ્રકારે ઉત્તર આપીને રાજા સભામાંથી ઉઠયો, અને મતિસાર મંત્રી તથા રત્નચૂડ સાથે મંત્રભુવનમાં ગયો. ત્યાં રાજાએ કહ્યું કે–મેં રત્નચૂડ-કુમારને કન્યા આપી દીધી છે, અને આ રાજશેખર મહારાજા પ્રચંડ દંડવાળો છે, બહુ દેવતાઇ શસ્ત્રોને ધારણ કરનાર છે, અમે તેના આજ્ઞાકારી છીએ, તે મારી પુત્રીની માગણી કરી રહ્યો છે, તો હવે શું કરવું? મંત્રીએ ઉત્તર આપ્યો કે–હે રાજન્ પુત્રી નહિ આપવામાં આવે તો તેની સાથે મહાન વિરોધ થશે. અને રત્નચૂડને આપ આપી ચુકયા છો, તેથી આપેલાને ફેર આપવું તે પણ વિરૂદ્ધ છે, તેથી કોઇ પણ ઉપાયે આ બાબતમાં કાલવિલંબ કરવો. રત્નચૂડે કહ્યું કે–હે મહારાજા! તે રાજાના દર્શનનું મને મોટું કૌતક છે, તેથી મને રજા આપો. હું ત્યાં રાજપુત્રીના વેષે તેના દર્શન કરવા જાઉં. આ વખતે બહાર કોઈ અન્યજને પોતાના કાર્ય સંબંધે બોલી જવાણું કે–" જનારને શોભન થશે " તેથી મંત્રી બોલી ઉઠયો કે–હે રાજન્! કુમારનો વિચાર આ રૂડા વચનશુકુન અનુમોદે તેવો છે, અને કુમાર કહે છે તે વ્યાજબી છે, કુમારને પ્રભાવે જ ત્યાં બધું રૂડું થઈ જશે, તેથી કુમાર ગુપ્તરીતે પદ્મશ્રીના વેષે ત્યાં જાય. રાજાએ તે વાત કબુલ કરી. તેથી ઘણા રાજપરિવારે સહિત મોટી સામગ્રીએ કરી આવેલ દૂત સાથે પદ્મશ્રી તરીકે કન્યાનો વેષ લઈ રત્નચૂડકુમાર રથનેપુર–ચક્રવાલ નગરે ગયો.

મહાન શોભાએ કરી નગરમાં પ્રવેશ મહોચ્છવ થયો.

રાજશેખર રાજા બહુ આનંદ પામ્યો. શુભ દીવસે પરણેતર થયું. રાત્રિએ બન્ને જણાં શણગાર સજી વાસભુવનમાં પેઠા, અને ત્યાં મહામૂલ્ય પલ્યંકમાં રાજશેખર રાજા બેઠો, અને રત્નજડિત સુવર્ણના ચાકળામાં રત્નચૂડરૂપી પદ્મશ્રીને બેસાડી. સ્નેહપૂર્વક શ્રેષ્ટમધુર વચનોએ ક્ષણવાર ઠઠ્ઠામશ્કરી કરીને દૂર રહેલ એક પલ્યંક દેખાડયો. અને કીધું કે—હે પ્રિયે! તું તેમાં સૂઈ રહે એમ આજ્ઞા કરી; પોતે એક ગાઢ ઘન ઉત્તમ વસ્ત્ર ઓઢીને સૂતો. રત્નચૂડ વિચારવા લાગ્યો કે–કેમ આ આવો આદેશ કરે છે? શું શરીર સારૂં નથી? કે લજ્જાશીલ બન્યો છે? કે મારા ઉપર કોઇપણ હેતુએ કોપ કર્યો છે? કે કોઇ બીજું કારણ છે? કેમકે ગાઢ અનુરાગથી મારા સાથે તે પરણ્યો છે. રતિસુખને અનુભવ્યા વિના આમ કેમ સૂઈ જાય છે? માટે આનું કારણ પૂછું. એમ ચિંતવીને કહેવા લાગ્યો કે—હે પ્રાણપ્રિય! કેમ આ પ્રકારે સમી સાંજમાં જ સૂઇ રહ્યા? સ્નેહવાળા વાર્તાલાપે કેમ મારી સાથે વિનોદ કરતા નથી? શું તમે રતિસુખને નહિ માણો? આમ કહ્યા છતાં પણ જવાબ આપતો નથી. તેથી ધીઠાઇએ અને મશ્કરીએ કરી રત્નચૂડે કમલ સરીખા કોમળ હાથે તેની ભુજા પકડી. એટલે તેના સ્પર્શ વડે અત્યંત કંપવા લાગ્યો, અને શરીરે પરસેવો થઇ ગયો. નહિ નહિ એમ બોલતો તે રાજશેખર અત્યંત પોતાના શરીરને સંકોચી રહ્યો. કુમારે ચિંતવ્યું કે—અરે આની પુરૂષ પ્રકૃતિ વિરૂદ્ધ ચેષ્ઠા કેમ છે? આવી ચેષ્ટા તો પ્રથમ પતિના સંયોગમાં યુવતી સ્ત્રીની હોય; અને આનો

**વિવાહ થયો**

**કૌતુકની પરંપરા**

ભુજાનો સ્પર્શ યુવતી સરીખો કેમ લાગે છે? તેથી આની શરીરની આકૃતિ જોઈ નિર્ણય કરૂં, એમ વિચારીને વિશ્વાસ પમાડી ઉપરનું વસ્ત્ર બલાત્કારે ખેંચી લીધું. તો ચિકણા વસ્ત્રો કરી લપેટેલો છાતીનો વિભાગ દેખ્યો, તે પણ વસ્ત્ર બલાત્કારે ખેંચી કાઢયું, એટલે નવી યુવાન અવસ્થાવાળી રમણી જોવામાં આવી. તેથી શું આ તે પ્રપંચ કર્યો છે? કે સત્ય છે? તે આનેજ પૂછું. એમ ચિંતવી કુમારે પૂછયું કે—હે પ્રિયતમ! શું ઇંદ્રજાલ તમોએ રચી છે? કે મને સ્વપ્નું આવ્યું છે? કે મારૂં ચિત્તભ્રમ થયું છે? કે કોઈ અન્ય પ્રયોગ છે? આવા વિકલ્પોએ તમારૂં સ્ત્રીરૂપ જોઈને હું આકુલવ્યાકુલ બની ગઇ છું, માટે તે રૂપને દુર કરી સ્વાભાવિક રૂપ દેખાડી મારા ઉપર મહેરબાની કરો. અને મને સ્વસ્થ પમાડો. હવે લાંબા કાળસુધી મને કદર્થના કરો નહિ, કેમકે બીન અવસરની આ ક્રીડા છે, અને સ્ત્રીઓના હૃદય સ્વાભાવિક રીતે કાયર હોય છે. આમ કહ્યા છતાં પણ કાંઇ ઉત્તર આપ્યો નહિ, તેથી ફેર કહ્યું કે—હે આર્યપુત્ર! કેમ ઉત્તર આપતા નથી? શું સદ્ભાવ નહિ કહો? સર્વ પ્રકારના આદરે કરી હું પૂછી રહી છું, છતાં શા કારણે મારા ઉપર રોષ કર્યો છે? મારો કોઈ પણ અપરાધ મને સાંભરતો નથી. જો કે પ્રથમ વાતચીતમાં સ્નેહપ્રેમને ઓલંઘીને અજ્ઞાન દશાએ કાંઇ પણ અયુક્ત બોલી જવાયું હોય, તો હે આર્યપુત્ર! એક અપરાધને આપ ખમો, ફરી તેવું નહિ કરૂં. ઉગ્ર દંડ દેવાવાળા પણ અજ્ઞાનીના એક અપરાધને સહન કરતા આવેલ છે, તો તમારા સરીખા ગંભીર પ્રશાંત દાક્ષિણ્ય અને કરુણા ગુણવાળા

સહન કરે તેમાં નવાઇ શું? આવા પ્રકારના હાસ્યે કરી, રાજશેખર વિલખો બની વિચારવા લાગ્યો કે, આ પદ્મશ્રીએ મારો બધો પ્રપંચ જાણી લીધો છે. હવે ગોપવી શકાય તેમ નથી. માટે મારો સર્વ પરમાર્થ આને કહું; ઉત્તમ સ્વભાવે કરી પદ્મશ્રી આ ગુપ્ત વાતને ફોડી નહિ નાંખશે; કેમ કે સત્ય વાત કહેવાથી મિત્ર સજ્જનો પ્રસન્ન થાય છે. કહ્યું છે કે—"ભક્તિ કરવાથી દેવગુરૂઓ પણ આધિન થાય છે. અને માર્દવ ગુણે કરી સ્ત્રીઓ આધીન થાય છે, સત્ય વાતથી મિત્રો અધીન થાય છે, અને લુચ્ચાઓ તો અપકાર કરવાથી ડરતા રહે છે." આ પ્રમાણે ચિંતવી રાજશેખરે કહ્યું કે—હે પ્રિય સખી પદ્મશ્રી! સોનાની પુતળી કહ્યા છતાં, પીત્તળની પુતળી કસોટી ઉપર ચડાવતાં પીત્તળની પુતળી જ માલુમ પડે છે. ચાકચિક્ય કરતો કાચનો ટુકડો રત્નનું મૂલ્ય આપતો નથી, છાશને દૂધ કહ્યા છતાં દૂધનું કાર્ય બનતું નથી, તેમ પુરૂષનો વેષ ધારણ કર્યા છતાં યુવતી સ્ત્રી પુરૂષનું કાર્ય કરી શકતી નથી, આ બાબતનો જે પરમાર્થ છે તે તું સાંભળ.

આ નગરમાં મહાન પરાક્રમે તમામ વિદ્યાધર રાજાને વશ કરવાવાળો અને મહા પ્રભાવશાળી વિવિધ વિદ્યાનો

સાધક અને પરંપરાથી આવેલ

**રાજશેખર સ્ત્રી હતી** દિવ્યશાસ્ત્રોના પ્રશસ્ત મંત્રોયુક્ત

**તે સંબંધી ગુપ્ત વાત** અને દુઃસાધ્ય હાથી, ઘોડા, રથ,

પાયદળની પ્રચુર સેનાનો માલીક

**કુસુમશેખર** નામે રાજા હતો. તે વિધિના વશે અપુત્રીઓ હતો. તેની ઉમ્મર વૃદ્ધ થવા આવી. એક સમયે કુલસંતા-

નની ચિંતાવાળા તે રાજવીને સકલ જનાનખાનામાં પ્રધાન એવી **કુસુમમાલા** નામની ભાર્યાની કુક્ષિમાં પુત્રીપણે હું ઉત્પન્ન થઈ. રાજાએ તેજ દીવસે મંત્રી મતિવર્ધન તથા રાણી સાથે વાતચિત કરી નિર્ણય કર્યો કે—કર્મના વશથી રાણીને પુત્રી જન્મી તોપણ પુત્ર જન્મ્યો એમ લોકમાં જાહેર કરવું; આગળ ઉપર રાજ્ય સંબંધી સારાં વાનાં થશે. અનુક્રમે મારો જન્મ થયો કે પુત્રની વધામણી કરી, **રાજશ્રી** એવું નામ પાડી ગુપ્તપણે લોકમાં **રાજશેખર** એવું નામ પ્રગટ કર્યું. આ બાબતનો પરમાર્થ કોઈને જાણવા દીધો નહી; અને હું યુવતી અવસ્થાને પામી, એટલે મને પિતાએ વિદ્યાઓ આપવા માંડી, અને રાજ્ય ઉપર મને સ્થાપી પિતા પરલોક પહોંચ્યા. પૂર્વના કર્મેકરી આટલા કાળસુધી રાજ્યને સાચવી રાખ્યું, અને સ્ત્રી ભાવને ગોપવી રાખ્યો, પણ હવે સ્ત્રી ભાવ પ્રગટ થઇ ગયો, તેથી શું થશે? તે હું જાણુતી નથી. પણ હે પ્રિય સખી! મેં મારી સત્ય વાત બધી તને કહી દીધી છે. માટે વાચડાપણું તારે ન કરવું, અને આ વાત દાક્ષિણ્યતા રાખી મારા ઉપર ઉપકાર બુદ્ધિએ બહાર પાડવી નહિ; હવે કુમારે કૃત્રિમ ખેદ કરીને કહ્યું, હે પ્રિય સખી! તમારે બિલકુલ શંકા ન રાખવી કે–આ મારી ગુપ્ત વાત બહાર પાડી દેશે, પણ મારા મનના મનોરથ પૂરા ન થયા, તેથી મારૂં હૃદય તપે છે, કેમકે ખેચર રાજા સાથે ઇચ્છા મુજબ રતિવિલાસ માણશું એવો મને મનોરથ હતો, પરંતુ તે કહેવત સાચી પડી કે—"મનમાં હર્ષ પામી મનુષ્યોથી જે મનોરથો કરાય છે, તે વિધિના વશથી સંસારમાં ફોકટ જાય છે."; હવે રાજશ્રીએ કહ્યું કે–હે પદ્મશ્રી!

આ મારો અપરાધ છે તેને તું ક્ષમા કર. કેમકે વિશ્વાસી એવી તને મંદભાગિણી એવી મેં તને પરણીને દુઃખી કરી છે, અને આ જીંદગી સુધી ભોગવિલાસથી તને વિયોગ કરાવ્યો છે.

આ અવસરે કાંઈક હસીને રત્નચૂડે કહ્યું કે–હું પદ્મશ્રી નથી, પણ પદ્મશિર છું. તેથી હે રાજશ્રી! તારે પણ મારો અપરાધ ખમવો, કેમકે શુદ્ધ મન-

**રત્નચુડની પ્રગટ વાત, રાજશ્રી સાથે લગ્ન વિદ્યાધરની રાજ્ય પ્રાપ્તિ**

વાળી, સજ્જન સ્વભાવવાળી તને કપટે કરી પદ્મશ્રીનો વેષ ધરી મેં છેતરેલ છે, અને આટલા કાળ સુધી અયોગ્ય હાસ્યે કરી ખેદ પમાડેલ છે. આ પ્રકારના અભિપ્રાયવાળું વચન સાંભળીને રાજશ્રી ક્ષોભાયમાન બની વિચારવા લાગી કે—અરે આ જોરદાર વચનોએ કરી અને ધિઠાઇથી પદ્મશ્રી લાગતી નથી. ખરેખર કોઈ સિદ્ધપુરૂષે મને ઠગી લાગે છે. માટે વિનય-પૂર્વક આને પરમાર્થ પૂછું. એમ વિચારીને પ્રણામ કરી કુમારને પૂછવા લાગી કે—હે મહાભાગ! સ્વભાવે કરી તમે ઉત્તમ પુરૂષ છો તે તો મેં જાણ્યું; પણ હે પ્રેમાળ! સ્વીકારેલા કાર્યનો નિર્વાહ કરનાર! દીન અને અનાથના આધાર! પરમ કરુણાવાળા! તમારો પરમાર્થ મને કહો. તમારૂં સ્વરૂપ પ્રગટ કરી મારા ઉપર અનુગ્રહ કરો, અને તમારા દર્શનની ઉત્કંઠાવાળા મારા મનને શાંત કરો. કુમારે પણ તેણીનો સ્નેહ રાગ જાણીને પોતાનું નામ કહેવા પૂર્વક પોતાનો સર્વ વૃત્તાંત કહ્યો. જેમકે—જવલનપ્રભદેવે હસ્તિ વિગેરે રૂપ કરી મારૂં અપહણ કર્યું, અને તિલકસુંદરી સાથે પરણાવ્યો, તેમજ ઘુવડનો વૃત્તાંત કહ્યો. તિલકસુંદરીને

કોઇ ઉઠાવી ગયું, તેણીને ખોળતો રિષ્ટપુર પહોંચ્યો, ત્યાં ધૂમકેતુ જક્ષે સુરાનંદા કુમારીને પરણાવી. પવનગતિ સાથે અમરાવતી આવ્યો, ત્યાં રાજહંસી કુમારી સાથે લગ્ન કર્યું. અને વૈતાઢય પર્વત આવી પદ્મખંડ નગર પહોંચ્યો, ત્યાં કેવો રાજશેખર રાજા છે, જેની આણ જયરક્ષ રાજા સરીખા પણ ઉઠાવે છે. આવું કૌતુક ધારી વિદ્યાના પ્રભાવે પદ્મશ્રીનો વેષ ધરી તમારા દર્શન માટે અહીં આવ્યો છું. એમ કહેતાંજ પોતાનું રૂપ પ્રકટ કર્યું. સર્વ અંગે રાજશ્રીએ નિહાળ્યો, અને ચિંતવ્યું કે—અહો રૂપસંપદા નિરૂપમ છે, અને મુખ જાણે ચંદ્રમાના મંડલથી બન્યું હોય તેવું છે, અને નેત્રો વિકસિત કમલોના બન્યા હોય તેવા લાગે છે, અને વાણી શેરડીના રસ સરખી મીઠી છે, અને શરીર મેરૂ પર્વતના ગર્ભે કરી થયું હોય તેવું કનકમય લાગે છે, અને લાવણ્ય ગંભીરતા ગુણે પરાજય પામીને સમુદ્રે પોતાનું ગંભીરપણું આપી દીધું હોય તેવું છે, અને હું માનું છું કે બ્રહ્માએ કામદેવના શરીરમાં આને સમાવી દીધો હોય, અને તેથી કામદેવ શરીર વિનાનો બન્યો હોય ? એવો આ પુરુષ છે; તેથી હું પુણ્યશાલિ છું. જેણીએ આવો પુરુષરત્ન ભર્તાર તરીકે મેળવ્યો. એમ વિચારી રાજશ્રી કહેવા લાગી કે, હે આર્યપુત્ર ! વિધિએ કરૂણા કરીને અનાથ એવી મને તથા મારી રાજ્યલક્ષ્મીને મહા દરિદ્રીને જેમ નિધાન મળે, મારવાડના મુસાફરને જેમ કલ્પવૃક્ષની પ્રાપ્તિ થાય, ભૂખ્યાને અમૃતનું ભોજન મળે અને તરસ્યાને વરસતા વરસાદની ધારા મળે, તેમ પરમ આણંદનું કારણ મને ઓચિંતો ભરતારનો સંયોગ થયો. તેથી સુખદુઃખનું કારણ વિધિ છે પણ પુરૂષ નથી.

કેમકે કહ્યું છે કે—"વિધિ અયોગ્યને પમાડતો નથી પરંતુ યોગ્યને ઓચિંતો જોડી આપે છે. માટે અતિતિપુણ એવો વિધિ સુખદુઃખ પ્રાણીઓને કરનાર છે." માટે હે પ્રિયતમ! તમારો જે અજાણતાં આટલા વખત સુધી અવિનય મેં કર્યો, તે ક્ષમા કરજો. કોઇ પણ ઉપકાર મેં કર્યો નથી. અહો આના સર્વ અંગે સુંદરપણું છે, જે અંગભાગમાં દૃષ્ટિ નાખીએ છીએ તે અંગભાગમાં ચોંટી જાય છે. રમણીયપણાએ બીજા અંગવિભાગમાં જતી નથી, તેથી હું માનું છું કે, જો રાજશ્રીએ પુરૂષ વેષ ન કર્યો હોત તો કામદેવથી છૂટી શકત નહિ; એમ ચિંતવી રહેલા કુમારને સ્નેહપૂર્વક રાજશ્રી કહેવા લાગી કે—હે સ્વામિનાથ! તમે આ પલંગમાં નિરાંતે સૂઇ જાઓ એમ બોલીને રાજશ્રી પોતાની માતા પાસે ગઇ, અને તમામ વૃત્તાંત માતાને કહ્યો. રાણીએ મંત્રીને બોલાવી હકીકત જણાવી, બન્ને જણ આશ્ચર્ય પામી આણંદવાળા બની કુમાર પાસે આવ્યા. કુમારના શરીરની આકૃતિ જોઈ બહુ આનંદ પામી તેને કહેવા લાગ્યા.

હે કુમાર! મનોરથમાં પણ નહિ આવેલ, સ્વપ્નામાં પણ અસંભવિત અને રાજ્યલક્ષ્મી પોતાના નાથને ઇચ્છી રહી છે તેવા કાલે પદ્મશ્રીના વ્યપદેશથી તમારૂં અત્રે આગમન થયું, તો તમો રાજ્યનું અને અમારૂં તથા રાજશ્રી કન્યાનું સ્વામિપણું સ્વીકારો. એમ કહી સિંહાસન ઉપર રત્નચૂડને બેસાડયો. કનક કલશોએ કરી અભિષેક કર્યો; અને ચંદનાદિકથી મંગલ કર્યું. રાજશ્રીને પરણાવી પછીથી અમૃતરસના સાગરમાં ડુબ્યા હોય તેમ આનંદથી સર્વની રાત્રિ પસાર થઇ ગઈ. પ્રભાત થતાં પ્રભાતનું કાર્ય કર્યું;

અને ભંડાર, કોઠાર, સામગ્રી વિગેરે કુમારને દેખાડી, રાજશ્રીએ વિદ્યાઓ અને દિવ્યશસ્ત્રોના મંત્રો શીખવાડયા, અને ઉચિત વિદ્યાએ તે સાધ્ય, આ સર્વ વૃત્તાંત કુમારે પવનગતિને કહ્યો, અને તેણે જયરક્ષ રાજા વિગેરેને જણાવ્યો. જયરક્ષ રાજા આશ્ચર્ય પામ્યો. અને કેટલાક દીવસોએ રત્નચૂડ કુમાર રાજા તરીકે પ્રગટ થયો. તમામ વિદ્યાધર લોક બહુ આશ્ચર્ય પામ્યો, અને રત્નચૂડરાજા પણ બહુ ઉન્નતિને પામ્યો. ઉત્કૃષ્ટ હર્ષ પામીને જયરક્ષ રાજાએ મહાન સામગ્રી યુક્ત પોતાની કન્યા **પદ્મશ્રીને** રથનેપુરચક્રવાલ નગરે મોકલી. શુભ દીવસે રત્નચૂડ રાજા સાથે તેણીનું લગ્ન થયું. અને રત્નચૂડના હુકમથી પતિના વિરહથી દુબળી બનેલી **રાજહંસીને** ત્યાં પવનગતિ લઈ આવ્યો. હવે એક દીવસે પ્રભાતે મહેલના આંગણામાં ઉતરેલ એક વિમાન રત્નચૂડ રાજાએ જોયું. જે નિર્મલ સ્ફટિકમય છે, અને સુંદર સોનાના થાંભલા જેમાં રહેલ છે, વિચિત્ર ચિત્રની રચનાવાળું છે, અમૂલ્ય રત્નોનો ઢગલો જેમાં રહેલ છે, તે દેખી આ શું છે? એમ કૌતુકથી રત્નચૂડ તેની અંદર પેસે છે, કે તુરત દીવ્ય શય્યામાંથી ઉઠતી સંભ્રમવાળી **સુરાનંદા** દેખી, તેથી "નક્કીઆ આર્યપુત્ર છે" એમ જાણી હર્ષ અને આશ્ચર્યવાળી બનેલી સુરાનંદા એકદમ કુમારને ભેટી. રત્નચૂડે પૂછયું કે—હે પ્રિયે! તું અહીં કેવી રીતે પહોંચી અને આ વિમાન કોનુ છે? તેણીએ હર્ષના અતિરેકથી ગદગદ વાણીએ કહ્યું, કે-હે આર્યપુત્ર! તમે તે વખતે પવનગતિની સાથે ગયે છતે, વિરહ અગ્નિની જ્વાલાએ મારૂં હૃદય બળવા લાગ્યું; કયાં અને કયારે પ્રિયતમને દેખીશ, એમ વિકલ્પોએ આકુલવ્યા-

કુલ બની; એટલે ધૂમકેતુ દેવે મને આશ્વાસન આપ્યું, કે હે પુત્રી ! તું થોડા કાળમાં જ તું તારા પતિને મળીશ, તેથી શાંત થઇ અને તમારા હુકમથી ધૂમકેતુએ મારી માતાને સ્વપ્નામાં કહેવા વિગેરે તે પ્રકારે નગર વસાવ્યું. તેથી હું મારા બાંધવો સાથે કેટલાક દીવસ રહી. આજે નિદ્રાધીન છતાં મને કોઈએ મહાન પુણ્યના યોગે આપની સાથે જોડી દીધી. રત્નચૂડે કહ્યું, કે તારૂં વાંછિત પૂરૂ કરવામાં તત્પર તે ધૂમકેતુ દેવે તને અહીં મૂકી લાગે છે, એમ સમજીને અંતે ઉરમાં રાજા તેણીને લઈ ગયો, હવે ચારે રાણીઓને સુંદર પ્રાસાદો આપ્યા. જેમાં સુખેથી તેણીઓ રહેલ છે. આ અવસરે નહિ સંભાર્યા છતાં વિશેષે કરી તિલકસુંદરીનુ સ્મરણ રાજાને થયું, તેથી અત્યંત ખેદને પરવશ બની, રત્નચુડ ચિંતવવા લાગ્યો કે—ચંદ્રમા વિના જ્યોતિષ ચક્ર, સૂર્ય વિના દીવસ, દીવા વિના રાત્રિએ ભુવન, નેત્ર વિના મુખ, અને કમલ વિના પદ્મસરોવર જેમ શોભે નહિ, તેમ તિલકસુંદરી વિના આ સમૃદ્ધિ જેમાં તમામ વાંછના પૂર્ણ થાય છે તેવું રાજ્ય શોભે નહિ. તો દેવી ક્યાં ગઈ? કોણે તેણીનું અપહરણ કર્યું? કઇ અવસ્થાને પામી? કેવા વિયોગમાં રહી? કેવી રીતે તે મારા વિરહમાં પ્રાણ ધારણ કરતી હશે? કેવી રીતે તેણીના સમાચાર મેળવાય? તેણીની પાસેથી અહીં કોણ આવે? કોણ કુશલવાર્તા કહે? કોણ તેણીને દેખાડે? કોણ મારા મનને સંતોષ પમાડે? ક્યારે દેવીને લઇ જનાર શત્રુને જાણીશ! ક્યારે તે શત્રુને દેખીશ? ક્યારે તેનો નિગ્રહ કરીશ? આવા પ્રકારના વિકલ્પો યાવત્ કરી રહ્યો છે એટ-

લામાં પોતાની આગળ પડેલો એક પત્ર દેખ્યો, તેને ગ્રહણ કરી કૌતુકવાળા બની વાંચવા લાગ્યો.

સ્વસ્તિ શ્રી નિરૂપમ આચરણવાળા ગુણરત્નોએ યુક્ત, રયણચુડ કુમાર આર્યપુત્રને કૂડશૈલમાં રહેલ રતિ વિલાસ નગરથી, તિલકસુંદરી સવિનય

**તિલકસુંદરીનો પત્ર, રત્નચુડનો ઉત્તર પત્ર.**

પ્રણામ કરીને વિનંતિ કરે છે, કે "અનુરાગમાં તત્પર **મદનકેશરી** વિદ્યાધર રાજાએ મારૂં હરણ કર્યું છે. હું ઇષ્ટ દેવની પેઠે તમારૂં સ્મરણ કરતી અને તમારા સંગમની આશાએ પ્રાણ ધારણ કરતી, એક શીલપાલન કરવામાં જ કુશલ બની અહીં રહી છું. તેમ જ માનું છું, કે મારૂં મન લોઢાનું બનેલ છે, અગર વજ્રથી ઘડાએલ છે, કેમકે તમારા વિરહમાં મનના ચુરે ચુરા થઇ જવા જોઈએ. પણ થયા નથી એવું નિર્લજ બની ગયું છે. પ્રિય! વિરહ અગ્નિએ શરીર તપી જાય છે, પણ જલતી ચિતામાં તે શરીરને હું ભસ્મીભૂત થવા દેતી નથી, કારણ કે તેમ કરવાથી મારા મનભવનમાં રહેલા તમો પણ બળી જાઓ, તેથી તેમ કરેલ નથી; તમારા વિરહમાં હું જીવતી છું; તેથી કોઈ માને કે પતિ ઉપર મંદસ્નેહી છે, તે પણ ખોટું છે. કારણ કે હે નાથ! તમારા સંગમના કૌતુક વડે જ હું જીવી રહી છું. દેશાંતર ગયેલને કે કેદખાનામાં પૂરેલને કે વૈરિને વશ પમાડેલને કે પતિ વિયોગીને જે આશા છે તે જ જીવિતનું રક્ષણ કરે છે. આ પ્રમાણેનો તિલકસુંદરીના પત્રનો ભાવાર્થ જાણી રત્નચુડે વિચાર્યું કે—આ પત્ર તિલક સુંદરીના કુશલ વૃત્તાંતને સૂચવનાર છે; તેથી નવું જીવતર

પામવાવાળો ઉલ્લિસિત હૃદયવાળો બને તેમ થઈ, ઉંચ્ચે સ્વરે બોલી ઊઠયો કે—અરે આ પત્ર કોણે અહીં નાંખ્યો? રાજલોકોએ ઉત્તર આપ્યો કે—હે રાજન્! અમે જાણતા નથી. તેથી રાજાએ ચિંતવ્યું કે—અરે આ તે ઈંદ્રજાલ છે? કે પત્ની વિરહથી તપી ગયેલ મને આશ્વાસન આપવા માટે કોઈએ કૃતિમ પત્ર લખી નાંખેલ છે? કે મારા ઉપર તથા તિલકસુંદરી ઉપર અનુકંપાવાળા બનેલ કોઈ અદૃષ્ય દીવ્ય રૂપવાળાએ આ સત્ય પત્ર લાવી નાંખેલ છે?, ગમે તેમ હો પણ હું આ પત્રનો ઉત્તર લખું, તે દયાળુ દેવ તેણીને પહોંચાડી દેશે, એમ ચિંતવી ઉત્તર લખવા માંડયો.

સ્વસ્તિશ્રી વૈતાઢય પર્વતની દક્ષિણ શ્રેણીમાં રહેલ રથનેપુર ચક્રવાલ નગરથી રત્નચુડ રાજા, અત્યંત પ્રિય એવી પત્ની તિલકસુંદરીને સ્નેહપૂર્વક ભેટીને જણાવે છે કે—તમારો કુશલખેમનો પત્ર પામીને મારૂં હૃદય પરમશાંતિને પામ્યું છે. હૃદય ઉપર દુઃખે વહન કરી શકાય તેવો ચિંતાનો ભાર હતો તે ઉતર્યો છે. પણ હે સુંદરી? તારા વિરહમાં મારી હાલત આવી છે. **नरयसमाणं रज्जं बिसंव विसया दुहंकरा लच्छी। तुह विरहे मह सुंदरि, नयरमरण्णं व पडिहाइ॥१।** રાજ્ય નરક સમાન, અને વિષયો વિષ સમાન. અને લક્ષ્મી દુઃખ કરવાવાળી, હે સુંદરી! તારા વિરહમાં ભાસે છે ॥૧॥ વળી આગળ પાછળ પડખામાં, હે સુતનું! તું દેખાય છે. અને તારી ચિંતાની શ્રેણી આ દિશાવલયને બાળે છે; એમ હું માનું છું. મારા ચિતમાં તું વસે છે. તારા ગુણોની ગણતરી કરૂં તો પાર આવતો નથી, શય્યામાં પણ તું

આલોટી રહી છે, અને દિશા સામે જોઉં તો તું જ દેખાય છે. વાતચિતમાં પણ તારૂં નામ ઉચ્ચારી જવાય છે. કાવ્ય રચનામાં પણ તારૂં સ્વરૂપ ગુંથી દેવાય છે, માટે હે સુંદરી! તારા વિરહમાં જગત અંધકારમય મને ભાસી રહ્યું છે.

પણ તારે સંતાપ ન કરવો કારણકે 'કયા કર્માધીન પ્રાણીને વિષમ દશાની પ્રાપ્તિ થઇ નથી? જુઓ કે દેવોને પણ સ્વર્ગમાંથી ચ્યવવું પડે છે, આકાશમાં સૂર્યને પણ રાહુ પકડી પાડે છે, અને ચંદ્રમા પણ વિધિના વશે ક્ષિણ થઇ જાય છે." માટે હવે તારા સમાચાર જાણીને હું તેવી રીતીએ કરીશ કે—મદનકેશરી રાજાને તારા અપહરણથી જે પાપ કલંક ચડયું છે, તે કલંકને મારા તીક્ષ્ણ બાણના સમુહે તેનું શરીર વિંધાવા રૂપ પાણીએ ધોઇ નાખીશ. આ પ્રકારે પત્ર લખી પેક કરી સુવર્ણ બાજોઠ ઉપર મૂકયો. અને કહ્યું કે—જે કોઈ નિષ્કારણ પ્રેમાળ દેવ મારા ઉપર ઉપકાર કરવા માટે તિલકસુંદરીનો પત્ર લાવેલ છે; તે પ્રિય બંધુ દેવ! અમારો પત્ર તેણીને પહોંચાડો. આમ કહેતાંની સાથે ભીતમાં ચિતરેલ મોર નીચે ઉતર્યો, અને ચાંચમાં તે પત્ર લઇ ઉડયો અને ચિત્રકૂટ તરફ ચાલ્યો; આ દેખી રાજલોક બહુ આશ્ચર્ય પામ્યા. તે પછી હે રાજન્! આ પત્ર કોનો છે? આપે પત્ર કોને મોકલ્યો? એમ બુદ્ધિ-વર્ધન મંત્રિએ પૂછયું. રત્નચુડે તેને પોતાનો પૂર્વ વૃત્તાંત જણાવ્યો. તે સાંભળીને રાજપુત્રો મદનકેશરી રાજા ઉપર ગુસ્સે થયા, અને મંત્રિસામંતરાજાની સંમતિથી મદનકેશરી ઉપર સુવદન દૂતને મોકલ્યો. તે પણ ત્યાં પહોંચી ગયો; ઉપચાર વિનય કરીને દૂતે કહ્યું કે–હે રાજન્! મને રત્નચુડ

મહારાજાએ મોકલેલ છે. અને તેણે કહ્યું છે કે મહાકુલમાં જન્મ લેનાર અને નયમાં નિપુણ એવા તમારા જેવાને પરદારાનું હરણ કરવું તે અયુક્ત છે; કેમકે કહ્યું છે કે—

दूसिज्जइ नियं जाइं कुलं कलंकिज्जए सुविउलंपि। वज्जइ य अयसपडहो परदाररयस्स पुरिसस्स ॥ १ ॥ तहा नासइ जणाणुराओ गुणमाहप्पं पयाइ परिहाणिं। विउस्सत्तं पणस्सइ परदाररइं कुणंतस्स ॥२॥ जइवि हु पेमपरद्धा जइवि हु दारिद्दमरणवसणत्ता। तहवि हु उत्तमपुरिसा नियमज्जायं न लंघंति ॥ ३ ॥

પરદારા રક્ત પુરૂષને પોતાની જાતિ દૂષિત બને છે, વિપુલ પણ કલંક લાગે છે, અપજશનો પડઘો લોકમાં વાગેછે, તેમજ પરદારામાં રતિ કરનાર મનુષ્યને પોતાના ઉપર મનુષ્યોને જે રાગ હોય છે તે નષ્ટ પામે છે, અને ગુણનું મહાત્મ્ય હાનિ પામે છે, વિદ્વાનપણું; પણ નાશ પામે છે; જો કે પ્રેમપરવશ હોય કે દારિદ્ર અને મરણ આપદા ગ્રસ્ત હોય તો પણ ઉત્તમ પુરૂષો પોતાની મર્યાદાને ઓલંઘતા નથી.

તેથી તિલકસુંદરીને તમે મુકી દ્યો. જોકે મોહ વશે કરી, મર્યાદાને ઉલ્લંઘી ગયા હોય તો પણ સત્પુરૂસો સન્માર્ગમાં પાછા જોડાઈ જાય છે. આ પ્રમાણે સાંભળીને મદનકેસરીએ કહ્યું કે–હે સૌમ્ય! તારૂં આ વચન યુક્તિ સંગત નથી; કેમકે નિર્ધન પરદારા હોય' દુષ્કુલમાં ઉત્પન્ન થઈ હોય, અથવા પતિ મરી ગયો હોય એવી યુવતીરત્નને માનીપુરૂષો ગ્રહણ કરે છે. દૂતે કહ્યું કે હે રાજન્! આલોક અને પરલોકથી જેઓ નિરપેક્ષ બન્યા હોય, રાગાંધ બન્યા હોય, અને

અકાર્ય કરનારા હોય તેનું આ વચન ગણાય. સત્ય પુરૂષો તો રત્નભૂત પરદારા હોય તો પણ તેના ઉપર વિકારવાળી દૃષ્ટિ પણ નાંખતા નથી. તો અભિલાષ કરવાની તો વાત જ શી હોય ?, વળી મદનકેસરીએ કહ્યું કે-અરે દૂત, આ પરદારા જ કયાં છે ? કેમકે તેણીને બંધુ જનોએ પરણાવી નથી, ચોરી કરી પરણી જવું તે તો અનિતિ છે, અને તે પ્રમાણ નથી. દૂતે કહ્યું કે-વચન માત્રે વરને સ્વીકાર કરનારી રમણી પરદારા છે. તો ચોરીએ પણ પરણેતર થયું હોય તે પર-દારા કેમ નહિ ? આ તિલકસુંદરી તો કુલદેવતાના આદેશથી પીતાએ રત્નચુડને આપેલી અને દેવે પરિણાવેલી છે, તે પરદારા કેમ ન કહેવાય ?, વળી હે મદનકેસરી તમો કહો છો કે-ચોરીએ પરણી જવું તે નિતિ નથી, તો તમો પણ તેને પરણી શકો નહિ, કેમકે તમોને તેના પિતાએ આપેલ નથી. મદનકેસરીએ કહ્યું કે-નીચ સ્થાનમાંથી ઉત્તમસ્થાનમાં લઈ જવાય તે અન્યાય નથી, કેમકે હીરો ભૂષણ થકી વિખૂટો પડયો તેને ફેર ભૂષણમાં જોડી દેવામાં આવે તેને કોણ અન્યાય કહે છે ? એવી જ રીતે આ સ્ત્રીરત્ન-ભૂમિગોચર મનુષ્યને જતું હતું, તે ખેચર રાજા સાથે જોડી દીધું, તેમાં નિતિ વીરૂદ્ધ શું છે ?, દૂતે કહ્યું કે-ભૂમિગોચર પુરૂષ હલકો અને ખેચર પુરૂષ શ્રેષ્ટ એમ હોતું નથી, કેમકે જેણે દેવોને અને ખેચરોને દાસ બનાવેલા છે, તેવા ભૂચર ચક્રવર્તિ વિગેરે ઉત્તમ પુરૂષો બને છે, અને બીજું જે તમો માની રહ્યા છો કે-ભૂમિગોચર છે માટે હીન છે તે પણ સાચું નથી, કેમકે રત્નચુડ મહારાજા હાલ ખેચર બન્યા છે; વળી તમો તેને સામાન્ય પુરૂષ માનો છો તે પણ ખોટું છે, કેમકે

જેઓના ગુણગણોથી આકર્ષાઈ દેવો પણ તેની સાથે મૈત્રી કરે છે. આ સાંભળી મદનકેસરી બોલ્યો કે—પ્રેમાધીન પુરુષોએ નીચ જાતિને ઉચ્ચ સ્થાન ઉપર બેસાડયો હોય તેથી તે ઉચ્ચ થઈ જતો નથી; જેમ કાગડો પોતાનું નામ ગરુડ પાડી દે તેથી પક્ષીઓનો રાજવી બનતો નથી! આ અવસરે પોતાના નાથની નિંદા સાંભળવાથી ગુસ્સે થએલા દૂતે કહ્યું કે–હે મદનકેસરી! બહુ લબાડપણું કરવાથી સર્યું; મારા સ્વામિનું અને તારૂં પ્રધાન અપ્રધાનપણું કાર્યોથી માલૂમ પડશે, પરંતુ હજુ તને એક હિત વચન કહું છું કે—મિત્રભાવે તું તિલકસુંદરીને અમને સોંપી દે; નહિંતર દૂધની લોલુપતાથી બિલાડાને લાકડીનો ઘા ખાવો પડે છે, અને માંસની પેશીના લોભે માછલાને લોઢાના આંકડાથી ગળાનો વેધ થાય છે, તેમ તારે અમારા સ્વામિના મૂકેલા તીક્ષ્ણ બાણોનો ઉપદ્રવ સહન કરવો પડશે, આવું નિષ્ઠુર વચન સાંભળીને તે મદનકેસરી વિદ્યાધર રાજા લાલ ચોળ આંખો કરીને કહેવા લાગ્યો કે–તે અધમ ભૂમિચર ઉપર કૃતાંત યમરાજા કોપાયમાન થયો લાગે છે. નહિંતર તારી પાસે આવા વચનો શું કરવા બકાવે? મરણકાલે કીડીઓને પણ પાંખો આવે છે; દૂતે જવાબ આપ્યો કે–હે મદનકેસરી તું તરતા પુલની માફક એક કાષ્ટવાળો છે, કદાગ્રહી છે, તો અમારી સ્વામિનીને જો તારે અર્પણ ન કરવી હોય તો યુદ્ધ કરવા તૈયાર થઇ સન્મુખ આવી જા; જેથી ચણા અને મરિયાનો જે તફાવત છે તે જણાઇ આવશે; અથવા તારે સ્હામા આવવાની જરૂર નથી; મારો સ્વામિ જ અહીં આવી પહોંચશે, એમ દૂતે કહ્યું, ત્યાં તો મદનકેસરી કોપ

કરીને પોતાના માણુસને કહેવા લાગ્યો કે—અરે આ દુરાચારીને ગલચીથી પકડો; એમ કહેતાની સાથે દૂત તો ચાલી નીકળ્યો; અને રથનેપુર ચક્રવાલ નગરે પહોંચ્યો; ત્યાં જઈ યથાસ્થિત વાત કરી; તે સાંભળીને પ્રચંડ પવને કરી જેમ કમલવન હાલકલોલ બને; તેમ સર્વ સામંતમંડલ ખળભળી ઉઠયું, અને રાજા પણ કોપાયમાન કૃતાંતની દાઢાની કુટિલતા સમાન જેની ભ્રકુટી થઈ છે, અને તીરના પ્રહારથી ગુસ્સે થયેલ જાણે કેશરીસિંહ હોયની એવો તથા અનિપુણ ગારુડીઆના મંત્રથી આકર્ષાએલ દૃષ્ટિ વિષ સર્પની પેઠે જેના સામું દુખેથી જોઇ શકાય તેવો બની બોલી ઉઠયો કે—અરે સુભટો! યુદ્ધભેરી વગાડો, તેજ સમયે નિપુણ પુરૂષે યમની ભેરી સરખા શબ્દવાળી ભેરી વગાડી, તે સાંભળી તુરત જ યુદ્ધના રસિકપણાથી રોમ રાજી ખડી થઈ છે જેની, તેવું સકલસૈન્ય શસ્ત્રો ધારણ કરી ખડું થઇ ગયું. રાજા પણ મંગલોપચાર કરી યુદ્ધનો વેશ ગ્રહણ કરી મહોન્મત્ત હાથી ઉપર બેઠો. નગરના લોકોથી નમસ્કાર કરાતો, ભાટ ચારણોએ બિરદાવળી ગવાતો, મહાન દંડવાળું નીલછત્ર ધારણ કરાએલો, મનોહર ચામરોએ વીંઝાતો, મહાન સામંતો એ સહિત શુભ મુહૂર્તમાં નગરથી બહાર રાજા નીકળ્યો, અને આકાશ માર્ગે ઉપડયો. તેથી નિરંતર ઝરતી મદની ધારાએ ઐરાવણ સરીખા હાથીઓ શોભી રહેલ છે, સુરપતિના અશ્વની પેઠે ઘોડાનો સમૂહ દીપી રહેલ છે, સૂર્યરથની પેઠે મહાન રથો ઝલકી રહેલ છે, રાવણના સુભટની પેઠે મહાન અહંકારી સુભટો કુદકા મારી રહેલ છે, રામની પેઠે રાજા શોભી રહેલ છે, યમરાજની કાતર પેઠે તરવારો

ચકચકાટ કરી રહી છે, યમના દાંત સરખી તીક્ષ્ણ કડતાલો વિજળી પેઠે ચમકી રહી છે, અને શેલમુઠીઓ ચળકાટ કરી રહેલ છે, અને ભાલાની પંક્તિઓ ચંદ્રમાના ગુચ્છાના મૂલ પેઠે દીપી રહી છે, અને કૃષ્ણના બાણુની પેઠે નિષ્ઠુર બાણો લટકી રહેલ છે, અને છરીની પંક્તિઓ જાણે યમ-રાજની જિવ્હા ન હોય, અને તીક્ષ્ણ તીરકામઠાના સમૂહે કરી ભાથાઓ શોભી રહેલ છે. પટુપડહાના શબ્દ પેઠે જેણે આકાશને બહેરૂ બનાવેલ એવા કાહલા-ભાણુ-ભેરી-ભંભા ઢક્કાના અવાજો સંભળાયા કરે છે. તેવાર પછી આ પ્રકારનું કાયર લોકો ન જોઈ શકે તેવું મહાસૈન્ય ચિત્રકુટ સન્મુખ ગયું, મદનકેશરી પણ આ વૃત્તાંતને જાણી મહાસૈન્યે કરી સહિત તેની સન્મુખ આવ્યો. બન્ને સેન્યો એકઠા થયા. તેવાર પછી દાનવ સૈન્ય ઉપર મહાન રોસે ભરાયેલ સુરસૈન્ય પેઠે, રાવણ સન્ય ઉપર રામ સૈન્ય પેઠે, કૌરવ સેના ઉપર પાંડવ સેના પેઠે, મદન કેશરીની સેના ઉપર રયણચુડ રાજાનું સૈન્ય તૂટી પડયું. તેવાર પછી તીક્ષ્ણબાણુના સમૂહે કરી આકાશમાં અંધારૂં કરતાં, યમશરીર જેવી કાળી તરવારોએ શરીરને કાપતાં, મનોહર સોનાની કાંતિ માફક ચમકતી યમની જિવ્હા સરખી છરીઓએ પેટને ફાડતાં, પ્રાણનો નાશ કરનાર નિષ્ઠુર મુઠિઓના ઘાએ છાતીને તાડન કરતા, વજ્ર સરખી પાનિના ઘાએ માંસહાડને મરડતા, રોશિલા દાંતના જડબાએ નાસિકાને કાપતા, અનુક્રમે શત્રુ ઉપર સુભટો પ્રહાર કરી રહ્યા છે, તેથી છરાએ કાપી નાંખેલ ઉંચી ધ્વજાઓ પડી રહી છે, માંહોમાંહે વાળેલા પ્રબળ શુંઢાવાળા, પગ નીચે મનુષ્યના મસ્તકને કચરી નાંખનાર,

તડતડ જેના દાંતનાં ખંડો ત્રુટી રહેલા છે તેવા, સળગતો રોષાગ્નિએ ચંડ બનેલા, સુર હાથીનો મદ ઉતારનાર, ગર્વિષ્ઠ હાથીના સમુદો માંહેમાંહે અથડાય છે; મનુષ્યના ધડો નાચી રહ્યાં છે, વેતાલના કુલો માંસ ખાવામાં પ્રવર્તેલ છે, મદોન્મત્ત પાયદળ સૈન્યને કચરી નાંખનાર જેણે લાંબી હાથીની શુંઢ છેદેલ છે, કાયર મનુષ્યને જેણે ચમત્કાર ઉપજાવેલ છે, રોષે કરી વિમૂઢ બનેલાં અને સર્વ અંગે ગાઢ જેઓને અભિનિવેશ છે એવા રથમાં રહેલ પુરૂષો રથવાળા પુરુષો ઉપર તીક્ષ્ણ ચક્રોને મૂકતા પ્રહાર કરી રહેલ છે, રુધિરનો મહાન પ્રવાહે મોટી લોહીની નદી પ્રસરી રહી છે, અને મહાન શસ્ત્રોએ જેઓના ઘોડા શલ્યવાળા બનેલ છે, અને ભયંકર ભ્રકુટી જેઓએ ચડાવેલ છે તેવા અશ્વારો ઘોડેશ્વરો સાથે યુદ્ધ કરે છે. લોહી પીવામાં મદોન્મત્ત એવા શીયાળો ફેક્કાર શબ્દો કરી રહેલ છે, યુદ્ધના કૌતુકે કરી વ્યાપ્ત સુરઅસુર સિદ્ધો આવી પહોંચેલ છે, ભાલાએ વિંધેલ હાથીઓ જેમાં પડેલ છે, અને ઘણા ગિધીયાં પક્ષિઓ આકાશમાં ભમે છે, માંહોમાંહે ઇર્ષ્યાલુ બની વંઠ પુરૂષો પ્રહાર કરે છે, વરઅપ્સરાઓ ત્યાં આવે છે, મહાયુદ્ધમા આદરવાળા શૂરવીરો દેખાઇ રહ્યા છે, અત્યંત કાયરો જેમાંથી નાશી જાય છે. આ પ્રકારનું યુદ્ધ બન્ને સૈન્યો ખેલી રહેલ છે; અને જીતવાની આશા રાખી શત્રુના પ્રાણ વિનાશ કરવામાં આસક્ત બનેલ છે, છરાએ છેદેલ સામંત રાજાના છત્રો જેમાં પડી રહ્યા છે.

તેટલામાં આ અવસરે મહાયુદ્ધના વેગે કરી ઉલ્લાસિત સર્વ અંગોથી ત્રુટતા બખ્તરના સાંધાના બંધનવાળો, અને શસ્ત્રોએ પૂરિત શ્રેષ્ઠ રથમાં બેઠેલ, અને ઠાંસીને ભરેલ

તીરોએ પુરેલ ભાથુ અને ધનુષ્યવાળો, રત્નચૂડ રાજા કહેવા લાગ્યો કે–અરેરે પરદારાની રતિમાં પ્રિય! ૬૮ સુભટનો મદ વહન કરનારા વિદ્યાધરોમાં અધમ! હે મદનકેશરી! આ નિરપરાધીજનોના વિનાશ કરવો એ શું? સ્વયં મારા સામે આવ, આગળ રહે યથેચ્છાએ પ્રહાર કર, જબ્બર સુભટપણું તારૂં પ્રકાશ કર, આ મારા બાણોનો વરસાદ વરસે છે, પરદારા હરણે કરી મેળવેલ પાપ પંકથી તને સર્વ અંગે સર્પ ડંખેલ છે, એમ કહેતો હરણના ટોળાને ઉત્તમ કેશરીસિંહના બચ્ચાની જેમ, અને શિયાલના ટોળાને મદહસ્તિની જેમ, શત્રુસૈન્યનો સંહાર કરતો મદનકેશરીની સ્હામે દોડયો, મદનકેશરી પણ તે સાંભળીને અને તેને આવતો જોઇને પ્રલયકાલમાં કોપિત બનેલ યમરાજાની પેઠે, ઘી સિંચેલ બળતા અગ્નિની પેઠે, સમુદ્રના વલોણાને અંતે ઉછળેલ કાલકુટની પેઠે, ભ્રકુટીને ચડાવાએ કરી ભયંકર કપાળવાળો મદનકેશરી 'અરેરે દૂરાચાર! ભૂમિચરોમાં અધમ! તને કાળના ફાંસાએ ખેંચેલ લાગે છે, અને કૂરગ્રહોએ જોયો લાગે છે, યાવત્ શિયાળ સરીખો તું કેશરીસિંહને હંફાવી નહિ શકે; થઈ જા તૈયાર, સત્યપાડ વચનઆટોપે પ્રગટ કરેલ સુભટપણું', એમ બોલતો રથમાં બેસી રત્નચૂડની સામે આવ્યો, તેવારપછી રવિકીરણના તેજને ભાંગી નાંખનાર વરસાદ ઋતુના મેઘ પેઠે તીક્ષ્ણ નિરંતર બાણના વરસાદને વર્ષાવતા બંન્ને જણા કુધા, તેઓનું યુદ્ધ સુરનરના ચિત્તને ચમત્કાર કરવાવાળું, કાયરથી નહિ જોઇ શકાય તેવું, દેવતાઈ શસ્ત્રો જેમાં છૂટી રહ્યાં છે અને સુરઅસુર સિદ્ધ પુરૂષો ખુશ થયેલ છે તેવું જામ્યું, ક્ષણવારમાં કુશલતાએ

રયણચૂડે તેનું છત્ર પાડયું, અને ધનુષ્ય છરાએ તોડયું, તેથી ખુબ ગુસ્સે થઇ દાંતે કરી હોઠ કચડી મદનકેશરીએ ઉલ્કા સરખી તેજે પ્રજ્વલતી જેણીનો ફેલાવો રોકી શકાય નહિ તેવી મોટી શકિત કુમારના વિનાશ માટે મૂકી; રત્નચૂડે અર્ધ રસ્તે જ પોતાના શકિત શસ્ત્રથી તેણીને તોડી નાંખી, અને કોપવાળા બની રત્નચૂડે મદનકેશરી વિનાશ માટે સ્ફુરાયમાણનીલકીરણવાળી આકાશમાર્ગને ભયંકર બનાવતી મોટી ભલ્લી મૂકી, તેણી તેની છાતી ભેદીને હૃદય સ્થાને પહોંચી; પ્રહારથી બેબાકુળ બનેલો ભૂમિ ઉપર પડયો અને મરણ પામ્યો, તેથી ભાટચારણોએ રત્નચૂડનો જય પોકાર્યો, દેવદાનવોએ પુષ્પની વૃષ્ટિ કરી, તેવાર પછી યુદ્ધ ભૂમિ શોધીને રત્નચૂડ રતિવિલાસ નગરમાં ગયો.

**રત્નચૂડને તિલકસુંદરીનો સમાગમ**

ત્યાં વિરહથી કૃશ શરીરવાળી તિલકસુંદરી જોવામાં આવી. તેણીએ રાજાને દેખ્યો, તેથી સુરપતિના સુખને પામ્યા હોયની એવા અથવા પરમપદને પામ્યા હોય તેવા આણંદના આંસુઓથી યુકત પરસ્પરને જોતાં અને પરમાનંદને અનુભવતા કેટલોક વખત સુધી બન્યા; કેમકે કહ્યું છે કે—વલ્લભજનને દેખે છતે હૃદય હસે છે, શરીર ઉલ્લસે છે, અને નેત્રો સ્નેહાળ બને છે, અને કાંઈક અપૂર્વ સુખ થાય છે," અનુક્રમે મદનકેશરીના પુત્ર નરશ્રીને રાજ્ય ઉપર સ્થાપી અને તિલકસુંદરીને લઈને રયણચૂડ રાજા રથનેપુર ચક્રવાલ ગયો. ત્યાં જઇ વધામણાં કર્યાં અને એકાંતમાં તિલકસુંદરીને રાજાએ પૂછયું, કેવી રીતે તારૂં અપહરણ કર્યું ? કેવી રીતે

અને કેવા વિનોદે ત્યાં રહી ? તિલકસુંદરીએ કહ્યું કે-હે આર્યપુત્ર તમે ઘુવડ પછવાડે ગયા, કેમ નાથને આવતાં વાર લાગી; આમ જ્યાં હું ચિંતવતી હતી, એટલામાં વિદ્યાધરે મને આકાશમાર્ગે ઉપાડી, તેથી હે આર્યપુત્ર! મારૂં રક્ષણકરો! રક્ષણકરો! એમ બૂમાડા પાડવા લાગી, પણ તે વિદ્યાધર રતિવિલાસનગર મને ઉપાડી ગયો, અને મદનકેશરીને સોંપી. તેણે એકાંતમાં મને કહ્યું કે—હે સુંદરી, આ વિદ્યાધરની રાજ્યલક્ષ્મી તારી છે, અને હું પણ પરિવારે સહિત તારો આજ્ઞાકારી છું, માટે તું ખેદ ન કર. અને મારી સાથે તમામ મનોરથને પૂરણ કરનાર ઉદાર વિષયસુખને અનુભવ. મેં પણ વિચાર કર્યો કે—મારા ઉપર આને દૃઢ અનુરાગ છે; માટે તેને બોધ પમાડવો દુઃખકર છે. માટે હાલ ઉત્તર આપી કાળ વિલંબ કરૂં; એમ ધારી ને કહ્યું કે—હે મહારાજ, બંધુના વિયોગવાળી મારે તમને છોડી કોઈ અન્યગતિ નથી, પરંતુ મારા કુલઘરમાં વસતી મેં વરને માટે ગોરીની આરાધના શરૂ કરી તેમાં નિયમ કર્યો કે—વર પામીને પણ છ માસ પુરૂષનો સંગ ન કરવો, એટલે બ્રહ્મચર્ય પાળવું, તો તેટલા કાળસુધી તમો વાટ જુઓ, તે પછી બધા સારાવાના થશે. અનુરાગે કરી મોહી મદનકેશરીએ તે કબુલ કર્યું, વિનોદને માટે અંતેઉરની એક વૃદ્ધ ડોશી મારા પાસે રાખી, તેણીએ સ્નેહપૂર્વક મને કહ્યું કે—હે પુત્રિ ચિત્રગતિકંચુકી કાર્યના વશે તારાનગરમાં આવ્યો હતો, મનુષ્યદ્વારા જ્યોતિષરાશિ નિમિત્તિયાનો આદેશ તારા વિષેનો તેણે સાંભળ્યો, આવીને તે વાત રાજાને જણાવી; તેણે તારી માગણી કરી, પરંતુ તારા પિતાએ તને આપી નહિ, તેથી

મદનકેશરીએ અનુરાગથી તારૂં અપહરણ કરાવ્યું, પણ અડધેરસ્તે તાપસે તને છોડાવી; ફરી પણ કાલાંતરે ચિત્રગતિપાસે તારૂં અપહરણ કરાવેલ છે; તેથી તું મદનકેશરીને ભર્તાર સ્વીકાર, એના પસાયે તને બધું વાંછિત કાર્ય થશે, મેં પણ તે વૃદ્ધાને કહ્યું કે–હે માતા જેમ તમે ફરમાવશો તેમ લક્ષ રખાશે, તેથી મધુર મધુર વચનોએ મને ખુશ રખાતી, અને આટલો કાલ કાઢયો.

હવે એક દીવસે મને વિચાર આવ્યો કે કયાં આર્યપુત્ર હશે? અને કયારે તેમને દેખીશું, અને કેવી રીતે શીલનું રક્ષણ કરીશ? આમ ચિંતાતુર બનેલ મારા પાસે જ્વલનપ્રભદેવ આવ્યા. તેમને દેખીને હું ખુશ થઈ, અને હે પિતા! પધારો કુશલખેમ છોને? મારા ઉપર અત્યંત પ્રેમાળ એવા તમે મને કેમ વિસારી મૂકી? એમ કહી અવ્યકતસ્વરે હું રોવા લાગી, દેવે પણ કહ્યું કે–હે સુતનુ! તું રૂદન ન કર, પૂર્વે કરેલ અશુભકર્મનું આ તને ફળ છે, તે કર્મ અવશ્ય ભોગવવું પડે છે, કેમકે કહ્યું છે કે–"ક્રોધી થયેલ સર્પ પાસેથી કે દુષ્ટ હાથીથી બુદ્ધિમાન પુરુષો નાશી જઇ શકે છે, પણ શુભાશુભ કર્મથી નાશી શકતા નથી, દેશાન્તર જાઓ વગડામાં પેસી જાઓ કે સમુદ્રને તરી જાઓ તોપણ પૂર્વે ઉપાર્જન કરેલ કર્મરૂપી વૈરીથી છૂટી શકાતું નથી, જેણે પૂર્વે અશુભ કર્મ કરેલ હોય તેનું સુરવિદ્યાધર સિદ્ધપુરુષો અને મણિરત્ન મંત્રતંત્રો રક્ષણ કરી શકતા નથી." તેથી હે મહાભાગ્યશાલિની! તારે મનમાં સંતાપ ન કરવો હવે થોડી આપદા બાકી રહી છે, નહિંતર તો મારૂં આવવું બનત નહિ. તેથી તારા પતિ ઉપર કુશલક્ષેમનો પત્ર તું

લખ; જેથી તેને હું પહોંચાડી દઉં, તેથી બહુ રાજી થઇને મેં પત્ર આપના ઉપર લખ્યો તે હવે આપને પહોંચાડયો, અને ક્ષણવારમાં ઉત્તર લઈ દેવ આવી પહોંચી કહેવા લાગ્યા કે–હે સુતનુ ! તારો પ્રિયતમ વૈતાઢયની દક્ષિણશ્રેણીમાં રથનેપુરચક્રવાલપુરમાં મહાવિદ્યાધરના રાજા બન્યા છે, મેં ત્યાં જઈ અદ્રષ્ટપણે તારો પત્ર નાંખ્યો તેણે તે પત્ર વાંચ્યો, અને પરમહર્ષને પામ્યો અને પ્રત્યુત્તર લખ્યો, રાજલોકને આશ્ચર્ય પમાડવાને માટે ચિત્રમોરના બ્હાને તે પત્ર લઇ અહીં આવેલ છું. તેથી તું ખેદ કરીશ નહિ. થોડા વખતમાંજ તારો પતિ પોતાનાં પુરુષાર્થે કરી તેને છોડાવશે એમ કહી દેવ અદ્રશ્ય થયા, અને હું પણ થોડી શાંતિવાળી બની અને કેટલાક દિવસો પસાર કર્યા યાવત્ વાદળા વિનાની વૃષ્ટિની જેમ અને ઓચિંતા મહાનિધાન મળે તેમ પુણ્યના પ્રભાવે તમે મળ્યા, હે સ્વામિનાથ ! તમે તમારો વૃતાંત કહો એમ માગણી કરવાથી રત્નચૂડે પોતાનો સર્વ વૃત્તાંત તિલકસુંદરીને કીધો, અને સુરાનંદા પ્રમુખ પોતાની ભાર્યાઓ તેણીને દેખાડી, તેથી તે ચારે જણી બહુ હર્ષને પામી અને તિલકસુંદરીને પટ્ટરાણી પદ આપ્યું, હવે રત્નચૂડ રાજા તેણીઓને તત્ત્વજ્ઞાન આપવા લાગ્યા.

**ધર્મતત્વનો ઉપદેશ સર્વે જૈન ધર્મ સ્વીકાર્યો**

દેવ ગુરૂ અને ધર્મ આ ત્રણ તત્ત્વ ભવસમુદ્રથી જીવને તારનાર છે, તેથી રૂડી પ્રકારે પરીક્ષા કરી તે ત્રણે તત્ત્વોને સુખકાંક્ષી જીવોએ ગ્રહણ કરવા જોઈએ. તેમાં સર્વજ્ઞ તે દેવ કહેવાય, જેને દેવદાનવો પૂજે છે અને અજ્ઞાન વિગેરે અઢાર દોષોએ

રહિત છે, અને ગુરૂ સદ્જ્ઞાની બ્રહ્મચારી તમામ પરિગ્રહે કરી રહિત તમામ પાપ વ્યાપાર જેણે છોડેલા છે અને શુદ્ધ ધર્મનો ઉપદેશ આપી રહેલ હોય તે ગુરૂ મનાય, મહાપરિગ્રહ અને આરંભ કરનારા જીવહિંસા કરનારા ઇંદ્રિયોને નહિ જીતનારા ગુરૂ બની શકતા નથી, કેમકે તેઓ પોતાનું તથા પરનું રક્ષણ કરી શકતા નથી, અને ધર્મ પણ તેજ મનાય કે—જેમાં જીવોની મન વચન કાયાથી હિંસા થતી ન હોય, અને ચિત્તનો જેમાં સંવર હોય, ઈત્યાદિક તત્ત્વો દેખાડવાએ કરી અને સુરપ્રભ મુનિશ્વરનો વૃત્તાંત કહેવાએ કરી પાંચે પણ રાણીઓને મતિવર્ધન મંત્રીને, અને કુસુમમાલા પ્રમુખ જનને, જિનેંદ્ર ધર્મમાં સ્થાપન કર્યા. આ પ્રમાણે પરમાનંદ રસને અનુભવતા તેઓના કેટલાક દીવસો ગયા. હવે એક દીવસે રત્નચૂડ રાજા સાથે ઝરુખામાં બેસી ક્રિડા કરતી તિલકસુંદરીએ નજીકના ઘરમાં નવી પ્રસૂતિવાળી ગાય પોતાના બચ્ચા તરફ દોડતી અને તેને વારંવાર ચાટતી જોઈ, અને કોઈ શ્રમણ બ્રાહ્મણ ભીખારૂ વિગેરે કોઈ ત્યાં આવે છે, તો પોતાના બચ્ચાના હરણના ભયથી તેઓના ઉપર ગુસ્સે થતી મહા ઘોંઘાટ કરીને મોઢું ઉંચું કરી મારવાને દોડે છે. આવી ગાય દેખીને તિલકસુંદરીને પોતાના માતાપિતાનું વાત્સલ્ય યાદ આવવાથી ખેદ થયો, અને કહ્યું કે-હે આર્યપુત્ર! દેખો, પશુને પણ પોતાના બચ્ચા ઉપર કેવો સ્નેહ છે? તો મનુષ્યોને સ્નેહ અત્યંત દ્દઢ હોય તેમાં નવાઈ શી? તેથી મારા સમાચારને નહિ જાણનાર મારા માતાપિતા કેવી અવસ્થાને પામ્યા હશે? તે હું જાણતી નથી, માટે તેઓના દર્શન માટે ચાલો આપણે જઈએ; કુમારે પણ

કહ્યું કે–હે પ્રિયે! તેં બહુ સારૂં કહ્યું; કેમકે માતાપિતાનો અને ધર્મગુરૂનો બદલો વાળી શકાતો નથી, તેથી ચાલો આપણે જલ્દી જઈએ, એમ બોલી મંત્રી મતિવર્ધનને રાજ્ય કારભાર સોંપીને તેની અનુમતિ લઈ શુભ દીવસે વિમાન વિકુર્વીને પાંચે રાણીઓ સાથે અને સુવદન પવન-વેગે કરી યુક્ત આકાશ માર્ગે મનોહર પર્વત વૃક્ષ નદી અને સરોવરવાળી પૃથ્વીને દેખતો **નંદિપુર** નગર પહોંચ્યો.

**નંદિપુરમાં તિલક સુંદરીના માતાપિતાને જૈન ધર્મની પ્રાપ્તિ.**

અનેક વૃક્ષોએ કરી ગહન એવા **કિંસુયકેસર** બગીચામાં ઉતર્યો. "તમે અહીં જ રહો, હું નગરમાં જઈ આવું છું." એમ કહી નિમિત્તિયાનો વેષ કરી રત્નચૂડે સુવર્ણના પાઠાવાળી અને રત્નની દોરડીવાળી પાંચવર્ણી રેશમી વસ્ત્રે કરી વીંટાળેલી પોથી સુવર્ણની દોરીએ કરી ખભે લટકાવી; અને પગમાં સુવર્ણની પાદુકા પહેરી પવનગતિ વિદ્યાધર સહિત આશ્ચર્ય પામેલા નગરજનોને જોતો રત્નચૂડ કુમાર રાજાને આશ્ચર્ય પમાડવા માટે રાજકુલદ્વાર પહોંચ્યો. તેને તેવા પ્રકારનો દેખી દ્વારપાળીઓએ રાજાને નિવેદન કર્યું. રાજાએ આશ્ચર્ય પામીને રાજસભામાં બોલાવ્યો, અને આસન ઉપર બેસાડયો, સંપદાએ કોઇ વિશિષ્ઠ જ્ઞાની લાગે છે, એમ ધારી રાજાએ તેના જ્ઞાનથી તિલકસુંદરીના સમાચાર જાણવા માટે પૂછયું કે–હે જ્ઞાનનિધિ! ઉદ્યાનમાં ક્રિડા કરતી મારી પુત્રીને કોઈ ઉઠાવી ગયેલ છે, સર્વત્ર તપાસ કરી પણ મળી નથી, અરે તેણી કઈ અવસ્થાને પામી હશે? ઇત્યાદિક મહાશોકવાળા અમો છીએ, તેથી તમો તમારા જ્ઞાનથી તે

સમાચાર કહો, કુમારે કહ્યું કે–તમો પ્રશ્ન મૂકો, પ્રશ્ન લગ્ન જોઈને હું કહું, રાજાએ છડીદાર પાસે પ્રશ્ન મૂકાવ્યો, કુમારે ખોટી ગણુતરી કરીને કહ્યું કે–તમારી પુત્રીને સુવેલગિરિ નિવાસી મદનકેશરી વિદ્યાધર રાજાએ હરણુ કરાવેલી, પણુ અડધે રસ્તે તાપસે પોતાની વિદ્યાથી મૂકાવી, અને રાજપુત્ર રત્નચૂડ સાથે તે પરણેલી છે. ફરી પણુ મદનકેશરી એક વિદ્યાધર પાસે હરણુ કરાવી પોતાના નગરમાં લઇ ગયો, અને રત્નચૂડ બીજી ચાર રાજપુત્રીઓને પરણ્યો, અને વૈતાઢય પર્વતમાં વિદ્યાધરનો રાજા થયો, અને યુદ્ધમાં મદનકેશરીને જીતીને અખંડ શીલવાળી તિલકસુંદરીને લાવેલ છે, હમણાં વળી હોરાના બલથી જણાય છે કે–આજ નગરના કિંસુય-કેસર ઉદ્યાનમાં પોતાની ભાર્યાઓ સાથે તે આવેલ છે.

આ સાંભળીને રાજા શોકને દેશવટો દઇ હૃદયમાં ઉલ્લાસવાળો બન્યો, અને શરીરમાં હર્ષ માતો નહોય તેમ રોમાંચના બહાને બ્હાર કહાડતો હોય તેમ બન્યો, અને લાંબાકાળથી પુત્રીના વિયોગ રુપી અગ્નિથી બળેલ હૃદયને આણંદના આંસુઓએ જાણે સિંચતો હોય તેમ બની કહેવા લાગ્યો કે--અહો નિમિત્તિઆનો અતિશય કેવો આશ્ચર્યકારી છે ? નિમિત્તિયાને લાખ સોનામહોરનું ઇનામ આપી એક-દમ સભામાંથી ઊઠયો. કુમાર પણુ નિમિત્તથી પ્રાપ્ત થયેલ ધન લેવા ના પાડી, રાજસભાથી ચાલતો થયો; અને બહાર બગીચામાં જઇ સ્વસ્થ બની રહ્યો. કાંઇક હાસ્ય કરીને તિલકસુંદરી અને પવનગતિને બનેલ વાર્તા કહી, તેઓ પણુ બહુ આનંદિત બન્યા. હવે રાજા પણુ અતિહર્ષ કરી ઉદ્યાનમાં આવ્યો, આનંદ સહિત વિનયપૂર્વક પ્રણામ કરીને

રત્નચૂડે સ્નેહાળ સત્કાર કર્યો, રાજાએ રત્નચૂડ અને તિલક સુંદરીને જોયા, અને આનંદથી રાજાનું હૃદય છલોછલ ભરાઈ ગયું, વચન ગદગદ સ્વરવાળું બન્યું, રોકી રાખ્યા છતાં હૃદયમાં બંધાએલી શોકની ગાંઠને ભેદવા માટેજ હોય તેમ રાજાનો ગાઢ રોવાનો શબ્દ નીકળ્યો, અને લાંબા કાળ સુધી વારંવાર તિલકસુંદરીને ભેટી, અને તેણી પણ તેના ચરણ કમળમાં પડી, અને શોક ગાંઠ ગાળવાને માટે દઢ રોઈ, રત્નચૂડે તે બન્નેને છાના રાખ્યા, અને રત્નચૂડની બીજી ભાર્યાઓએ રાજાને નમસ્કાર કર્યા, કુમારના રુપનો અતિશય અને રિદ્ધિસમૃદ્ધિને દેખીને રાજા બહુ આશ્ચર્ય પામ્યો, અને ચિંતવવા લાગ્યો કે–અહો પ્રજ્ઞપ્તિ ભગવતીનું કેવું પ્રેમાળપણું છે? કે–સકલ પુરુષમાં પ્રધાન એવો નર મારી પુત્રીને આપ્યો, અથવા પ્રજાપતિએ કેવું સુંદર જોડકું બનાવ્યું? ઇત્યાદિક ભાવનાવાળા રાજાએ મહાન આડંબર કરી રત્નચૂડને શ્રેષ્ટ હસ્તિ ઉપર બેસાર્યો, અને દ્રવ્યનો વરસાદ વરસાવતો ત્રિકચોક વિગેરે માર્ગોમાં ફેરવીને પોતાના ભવનમાં રત્નચૂડનો પ્રવેશ મહોચ્છવ કરાવ્યો, અને મહાન વધામણું કર્યું. ભાર્યા સહિત રત્નચૂડકુમારે જયસુંદરી રાણીને પ્રણામ કર્યા અને તેણીએ તિલક સુંદરીને ભેટી અને અતીવ હર્ષવાળી તે બની કે–તે હર્ષ ગ્રંથકર્તા કહે છે કે–અમારાથી કહી શકાય નહિ, અથવા જાણી શકાય નહિ, કેમકે તે હર્ષ અતિશય જ્ઞાનીઓ જાણી શકે, અને રાજાએ રત્નચૂડની આગતા-સ્વાગતા કરી તિલકસુંદરીને પૂછયું કે–હે પુત્રી વિદ્યાધરે તારૂં હરણ કર્યું તેમાં શું શું દુઃખ વેઠવું પડયું? અને કેવી રીતે તું કુમારને મળી?, તિલક સુંદરીએ પોતાનો

સઘળો વૃત્તાંત વિસ્તારથી રાજાને કહ્યો, રાજાએ કહ્યું કે— હે પુત્રી! નિમિત્તિઆએ પણ આવું જ ઠેઠ ઉદ્યાનમાં રહ્યો છે, ત્યાંસુધીનું બધું કીધેલ હતું, અહો તે નિમિત્તિયાનું સત્ય વચન પડ્યું, એમ કહી નિમિત્તિયો રાજસભામાં આવ્યો વિગેરે વાતો કરી, તિલકસુંદરીએ કહ્યું કે–હે તાત! તે નિમિત્તિયો આ આર્યપુત્ર બન્યા હતા, વૈક્રિયલબ્ધિએ આ તમારા જમાઇ અનેક પ્રકારના રૂપો બનાવી જગતને આશ્ચર્ય પમાડે છે. એમ કહી કુમારનું ચરિત્ર કીધું. રાજા બહુજ આશ્ચર્ય પામ્યો. આ પ્રકારે પ્રમોદથી કેટલાક દીવસો ત્યાં રહીને; રાજાને જૈન ધર્મનો બોધ પમાડયો. હવે તેની રજા માગી આકાશમાર્ગે ઉપડી ગજપુર નગર રત્નચૂડ ગયો.

ત્યાં ઉદ્યાનમાં વિમાન ઉતર્યું, આ શું દેવવિમાન સરિખું દેખાય છે? આમ તર્કણા કરતો ઘણો લોકસમુદાય કૌતુકથી ત્યાં આવી ચડયો. વિમાનની બારીમાં રહેલ કુમારને દેખીને અરે આ તો રત્નચૂડ કુમારનું છે એમ ઓળખીને મોટા હર્ષથી ચપલ બની વેગે કરી હું

**ગજપુરમાં જવું માતાપિતાનું મિલન ઓચ્છવ પ્રવર્તન**

પહેલો પહોંચું એમ હરિફાઇ કરી કમલસેન રાજા પાસે ગયો, અને કહ્યું કે–હે રાજન્! અમે આપને વધામણી આપીએ છીએ કે–રત્નચૂડકુમાર પ્રજાના પુણ્યે ઉદ્યાનમાં આવેલ છે. આ વાત સાંભળીને અતિ આનંદ પામી રાજાને ઉછળતા હૃદયે શરીરમાં રોમરાજી ખડી થઇ. શરીર કંપવા લાગ્યું, ગતિની સ્ખલના થઇ, વાણી ગદગદ થઇ ગઇ, અને

ચપળ નેત્રવાળા રાજાએ કોઈને હાર કોઈને બાજુબંધ કોઇને કડા અને કોઇને કુંડલો અને કોઈને ખેસ અને કોઇને મુકુટ અને કોઇને વસ્ત્રો અને કોઈને ધન–ઘોડો–ગાય અને ભેંસો ઇનામમાં આપીને, તેજ ક્ષણે કુમારની સમીપે નગરના સમગ્ર પ્રજાજન સાથે જવા નીકળ્યો. કુમારે અને તેની સ્ત્રીઓએ રાજાને હર્ષવડે પ્રણામ કર્યા, રાજાએ પણ અતિ સ્નેહે કરી મારા શરીરમાં કુમારને પેસાડું એવી રીતે ગાઢ કુમારને આલિંગન કર્યું, અને મંત્રી સામંતશ્રેણી અને સાર્થવાહો પણ ભેટયા સર્વજનને પરમ આનંદ થયો. "કોઇક નાચે છે, કુદે છે, કોઈ અન્યો-અન્ય હસવા લાગી ગયા છે, કોઇક અતિ હરખે મહિતલમાં આળોટે છે. કેટલીક સ્ત્રીઓને હર્ષના આંસુ આવેલ છે. કોઈક સતીઓ મનહર વિલાસ કરે છે; કે–જાણે સ્વર્ગમાં પહોંચી ગઈ હોય; સર્વ પુરજનના અંગે હર્ષ માતો નથી, અને તેજ ક્ષણે તીર્યંચો પણ હર્ષ પામ્યા છે" આ પ્રકારે અત્યંત પ્રમોદવડે અને મહાવિભૂતિએ કરી કુમારે નગરમાં પ્રવેશ કર્યો. સમય વિનાનો મહામહોત્સવ નગરમાં થયો. કુમારે તથા તેની ભાર્યાઓએ પગમાં પડવાથી રત્ન-માલા રાણી પણ બહુજ આનંદને પામી, મહાદાન આપ્યાં તમામ પ્રજાજનોએ અને મહાજનોએ સન્માન કર્યું. જિનમંદિરોમાં ઓચ્છવો કર્યા અને શ્રમણ સંઘનું પૂજન કર્યું, સર્વઠેકાણે અહિંસા પ્રવર્તાવી, અને ચિંતામણિના પ્રભાવે લોકોને રોગ રહિત બનાવ્યા. આ પ્રકારે બહુજ હર્ષવડે રત્નચૂડે કેટલાક દીવસ વ્યતીત કર્યા.

અને પોતાનો સઘળો વૃત્તાંત વિસ્તારથી કહીને માતા-

પિતાને જૈનધર્મની પ્રાપ્તિ કરાવી. એક દીવસે રાજ્યની વ્યવસ્થા કરીને, માતાપિતાએ કરીયુક્ત રત્નચૂડકુમાર રથનેપુરનગરે ગયો. મતિવર્ધન પ્રમુખ સર્વ નગરનો વર્ગ ખુશ થયો. અત્યંત સમાધિએ કેટલોક કાળ આનંદથી પસાર કર્યો. હવે એક અવસરે માતા–પિતા સ્ત્રીઓ તથા પ્રધાન પરિવારે કરી સહિત વૈતાઢય વિગેરેમાં રહેલા શાશ્વતચૈત્યોની યાત્રા કરી, અમૂલ્ય દેવતાઈ વસ્ત્રો અને આભરણોએ કરી ભૂષિત બની સુગંધી વિલેપન અને માળાઓ કરી વ્યાપ્ત રત્નચૂડ મેરૂપર્વત ઉપર ગયો.

**માતાપિતાને જૈન ધર્મનું પમાડવું રથનેપુર ગમનં તીર્થયાત્રા કરણું**

તે મેરૂપર્વત કેવો છે? તે બતાવે છે, કે જેમાં, શાશ્વતજિનના ચૈત્યોને સુર અસુરદેવોએ નમસ્કાર કર્યો છે. એકસોને આઠ જિનપ્રતિમા પન્ના, જવેરાતે શોભિત છે, અને ચાર વનોમાં સોળ જિન પ્રતિમા છે, અને ચૂલિકાના મસ્તકે બીજી પણ જિનમૂર્તિઓ રહેલી છે અને જેમાં જિનજન્મ મહોત્સવ કરવા પીઠ રચેલ છે, તેથી તે મેરૂપર્વત તીર્થોત્તમ છે. તેમાં રહેલ પંડકવનના જિનચૈત્યોમાં મંદાર પારિજાત પ્રમુખ ફુલોની માળાઓએ કરી, અને કેશર હરિચંદન પ્રમુખ વિલેપને કરી, કાલાગુરૂ કુંદરરુ પ્રમુખ ધૂપે કરી કપુર તગર પ્રમુખ ગંધે કરી, કુંદનાસરીખા ઉજ્વલ અખંડ અક્ષતોએ કરી, અમૃતસરીખા કલ્પવૃક્ષોના ફળોએ કરી, શ્રેષ્ઠ એવા દેવદુષ્ય વસ્ત્રોએ કરી, અમૂલ્ય આભૂષણોએ કરી, સુગંધિ તેલે પૂરેલા દીવાઓએ

**મેરૂનું સ્વરુપ અને પૂજન**

કરી, શ્રેષ્ઠ તીર્થના જળે ભરેલા કલશોએ કરી, વસ્રોએ કરી, નાસિકા અને મુખને બાંધીને, અત્યંત ભક્તિ રસવાળા રત્નચૂડ રાજાએ જિનેશ્વરની પ્રતિમાઓ પુજીને અને આગળ શ્રેષ્ઠ મોતિઓએ કરી દર્પણ–ભદ્રાસન–વર્ધમાન–વરકલશ–મત્સ્ય-યુગલ શ્રીવત્સ–સ્વસ્તિક અને નંદાવર્ત આ આઠ મંગલો આલેખીને, હર્ષવશ ઉલ્લાસે કરી રોમાંચ ખડા થવાથી આણંદના આંસુઓથી પૂર્ણલોચનવાળો રત્નચૂડકુમાર "વંદને-કરી સકલ કલ્યાણની પ્રાપ્તિ થાય છે, અને જીવોનો નિવિડ કર્મમળ નાશ થાય છે" એવી સુંદર ભાવનાએ યુક્ત થયો થકો, પંચાંગ પ્રણામ પૂર્વક, જિન પ્રતિમાઓને વાંદીને કર સંપુટ જોડી સ્તુતિ કરવા લાગ્યો.

હે ત્રણ ભુવનના માલિક તમે જયવંતા વર્તો, રાગદ્વેષ મદ મોહને જિતનાર દેવ દાનવે નમસ્કાર કરાયેલ, સમુદ્રભવને તારવામાં શ્રેષ્ઠ જહાજ સમાન, તમે જયવંતા વર્તો. હે સુરગિરિ શિખરને શોભાવનાર પ્રભુ? કયાં અમે અને કયાં તમે? છતાં અતિદુર્લભ તમારૂં દર્શન અમોને થયું. તે મહાઆશ્ચર્ય થયેલ છે. આજ અમારો જન્મ કૃતાર્થ થયો, આજે અમારા ભાગ્ય ફળ્યા, અને નેત્રયુગલ સફળ થયું, કે તમોને આજે દેખવામાં આવ્યા, તમારા દર્શનના વિયોગીને તે ઓચ્છવ પણ વ્યસન છે, અને તે સંપદા પણ વિપદા સમાન છે, અને તે સુખ પણ દુઃખ છે. હે ભગવન! તમોને પાર્થના કરૂં છું કે–અમોને ભયંકર ભવ સમુદ્રથી પાર ઉતારો. સ્નેહિ-જનની પ્રાર્થના કોઈ વખત પણ મહાન ગુરૂઓ નિષ્ફલ બનાવતા નથી. રાગાદિ શત્રુ સમુહે અમોને બહુ વિડંબના પમાડેલ છે. માટે તમારા ચરણકમલમાં લીન બનેલા અમોને

બચાવો. ઉત્તમ પુરુષો દુઃખિયાને દેખી કરૂણા કરવામાં તત્પર હોય છે. હે શ્રીઋષભદેવ સ્વામિ, શ્રી વર્ધમાન સ્વામિ, શ્રી વારિસેન જિનનાથ, શ્રી ચંદ્રાનન જિનેશ્વર તમારા ચરણ કમલમાં લીન એવા અમોને મોક્ષ સુખ આપો. આ પ્રકારની સ્તુતિ કરીને અને પ્રણિધાન કરીને મધ્ય મંડપથી નીકળી ઉત્તર દિશા તરફના મંડપે રત્નચૂડ ગયો. ત્યાં ચૈત્યવંદન માટે આવેલ સુરપ્રભમુનીશ્વર દીઠા. અત્યંત હર્ષ પામીને પરિવારે સહિત રત્નચૂડ તેમની સમીપે ગયો. પંચાંગ પ્રણિપાતે કરી વાંદીને વિનય પૂર્વક શરીરની સુખસાતા પુછી તેમની સ્હામે બેઠો; ધર્મલાભ આપીને મુનિવરે વાર્તાલાપ કર્યો, અને ઉચિત ઉપદેશ આપવા માંડયો.

સંસાર થકી ઉદ્‌વેગ પામેલા અને મોક્ષ સુખના અર્થી એવા ભવ્ય પ્રાણિઓનું આ કૃત્ય છે કે—સામર્થ્ય છતે સિદ્ધ ચૈત્યોનું વંદન કરવું, કહ્યું છે કે—

**સુરપ્રભ મુનિશ્વરનો ઉપદેશ**

સંસારને દૂર કરનાર ૧૭૦ વૈતાઢય પર્વતોમાં, ૧૬ વક્ષસ્કાર પર્વતોમાં, રૂચકમાનુષોત્તર કુંડલ અને ઇષુકાર પર્વતોમાં ૧૬, કુરુમાં ૧૦, કુલાચલ પર્વતોમાં ૩૦, નંદીશ્વરમાં ૫૨, અને અન્ય શાશ્વત ચૈત્યો પાંચે મેરૂમાં ૮૫ને જે વાંદે છે, તેઓ પાપને પખાળીને મોક્ષમાં ગયા થકા આણંદમાં રહે છે, અને આ પણ અતિ શોભનીક છે કે— માતાપિતાને કેવલિ કથિત ધર્મમાં જોડે, કેમકે જેનો બદલો વાળી શકાતો નથી તેવા માતાપિતા છે, તેઓનો બદલો વાળવાનો ઉપાય ધર્મમાર્ગમાં જોડાવું તે છે બીજો નથી. ઠાણાંગ સૂત્રમાં કહ્યું છે કે— દરેક દિવસે કોઈ પુરુષ શતપાક

અથવા સહસ્ત્રપાક તેલે કરી માતાપિતાને શરીરે ચોળીને હાડમાંસ અને રોમને તેવા પ્રકારની સુખ આપનારી રીતીએ મસલી સુગંધી ચૂરણે કરી તે તેલને બહાર કાઢી ઉષ્ણ-પાણી સુગંધી પાણી અને શીતલ પાણીએ ન્હવરાવે, અને વસ્ત્ર આભરણ માળા અને કેશના અલંકારોએ શોભાવે, અને અઢાર શાક સહિત મનોજ્ઞ ભોજન જમાડે, અને જાવ જીવ પોતાના ખરડા ઉપર બેસાડી વહન કરે, તો પણ તેમના ઉપકારનો બદલો વાળી શકે નહિ. પણ જો કેવલિ પ્રરુપિત ધર્મને કોઇપણ પ્રકારે પમાડે તો તેમના ઉપકારનો બદલો વાળી શકે. કેમકે ધર્મમાં જોડનારે અનંત જન્મ જરા મરણ રોગ શોક દારિદ્ર વિગેરે દુઃખોથી માતાપિતાને મૂકાવ્યા, અને નિરાબાધ અનંત શાશ્વત મોક્ષસુખમાં જોડી આપ્યા; કેમકે કહ્યું છે કે—

"સુખોનું સાધન ધર્મ છે, અને દુઃખોનુ પરમ ઔષધ છે, આપત્તિને દૂર કરનાર છે, અને સ્વર્ગ મોક્ષનો સાધક ધર્મ છે, દુર્ગતિના બારણાનું ભુંગળું છે, મૃત્યુ રુપી હાથીને મારવામાં કેશરીસિંહ સમાન છે, ઘોર ઉપસર્ગ હઠાવવામાં મંત્ર સમાન છે, અને જગતમાં ધર્મ તે ચિંતામણિ રત્ન છે. કુલરુપ-સૌભાગ્ય ધન ધાન્ય બલ વિજ્ઞાન આરોગ્ય અને ચિરજિવતર ધર્મથી પ્રાપ્ત થાય છે. માટે સર્વ આદરથી જિન ધર્મ સ્વીકારવો, કેમકે જ્ઞાની પુરુષે કહેલ છે કે—ચોલકપાસા વિગેરે દશ દ્રષ્ટાન્તે અત્યંત દુર્લભ મનુષ્યપણું પામીને જીવોએ જૈનધર્મમાં સતત ઉદ્યમ કરવો, તે ધર્મના દાન શીલ નિર્મળ તપ અને તત્વભાવના આ ચાર પ્રકાર છે, જે સકલ સુખનું નિધાન છે.

તેમાં દાનના પાંચ પ્રકાર કહ્યા છે, જ્ઞાનદાન–અભયદાન–ઉપગ્રહદાન–અનુકંપાદાન–અને ઉચિતદાન, હવે દરેકના ફળ બતાવેલ છે, જે જ્ઞાનદાન આપે છે, તેણે સકલ સુખોને આપેલ છે, કેમકે અજ્ઞાન અંધ જીવ સુખનો ભાગી હોતો નથી, કહેવત છે કે–

**ચારે પ્રકારે ધર્મનું વિવરણ**

જ્ઞાન વિજ્ઞાને કરી રહિત પુરુષ જાત્યંધ બહેરા મુંગા સરિખો હોઈ પશુ સમાન છે; જે સૂત્ર અર્થ અને તદુભયને કહે છે અને જૈનાગમને જે લખાવે છે, જ્ઞાન સામગ્રી જે આપી રહ્યો છે, તે જ્ઞાનદાતા જૈન શાસનમાં બતાવેલ છે. હવે બીજું અભયદાન તેને કહેવાય કે–સર્વ જીવોને મન, વચન અને કાયાથી પીડા ન કરવી, દીર્ઘ આયુષ્ય, શ્રેષ્ટ આકૃતિ, રોગ રહિત શરીર, લોકની વલ્લભતા અને લક્ષ્મીની પ્રાપ્તિ અને જશનો ફેલાવો તે અભયદાનના ફળો છે. હવે ત્રીજું ચરણોપગ્રહ દાન, તે અશન પાન વસ્ત્ર પાત્ર ઓષધ વેષડ અને શય્યા સંથારો વિગેરે ચારિત્રની પુષ્ટિ કરનાર ચીજ આપવામાં આવે તે ગણાય છે, અને તેના ફળો ઉત્તમ કુલમાં જન્મ–દિવ્યરુપ–મનોહર ભોગ–સૌભાગ્ય બલ–અને લાંબું આયુષ્ય–શાસ્ત્રોમાં બતાવ્યાં છે. તેમજ સુંદર દેવ મનુષ્યની રિદ્ધિ અને નિર્મળ કીર્તિ સુધર્મની પ્રાપ્તિ અને શાશ્વત સુખ જે મોક્ષ, તેની પ્રાપ્તિ આ દાનથી મળે છે. તે ઘટાવે છે. જ્ઞાન દર્શન અને ચારિત્રથી મોક્ષની પ્રાપ્તિ કહી છે, હવે તે જ્ઞાન દર્શન ચારિત્ર જો શરીરની સ્વસ્થતા હોય તો બને, અને શરીરની સ્વસ્થતાનો ઉપાય ભોજન વિગેરે સામગ્રી છે, તેથી કરી તે સામગ્રીનું દાન પરંપરાએ મોક્ષનું કારણ છે.

હવે શીલપણુ નિર્મલ તેજ છે, વિશાલ જશને કરનાર છે, તમામ દુ:ખોનું વારણુ કરનાર છે, અને સ્વર્ગ મોક્ષનું સાધક છે, દેવ દાનવો પણ શીલ-

**શીલધર્મનું વિવરણ**

વંત પુરુષના દાસ બને છે, ઉપદ્રવો તેનાથી દૂર રહે છે, અને ગુણ સંપદા પ્રગટ થાય છે, તે **શીલધર્મ** સર્વ અને દેશ ભેદે બે પ્રકારે છે, તેમાં સૂક્ષ્મ બાદર જીવોની હિંસા, અસત્ય ભાષણુ, ચોરી, કામની સેવા અને પરિગ્રહને મન વચન કાયાએ કરવો કરાવવો અનુમોદવો નહિ, અને નવ બ્રહ્મચર્ય ગુપ્તિને ધારણ કરવી પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું પાલન અને ભૂખ તરસ સીત ઉષ્ણ દાંસ મચ્છર અવસ્ત્રપણું અરતિ સ્ત્રી વિહાર આસન શય્યા આક્રોશ વધ યાચના અલાભ રોગ તૃણ ફરસ મેલ સત્કાર બુદ્ધિ અજ્ઞાન આ બાવીશ પરિસહોનું સહન કરવું, ભિક્ષા માત્રથી આજીવિકાનો નિર્વાહ કરવો, અઢાર હજાર શીલાંગરથને ધારણ કરવો, અને સર્વ સંગનો ત્યાગ કરવો, તે આચાર **સર્વશીલ** કહેવાય છે. અને ને સ્થૂલ બે ઈંદ્રિયાદિક પ્રાણી જે નિરપરાધી હોય તેની સંકલ્પ વિષયક હિંસા દુવિધ ત્રિવિધાદિક ભેદે કરી વર્જવી, તેમજ આ લોકમાં પણ બંધ વધ જિહ્‌વા-છેદાદિકનું કારણ જે અસત્ય ભાષણુ છે તેને છોડવું, તથા આં લોકમાં પણ અનર્થનું કારણ સચિત્ત અચિત્ત વસ્તુની ચોરી, અને નહિ આપેલ પરદ્રવ્યનું ગ્રહણ કરવું તેનું વર્જન કરવું, તેમજ ઔદારિક વૈક્રિય ભેદવાળી પરદારાનું છોડવું, અને સ્વદારાસંતોષ ધારણ કરવો, તથા ધન ધાન્ય ક્ષેત્ર વસ્તુ હિરણ્ય સોનું બેપગા ચોપગા અને ધાતુ વિગેરેની

સામગ્રીનું પ્રમાણ કરવું, તે પંચ પ્રકારે **દેશશીલ** કહેવાય છે. તથા તેને મદદગાર સાત પ્રકારે પણ દેશશીલ કહેવાય છે, તે આ પ્રમાણે– ઉર્ધ્વ અધો અને તિરછી દિશાનું ગમનનું પ્રમાણ કરવું, તથા મધ માંસ મદિરા માખણ અનંતકાય પંચુંબરી બહુબીજાદિક વસ્તુની વપરાશ છોડવી, અથવા તેનું પ્રમાણ કરવું, તથા સ્નાન વિલેપન આભરણ વસ્ત્ર શયન આસન પુષ્પ તંબોલ હાથી ઘોડા રથ વિગેરેનો પરિભોગ છોડવો, અથવા તેનું પ્રમાણ કરવું, કઠોર હૃદયી બહુ જીવને વિનાશ કરનાર હલકા મનુષ્યોનું અને નિંદનીક અનાર્ય લોકોનું, અને ઉપભોગ પરિભોગની કારણભુત ક્રિયાનું પરિમાણ વિગેરે કરવું તે ઉપભોગપરિભોગ વ્રત કહેવાય. તેમજ જીવોને પીડનાર ફોકટ જ પ્રયોજન વિના મન વચન અને કાયાથી જે ચેષ્ટા કરાતી હોય તેને રોકી નાંખવી તે અનર્થદંડવિરમણ વ્રત કહેવાય તેમજ સર્વ જીવ વિષયક પાપ વ્યાપારનો ત્યાગ કરવો, અગર તેનું પરિમાણ કરવું, એટલે કાલમાન નક્કી કરી દ્વિવિધ ત્રિવિધે સમભાવ કરવો તે સામાયિક વ્રત કહેવાય, તેમજ જાવ જીવ સુધી ગ્રહણ કરેલા નિયમોનું દરેક દિવસે સંક્ષેપ કરવો તે દેશાવકાશિક જાણવું, તેમજ પર્વતિથિઓમાં આહાર શરીરસત્કાર–અબ્રહ્મ–સાવદ્ય વ્યાપારનો સર્વથા સામાયિક ઉચ્ચરીને ત્યાગ કરવો અગર દેશ થકી ત્યાગ કરવો, તે પોષધવ્રત કહેવાય. તેમજ ન્યાયોપાર્જિત અન્નપાણિ વિગેરેનો પોતાના આત્માની અનુગ્રહ બુદ્ધિએ પરમભક્તિએ સમસ્ત શ્રમણ નિર્ગ્રંથોને સંવિભાગ કરવો એટલે શુદ્ધ આહાર આપવો તે અતિથિ-સંવિભાગવ્રત કહેવાય. આ બન્ને પ્રકારના આચારનું મૂળ

સમ્યકત્વ છે, અને તે સર્વજ્ઞ ભગવંતોએ બતાવેલ પદાર્થોની સદ્દહણા કરવી, એટલે તે પદાર્થોને તે રૂપે માનવા તે શ્રદ્ધા કહેવાય; તેના ઉપશમ સંવેગ વિગેરે ચિન્હો છે, અને તે શંકાદિ દોષોએ રહિત છે અને મૈત્રી પ્રમોદકરૂણા અને ઉપેક્ષા આ ચારભાવનાએ યુક્ત હોય છે, તેના ક્ષાયોપશમિક વિગેરે ભેદો છે.

**તપધર્મનું વિવરણ**

હવે તપ ધર્મ–એકાસણુ નીવી આયંબીલ ઉપવાસ છઠ વિગેરે બાહ્યતપ છે, અને વિનય વૈયાવચ્ચ વિગેરે અભ્યંતર તપ કહેલ છે. તે તપ કર્મરૂપીગહન વનને બાળી નાંખનાર છે. ચિંતિત વસ્તુ પમાડવામાં ચિંતામણી રત્ન સમાન છે, અને સુખનું નિધાન છે; સમગ્ર ઉપસર્ગનો નાશ કરનાર છે, પણ શુદ્ધ ચિત્તવાળા જીવોને તે કાર્ય કરનાર છે, ઘણા હજારો યુગોએ નારકી જીવ કષ્ટ સહન કરી જે કર્મોને ખપાવે તે કર્મોને જ્ઞાની પ્રસન્ન–ચિત્તવાળો થોડી તપસ્યાએ નાશ કરી શકે છે. **ભગવતી સૂત્રમાં** કહેલ છે કે–શરીરે ગ્લાન બનેલો તપસ્વી જેટલું કર્મ તપસ્યાએ ખપાવે, તેટલું કર્મ નારકીઓ હજારો વર્ષ કષ્ટ સહન કર્યા છતાં ખપાવી શકતા નથી, એકાંતરે ઉપવાસ કરવાવાળો જે કર્મને ખપાવે છે, તે નારીકાઓ હજારો વર્ષે ખપાવી શકતા નથી.

**ભાવના ધર્મ**

ભાવના ધર્મ બાર પ્રકારે છે તેમાં પ્રથમ **અનિત્ય ભાવના** બતાવે છે જિવિત–યૌવન–રૂપ સંપદા–ઇષ્ટ સમાગમ આ તમામ અશાશ્વત છે, અને નર અમરનું સુખપણ અનિત્ય છે. જન્મજરા મરણ રોગ દરિદ્રતાએ

કરી દુઃખિ પ્રાણીને સંસારમાં કોઈ શરણુ નથી, આ બીજી **અશરણુ ભાવના**; દેવપણુ કર્મયોગે કુતરો બને છે અને રાજા પણુ રંક બની જાય છે, પુત્ર હોય તે અન્યભવમાં પિતા બને છે. અને માતા પણુ ભાર્યા બને છે, પુરૂષ હોય તે અન્યભવમાં સ્ત્રી બને છે, સંસારમાં નરકાદિક સર્વસ્થાનમાં જીવ જાય છે. અનેક વેષનું પરાવર્તન કરતો નટ જેમ રંગ-મંડપમાં ખેલ કરે છે, તેમ આ જીવ પણુ બધે ફર્યા કરે છે. આ **સંસાર ભાવના** કહેવાય. આ જગતમાં જિવ એકલોજ જન્મ મરણુ સુખ દુઃખને પામે છે, અને ધનબંધુ-વર્જિને ભવાંતરમાં પણુ એકલોજ જાય છે, આ **એકત્વ ભાવના** કહેવાય. ભવમાં ગમન કરનાર જીવ અન્ય છે અને ધનાદિક સંપદાપણે અન્ય છે, આ શરીર પણુ અન્ય છે, મિત્ર બાંધવો પણુ અન્ય છે આવો પરિણામ **અન્યત્વ ભાવના** કહેવાય, શુક્રશોણિતથી ઉપજેલું મુત્રવિષ્ઠાથી યુક્ત ચામડી લોહી માંસ ને હાડકા મિંજ અને શુક્ર આ સાત ધાતુથી ભરેલું અશુચિ શરીર છે, જેમાં નવ છિદ્રોએ અશુ-ચિરસ ઝરી રહ્યો છે અને વિષ્ઠાનો કોથળો છે, ફક્ત ઉપર રહેલ ચામડીથી મનોહર છે, એવી પરિણુતિ તે **અશુચિ ભાવના** કહેવાય છે. સંસારી પ્રાણીઓ મનવચન કાયાના વ્યા-પારે કરી અને કષાયો કરવાએ કરી મહાન કઠિણુ કર્મને બાંધે છે, એવી જે પરિણુતિ તે **આશ્રવભાવના** કહેવાય. આશ્ર-વોને રોકવાથી કર્મ ન બંધાય, જેમ પાણી આવવાના રસ્તા રોકવાથી તલાવ ન ભરાય, એવી શુભ પરિણુતિ તે **સંવરભાવના**. પૂર્વઉપાર્જન કરેલા ઘોર કર્મોને શાંતતાયુક્ત તપ વિનાશ કરે છે, જેમ વાયુ અને સૂર્યતાપ જલને શોષી

લે છે, તેવી પરિણુતિ તે **નિર્જસભાવના**, દુખે કરી ભરેલા **સંસારમાં ચૌદ રાજલોકમાં** રાઇ તલમાત્ર પણુ તેવું સ્થાન નથી કે જ્યાં જિવ ભમ્યો ન હોય તેવી પરિણુતી તે **લોક-ભાવના**. મિથ્યાત્વ અને અજ્ઞાને કરી મૂઢ બનેલા પ્રાણી-ઓને આ ભવ સમુદ્રમાં જૈનધર્મ વિષયક બોધિ બીજની પ્રાપ્તિ થવી ને દુર્લભ એવી પરિણુતિ તે **બોધિભાવના** કદાગ્રહથી મોહી જીવો પાપના ઉદયે આ સંસારમાં શુદ્ધ ધર્મોપદેશક ગુરૂને પામી શકતા નથી એવી જે પરિણુતિ તે **ધર્મભાવના** કહેવાય. આ પ્રકારે વિશુદ્ધ ચિત્તવાળાને ભાવના ભાવતા પાપકર્મનો ક્ષય થાય છે, અને શુભ કર્મનો અનુબંધ થાય છે, આ પ્રમાણે જે શુભ આશયવાલા દાના-દિક ધર્મને ફરસે છે તેઓ કલ્યાણુ પામીને શાશ્વાતાસ્થા-નમાં પહોંચે છે, હે રત્નચૂડ મહારાજા આ ચારે ધર્મનાં દષ્ટાંતો સાંભળ એમ સુરપ્રભુ મુનિવરે કહ્યું, ત્યારે રત્નચૂડે કહ્યું કે સંભલાવો મુનીશ્વર, મારા ઉપર મહાન ઉપગાર થાય તેથી મુનિશ્વર કહેવા લાગ્યા—

## દાન ઉપર રાજશ્રીના પૂર્વભવનું દૃષ્ટાંત

આજ ક્ષેત્રમાં **મલયપુર** નગર છે. તેમાં ધનાઢય દાનપ્રિય **ધનપાલ** નામનો શેઠીઓ છે, તેને અત્યંત વલ્લભ ઇશ્વરી ભાર્યા છે, તે ઈશ્વરી કટુકબોલી ઘર વેપારમાં મોહિત પરલોકની ચિંતા વીનાની અને કોઇને દાન આપવામાં કૃપણુ છે, ઘરે ભિક્ષાઓને માટે પેઠેલ "સંન્યાસીઓએ 'સોમેશ્વર તમારા ઉપર પ્રસન્ન થાઓ' અમને કાંઇક ભોજન આપો" એમ કહે છતે ભૃકુટી ચડાવીને તેને કહે છે કે—સોમેશ્વરના ઓઠે તમો અમોને ખાઈ જવા આવ્યા છો ? ચાલ્યા જાઓ, તમારે

માટે રાંધ્યું નથી, કોઇ સાધુ તેને ઘરે ભિક્ષા માટે આવી ધર્મલાભ આપે છે, તો તેણી બોલી ઉઠે છે કે-તમારા માથે ધર્મલાભ પડશે, કેમકે જેઓ દુઃખોથી ભાગ્યા છે, કમાણી કરવાને અસમર્થ છે, ને માથું મુંડાવી નીકળી પડયા છે, હજુ ભિક્ષા વેલા તો થઇ નથી. વેદ ભણનારા બ્રાહ્મણ પુત્રો આવી વેદશ્રુતિ બોલે છે, તો કહી દે છે કે—ઝગઝગાટ ન કરો, અમારા કાન ફોડી નાંખનાર વેદોચ્ચારણે કરી સર્યું, બીજા ઘરોએ જાઓ, હજુ અહીં તૈયાર નથી, તેઓ કહે છે કે અનાજનું ફોરસું આપો, નકાર ન કરાય. હે શેઠાણી ! તમારૂં ઘર મોટું છે. આ સાંભળી રોશાયમાન થઇ, અરે પેટ ભરા તમોએ મારા પગથીઆ તોડી નાંખ્યા, એમ કહેતી સળગતું લાકડું ગ્રહણ કરીને, ખસતા માથાના વાળને ડાબા હાથે ધારણ કરતી કાંઇક ખસી ગયેલ ઓઢણાવાળી, અને કેશ સમૂહ પણ કાંઇક વિખરાઈ ગયેલ છે, એવી તેઓની સન્મુખ દોડે છે. તે બ્રાહ્મણ બટુકો અરે આતો કોઇક યમરાક્ષસી મહાકૃપણ છે, એમ કહેતાં નાસી જાય છે. વળી બાવાઓ ભિક્ષા માટે આવે છે, ત્યારે બોલે છે કે—નાગા તોતડા, ગધેડા માફક શરીરે સખોડી લગાવેલા તમો તમારા આત્માને વગોવી રહ્યા છો, ભોજનવેલા વીતી ગઈ, જાઓ બીજે; એમ પાછા વાળે છે. ઘરમાંથી શેઠ દાન આપવાનું કહે છે, તોપણ કોઈને કાંઇ દેતી નથી, અથવા બહુ કહે ત્યારે કણકી ફોરસું જેવું નિઃસાર અને રાંધેલામાંથી કાંઈક આપે છે, અને કોઇક વખત વહુઓએ આપ્યું હોય તો મહાન કલકલાટ કરે છે. આ પ્રકારે ધર્મિજનની નિંદાએ તે ઈશ્વરી તેજ ભવમાં રોગે પકડાણી છે, કાંઈપણ ખોરાક લઈ શકતી

નથી, અને થોડા કાલમાં વેદનાએ આકુલવ્યાકુલ બનેલી આર્તધ્યાનમાં સબડી મરણ પામી, અને **કુતરી** પણે ઉપજી; રોગી શરીરવાળી બની અને કુતરાઓને અપ્રિય બની. કોઇ પણ ઠેકાણે કાંઈ પણ રોટલાદિક નહિ પામતી મરણ પામી અને **શીયાલણી** થઈ, તે ભવમાં પણ શિયાલોને અનિષ્ઠ બની ભુખે મરણ પામીને, કંગુસાલ ગામમાં દરિદ્ર-વાણિયાની પુત્રી **નાગશ્રી** થઇ. જન્મી કે પિતા મરણ પામ્યો. યૌવન અવસ્થાને પામી. અત્યંત કુરૂપી અને દરિદ્ર વણિક પુત્ર દુગ્ગડ તેણીને પરણ્યો. તુરત દુગ્ગડની માતા મરણ પામી. તેથી અપ્રિતિથી તેણીને દુગ્ગડે તજી દીધી. તે વાર પછી પેટ ભરવા માટે નાગશ્રી પરઘરોમાં કામ કરવા લાગી, ત્યાં પણ પેટ પૂરતું પોતે પામતી નથી. તેથી વિચારવા લાગી કે–મેં અન્ય જન્મમાં મેં મોટું પાપ કરેલું હશે, એમ આર્તધ્યાન કરતી કલેશે કરી સમય પસાર કરે છે. એક દીવસે શ્રાવકના ઘરમાં ધર્મ અધર્મના ફળને ભણતી શ્રાવિકા તેણીના સાંભળવામાં આવી.

**घणु कणु कंचणु पवरारोहणु, वरनेवत्थु मणोहरु भोयणु।**
**सुरवहुसरिसु विलासिणिसत्थु, धम्मपसाइं होइ पसत्थु ॥१॥**

"ધન કણ કંચન શ્રેષ્ટવાહન શ્રેષ્ઠવેષ મનોહર ભોજન સુરવધુ સરિખા વિલાસવાળો સાથ, આ બધું ધર્મના પસાયે પ્રશસ્ત હોય છે, અને પાપથી શીત ભુખ તાપ તરસા વાહનરહિત દાસ થઇ પગરખા રહિત જગતમાં ભમ્યા કરે છે, અને વસ્ત્ર પણ ફાટેલા તુટેલા અને કુરુપી ધૂળે ખરડાએલ મનુષ્ય બને છે. અને સુધર્મવાળો મનુષ્ય સોનાના કુંડલ અને હારે કરી શોભિત બને છે, તેનો વેશ પણ ઉજ્જવલ હોય

છે. પુત્ર પરિવારવાળો અને મનોહર કાંતિવાળો તે શ્રેષ્ઠ રમણી સાથે વિલાસ કરતો દેખાય છે. અને ધર્મ રહિતને સુખ હોતું નથી, અને પરઘરમાં ઘણું પાણી ભરે છે, ખાંડે છે દળે છે લિંપણુ કરે છે, તોપણ સારૂં ભોજન પામતી નથી." તે સાંભળી નાગશ્રીએ ચિંતવ્યું કે નક્કી અન્ય ભવમાં મેં ધર્મ કર્યો નથી, કોઇને કાંઈ પણ દાન આપ્યું નથી, જેથી આવું બન્યું છે. માટે હમણાં કાંઇક પુણ્ય કરૂં. મને મળતા ભોજનમાંથી એક કોળીયા જેટલું પણ કોઇકને દાન કરૂં, આ પ્રકારના શુભ અધ્યવસાયે કરી તેણીના અશુભ કર્મ ક્ષયોપશમને પામ્યા. તેથી હવે તેણીને સુંદર ભોજન મળે છે, અને તેમાંથી ભિક્ષાચરોને કાંઇક પરમ શ્રદ્ધાથી આપે છે; હવે એક અવસરે વણિકના ઘરે વિવાહના ઓચ્છવમાં બહુ સારૂ કામ કરવાથી વણિક ભાર્યાએ એક મોટું રામપાતર ખુબ ઘી નાંખી સુંદર ચોખાનું ભરેલ, શાક અને મીઠા ખાજાએ સહિત આપ્યું, તે લઈ પોતાની કોટડી તરફ ચાલી, યાવત્ બારણામાં એકમાસોપવાસી ગોચરી માટે નિકળેલ પ્રસન્ન ચિત્તવાળા **સુદર્શન** મુનીશ્વર દીઠા. તેને દેખીને નાગશ્રીએ ચિંતવ્યું, કે અહો આ મહા તપસ્વી સાધુ ખરેખર ધર્મપિંડ છે, આને દાન આપું તો અનંતગણું ફળ થાય, તેથી આ રામપાતરની વસ્તુઓ સાધુ મહારાજને આપી દઉં, મારૂં પુણ્ય જાગ્યું કે–આ અવસરે આવા પાત્ર મુનીશ્વર મળી આવ્યા, આ પ્રમાણે અત્યંત હર્ષવાળી બની નિમંત્રણ કરવા લાગી કે, હે ભગવન્! મારા ઉપર અનુગ્રહ કરો. ભાવ જોઈ મુનીશ્વરે કહ્યું કે–હે ધર્મશીલ! થોડું જ આપજે, એમ નિષેધ કર્યા છતાં તેણીએ બધું વહોરાવી દીધું, અને મુનિને

વાંદી વિનય કરી ઘરે ગઈ; ઘરે જઇ, અહો! હું કૃતાર્થ બની, આજ પ્રાપ્ત થયેલ મનુષ્યપણું સફળ બન્યું, અને જીવતર સફળ થયુ. આ પ્રમાણે શુભ ભાવે ઉત્તમ સુખને આપનાર પુણ્ય બાંધ્યું. આયુષ્ય પૂર્ણ થયે છતે શુભ પરિણામે નાગશ્રી મરણ પામીને, હે રયણચૂડ! આ તમારી રાજશ્રી ભાર્યા બની. આ સાંભળતાંજ રાજશ્રીને જાતિ સ્મરણ જ્ઞાન થયું, તેથી અહો ભગવંતનો કેવો જ્ઞાનાતિશય છે. એમ ચિંતવીને રાજશ્રીએ કહ્યું કે–હે ભગવંત! આપે જે કહ્યું તે સત્ય છે. તે સાંભળી, રત્નચૂડ વિગેરે આશ્ચર્ય પામ્યા; હવે હે મહારાજન્! શીલધર્મનું ફળ તમે સાંભળો.

**શીલધર્મ ઉપર પદ્મશ્રીનું દષ્ટાંત**

આજ ક્ષેત્રમાં સુરશૈલ નામે નગર છે. તેમાં અત્યંત પૈસાવાળો સર્વ અંગે મનોહર **કુલવર્ધન** શ્રેષ્ઠિપુત્ર છે. તેને સર્વ લક્ષણ સહિત અંગવાળી તપાવેલ સોના સરખી શરીરની કાંતિવાળી મનોહર તરુણ અવસ્થાવાળી **મનોરમા** નામની ભાર્યા છે. તેઓને પરસ્પર રક્તપણે વિષયસુખ ભોગવતાં કેટલોક કાળ પસાર થયો. એક અવસરે ધનનો અરથી બનેલો કુલવર્ધન તેણીનો વિરહ સહન કરવામાં અસમર્થ મનોરમાને સાથે લઈ ઘણા વણિક પુત્રોએ યુકત કડાહદ્વીપમાં ગયો. વેપાર અર્થે હેમાગર નગર પહોંચ્યો. ત્યાં સાથનો પડાવ બહાર નાંખ્યો. વણિકપુત્રો વેપાર ચલવે છે, અને મનોરમા તે દ્વીપના વસવાટી અનાર્યોના ભયે તંબુ મધ્યે જ રહે છે. એક દીવસે કુલવર્ધન પાસે કામાંકુરમહંતનો ચેલો વેપાર માટે આવ્યો. તેણે કોઇપણ પ્રકારે તંબુમાં રહેલી મનોરમાને જોઈ, અહો કેવું અદ્ભુત રુપ

છે, એમ આશ્ચર્યને તે પામ્યો. આ વાત પોતાના સ્થાને જઇ કામાંકુરને કરી. તે વાત સાંભળી તેણીમાં અનુરાગી બન્યો. અને કુલવર્ધન સાથે મિત્રતાઈ બાંધી, ભોજનાદિક ઉપચાર કરવા લાગ્યો. હવે એક દીવસે કામાંકુર સાથે કુલવર્ધન જુગાર રમવા લાગ્યો. રમતાં રમતાં શેઠની આંગળીમાંથી વીંટી સરી પડી, કામાંકુરે સંકેત કરી પોતાના ચેલાને આપી, અને તે ચેલો વીંટી લઇ શેઠના પડાવમાં ગયો, અને મનોરમાને દેખાડી કહ્યું, કે–શેઠ તમોને જરૂરી કાર્ય હોવાથી બોલાવે છે, જુઓ આ વીંટીની નીશાની આપી મને બોલાવવા મોકલ્યો છે. મનોરમા વિચારવા લાગી કે–મારે જવું અયુક્ત છે, પણ યુકત અયુકતનો વિચાર કરનાર મારા સ્વામિનાથ છે; માટે તેમની આજ્ઞા માનવી જોઇએ. એમ ચિંતવી તે ચેલા સાથે ગઈ. ચેલાએ એક ગુપ્ત ઓરડામાં પેસારી દીધી. અને વીંટી શેઠને પાછી આપી દીધી. શેઠ પોતાના પડાવે ગયો. અને કામાંકુર પણ મનોરમા પાસે ગયો. રૂપે કરી રતીને પણ ટક્કર મારે તેવી મનોરમા તેના જોવામાં આવી. ચિત્ત પ્રસન્ન થયું, મધુર વચને કહ્યું કે–હે સુંદરિ! તારે ભય ન રાખવો, અને ખેદ પણ ન કરવો, આ તારૂં ભવન છે, અને હું પણ પરિવારે સહિત તારી આજ્ઞા માનવાવાળો છું; તેથી તું મારી સ્ત્રી બન. એમ કહીને તેણીને અમૂલ્ય મણિરત્ને જડેલ ઘરેણું આપ્યું, અને સુરદુષ્ય સરીખું સુંદર વસ્ત્ર આપ્યું. મનોરમા ચિંતવવા લાગી કે માયાના વ્યાપારે આ મહંતે મને કષ્ટમાં પાડી તો હવે શું કરવું, કોને કહું, કોનું શરણું સ્વીકારૂં. આમ ચિંતવીને અવ્યકત સ્વરે રોતી નીચા મુખવાળી રહી, સ્નેહ દેખાડી મહંતે બહુ આશ્વાસન આપ્યું.

ત્યારે કહેવા લાગી કે–હે મહાભાગ! ઉત્તમકુલ અને જાતિવાળા તમારા જેવા સત્પુરુષને આલોકપરલોક વિરૂદ્ધ કાર્ય કરવું તે વ્યાજબી નથી. કહ્યું છે કે–"માની જીવો તમામ ધનનો ત્યાગ કરે અને જીવતરનો પણ ત્યાગ કરે બંધુવર્ગનો ત્યાગ કરે, પણ શીલનો ત્યાગ કરી શકતા નથી. તેનું તો રક્ષણ કરે છે. કેમકે શીલ કુલની ઉન્નત્તિ કરવાવાળું છે, અને પરમ ભુષણ છે. અને શીલ અડચણ વિનાનું ધન છે તેમજ જશને વધારનાર છે, અને સ્વર્ગનું પગથીયું, દુર્ગતિની ભૂંગળ સમાન, કામધેનું ગાય સમાન, અને મોક્ષનું સાધન શીલ છે." માટે હે મહાભાગ! આ અશુભ અધ્યવસાયથી પાછા હઠો. આમ કહ્યા છતાં કામાંકુર પ્રતિબોધને ન પામ્યો, પણ વિનવણી કરીશ એમ ધારી તે વખતે ત્યાંથી ઉઠયો. મનોરમા પણ કોઈ સાથે બોલતી નથી, અને બહુ મનાવે છે છતાં ભોજનાદિક કરતી નથી; તેથી કામાંકુરે વારંવાર વિનવી, પણ જ્યારે માનતી નથી, ત્યારે રોષાયમાન થઈ આને જબ્બર કષ્ટમાં પાડવી. એમ નિશ્ચય કરીને કામપાલ રાજાને વાત કરી લલચાવ્યો.

તેણે અનુરાગી બની મનોરમાને અંતેઉરમાં આણી, અને એકાંતમાં અત્યંત પ્રાર્થના કરી મોટો લોભ દેખાડયો;

**કામપાલ રાજાને મનોરમાનો ઉપદેશ**

અતિ સંકટમાં પડેલી કેવી રીતે શીલનું રક્ષણ કરીશ? એમ આકુલવ્યાકુલ બનેલી મનોરમાએ રાજાને કહ્યું કે–હે મહારાજન્! તમોને આ અનુચિત છે, કેમકે તમો અનાથના નાથ છો, શરણે આવેલાનું વાત્સલ્ય કરવાવાળા છો, ધર્મની મર્યાદાને સાચવવાવાળા છો. કેમકે મહાપુરુષો વિષમિશ્રિત પરમ ઔષધ સરીખી, વમેલી

ખીર સરખી, ગંદા દુધપાક સરખી, અપવિત્ર જગ્યામાં પડેલ શ્રેષ્ટ ફુલમાળા સરખી, ચંડાલના કુવામાં રહેલ શીતલ જલ સરખી, એવી પરદારાને ઇચ્છતા નથી; તેથી આવા અધ્યવસાયને દેશવટો આપો. પણ રાજાને આ વાત રુચિ નહિ; તેથી તેણે કહ્યું, કે હે સુંદરિ! આ બધું હું જાણું છું, પરંતુ તારા રૂપલાવણ્યમાં મોહિત બન્યો છું, તેથી તારા ઉપર રાગી બનેલ મારા મનને પાછું વાળી શકતો નથી, માટે મારો અભિલાષ તું સ્વીકાર. મનોરમાએ કહ્યું કે–સાતધાતુનું બનેલ અશુચિએ ભરેલ આ શરીરમાં મોહનું કારણ પરમાર્થથી કાંઈ પણ છે નહિ. માટે તેનું દષ્ટાંત તમે સાંભળો—

**વિક્રમસેન રાજા અને સતી મદનશ્રીનું દષ્ટાંત**

ઉજ્જેણી નગરીમ વિક્રમસેન રાજા છે. તે કોઇક વખત ક્રીડા કરવા ચાલ્યો જાય છે. એક વખત તેણે એક બારીએથી પ્રાસાદ તળ ઉપર રહેલી જેણીનો પતિ દેશાંતરમાં ગયેલ છે અને ભરયૌવનવાળી શ્રેષ્ટિની સ્ત્રી મદનશ્રીને દેખી. કામ વિકારી તે રાજાએ તેણીની પાસે એક યોગિનીને મોકલી. યોગિનીએ જઇને કહ્યું કે–હે મદનશ્રી! તું કૃતાર્થ છો, કેમકે મહારાજા પણ તારી ઇચ્છા કરે છે, અને કહેવરાવ્યું છે કે–હે સુંદરિ! અમૃતસરીખા તારા દર્શનની ઈચ્છાવાળું મારૂં મન થયું છે, માટે એક દીવસ તું મારી પાસે આવ. અથવા હું તારા ઘરમાં ગુપ્તપણે આવું. હે સુતનુ! તું મારી ઈચ્છાનો ઉત્તર મોકલ. **મદનશ્રી સતીએ** વિચાર્યું કે–અહો રાજાનો મારા ઉપર ગાઢ સ્નેહ થઈ ગયો, દૂર રહીને તે રાજાને પ્રતિબોધવાનું અશક્ય છે. એમ ચિંતવી ઉત્તર આપ્યો કે–મહારાજા

અહીં મારા ઘરે પધારે, મારા ઉપર મહારાજાએ બહુ પ્રસન્નતા કરી. એમ કહી યોગિનીને વિદાય કરી. યોગિનીએ રાજા પાસે જઈ આ સમાચાર કહ્યા, રાજા પ્રસન્ન થયો. અને મધ્યાન્હ સમયે અંજનના પ્રયોગે અદૃશ્ય બની તેણીના ઘરે પહોંચ્યો, અંજન નેત્ર થકી ધોઇ નાંખીને પ્રગટ થયો. એ બાકળી અનેલ મદનશ્રીએ જોયો, અને ચિંતવ્યું કે અનુરાગગ્રહથી ગાંડા બનેલા આ રાજા પાસે, મારા પ્રાણનો વિનાશ થાય તોપણ શીલ તોડવું નથી. કેમકે કહ્યું છે કે— "વિષનું ભક્ષણ કરવું સારૂં, અગ્નિમાં પેસવું તેપણ સારૂં, ગળે ફાંસો ખાઇ મરી જવું તે સારૂં, અગર મોટા ખાડામાં પડી પ્રાણ છોડવા સારા, પણ શીલનું ખંડન કરવું, તે સારૂં નથી," માટે આ રાજાને કોઈ પણ ઉપાયે પ્રતિબોધ પમાડું, એમ વિચારી ઉપરથી હર્ષ બતાવી સ્વાગત કર્યું. આસન ઉપર બેસાડી, તેના પગ ધોયા અને મનોહર ભોજન તૈયાર કર્યું. એકજ રસોઈ બહુ ભાજનમાં સ્થાપન કરી અને તે ભાજનોને ચિત્રવિચિત્ર રચનાવાળા રેશમી સુંદર વસ્ત્રોએ ઢાંકયા, અને કહ્યું કે—હે મહારાજ! મારા ઉપર અનુગ્રહ કરો, અને આ સુંદર ભોજન વાપરો. રાજા પણ અનુરાગે કરી તે પ્રમાણે વર્તતો ભોજન કરવા બેઠો, અને મનોહર વસ્ત્રોએ ઢાંકેલ ઘણી થાલીઓને જોઈ વિચારવા લાગ્યો કે—મને પ્રસન્ન કરવા માટે અમુક પ્રકારની રસોઇ બનાવી લાગે છે, તેથી બહુ ખુશ થયો. મદનશ્રીએ પણ સર્વ થાલીઓમાંથી અનુક્રમે થોડું થોડું ભોજન આપ્યું, તેથી રાજાએ આશ્ચર્ય પામી કહ્યું કે—બહુ થાલીઓ ભેગી કરવાનું શું પ્રયોજન છે? મદનશ્રીએ ઉત્તર આપ્યો કે—ઉપર ઢાંકેલા રેશમી વસ્ત્રનો

તફાવત તે પ્રયોજન છે. રાજાએ કહ્યું કે–ભોજન એક છતાં આવી ફોકટ મહેનત શા માટે કરી! તેણીએ કહ્યું કે–જો એમજ છે તો યુવતીના શરીરમાં પણ બહારના પેરવેશથીજ તફાવત છે, કેમકે અંદર જુઓ તો ચરબી માંસ મિંજ શુક્ર હાડકાં, રુધિર, ફેફસાં અને છિદ્રોએ કરી સહિત અશુચિનો ભંડાર એવું સર્વ યુવતિનું શરીર છે. સાંભળો દૃષ્ટાન્ત—

**વિષ્ણુશ્રીનું દૃષ્ટાંત**

શંખપુરમાં **શંખ** નામના રાજા છે. તેણે કોઇ પણ પ્રકારે **વિષ્ણુદત્ત** સાર્થવાહની ભાર્યા **વિષ્ણુશ્રીને** દેખી, તેણીના ઉપર રાગી બની રાજાએ વિષ્ણુશ્રીને અંતેઉરમાં પેસાડી. તેણીના વિરહથી વિષ્ણુદત્ત ગાંડો બન્યો, રાજાને પણ તેણીની સાથે વિષયસુખ ભોગવતાં કેટલોક કાળ ગયો. એક વખતે શૂલ વેદનાથી વિષ્ણુશ્રી મરણ પામી. રાજા પણ અત્યંત મોહી હોવાથી માનવા લાગ્યો કે–વેદના શાંત થઇ માટે આ ઉંઘી ગઇ છે. હવે રાજપુરૂષો તેણીનું મડદું લઈ જવાની તૈયારી કરી લઈ જવા લાગ્યા. રાજા નીકળવા દેતો નથી. મંત્રીઓ રાજાને કોઈપણ પ્રકારે મોહ પમાડીને મડદાને મસાણમાં લઇ ગયા; અને કાંટાઓએ વીંટી તે મડદાને ત્યાં રાખ્યું, તેણીને નહિ દેખવાથી રાજાએ પણ અન્ન પાણીનો ત્યાગ કર્યો. મંત્રીઓ તેને બહુ સમજાવવા લાગ્યા પણ સમજતો નથી, તેથી મોહ ગ્રહે પકડાએલ રાજા વિનાશ ન પામે એમ વિચારીને મંત્રીઓ રાજાને મસાણમાં લઈ ગયા, અને કહ્યું, કે હે દેવ! આ રહી તમારી પ્રિયતમા વિષ્ણુશ્રી. રાજાએ પણ હર્ષ લાવીને જોઇ તો કાગડાઓ આંખોના ડોળા કાઢી ગયેલ છે, જીવડાઓ ગળી રહ્યા છે,

નાના નાના કરમિયાનો સમૂહ ખદબદી રહેલ છે, અને ઉત્કટ દુર્ગંધિએ જોનારને નાકપણ ઢાંકી દેવું પડે છે, એવી દીઠી, તેથી અત્યંત સંભ્રમને પામ્યો, મોહગ્રહ નાશ પામ્યો, વિરક્ત બની વરાગ્ય પામ્યો, અને ચિંતવવા લાગ્યો કે–અહો મારૂં કેવું હલકાપણું, અહો કેવું ધર્મનું નિરપેક્ષપણું, અહો કેવી મૂઢતા, કે આવા કલેવર માટે મેં કુલની મલિનતા કરી, અપયશનો પડહો વગડાવ્યો, મર્યાદા લોપી, અને મહાન પાપકર્મ બાંધ્યું. આમ વિચારતો નગરમાં પેઠો, અને પુત્રને રાજ્ય ઉપર સ્થાપન કરી પરલોકના માર્ગમાં રહ્યો. તેથી હે મહારાજ! પોતાની રાણીઓ વિદ્યમાન છતાં શામાટે પરદારામાં અનુરાગ કરવો. આ પ્રમાણે સાંભળી વિક્રમસેનરાજા વૈરાગ્યવાળો બન્યો, અને કહેવા લાગ્યો કે–હે મદનશ્રી! તેં સારૂં કર્યું, જે અજ્ઞાનથી મૂઢ બનેલ મને તેં બૂઝવ્યો, એમ કહીને મહાન ઇનામ આપીને રાજા પોતાના ભવનમાં ગયો.

માટે તમે પણ હે નરનાથ! પરદારાની સેવાથી શીલ તોડવાએ કરી એક કોડી માટે કરોડ ધનને ન હારો. એક દોરા માટે વૈડૂર્ય રત્નને ન ભાંગી નાંખો. આ પ્રકારના ઉપદેશથી કામપાલ રાજા પ્રતિબોધ પામ્યો, અને પોતાના આત્માને ઘણા પ્રકારે નિંદવા લાગ્યો, અને અમૂલ્ય દાગીના વસ્ત્ર ઇનામ આપીને મહંતના ચેલાને પોતાના પુરુષ સાથે મનોરમાને તેણીના સ્થાને પહોંચાડી. આ બાજુ તરફ કુલવર્ધને પોતાને સ્થાને આવી મનોરમાને દેખતો નથી, તેથી કોણ મારી પ્રિયાનું હરણ કરી ગયું, અરે કેવા અનર્થને પામી હશે, આવા વિકલ્પોએ ગાંડો બની ભોજન વ્યાપાર છોડી બેઠો છે. ત્યાંતો મનોરમાને દેખી તેથી તેનું ચિત્ત

ઠેકાણે આવ્યું, મનોરમાએ સઘળી હકીકત કહી, તે સાંભળીને બહુ આનંદિત બન્યો, અને અનુક્રમે પોતાના નગરે પહોંચ્યો. મનોરમા આયુષ્ય પૂર્ણ થયે મરણ પામી. શીલ પાળવાના ફલે કરી, હે રત્નચૂડ ! આ તારી ભાર્યા **પદ્મશ્રી** થઇ. આ સાંભળી તેણીને પણ જાતિસ્મરણ જ્ઞાન થયું. હવે હે નરેન્દ્ર ! તપના ફળનું દૃષ્ટાંત સાંભળો—

**તપ ધર્મ ઉપર રાજહંસીનું દૃષ્ટાંત—**

આજ ક્ષેત્રમાં **વણશાલ** નામનું નગર છે. તેમાં ધનાઢય સકલજનમાં પ્રસિદ્ધ **બંધુધર્મ** શેઠીઆ છે. અને તેને **નાગશ્રી** ભાર્યા છે. તેણીના સાથે વિષય સુખ ભોગવતાં કેટલોક કાળ ચાલી ગયો. પરંતુ એક પણ પુત્ર ન થયો. શેઠીઆએ ચિંતવ્યું કે-બહુ કાલ ગયો છતાં એક પણ પુત્ર થયો નહિ, પુત્ર વિના કુલનો અભ્યુદય થતો નથી. કહ્યું છે કે-"જે કુલોમાં વિજ્ઞાનજ્ઞાન સહિત માનધનવાળા પુરુષો હોતા નથી, તે કુલો સ્તંભ વિનાના ઘર માફક વિનાશને પામે છે. અને જે કુલમાં સંતાન વધે છે, તે કુલના માતા-પિતા લોકમાં પૂજનીક બને છે, અને પુત્ર છતાં લક્ષ્મી પરને આધીન જતી નથી." તેથી ઘરની રક્ષા નિમિત્તે અન્ય કન્યાને પરણું, એમ ચિંતવીને દેવનંદી પાસે કન્યાની માગણી કરી. તેણે પોતાની પુત્રી **દેવશ્રીને** તેની સાથે શુભ દિવસે પરણાવી, તેણી વિનયપણાથી પ્રિય વચનોથી અને સુશીલ-પણાથી બંધુધર્મને ઇષ્ટ થઈ, મનોહર દાગીના વસ્ત્ર વિગેરે તેણીને પતિ આપે છે. તે દેખીને નાગશ્રીને ઇર્ષા આવી અને ચિંતવ્યું કે—અરે હું પેલી છતાં પાછલી ઠરી, તો મારા સ્ત્રીપણામાં ધૂળ પડી, હું માનપ્રધાન આત્માને માનતી છતાં

પણ આવા અપમાનને સહન કરી રહી છું, માનિની સ્ત્રીને પોતાનો સ્વામી પ્રત્યક્ષ શોકનું ગૌરવ કરે તો તે મરણથી પણ દુઃસહ ગણાય. કહ્યું છે કે–માનિની સ્ત્રીએ સખીને ઉદ્દેશીને કહ્યું છે કે–"હું મરી જાઉં તો સારૂં, મારો ગર્ભ ગળી જાય તે પણ સારૂં, દોરડાએ મને બાંધેલી હોય તે પણ સારૂં, પ્રજ્વળતી જ્વાલાવાળી અગ્નિમાં નાંખે તે સારૂં, હાથી ચગદી નાંખે તે પણ સારૂં, મારી બન્ને આંખો ફૂટી જાય તે પણ સારૂં, પણ મારા પતિને અન્ય નારી સાથે દેખું તે સારૂં નહિ. તેમજ દારિદ્ર અનાથપણું, કૃશ શરીરપણું, રોગાતુર-પણું, કુરૂપપણું, નિર્ગુણપણું, હાથપગ વિનાનો દેહ અને ભિક્ષા માગવી તે બધું સારૂં, પણ શોકયુક્ત રાજા પતિ તરીકે મળતો હોય તે સારૂં નહિ;" તેથી આ મારી શોક ઉપર મારા પતિને કોઈ પણ ઉપાયે દ્વેષ થાય તેમ કરૂં. એમ ચિંતવીને, ઘણા પ્રકારના મંત્રતંત્ર અને યોગમાં હુશિયાર એવી તાપસણીને આરાધવા લાગી. પ્રસન્ન થઇ તાપસણીએ દ્વેષ કરનાર યોગ આપ્યો, તેણીએ પોતાના સ્વામિને પાણિ-વિગેરેમાં પાઇ દીધો. તેથી બંધુધર્મ દેવશ્રી ઉપર વિરક્ત બન્યો. તેથી પૂર્વની પ્રેમાળદશા બદલાઇ ગઈ. હવે તો દેવશ્રીના સ્હામે દૃષ્ટિ આપતો નથી, અને વિના કારણે તેણીના ઉપર કોપ કરે છે, અને આવેલ વાંકને વારંવાર બોલ્યા કરે છે. શોકની સમક્ષ તેણીનું અપમાન કરે છે, તેથી દેવશ્રી અરે કેમ ઓચિંતો વિના નિમિત્તે મારો ભરતાર વિરક્ત થઈ ગયો, કેમ વિધિએ અસહ્ય આપદા મને ઉપજાવી. આવા મોટા ખેદને પામી, તોપણ પૂર્વે કરેલ અશુભ કર્મનું આ ફળ છે, એમ ભાવતી અત્યંત ભરતારને અનુકુલ થઇ

રહી. આ પ્રકારે કેટલોક કાળ ચાલી ગયો. નાગશ્રી પણ મરણ સમયે મહાન દાહજ્વરની પીડા પામી. તેણીના બંધુઓએ દુષ્ચરિત્રોની નિંદના ગર્હણા કરી, એમ કહ્યા છતાં પણ તે ખરાબ આચરણનું પ્રાયશ્ચિત લીધા વિના મરણ પામી ગઇ. હવે બંધુધર્મ કેમ આ દેવશ્રી નિષ્કારણ મને અનિષ્ટ બની? એમ ચિંતવવા લાગ્યો. તે અવસરે ધર્મદેવ નામના સૂરિવર ત્યાં પધાર્યા છે. તેથી દેવશ્રી સહિત બંધુધર્મ આચાર્ય ભગવંત પાસે ગયો, વાંદીને બેઠો. ધર્મ સાંભળ્યો, અને દેવશ્રી ઉપર ષ દ્વવાનું કારણ પૂછયું, ભગવંતે પણ આ બંન્ને પ્રતિબોધ પામશે માટે યથાસ્થિત નાગશ્રીએ કરેલ કામણનો વૃત્તાંત કહ્યો, તે સાંભળીને અહો રાગાતુર જીવોનું કેવું વગર વિચાર્યું કાર્ય. અહો ધર્મથી કેવું નિરપેક્ષપણું, અહો કેટલું ઈર્ષાળુપણું; આમ વિચાર કરતાં તેઓની કર્મગાંઠ ત્રુટી અને સમકિતની પ્રાપ્તિ થઇ; અણુવ્રતો સ્વીકાર્યા, આચાર્ય ભગવંતને વાંદી જિનધર્મ પ્રાપ્તિથી આનંદ પામેલા બન્ને પોતાના ઘરે ગયા. કાલે કરી માંહોમાંહે દૃઢ અનુરાગી બન્યા શ્રાવકધર્મ પાળીને બંન્ને જણ સૌધર્મ દેવલોકે ગયા!

નાગશ્રી પણ કુતરા શિયાલીઆ વિગેરે તીર્યંચ ભવોમાં અનિષ્ઠપણું એકાંતપણું સરોગિપણું અનુભવિને કેટલાક ભવોએ દુગ્ગિલા નામની માતંગ પુત્રી થઈ, જેણી બાંધવોને અપ્રિય છે, અને માતાપિતાને અનિષ્ઠ છે, યૌવન પામી દુર્ભાગ્યનો ઉદય હોવાથી કોઈ ચાંડાલ પુત્ર પણ પરણતો નથી. તે વાર પછી માતાપિતાએ તેણીનો ત્યાગ કર્યો મહાન શોક પરવશ બની દુઃખે કરી જીવે છે. દરેક માતંગપુત્રને જુએ છે, મધુર વચન બોલે છે, પણ કોઈ તેને ઇચ્છતો

નથી. એક અવસરે ઉદ્યાનમાં ગયેલ છે ત્યાં ક્રિડા કરતાં ચાંડાલ પુત્રોએ દેખી, તેથી આની મશ્કરી કરીએ, છેતરીએ એમ મંત્રણા કરીને એક ચાંડાલપુત્ર બોલ્યો, હે મિત્રો ! મને આજે સ્વપ્નામાં રૂદ્ર ભગવાન આવ્યા અને કહી ગયા છે કે–તારે વનમાં એકલી મુંડેલા મસ્તકવાળી પાંચ શિખામાં બિલાના ફળો લટકતા હોય અને બંન્ને કાનમાં જોડા લટકતા હોય તેવી દુગ્ગિલાને પરણવી; જેથી તેણીને સૌભાગ્યની પ્રાપ્તિ થશે. આ સાંભળી બીજા મિત્રોએ કહ્યું કે–અત્યંત તારા ઉપર દેવ તુષ્ટમાન થયેલ છે, તો આજે અહીંજ પરણી લે, એમ બોલીને દુગ્ગિલાને પૂછયું, મોહે મોહિત બનેલી દુગ્ગિલા તેના અભિપ્રાયને જાણ્યા સિવાય કબુલ કરવા લાગી, તેથી એક મિત્રે તેણીને મુંડી, અને એક જણાએ શિખામાં પાંચ બિલાફળ લટકાવ્યા, અને કાનમાં જોડા લટકાવ્યા, અગ્નિ જગાવ્યો મંડલોમાં ભમાડી તે વાર પછી અરસપરસ તાલી દેતા અને મુંડેલા મસ્તકે ટક્કર દઈને અટ્ટહાસ્ય કરતાં સર્વ ચાલ્યા ગયા, અને તેણી પણ અહો આ છોકરાઓએ મને વિડંબણા પમાડી, એમ જાણી મહા શોકમાં ગરકાવ થઈ, તેવાર પછી બંધુથી ત્યજાયેલ સર્વજનને અનિષ્ટ એવી મારે જીવીને શું ? એમ ચિંતવી ગલે ફાંસો ખાઇ દુગ્ગિલા મરણ પામી.

તેવાર પછી હર્ષપુર નગરમાં શ્રીબંધુશેઠીઆની શ્રીમતી ભાર્યાની પુત્રી **દેવમતી** નામે થઈ. યુવાન અવસ્થા પામી, અનેક વણિકપુત્રોની સાથે સગપણ કર્યું પણ કોઇએ પણ લગ્ન કર્યું નહિ, તેથી મિથ્યાત્વે કરી મુંઝાએલ મતિવાળી બની. કામદેવની પૂજા કરવા લાગી. ગોરીને આરાધવા લાગી, મંત્રો જપ્યા, ધૂવણુ વિલેપન કરવા લાગી, તલ વિગેરેનું દાન

દેવા મંડી, બાહૂમાં મૂળીઆ બાંધવા લાગી, યંત્રો લખાવવા મંડી, અને જ્ઞાની લોકોએ બતાવેલ બીજા ઉપાયો ટચુકાઓ કરવા લાગી, તોપણ ઈષ્ટપણું પામી નહિ. આતો વરની લાંઘણ કરનારી છે, માટે કોઈ ભિક્ષાચરને પણ પરણાવી દેવી એમ પીડાએલ માતાપિતા માનવા લાગ્યા. એક સમયે કછોડા માત્ર વસ્ત્રવાળો વસ્ત્રનાલીરાએ વીંટેલ મસ્તકવાળો ધૂળીએ ખરડાએલ શરીરવાળો પગમાં અંગુલ પહોળા પડેલ વાઢીયા વાળો ખરાબ રૂપવાન મુંજની દોરીએ બાંધેલ મટકી જેના હાથમાં છે તેવો, કાંટા મોરીને બનાવેલ લાકડી અને બોરડીના ડાંખળા જમણા હાથમાં રહેલ છે તેવો, એક ભિક્ષુક આવ્યો, શેઠે પૂછ્યું કે–હે ભદ્ર ! તું કોણ છે ? અને કયાં વસે છે ? તેણે કહ્યું કે હું વણિક પુત્રછું, સગાસંબંધી મારા મરી ગયા છે, ભિક્ષાથી જીવુંછું, અનિયમિત મારો વાસ છે. આ શોભનીક વર છે, એમ ચિંતવીને શેઠીઆએ કહ્યું કે–આ ભીક્ષાની સામગ્રી તું છોડી દે, તને સુખી બનાવું, મારૂં વચન તું સ્વીકારી મારી કન્યાને તું પરણી લે, ભિક્ષુકે હર્ષિત થઈ તેનું વચન માન્યું, તેથી તેને નવરાવ્યો, શ્રેષ્ઠ વસ્ત્રો પહેરાવ્યા, સુંદર ભોજન જમાડયું, નખ ઉતરાવ્યા, કેટલાક દીવસે તે વિવિધ વિલાસને કરતો સુંદર બલિષ્ઠ શરીરવાળો બન્યો, ત્યાર પછી દેવમતિને તેની સાથે પરણાવી, અહો લાંબાકાળે મારે પુણ્યનો ઉદય થયો, એમ તુષ્ટ ચિત્તવાળો બની વાસભુવનમાં રાત્રિએ ગયો, હર્ષને વહન કરતી દેવમતિને ભેટયો કે–ભાઠાનો અગ્નિ સરીખો કચ્છુલતા સરીખો તેણીનો સ્પર્શ માલૂમ પડયો, તેથી મનમાં ખેદ પામી ચિંતવવા લાગ્યો, જો આ સુખને કરવાવાળી હોત તો શું અન્ય ધનસ્વજન-

યુક્ત કોઇક વણિક પુત્રને ન આપી હોત ? તેથી દારિદ્ર સારૂં, ભીક્ષા સારી, મરણ સારૂં, પરંતુ આવો સંગ સારો નહિ. એ પ્રકારે નિશ્ચય કરીને દેવમતિ નિદ્રાધીન થઈ, એટલે કચ્છોટ વિગેરે પોતાની સામગ્રી લઇને વાસભુવનથી બીજે નાસી છૂટયો. પ્રભાતે દેવમતિ તેને નહિ જોવાથી, અરે મારો ત્યાગ કર્યો, એમ જાણીને શોકિલી બની રોવા લાગી. હે પુત્રિ ! તારા પાપનું આ ફલ છે, તેથી તું ઉદ્વેગ ન કર, એમ માતાએ આશ્વાસન આપી છાની રાખી. અરે કેવું મારૂં દુર્ભાગ્યપણું ? એમ પોતાના આત્માને નિંદવા લાગી, હવે કેટલાક દીવસે તેણીએ સાધ્વીઓને દીઠી, વૈરાગ્યે કરી તેણીની પાસે ગઇ, પ્રવર્તનીને વંદન કર્યું, ધર્મોપદેશ સાંભળ્યો, અને પૂછ્યું કે-હે ભગવતી; સૌભાગ્યને ઉત્પન્ન કરનાર કોઈ પણ ઉપાય બતાવો, પ્રવર્તનીએ કહ્યું કે–હે ધર્મશીલે ! તપસ્યા થકી અશુભ કર્મનો ક્ષય થાય છે અને સકલ સુખ પમાય છે.

"તપ કરવાથી ઉત્તમ જન્મ કાંતિ ઉત્તમલાવણ્ય મળે છે, તપથી રૂપની સમૃદ્ધિ અને સુખસંપદા પ્રાપ્ત થાય છે, તપે કરી વિસ્તૃત કીર્તિ સૌભાગ્યપણું મળે છે, તપસ્યામાં રક્ત પ્રાણીની સદા દેવો પણ સેવા કરે છે, તપસ્યાએ લબ્ધિઓ પ્રાપ્ત થાય છે, અને તપે સ્વર્ગ કે મોક્ષની પ્રાપ્તિ થાય છે. જગતમાં તેવું કલ્યાણ કોઈ નથી, જે તપથી પ્રાપ્ત ન થાય". આ પ્રકારે સાંભળીને દેવમતિએ કહ્યું કે–તે તપ કયો ? પ્રવર્તનીએ ઉત્તર આપ્યો કે–સર્વાંગસુંદર-નિરુજશીખા-પરમભૂષણાદિક સર્વ તપ પણ સર્વકલ્યાણને કરનારો છે, વિશેષ થકી **સૌભાગ્યકલ્પવૃક્ષતપ** નિરૂપમસૌભાગ્યને કરનારો છે, આ નામો સાંભળી દેવમતિએ ફેર પૂછ્યું કે–આ તપોના

સ્વરૂપો કેવા છે? પ્રવર્તનીએ બતાવ્યું કે-શુકલપક્ષમાં એકાંતરે આયંબિલ, ઉપવાસ સોલદીવસ સુધી કરવા, તો તે સર્વાંગ સુંદર તપ કહેવાય. અને નિરુજશિખ તપ પણ તેવો જ છે, વિશેષ તફાવત એટલો જ છે કે તે તપ કૃષ્ણપક્ષમાં કરાય. અને પરમ ભૂષણતપ એક એકાસણુ અને એક આયંબિલ એમ બત્રીસ દિવસ સુધી કરાય છે, અને સૌભાગ્યકલ્પવૃક્ષતપ ચૈત્રમાસે એક ઉપવાસ અને એક એકાસણુ એમ ત્રીશ દીવસ પ્રમાણે છે, આ પ્રકારે સાંભળીને દેવમતિ હર્ષ પામી, સાધ્વીઓને વાંદી પોતાના ઘેર ગઇ. અનુક્રમે આ તપો કરીને અને યથાશક્તિ તપને ઉજવી આયુષ્ય પૂર્ણ થયે દેવમતિ મરણ પામીને રાજહંસી થઈ, આ કથા સાંભળીને રાજહંસીને જાતિસ્મરણ જ્ઞાન થયું. હવે હે રાજન ! ભાવનાધર્મ ફળ બતાવાય છે. તે નીચે મુજબ.

## ભાવના ધર્મ ઉપર સુરાનંદાનું દૃષ્ટાંત.

રિષ્ટપુર નગરમાં વણિકકુલમાં જન્મેલી જેણીના તમામ સગાવહાલા નાશ પામ્યા છે, એવી અને પૂર્વ ભવમાં પોતાની ભોજાઈના લાડવા વિગેરે ચોરીઓ કરી બાંધેલ અશુભ કર્મોથી દરિદ્રતાદિ દોષને પામેલી એક **ચંદ્રલેખા** નામની વૃદ્ધા હતી. એક દિવસે જન્માન્તરમાં કરેલ કર્મના અપરાધે મસાણમાં શૂલી ઉપર ચડાવેલા **સોમપ્રભભટે** મસ્તક ઉપર પાણીથી ભરેલ ગાગર વાળી ચંદ્રલેખા વૃદ્ધાને દેખી, તેથી તેણે કહ્યું, કે હે માતા! મને જલનું પાન કરાવ. આ નિરાપરાધિ બ્રાહ્મણને શૂલી ઉપર ચડાવી દીધેલ છે. જેથી અનુકંપાએ વૃદ્ધાએ તેને પાણી પાયું. રાજાએ આ અપરાધથી વૃદ્ધાને દેશવટો દીધો, આથી તેણી ચિંતવવા લાગી કે-અહો

પુર્વે કરેલા પાપનો નાશ થતો નથી, પરંતુ પૂર્વભવમાં કરેલા શુભાશુભ કર્મોનું ફળ સર્વ જીવો પામે છે. તેમાં બીજા તો નિમિત્ત જ બને છે. કેમકે કહેલ છે કે–"આ લોકમાં નિરપરાધી હોય પણ ભવાંતરમાં કરેલ કર્મના અપરાધી બન્યાં હોય તેવાં માછલાં-પક્ષી-પાડા અને બોકડા વિગેરે ભયથી કંપતા જીવોને, વાઘરી માછીમાર લોકોથી મરાય છે. તેવી રીતે કર્મને વશ પડેલા મનુષ્યો પણ ઉત્તમ કુલમાં ઉત્પન્ન થયા છે, તો પણ આપદાને પામે છે, અને નીચ મનુષ્યો સંપદાને પામે છે, ધનાઢયો પણ ભીખ માગતા થાય છે, અને ભિક્ષુકો મોટા શેઠીઆ બની જાય છે, સ્વામીઓ પણ દાસ બને છે, અને દાસો સ્વામી બને છે. મનોહર દેહવાળાઓ પણ રોગો વડે વિનાશ પામે છે, બાલકો પણ બાલ્યાવસ્થામાં મરણ પામે છે, અને વૃદ્ધો લાંબા કાળ સુધી જીવે છે." આ પ્રમાણે સદ્ભાવ વિચારતી ચંદ્રલેખા વનમાં ચાલી ગઇ. ત્યાં તેણીને સર્પ કરડયો, શુભ ભાવનાએ ભાવિત બનેલી મરણ પામીને તે ચંદ્રલેખા, હે રત્નચૂડ! તારી ભાર્યા સુરાનંદ થઈ. આ પ્રમાણેનો વૃત્તાંત સાંભળી સુરાનંદાને પણ જાતિસ્મરણ જ્ઞાન થયું.

આ પ્રકારના પોતાની ભાર્યાના વૃત્તાન્તો સાંભળી, અહો દાનાદિક ધર્મોનું કેવું મહાત્મ્ય છે! એમ આશ્ચર્ય પામીને રત્નચૂડ રાજાએ કહ્યું કે –હે ભગવંત! પૂર્વભવમાં મેં શું શુભકર્મ કરેલ છે? કે જેથી આ મહાન રાજ્યલક્ષ્મી અને દેવોનો અનુરાગ અને નિરૂપમ ભોગસંપદા મને મળી? આ પ્રશ્નના ઉત્તરમાં સુરપ્રભસુનીશ્વરે તેનો પૂર્વભવ બકુલમાળી અને પદ્મિણી માલણનો વૃત્તાંત કહ્યો, અને જણાવ્યું

કે-હે રત્નચૂડ! તેં ભુવનગુરૂતીર્થંકર દેવની એક લાખ પુષ્પોએ પૂજા કરવાથી અને તિલકસુંદરીએ પદ્મિણી ભવમાં તીર્થંકર દેવને તિલક ચડાવવાથી અને પરસ્પર અનુમોદનથી મહાન પુણ્યનો સમુહ બાંધેલ છે. તેના પ્રભાવથી આ કલ્યાણ પરંપરા પમાએલી છે જે મોક્ષને પમાડશે. આ પ્રમાણે સાંભળીને રત્નચૂડ અને તિલકસુંદરીને પૂર્વભવનું સ્મરણ થયું, તેથી કહ્યું કે હે ભગવંત! આપે જણાવ્યું તેમજ છે. તેવાર પછી અહો અલ્પ પણ જિનપૂજાનો મહાપ્રભાવ છે, અથવા થોડું પણ અમૃત શું રોગની શાંતિ કરતું નથી? અને થોડો પણ સપ્રભાવી ગારૂડમંત્ર શું વિષને દૂર કરતો નથી? નાનું એવું ચિંતામણિરત્ન શું તમામ ઈચ્છાને પૂરતું નથી? નાની એવી કલ્પવેલડી શું તમામ ઈચ્છિત ફળને આપતી નથી? નાની એવી દીવાની શિખા શું અંધકાર સમુહને દૂર કરતી નથી? અર્થાત્ તમામ કરે છે. આવા પ્રકારના વિચારોથી રત્નચૂડ અને તિલકસુંદરીને વિશેષે કરી વીતરાગની પૂજા કરવામાં બહુમાન થયું. હવે તિલકસુંદરીએ પ્રિયવિયોગનું કારણ પૂછ્યું, મુનિવરે તેને આ પ્રમાણે કહ્યું:—

## તિલકસુંદરીને પ્રિયવિયોગ થવાનો કર્મવૃત્તાંત.

હે તિલકસુંદરી! તું પદ્મિણીભવમાં તારા બગીચામાં પુષ્પોને વીણુતી હતી. તેવામાં પાડલા વૃક્ષ ઉપર બેઠેલું માંહોમાંહે દૃઢ અનુરાગવાળું કામક્રીડનાવશથી પાડલાના પુષ્પને વિખેરતું એક પારેવાનું જોડલું તેં દેખ્યું. ફૂલોને ખેરવી નાખવાથી રોષે ભરાયેલી તેં આ પારેવાનું જોડલું ફરી એકઠું ન થાય તેવી રીતે આક્રોશ કરીને તેને ઉડાડયું. તે ક્રિયાથી ચારમાસ પ્રિયવિયોગ થાય તેવું અશુભકર્મ તેં

આપ્યું. આ સાંભળીને તિલકસુંદરી પોતાનું દુર્વચન સંભારવા લાગી, સ્મરણ કરી આશ્ચર્ય પામીને પૂછવા લાગી કે–હે ભગવંત! ફક્ત આટલા જ દુર્વચનથી આવો મોટો કર્મનો વિપાક ભોગવવો પડે છે? ઉત્તરમાં મુનીશ્વરે કહ્યું કે–હે દેવાનુ પ્રિયે! પરિણામ વિશેષથી થોડી પણ દુઃચેષ્ટાનો મહાન ભયંકર વિપાક ભોગવવો પડે છે, તેનું દૃષ્ટાન્ત તું સાંભળ–

**અમરસેન મિત્રાનંદનું દૃષ્ટાન્ત**

**સુરતિલક** નામનું નગર છે. તેમાં **મકરધ્વજ** રાજા છે. તેની **મદનસેના** રાણી છે. તેણીના સાથે વિષયસુખ ભોગવતાં કેટલોક કાળ પસાર થયો. એક અવસરે મધ્યાહ્ન સમયે રાજાના મસ્તકમાં વાળોને ઓળતી મદનસેનાએ એક ધોળો કેશ દીઠો, હે રાજન! તમારે ધર્મદૂત આવ્યો, એમ કહીને રાજાને તે ધોળો વાળ દેખાડયો. રાજા પણ તે દેખીને અહો યૌવનની અનિત્યતા છે, એમ વિચારી વૈરાગ્ય પામ્યો, બીજે દીવસે મંત્રી સામંત વિગેરેને પૂછી પદ્મકેશરપુત્રનો રાજ્યાભિષેક કરી, રાજા તાપસવનમાં જવા નિકળ્યો. તેના અનુરાગથી હે પ્રિયતમ! હું પણ તમે સ્વીકારેલ ધર્મ માર્ગને આચરીશ, એમ કહીને મદનસેના ગર્ભવંતી છતાં તેની સાથે ચાલી. ગર્ભની હકીકત નહિ જાણનાર રાજાએ તેણીને રોકી નહિ, તેથી બંન્ને જણાં તાપસવનમાં પહોંચ્યાં, અને તાપસી દીક્ષા સ્વીકારી. રાણીનો ગર્ભ વૃદ્ધિને પામ્યો. સંભ્રમવાળા રાજાએ રાણીને પૂછયું, કે–આ શું? તેણીએ ઉત્તર આપ્યો કે–પહેલેથી જ આ ગર્ભ હતો, તમો મને તપોવનમાં આવતી રોકો, તેથી મેં ગર્ભની વાત તે વખતે કહી નહિ. રાજાએ કહ્યું કે–તેં આ

સારૂં કર્યું નહિ. એમ કહી એક અલગ ઝુંપડામાં રાણીને રાખી; તાપસણીઓ તેણીને સંભાળે છે. અનુક્રમે પ્રસવ થયો અને પુત્ર જન્મ્યો. અનુચિત આહારે કરી મદનસેનાને મહાન જરા રોગ થયો, તાપસજન દુઃખ પામ્યો. યથાશક્તિ તે રોગનો પ્રતિકાર કરવા માંડયો, પણ તે રોગ પાછો ન હઠયો. આ સમયે મદનસેના વિચારવા લાગી કે–મારા મરણ બાદ આ પુત્રનું શું થશે? આમ શોકે પીડાએલી છે, તેવામાં રાજતાપસને વંદન કરવા હર્ષપુરથી ઉજ્જેણી નગરીમાં વસનારો ધનાઢય દેવાનંદ શેઠીઓ આવ્યો. સાથે ગાડામાં બાલિકાઓ સહિત પોતાની ભાર્યા દેવશ્રીને પણ લાવેલ છે. તે બન્નેએ તાપસજનને પ્રણામ કર્યા. વેદનાથી પરવશ બનેલી મદનસેનાએ પોતાનો વૃત્તાંત કહીને મારો પુત્ર હું તમોને સોંપું છું, તમે જ આ પુત્રને ઉછેરવાને યોગ્ય છો, અને પુણ્યના પ્રભાવે અહીં આવી ચડયા છો એમ કહીને તેને પુત્ર સોંપ્યો. અહો દેવકુમાર સરીખો પુત્ર મને અનુકુલ વિધિએ મળ્યો. એમ હર્ષપૂર્વક ચિંતવતી દેવશ્રીએ તે પુત્ર ગ્રહણ કર્યો. આ સમયે મદનસેના મરણપામી, આથી તાપસ-જન શોકમાં ગરકાવ બન્યો.

આવો અસાર સંસાર છે, જીવતર અનિત્ય છે, લક્ષ્મી ચંચળ છે, રોગે ભરેલું શરીર છે, અને સંયોગ વિયોગવાળા છે. એમ વચનો કહી શેઠીઆએ તાપસજનને છાનો રાખ્યો, સ્વભાવે કરી સજ્જન પુરૂષો પરોપકારમાં આશકત અને દુઃખી દીન અનાથ જનોમાં પ્રેમાળ હોય છે, માટે હે શેઠ! તમોને બાલકની ભલામણ કરવાની કાંઈ જરૂર નથી, કેમકે તમે તાપસ ઉપર પ્રેમવાળા છો. આ પ્રકારે તાપસે શેઠને

કહ્યું. શેઠીઓ ક્ષણવાર ટકી આનંદ અને ખેદવાળો બની ઉજ્જેની નગરી તરફ ચાલતો થયો. પોતાના સ્થાને પહોંચીને વધામણું કર્યું. અને પુત્રનું **અમરદત્ત** નામ પાડ્યું. હવે તે પુત્ર દેહની પુષ્ટિએ અને કલાના સમૂહે વૃદ્ધિને પામ્યો, અને તેને વૈશ્રમણ સાર્થવાહનો પુત્ર સરીખી વય-વાળો **મિત્રાનંદ** પરમ બાલમિત્ર થયો. સાથે રમતાં બન્ને જણનો કેટલોક કાળ ગયો. એક સમયે બન્ને ઉદ્યાનમાં ગયા. મોઇએ ક્રીડા કરતાં અમરદત્તે મોઇને દાંડિયાથી તાડન કરી, દૂર રહેલ મિત્રાનંદે તેણીને ઝીલવા પહોળા હાથ કર્યા, પરંતુ તે મોઈ વડલામાં લટકાવેલ મડદાના મુખમાં પડી. અહો! આતે કેવું આશ્ચર્ય! સાંકડા મડદાના મુખમાં આ મોઇ પેસી ગઇ! એમ કહી મિત્રાનંદ હસ્યો, આ અવસરે મડદું પણ હસ્યું, તેથી કેમ નિર્જીવ પુરૂષનું હસવું થયું? એમ સંભ્રાત બનેલા મિત્રાનંદને મડદાએ કહ્યું, કે 'આમાં શું આશ્ચર્ય છે! આ વડલાની શાખામાં લટકાવીને તારૂં પણ થોડા કાળમાં આવું જ ભવિષ્ય થશે ' આ સાંભળીને અરે આ કોઈ દિવ્ય મડદું છે. એમ ચિંતવતો ભયભ્રાંત બનેલો મિત્રાનંદ અમરદત્તની સાથે પોતાને ઘેર ગયો. ત્યાં પણ જાણે સર્વસ્વ નાશ થયું હોય, અથવા મહાવ્યાધિએ પકડાયો હોય અથવા બંધુનો વિયોગી બન્યો હોય, તેમ શૂન્ય હૃદયવાળો ક્રીડા કરતો નથી, હાસ્યના કારણ છતાં સ્નેહી વચન બોલતો નથી, અને ભોજનાદિકની અભિલાષા કરતો નથી. આ પ્રકારે અત્યંત ઉદ્વેગી બનેલાને અમર-દત્તે કહ્યું કે 'હે વરમિત્ર! કેમ તું ચિંતાતુર છે? શું તારૂં કાંઇ શ્રેષ્ઠ દ્રવ્ય નાશ પામ્યું છે? મૃગલી સરીખા નેત્રવાળી

કોઇ યુવતીએ તારૂં મન ખેંચી લીધું છે? કે કોઇએ તારો પરાભવ કર્યો છે? કે પિતાએ તને કટુ વચન કીધું છે? કે ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત થતી નથી? કે કોઈથી તું ભય પામ્યો છે? આમાંનું જે કારણ હોય તે જો કહેવા લાયક હોય તો કહે, મિત્રાનંદે ઉત્તર આપ્યો કે–હે મિત્ર? એકાંતે મિત્ર ઉપર પ્રેમાળ એવા તમાર પાસે મારે શું કહેવા લાયક ન હોય? કેમકે માતા પીતા બ્હેન ભાઇ અને ભાર્યાને પણ નાહ કહેવા લાયક હોય, પણ શ્રેષ્ઠ સ્નેહવાળા મિત્રને તો બધું કહેવા લાયક જ હોય છે. તેથી મારા ખેદનું કારણ તમે એક ચિત્તે સાંભળો.

એમ કહીને મડદું હસ્યું, અને જે વચન મડદાએ કહ્યા હતા તે જણાવ્યું. તે સાંભળીને ચમકી અમરદત્તે કહ્યું, કે હે મિત્ર! આ બનેલી વાત ચોક્કસ સમજાતી નથી. શું આતે કોઈ કેલિપ્રિય વ્યંતરદેવે કહેલી ખોટી? કે સાચી? ગમે તે હો તોપણ દૈવને પુરુષકારે ઉલ્લંઘી શકાય છે. કહ્યું છે કે– "કુપુરુષાતનવાળા જીવો દૈવને માથે ઘાલીને આવી પડેલ દુઃખો સહન કરે છે, પરંતુ દૈવ પણ તેઓથી શંકાવાળો રહે છે કે જેઓનું તેજ સ્ફુરી રહ્યું હોય છે." સાંભળવામાં આવ્યું છે કે જિતશત્રુરાજાની સભામાં કોઇ નિમિત્તિઓ આવ્યો, તેને કહ્યું કે જે શુભાશુભ બનવાનું હોય તે કહે, તેથી તેણે જ્ઞાનગર્ભ મંત્રીના ઘરે મરકી પડવાનું કહ્યું. જ્ઞાનગર્ભ મંત્રી સંભ્રમે કરી પૂજા કરી એકાંતમાં નિમિત્તિયાને પૂછયું, કયારે? અને કોનાથી? મરકી પડશે, તેણે કહ્યુ કે–તમારા પુત્રથી દુઃખ પડશે, બીજા કોઈને આ વાત કહેવી નહિ. એમ સમજાવી નિમિત્તિયાને રજા આપી, અને મંત્રીએ

વિચાર કરી એક પેટીમાં અન્નપાણી સાથે પુત્રને નાંખ્યો, અને તે પેટીને તાળું વાસી "આમાં અમારૂં શ્રેષ્ટ દ્રવ્ય છે" માટે આપના ભંડારના બંધ ઓરડામાં આ પેટીનું કેટલાક દીવસ રક્ષણ કરાવો. એમ રાજાને કહી તે પેટી સોંપી દીધી. રાજાએ તે પ્રમાણે કર્યું. તેરમા દીવસે અંતેઉરમાં બૂમ પડી કે મંત્રી પુત્રે રાજપુત્રીનો અંબોડો છેદી નાંખ્યો. આ સાંભળી રાજા અતિ ગુસ્સે ભરાણો. કુટુંબસહિત મંત્રીનો નાશ કરો, એમ રાજાએ લશ્કરને હુકમ આપ્યો. તેથી મંત્રીનું ઘર ચોતરફથી ઘેરી લીધું. મંત્રીએ રાજાને વિનવી પેટી બહાર કઢાવી તો તેમાં અંબોડો અને છરીએકરી સહિત હાથવાળો મંત્રિપુત્ર નીકળ્યો. તેથી રાજા શરમિંદો બન્યો. અહો મંત્રીનો કેવો બુદ્ધિવૈભવ ? કે દૈવથી આવેલ મહાન કષ્ટને પણ દુર કર્યું, એમ રાજા પ્રસન્ન થઇ સત્કાર કરી પુત્ર સહિત મંત્રીને ઘેર મોકલી આપ્યો. તેથી હે મિત્ર ! આપણે પુરૂષાર્થ ફેરવવા દેશાંતરમાં જઇએ. તેથી મિત્રાનંદે કહ્યું, હે મિત્ર ! આ અનુચિત છે, પણ પરિશ્રમ ક્ષુધા પિપાસાદિકને સહન કરનાર મને વ્યાજબી છે, પણ સુખમાં ઉછરેલ તમોને હું અનુમતિ આપી શકું નહિ, અને એકલો જાઉં તો તમારો વિરહ થાય, અને હમણાં પ્રાણની શંકામાં પડેલ મારે એકલાને દેશાંતર ગમનનો અભિલાષ થતો નથી. માટે હું શું કરૂં ? એમ કહે છતે અમરદત્તે કહ્યું કે—હે મિત્ર ! ટાઢ તડકો તે વનનું ભૂષણ છે ક્ષુધા તર્ષાનો પરિસહ થાય તો ભલે થાય પણ જયાં ઈષ્ટ થાય તે વન પણ સ્વર્ગ સરીખું મનાય, તેથી તું વિકલ્પો કરીશ નહિ, આપણે જલ્દી દેશાંતર જઇએ. આ વચન મિત્રાનંદે સ્વીકારે છતે દેશાંતર-

ગમનને બન્ને જણે નિશ્ચય કરીને માંહોમાંહે એકબીજાના ઘરમાં વસવાટ કરવા લાગ્યા, અને માતાપીતાને છળીને રાત્રિએ ઘર થકી બહાર નીકળી ગયા. નિરંતર પ્રયાણ કરતાં ભોજનસ્થાનમાં વાસ અને વાસનાસ્થાનકમાં ભોજન નહિ કરતાં **પાટલીપુત્ર** નગર પહોંચ્યા. ત્યાં બહાર સોપારી પુન્નાગ નાગનારંગી જાંબુડી લીંબુ બીજોરી આંબા કેળ નાલીયેરીના વૃક્ષોએ શોભિત અને જુઈ શતપત્રિકા કુંદકણીયાર કણવીર પાડલા પુષ્પોના જેમાં રોપાઓ છે તેવા બગીચાવાળું અને મધુર પાણીથી ભરેલ વાવડીથી સહિત ઉંચુ અને મનોહર કારીગરીવાળું એક દેવભુવન જોયું. ત્યાં જઇ પગની શુદ્ધિ વિગેરે કરીને વિસામા નિમિત્તે તે મિત્રો દેરાસરમાં પેઠા, અને તે મંદિરને ચારે બાજુએ જોયું. જેનો શ્રેષ્ઠ પુતળીઓ શોભિત કરોડનો ભાગ છે, અરે ઘણા પ્રકારના જીવોના પુતળાએ શોભિત લાકડાની શાખા ઉત્તરંગ અને દહેલીનો ભાગ છે. તેમાં ડાબી બાજુ રતીપેઠે રૂપવાળી પ્રસન્નતાની રચનાએ મનોહર પુતળી એક થંભામાં છે. તેણીને દેખી અમરદત્તે ચિંતવ્યું કે—અહો ! આ પુતળીનો કેવો સુંદર કેશકલાપ છે ? અહો નેત્રની વિકસ્વરતા અપૂર્વ છે ? અહો મુખ સંપૂર્ણ ચંદ્રમા સરીખું છે ? અહો કેવી સ્તનકલશની શ્રેષ્ઠતા છે ? અહો ગંભીર નાભિએ સુંદર કટીબિંબ છે ? આ પ્રકારે તે પુતળીને જોતો, બીજે દ્રષ્ટિને નહિ ઠેરવતો મોહ પરવશ શૂન્ય અમરદત્ત બન્યો. મિત્રાનંદે કહ્યું કે હે મિત્ર ! શિલા-પટ્ટ ઉપર ચાલો વિસામો કરીએ. તેણે કહ્યું કે—આ સર્વથા રમણીય પુતળીને ક્ષણવાર જોઇયે. મિત્રાનંદે કહ્યું કે—હે મિત્ર ! પરમાર્થ તેને કહેવાય છે કે—લાંબા સમય સુધી આ

પુતળીને જોવા માટે કૌતુકને મૂકો. અમરદત્તે કહ્યું કે—હે મિત્ર! પરમાર્થ તેને કહેવાય છે કે—આ પુતળીએ મારૂં મન હરી લીધું છે; અને મારી દૃષ્ટિ તેણીમાં ખુંચી ગઇ છે, અને શરીર પણ થંભાઈ ગયું છે. તેથી હું બીજે જવાને અસમર્થ બન્યો છું. આના વિરહમાં તુરતજ પ્રાણનો વિનાશ થઈ જશે, તેથી સર્વપ્રકારે મારે આને જોતાં જોતાં જેટલું આઉખું હોય તેટલું પુરૂં કરવાનું છે. આ પ્રમાણે સાંભળીને મિત્રાનંદે કહ્યું કે–હે મિત્ર! વિવેકી 'તમારા સરીખાને તમામ ચેષ્ટાએ રહિત નિર્જિવ કઠિન પાષાણમય આ પુતળીમાં મોહ કરવો એ તમોને વ્યાજબી નથી, અજ્ઞાની જીવોપણ નિર્જિવ યુવતીમાં આવો અનુરાગ કરતા નથી. તેથી આ ખોટા મોહથી પાછો ફર. અમરદત્તે કહ્યું, કે–બહુ કહેવાથી શું? આ પુતળીની મોહરૂપી મહાન ભલ્લીએ વિંધાયેલો પ્રાણ ધારણ કરવા હું સમર્થ નથી. તેથી અહીંયાં જ ચિતામાં પેઠેલા મને અગ્નિદાહ આપવાએ કરી તારૂં પરમ મિત્રપણું પ્રગટ કર. આવું સાંભળી મિત્રાનંદ મુંઝાણો. હૃદયમાં મહાશોક થવાથી આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં, અને રોવા લાગ્યો. અમરદત્તે તેને છાનો રાખ્યો, એટલામાં આ મંદિરને કરાવનાર **નિધિંસાર** નામનો શેઠીઓ ત્યાં આવ્યો. અહો સુંદર આકૃતિવાળા બન્ને કુમારો કેમ ઉદ્વેગી બન્યા છે? એમ ચિંતવીને પૂછ્યું કે–હે પુત્રો! તમે ઉદ્વેગી કેમ છો? મિત્રાનંદે જવાબ આપ્યો કે–હે તાત! મારો મિત્ર આ પુતળી ઉપર મુંઝાઇ ગયો છે. શેઠે કહ્યું કે–મને લાગે છે કે તેની પૂર્વભવની ભાર્યાના સરીખી આ પુતળી હશે. નહિતર કેમ પાષાણની

જડ યુવતીના રૂપમાં આને અનુરાગ થઈ ગયો? મિત્રાનંદે કહ્યું કે—હે તાત! કોઈ આવા રૂપવાળી યુવતી છે? શેઠે કહ્યું કે તે હું જાણતો નથી. મિત્રાનંદે કહ્યું કે—કોણે આ પુતળીને બનાવી? શેઠે કહ્યું કે, સોપારક નિવાસી સૂરદેવ સલાટે આ બનાવેલ છે. મિત્રાનંદે વિનતી કરી કે—હે તાત! મારી પ્રાર્થનાથી પોતાના પુત્ર સરીખા બહુ માને કરી અને વિશિષ્ટ કથાદિકના વિનોદે કરી આ કુમારને તમે સાચવો, હું સોપારક નગર જાઉં, અને આ પુતળીનો વૃત્તાંત સલાટને પૂછું. તે વાર પછી અમરદત્તે કહ્યું કે—હે મિત્ર! અસંભવનીય વિષયવાળા ફોકટ પરિશ્રમે કરી સર્યું, માટે મને આજે જ તું અગ્નિદાહ આપી મારી પ્રાર્થના પુરી કર.

તેણે કહ્યું કે હે મિત્ર! તું કાયરતા ન કર, ધીરતા રાખ, અને એક માસ શરીરની સ્થિતિ ટકાવતો સ્વચ્છ મનવાળો બનીને રહે. તે પછી આગળ જે રુચે તે કરજે, એમ કહીને વારંવાર શેઠીયાને પ્રાર્થના કરીને મિત્રાનંદ સોપારક ગયો. અનુક્રમે ત્યાં પહોંચ્યો. એક વીંટી વેચીને શ્રેષ્ઠ વસ્ત્રો ખરીદ્યાં, પવિત્ર બની વસ્ત્રો પહેરી તાંબુલ લઈ પુછતો પુછતો સુરદેવ સલાટને ઘેર પહોંચ્યો. સલાટે બેસવા આસન આપ્યું. મિત્રાનંદે સલાટને તંબોલ આપ્યું. કુશલાદિક સમાચાર પૂછયા. દેવમંદિર વર્ણનના પ્રસંગે તેણે પુતલી સંબંધી પૂછયું કે—તે પુતલી કોઇ વિદ્યમાન યુવતીની આકૃતિ સરખી બનાવી છે કે પોતાની મતિથી બનાવેલ છે? તેણે ઉત્તર આપ્યો કે—ઉજ્જેણીના મહસેન રાજાની પુત્રી રત્નમંજરી દેખીને મેં તેણીના સુલાવણ્ય માત્રની અનુકરણ

કરવાવાળી મેં બનાવેલ છે. આ પ્રકારે સાંભળીને ત્યાંથી ઉઠયો, વસ્ત્રો વેચી દઇને ત્યાંથી ઉજ્જેણી ગયો, સાયંકાલે ત્યાં પહોંચ્યો. અંદર પેસવા જાય છે પણ દરવાજા બંધ છે, કેમકે તે નગરીમાં મારીનો ઉપદ્રવ ચાલે છે. આ અવસરે તેણે પડહો વાગતો સાંભળ્યો કે—જે આ મડદાને રાત્રિએ સાચવે તેને હજાર ટાંક આપવા. અર્થરહિતને પોતાના કાર્યની સિદ્ધિ થતી નથી. એમ ચિંતવીને મિત્રાનંદ પડહાને છબ્યો, બાકીનું ધન પ્રભાતે આપીશું, એમ કહીને પાંચસો ટાંક મડદાનો માલિક મિત્રાનંદને આપી પોતાના ઘરે ગયો. મિત્રાનંદે ચિંતવ્યું, રાત્રિના પહોરમાં ચોકી રાખવા માત્ર ઉદ્યમે કરી મહાન દ્રવ્યલાભ થયો. પણ અહીંના વસવાવાળા કોઈએ આ લાભ લીધો નહિ, તેથી નક્કી આ નગરમાં કોઈ રાક્ષસી પિશાચાદિકનો ઉપદ્રવ લાગે છે. માટે આ દ્રવ્યનું આપવું માત્ર લોભાવા પૂરતું છે, તો પણ અપ્રમાદી જનને ભય નથી, કહ્યું છે કે "નગરમાં કે કાંતારમાં રાત્રિએ કે દિવસે કે શત્રૂની વચમાં બહુ સંકટમાં સપડાએલ પુરૂષને અપ્રમાદિપણું રક્ષણ કરનાર બને છે" તેથી અપ્રમાદી રહું, એમ નક્કી કરી જાગતો રહ્યો. અને આખી રાત્રી ઉપયોગવાળો નિડર હૃદયવાળો બની કેડ બાંધી અને કેશોને એકડા કરી મજબુત બનાવીને તીક્ષ્ણ છરો હાથમાં રાખી ચારે દિશાઓને જોતો રહેલ છે. પ્રભાતે તે વાણીયો સગાવહાલા સાથે ત્યાં આવ્યો. મિત્રાનંદે બાકીનું દ્રવ્ય માગ્યુ પણ તે આપતો નથી. તેથી મિત્રાનંદ મડદાને રોકવા લાગ્યો, તને પાંચસો ટાંક આપેલ છે એમ કહી વણિકે મિત્રાનંદને ગળું ઝાલી દૂર કર્યો, અને મડદુ ઉપાડી ચાલ્યો. મિત્રાનંદ પણ

મહસેન રાજા પ્રબલ છતાં તારાથી કબુલેલ દ્રવ્ય ઓળવાશે નહિ, આમ કહી રાજા પાસે જઈ હું ફરીયાદ કરી, મારૂં દ્રવ્ય ગ્રહણુ કરીશ. એમ વિચારી તે કાપડ બજારમાં ગયો, અને સુંદર પહેરણુ બેસ કેડે બાંધવાનો પટ તથા સુક્ષ્મઘનતાંતણુા-વાળો વિશાળપટ ખરીદ્યો, અને તે વસ્ત્રોને પહેરી ઘણું તંબોલ લઈ સુગંધી ફુલો ખરીદી કપુર કસ્તુરી મિશ્ર કેશરના વિલેપનથી અંગની શોભા કરી સાયંકાલે વસંતસેના વેશ્યાના ઘેર ગયો. હર્ષ પામીને વેશ્યાએ ઉપચાર વિનય કર્યો. મિત્રાનંદે પાન-બીડા અને સુગંધી પુષ્પો વેશ્યાને આપ્યાં, અને ચારસો ટાંકોએ ભરેલી વાંસળી વેશ્યાને સોંપી, તેણીએ પોતાની માતાને સોંપી. અહો આની કેવી ઉદારતા છે? એમ વેશ્યા અને તેણીની માતા તેનાં દૃઢ અનુરાગી બન્યાં. વિશિષ્ટ કથા વિનોદે કરી કેટલોક કાળ પસાર કર્યો. રાત્રી પડી અને વાસ-ભુવનમાં ગયાં. ઉચિત આસને વેશ્યા બેઠી. મિત્રાનંદ પણ દેવના ધ્યાનના બ્હાને શરીર પટે કરી, ઢાંકી એક ચાકળામાં બેઠો, પદ્માસન કર્યું. ઉઠો હવે મોડું થાય છે. એમ વારંવાર વેશ્યાએ કહ્યા છતાં ઉત્તર આપ્યા વિના સંપૂર્ણ રાત્રી ધ્યાનમાં બેસી રહ્યો.

પ્રભાતે વાસભુવનથી બહાર નીકળ્યો, નિંદ્રાથી ઘુમતા-નેત્રવાળી વેશ્યાએ પોતાની માતાને રાત્રિનો વૃત્તાંત કહ્યો. તેણીએ કહ્યું કે આનો સારા પ્રકારે તું ઉપચાર વિનય કર. તેણે આપેલું દ્રવ્ય હજુ આપણા કબજાનું ન ગણાય. વેશ્યાએ તે કબુલ કર્યું, અવસરે મનોજ્ઞભોજનાદિક કરે છે સ્નેહયુક્ત વાર્તાલાપ કરે છે, મન ખોભાવવા માટે આંખના વિકારો કરે છે, રતિ સુખ માટે સ્તન વિગેરે

શરીરના અવયવો પ્રગટ કરે છે, અંગને મરડવું વિગેરે કામના વિકારો દેખાડે છે, તો પણ તેનું મન લોભાણું નહિ, અને ત્રણ રાત્રિ સુધી પ્રથમની માફક રહ્યો, તેથી વેશ્યાની માતાએ પૂછયું કે હે પુત્ર! તું પરમાર્થને કહે. કેમ ઉદ્વિગ્ન રહે છે? સ્નેહવાળી એવી મારી પુત્રીને તું કેમ બોલાવતો નથી? શયન કરતો નથી? રતિસુખ માણતો નથી? મને તું માતાસમાન માન. મિત્રાનંદે કહ્યું, કે હે અંબે! જો માતાનું કૃત્ય કરે તો પરમાર્થ કહું. તેણીએ કહ્યું કે—બહુ બોલવાથી શું? પ્રાણોનો નાશ થાય તો પણ તારૂં કાર્ય કરી આપું. સંદેહને દૂર કરી ખુશીથી તું કહે. તેથી મિત્રાનંદે કહ્યું કે—તારો રાજભુવનમાં પ્રવેશ છે કે નહિ? રોકાણ વિના હું રાજભુવનમાં જઈ શકું છું એમ વેશ્યામાતાએ કહ્યું. તું રાજપુત્રી રત્નમંજરીના પરિચયવાળી છો? તેણીએ કહ્યું, કે રત્નમંજરી મારે પુત્રી જેવી પરિચિત છે. જો એમ છે તો રત્નમંજરીને મારો સંદેશો કહી શકીશને? તેણીએ કહ્યું, કે હું બરાબર કહી શકીશ માટે તું ખુશીથી તે વાત કહે, તેથી મિત્રાનંદે કહ્યું કે—

પાટલીપુત્ર નગરમાં અમરદત્ત નામનો રાજપુત્ર છે. તેના ભાટચારણોથી સ્તવાતા ગુણો બારીમાં રહેલ રત્નમંજરીએ સાંભળ્યા. તેથી રત્નમંજરીને અમરદત્ત ઉપર પરોક્ષ-અનુરાગ થયો. પોતાના નામપૂર્વક રત્નમંજરીએ અમરદત્ત ઉપર પત્ર મોકલ્યો, તેમાં લખ્યું કે—"હે સુંદર! તમારા ગુણો સાંભળ્યાથી મારૂં શરીર અને મન પ્રસન્ન થયું છે. જ્યારે હું સાક્ષાત્ દેખીશ, ત્યારે ઉત્કૃષ્ટ આણંદને પામીશ. તમારૂં નામ સાંભળવામાં તત્પર મારા કાનો છે, અને તમારા

દર્શનમ ઉત્કંઠાવાળાં મારાં નેત્રો છે. તમારા લાવણ્યની સ્તુતિ કરનારી મારી વાણી છે, અને તમારા ઉપર ઉપચાર વિનય કરવાની ઈચ્છાવાળા મારા હસ્તો છે, તમારા સંગમના અનુરાગનું ક્ષેત્ર તેમજ ગુણના સ્મરણમાં રકત મારૂં મન છે, તેથી અનુરાગી જનમાં જે ઉચિત હોય તે તમારે કરવું જોઈએ. સજ્જનપુરુષો સર્વને શાંતિ કરવામાં તત્પર હોય છે, તો અનુરાગી જનને શું કહેવું ? આ પ્રકારના રત્નમંજરીના પત્રનો ભાવાર્થ જાણી અમરદત્તે જાણ્યું, કે આ રાજપુત્રીનો મારા ઉપર પરોક્ષ સ્નેહ છે, તેથી અનુરાગી બની અમરદત્તે બીજા હૃદય ભૂત મિત્ર એવા મને રત્નમંજરી સાથે વાતચીત કરવા મોકલેલ છે. તેથી તમે આ વૃત્તાંત તેણીને કહો. વેશ્યામાતા પણ આ સમાચાર સાંભળી હર્ષવંતી બની રત્નમંજરીના મહેલમાં ગઇ. રત્નમંજરીએ યથોચિત વિનય કર્યો, અને આસન ઉપર બેસાડીને પૂછયું કે—હે અંબે ! કેમ અતિ હર્ષાળુ દેખાઓ છો ? આ રાજપુત્રીએ કેવી રીતે જાણ્યું ? એમ વિચારી તેણીએ કહ્યું, કે હે રાજકુમારી તમે સાંભળો. તમારા હૃદયનાથનો મિત્ર પાટલીપુત્ર નગરથી દર્શન કરવા આવ્યો છે. કુમારીએ કહ્યું કે—ખરેખર કેવી રીતિએ. તેથી વેશ્યામાતાએ પૂર્વનો વૃત્તાંત કહ્યો. તે સાંભળીને અહો કોઇ બુદ્ધિકુશલ અસત્ય ફેલાવવામાં નિપુણ મારા ઉપર અનુરાગી પુરૂષ આ વેશ્યાને પણ ઠગવા આવ્યો છે, નહિતર તો મેં સ્વપ્નામાં પણ નહિ અનુભવેલું અસત્ય આવું તુત શું કરવા ઉભું કરે ? તેથી પ્રથમ તો તે પુરૂષને હું જોઉં. શા માટે આવા પ્રપંચને તે ઉભા કરે છે ? એમ ચિંતવીને કુમારીએ હર્ષપૂર્વક જણાવ્યું, કે—હે અંબે ! જે આ નિવેદન તેં કર્યું,

તે સારૂં કર્યું, પરંતુ સર્વથા આ રાત્રિમાં જ્વાજલ્યમાન દીવાવાળી ચિત્રશાલામાં તે આવે, એમ કહી તેણીને વિદાય કરી. તેણીએ જઇને મિત્રાનંદને આ સમાચાર કહ્યા. તે પણ ખુશ થયો. પહોર રાત્રિ થઇ, ત્યારે માર્ગ દેખાડનારી દાસીને લઇ રાજભુવનની બહાર પહોંચ્યો. દાસીએ ચિત્રશાલા બતાવી. તું પાછી વળ એમ કહી, દાસીને પાછી મોકલી, અને તે પણ કુદકો મારી પ્રાકાર ઓલંઘીને ચિત્રશાલાની બારી સમક્ષ ગયો. તે રાજકુમારી પણ તેને આવતો જાણીને "આ અહીં આવી શું કરે છે?" શું બોલે છે? તે જોઉં, એમ વિચારી પટ ઓઢીને ખોટી નિદ્રામાં સૂઇ ગઈ. મિત્રાનંદ પણ આ કુમારી સૂઈ ગઈ છે, એમ વિચારીને તેણીના ડાબા હાથથી કંકણકડુ ગ્રહણ કરીને જમણી જાંઘમાં લગીરક છરીનો ચરકો દઈને તેજ પ્રમાણે જલદી પાછો વળ્યો. કુમારી પણ અહો! આનું કેવું ચપલપણું છે? કેવું કૌતકપૂર્વનું સાહસ છે? એમ આશ્ચર્ય પામી. શા માટે આ પુરુષે આમ કર્યું? તેવા વિકલ્પો કરવા લાગી. અને અરે મેં એની સાથે વાર્તાલાપ કેમ ન કર્યો? એમ પ્રસ્તાવો કરતી આખી રાત્રિ જાગતી રહી.

મિત્રાનંદ પણ દેવકુલમાં રાત્રી વિતાવીને સૂર્ય ઉગે છતે રાજભુવનના બારણે જઇ, હે મહાશય! આપ દીનઅનાથમાં પ્રેમાળ સમર્થ રાજા છતાં, વિદેશી જાણીને મને આપની નગરીમાં છેતરેલ છે, તેથી મારા નાથ બનો, એમ ઉંચે સ્વરે બોલવા લાગ્યો. તેથી સભામાં રહેલ રાજાએ આ સાંભળ્યું. અરે આ કોણ છે? કોણે આને છેતર્યો, એમ દ્વારપાળને રાજાએ પુછ્યુ? તેણે કહ્યું, કે–હે દેવ! અમે જાણતા નથી. જલદી તેને પેસવા દે, આ પ્રકારે રાજાના

હુકમથી તેને પેસવા દીધો. પેસીને તેણે પ્રણામ કર્યો. રાજાએ બુમ મારવાનું કારણ પૂછયું. તેણે રાત્રિએ મડદું સાચવવાનો વૃત્તાન્ત કહ્યો. તે સાંભળીને રાજા વાણિયા ઉપર રોષાયમાન થયો. આ અવસરે રાજસભામાં ગયેલો તેને જાણીને આપવા યોગ્ય દ્રવ્ય સાથે લઈ તે વાણીયો રાજસભામાં આવી પહોંચ્યો, અને બચાવ કરવા લાગ્યો, કે મડદા સંબંધી કાર્યમાં મારો આટલો કાળ ગયો. તેથી હે ભાઇ! તારૂં દ્રવ્ય તું ગણી લે. એમ કહી પાંચશો ટાંક મિત્રાનંદને આપ્યા, તેથી રાજા શાંત થઈ ગયો, અને વાણીયાને રજા આપી. મિત્રાનંદને રાજા પૂછવા લાગ્યો, કે હે ભદ્રે! મહાન ક્ષુદ્ર ઉપદ્રવે કરી ચોકીદારના પ્રાણનો વિનાશ કરનાર એવું મરકીમય મડદાનું રક્ષણ કરવાનું તેં કેમ સ્વીકાર્યું? અને તું કેવી રીતે બચી ગયો? આના ઉત્તરમાં મિત્રાનંદે કહ્યું, કે—હે મહારાજ! હું વણિક પુત્ર પાટલીપુત્રથી કાર્યના વશે આવેલ છું, ધનનો અર્થી બનીને પડહો સાંભળવાથી મુડદાનું રક્ષણ મેં સ્વીકાર્યું, રાત્રિએ કેટલાક વખત હું અપ્રમાદીપણે રહ્યો. પછી તો શિયાળવાના શબ્દો વિગેરે ઘોર ઉપસર્ગ થયા, પણ તેથી હું ક્ષોભ પામ્યો નહિ. એટલામાં એક રાક્ષસી આવી. જલદી શ્વાસ લેતી હોવાથી જેણીના મુખમાંથી અગ્નિના કણીયા ફેલાઈ રહેલ છે, અને જેણીએ પોતાના કેશો મોકળા મૂકેલ છે, અગ્નિશિખા સરખી છરીએ કરી જેણીનો ભયંકર જમણો હાથ છે, અને જેણીએ ઘોર પ્રજ્વળતા નેત્રો ફાડેલા છે, આવી તેણીને દેખીને મેં નિર્ણય કર્યો, કે આ મરકી છે. જેણી હાલ અહીંયાં ઘણા-જનનો સંહાર કરે છે, એમ ચિંતવીને સાહસ ધારણ કરી નિર્ભયપણે તેણીનો ડાબો હાથ પકડવાને માટે મેં મારો ડાબો હાથ લાંબો કર્યો, અને મારા જમણા હાથે કરી છરીનો

પ્રહાર લગાવ્યો, તે પ્રહાર તેણીના સાથળમાં કાંઇક લાગ્યો, પણ બળ કરી મારો ડાબો હાથ મરડીને એકદમ તે નાસી છૂટી, પરંતુ તેણીનું વળીઉં મારા હાથમાં રહી ગયું, તે વાર પછી ઉપદ્રવ વિના આપના પ્રભાવે રાત્રી મેં પૂરી કરી. રાજાએ આ વાત સાંભળીને કૌતુક પામી તે કડું તેના પાસે માંગ્યું. મિત્રાનંદે અર્પણ કર્યું. તે કડાને જોતાં પોતાનું નામ તેના ઉપર દેખ્યું; તેથી આ કડું કોનું ? એમ વિચારતાં સાભરી આવ્યું કે–મેં પુત્રી રત્નમંજરીને પહેલાં આપેલ હતું, તેજ આ. તો શું તેણીના હાથથી કોઇક રાક્ષસીએ આ લઇ લીધેલ છે? કે રત્નમંજરી પોતે કુસંસર્ગથી રાક્ષસી બનેલ છે ? એમ તેનેવિકલ્પ થયો. તો હું જઇને રત્નમંજરીનું સ્વરુપ જોઉં એમ ચિંતવતો રાજા સભામાંથી ઊઠયો, અને મિત્રાનંદને ત્યાં બેસાડી રત્નમંજરીના મ્હેલમાં ગયો. દૂર રહીને તેણીને જોઈ તો તેણીનો ડાબો હાથ કડા વિનાનો દેખ્યો, અને જમણા સાથળમાં છિદ્ર ઉપર પાટો બાંધેલો જોયો, અને વ્યગ્ર ચિત્તવાળી દેખી, તેથી વિચાર્યું કે અહો ? કેવો વિચિત્ર કર્મ પરિણામ ? અહો ! આ સંસારમાં નહિ સંભવતું પણ સંભવે છે ? જે આ સકલગુણનું નિધાન છતાં નગરલોકને ક્ષય કરવાવાળી રાક્ષસી ભાવને પામી ? એમ ચિંતવતો પરમ ખેદને પામી. મનમાં ભય પામી, પોતાના મ્હેલે ગયો. એકાંતમાં મિત્રાનંદને બોલાવીને પોતાની પુત્રીનો વૃત્તાંત કહ્યો. તે સાંભળીને કૃત્રિમ વિસ્મય પામી, મિત્રાનંદે કહ્યું, કે અહો દારૂણ વિધિનો પરિણામ છે, કે જે આપની પુત્રી પણ આવી બની છે. જેથી ચંદ્રમાંથી અંગારાની વૃષ્ટિ થવા જેવું બન્યું, અને અમૃત વિષ બની જાય તેવું થયું. રાજાએ કહ્યું કે વિધિના વશે આમ બનેલ છે. પણ કોઇ ઉપાય છે ?

કે–જેનાથી મારા મંડલમાંથી આ રાક્ષસીને બહાર કહાડું. મિત્રાનંદે કહ્યું કે ઉપાય છેઃ રાજાએ કહ્યું કે–કેવો? સાહેબ! મંત્ર રૂપ છે. તો તું પુરજનની રક્ષા કર. જો તારા મંત્રનો ઉપાય લાગુ પડતો હોય, તો આને તું મંડલમાંથી કહાઢ. મિત્રાનંદે કહ્યું, કે–સપ્રભાવી મારો મંત્ર છે. પરંતુ હું જોઉં કે મંત્રના વિષયમાં આ આવે છે કે નહિ? રાજાએ કહ્યું કે તું જોઈ લે. તેણીના મહેલે તે ગયો, અને તેણીની પાસે બેઠો. તેથી આ કોણ છે? એમ ચિંતવવા લાગી. મિત્રાનંદે વેશ્યાને મોકલી ત્યાંથી આરંભીને રાજાએ તમારો દેશનિકાલ કરવા ઈચ્છેલ છે, ત્યાંસુધીનો બધો વૃત્તાંત કહ્યો. અને જણાવ્યું કે–હે સુંદરિ! તને લઇ જવાને કારણે આ બધો પ્રપંચ મેં કરેલ છે, તો જો તું કરૂણા ન કર, અને મારી આશા સફળ કર, અને આ વાત પ્રકાશ ન કરીશ. તારા સ્વરૂપે બનાવેલ પુતળીના દર્શનથી મોહમૂઢ બન્યો છું, તેથી મારી સ્નેહપાર્થનાને તું સ્વીકાર, અને મને અનુમતિ આપ, જેથી આ બ્હાને દેશાંતર તને લઈ જઉં. અને જો મારી પ્રાર્થનાની સર્વ પ્રકારે ઉપેક્ષા તારે કરવી હોય તો રાજાની પાસે તારો ચડેલો ખોટો અપવાદ કોઇપણ ઉપાયે દૂર કરૂં, અને મારા સ્થાનમાં ચાલ્યો જાઉં. અને તારી વિરહાગ્નિથી બળેલ આ દેહનો કોઈ તીર્થ સ્થાનમાં જઈ વિનાસ કરૂં, માટે નિરાશંક બની કલ્યાણભાગિણી! તારી ઈચ્છાને પ્રગટ કર. તેણીએ પણ આ પ્રકારનું તેનું વચન સાંભળીને, અહો! મારા ઉપર કેવો આનો અનુરાગ છે? અહો! કેવી સુંદર વચન રચના છે? અહો! કેવો સરસબુદ્ધિનો પ્રકર્ષ છે? તેથી આની સાથે હું જાઉં, આ સુંદર પુરૂષ છે, અને મહાકુલમાં જન્મેલાનો સ્નેહ પ્રાર્થનામાં ભંગ કરવો તે વ્યાજબી નથી,

અને જો નહિ જાઉં તો આના પ્રાણુના વિનાશનું કારણુ બનીને મહાપાપ બંધને હું પામીશ. એમ ચિંતવીને રત્નમંજરીએ કહ્યું કે-ભો મહાસત્વ! બહુ કહેવાએ શું? તમારી પ્રાર્થના પુરી કરવી તેજ મારૂં ઇચ્છિત છે. તેથી જે ઉચિત હોય તે કરો. તે પણુ આવી વાણી સાંભળીને હર્ષવાળો બની રાજા પાસે ગયો. રાજાએ પૂછયું કે-તારા મંત્રવિષયમાં આવે છે કે નહિ? તેણે કહ્યું કે-આવે છે. જો એમ છે તો તું જલદી મંડલમાંથી બહાર લઈ જા, અને મારા ઉપર અનુગ્રહ કર. તેણે કીધું કે-હે દેવ! શીઘ્રગતિવાળું વાહન આપો, જેથી કરી રાત્રિએજ દેશાંતરમાં પહોંચાડી દઉં, નહિતર તો દેશની અંદર જો અરૂણોદય થઇ જાય તો સૂર્યના કિરણુથી તેણીની દૃષ્ટિનું વિષ વધી જાય, અને ક્રોધવાળી બની મોટા અનર્થને કરી નાખશે. રાજાએ પણુ ભયથી કંપીને પવનવેગી અશ્વરત્ન તેને સોંપ્યો. તેથી સૂર્ય અસ્ત થયે અંધકારમાં દિશાવલયમાં સકલીકરણ કરીને શિખા બંધ કર્યો, અને અસત્યમંત્ર ઉચ્ચારતો સરસવ જવ આદિ સાત ધાન્યે કરી તાડન કરતો, ખોટા હુંકારા મુકતી રત્નમંજરીને પકડી, ભવનથી બહાર કહાડતો ભયભીત બનેલ રાજા દેખતાં છતાં ઘોડી ઉપર બેસાડીને નગરીની બહાર નીકળ્યો. થોડી ભૂમિ ઓળંગી એટલે રત્નમંજરીએ કહ્યું, કે તમે ઘોડી ઉપર બેસો. તેના ઉત્તરમાં જણાવ્યું, કે હું પગપાળોજ ચાલીશ. એમ કહી ઘણી ભૂમિ ઉલ્લંગી. જ્યારે રત્નમંજરીએ વારંવાર તેને બેસવાનું કહ્યું, તો પણુ તે બેસતો નથી. ત્યારે ઘોડી ઉભી રાખી. મિત્રાનંદે કહ્યું કે-હે સુંદરી! તારે ખેદ ન કરવો. હું તને પરમાર્થ જણાવું છું. ગુણુરત્નાકર પ્રાણુવલ્લભ મારો મિત્ર અમરદત્ત માટે મેં તને ઉપાડી છે.

એમ કહી તમામ વૃત્તાંત તેણીને કહ્યો. તેથી મિત્રભાર્યા સાથે એક ઘોડી ઉપર સાથે બેસવું તે વિરુદ્ધ છે, માટે હું પગે ચાલી રહ્યો છું. રત્નમંજરીએ તે વાત સાંભળી કહ્યું, કે અહો આની કેવી દઢ મિત્રપ્રીતિ છે, અને તેની સાથે નીતિ પણ કેટલી વ્હાલી છે? એમ ચિંતવતી માત્ર અમરદત્ત નામ સાંભળીને પરમ પ્રમોદને પામીને ચાલતાં ચાલતાં અનુક્રમે પાટલીપુત્રની સીમમાં તેઓ પહોંચ્યાં.

આ બાજુ અમરદત્તઃ મિત્રાનંદના ગયા પછી, અહો મારું વિના વિચાર્યું કાર્ય છે, મારો અર્થમાં અનુરાગ નથી. મારી કેટલી મોહમૂઢતા? અને અધન્યતા છે? કે મેં ફોકટ મારા મિત્રને મહાકલેશમાં નાખ્યો, તેથી મારા જીવતરને ધિક્કાર હો. એમ ચિંતવતો અને કોઈપણ પ્રકારે શરીરની સ્થિતિને ટકાવતો અને શેઠીઆએ મધુર વચનોએ સમજાવાતો ત્યાંજ શયન ભોજન કરતો, મિત્રની પ્રાર્થનાના બળે કરી કોઈપણ પ્રકારે એક માસ રહ્યો. હવે છેવટે છેલ્લા દિવસે વિચારે છે કે-આજે કાળમર્યાદા પૂર્ણ થઇ પરંતુ હજુ મારો મિત્ર આવ્યો નહિ. અરે તે મિત્ર કેવી આપદાને પામ્યો હશે! નહિતર કેમ ન આવે? તો મિત્રના નહિ સાંભળવા લાયક સમાચાર સાંભળવા તે પહેલાં અગ્નિમાં પેસીને શરીરનો ત્યાગ કરવો તે વધારે ઉચિત છે. એમ ચિંતવીને શેઠીયાને કહ્યું, કે-હે શેઠ! મિત્રે કહેલ કાળ પૂર્ણ થયો, તેથી મેં તમોને જે પરિશ્રમ આપ્યો તેની ક્ષમા કરો, અને પિતાનું કાર્ય કરતાં મને આ તીર્થમાંજ અગ્નિદાહ આપો. આમ કહેતાં નેત્રમાં આંસુ લાવી બે હાથ જોડયા. તે સાંભળી મહાશોકે કરી વ્યગ્ર મનવાળો શેઠીઓ પણ રોવા લાગ્યો. તેથી નગરનાં લોક એકઠાં થઇ ગયાં, અને તેમને

રોવાનું કારણ પૂછવા લાગ્યાં. શેઠીઆએ કારણ તેઓને કહ્યું, નગરજનોએ શેઠીઆને છાનો રાખ્યો અને અમરદત્તને કહ્યું કે–હે કુમાર! તમે સાંજ સુધી વાટ જુઓ. તેથી અમરદત્તે કહ્યું કે ચિતા બનાવી તૈયાર રાખો, અગ્નિ સાંજે આપજો. તેથી ચિતા રચી, અને સર્વલોક દિશાઓને જોતા રહ્યા. આ અવસરે દૂરથી એક ઘોડી આવતી દીઠી, તે પર એક યુવતી બેઠી છે. અને એક પુરૂષ પગે ચાલતો આવે છે. આમ લોકો વાતો કરી રહ્યા છે, તેટલામાં ઘોડી આવી પહોંચી. રત્નમંજરીને દેખી, તેથી શું આ સ્ત્રીને પુતળીના ફોટા સરીખી પ્રજાપતિએ બનાવી, કે–આ સ્ત્રીની આકૃતિ ઉપરથી કારીગરે પુતળી બનાવી? એમ ચિંતવીને લોકોએ કહ્યું, કે હે કુમાર! તારા ચિત્તને ચોરવાવાળી આ કુંવરી આવી, તો તું હવે આને જો, અને પત્થરની પુતળીને છોડી દે. એમ કહેતાં લોકોએ રત્નમંજરીને બતાવી, તેણે પણ જોઈ અને મિત્રાનંદને પણ દેખ્યો. હર્ષાવેશથી શરીરનાં રૂવાડાં ઊભાં થયાં, અને વારંવાર મિત્રને ભેટયો. શેઠીઓ પણ આનંદને પામ્યો, અને મિત્રની ક્ષેમ કુશલતાથી પરમઆણંદને અમરદત્ત પામ્યો, અને આ કુમારની દેહ સંપદા નિરૂપમ છે અને લાવણ્ય અપૂર્વ છે, એમ દેખી કહી ન શકાય તેવા સુખને રત્નમંજરી પામી. અહો આ કન્યાનું કેવું સુંદર સ્વરૂપ છે? અહો કુમારને રાગ થયો તેપણ વ્યાજબી છે? અહો મિત્ર પણ સાચો જ મિત્રાનંદ છે? એમ વાર્તાલાપ કરતાં લોકો બહુ આનંદને પામ્યાં.

આ અવસરે ભવિતવ્યતાના યોગે રાજા અપુત્રિઓ મરણ પામ્યો. પંચદિવ્યો શણગાર્યા, તે ભમતાં ભમતાં તે પ્રદેશમાં આવી પહોંચ્યાં. ચામરો વિંઝાવા લાગ્યા, મસ્તક

ઉપર છત્ર ધરાણું, અશ્વે ખોંખારો કર્યો. અને હાથીએ સુગંધિત પાણીથી ભરેલ કલશે કરી અભિષેક કર્યો, અને ખંધ ભાગમાં શૂંઢવતી અમરદત્તને બેસાડયો. તે વાર પછી વાજિંત્રો વાગવા લાગ્યાં, ભાટચારણો બિરૂદાવલી બોલવા લાગ્યા, અને તે રાજકુમારને રાજમહેલમાં લઇ જવામાં આવ્યો, અને અમરદત્ત મહારાજવી બન્યો. મહાન ઓચ્છવે કરી રત્નમંજરીને પરણી તેને પટરાણી બનાવી. સર્વને પ્રમોદ ઉપજ્યો, અને પિતાને સ્થાને સર્વરાજ્યનો અધિકારી શેઠને બનાવ્યો. મિત્રાનંદ પણ કેટલોક કાળ ત્યાં રહીને તેણે પોતાના મિત્રને કહ્યું, કે હે મહારાજ! મડદાના શ્રાપથી રક્ષણ કરવા માટે અત્યંત દૂર દેશમાં હું ભમું, તેથી તમારે મનમાં ખેદ ન કરવો; એમ મિત્રાનંદે તેને કહ્યું. મરણ ભયથી બીઇને આ જાય છે, માટે તેને શું કરવા નિષેધ કરૂં? એમ વિચારીને રાજાએ સહાય કરનાર બહાદુર મનુષ્ય તેને સાથે આપ્યા, તેની સાથે મિત્રાનંદ દેશાંતર ગયો. રાજા પણ તેના વિરહથી શોકવાળો બન્યો. હવે રાજાએ ઉમદા વિષય સુખને ભોગવતાં બહુ કાલ પસાર કર્યો. તે અવસરમાં રત્નમંજરીને **કમલગુપ્ત** નામનો પુત્ર થયો. એક દિવસ બહુ શિષ્યોએ યુક્ત ચતુર્જ્ઞાની **મુનીચંદ્રસુરીશ્વરને** ઉદ્યાનમાં ગયેલ રાજાએ દીઠા. તેણે સૂરીશ્વરને વિનયપૂર્વક વંદન કર્યું. સૂરીશ્વરે ધર્મલાભ આપ્યો. રાજા તેમના પાસે બેઠો. આચાર્ય ભગવંતે ધર્મદેશના આપવી શરૂ કરી.

હે રાજન્! દુઃખરૂપ અસાર આ સંસાર છે. તેમાં મનુષ્યપણું પામવું તે અતિ દુર્લભ છે. લક્ષ્મી હાથીના કાન પેઠે ચપળ છે, અને જીવતર કુશઘાસના અગ્રભાગ ઉપર રહેલ જલબિંદુ પેઠે અનિત્ય છે. ઇંદ્રજાલ અને સુવર્ણકસોટી

સરીખું યૌવન છે, ઘણારોગોનું સ્થાન શરીર છે, ઝેરવાળા દુધપાક સરીખા ખરાબ અંતવાળા વિષયો છે, ઉન્માર્ગે જનારા દુષ્ટો સરીખી ઇંદ્રિયો ચોર સમાન છે, સકલ સુખ વૃક્ષને દાવાનલ સમાન કસાયો છે, અને સંયોગો વિયોગવાળા છે, થોડું પણ ખરાબ આચરણ મહાન અનર્થનું કારણ છે. શુભ અશુભ કર્મોનો પ્રભાવ સુરાસુર સહિત દેવેન્દ્રોથી પણ રોકી શકાતો નથી. ધર્મને છોડી આ સંસારમાં કોઇ શરણભૂત નથી, અને મોક્ષને વરજી કોઇપણ ઠેકાણે સુખ નથી.

આવાં અતિ બોધકારક વચન સાંભળી રાજાએ પૂછ્યું કે–હે ભગવંત ! મારો મિત્ર મિત્રાનંદ હાલ કયાં છે ? અને કઇ અવસ્થાને અનુભવી રહેલ છે ? અને તેને મડદાએ શું કહ્યું, તેનું તેણે શું કર્યું ! આ સાંભળી ભગવંતે ઉત્તર આપ્યો કે–હે મહારાજન્ ! તે વૃતાંત તું સાંભળ–પરિભ્રમણ કરતો તારો મિત્ર દેશાવરમાં ગયો. ત્યાં મહાઅરણ્યને વિષે ચોરોની ધાડ પડી, તેથી ઉલટી દિશા તરફ નાઠો. એકલો ભમતો ભમતો પરિશ્રમને પામ્યો, ભુખેતરસે પીડાણો, અને ધીમે ધીમે એક સરોવર હતું ત્યાં પહોંચ્યો, તેમાં સ્નાન કરી પાળ ઉપર રહેલ એક વડલાની છાયામાં સૂઈ ગયો. નિંદ્રા આવી ગઇ. તેને વૃક્ષન કોતરમાંથી નીકળેલ સર્પે ડંખ માર્યો; તેનું ઉગ્ર વિષ હોવાથી એકદમ ઝેર તેના શરીરમાં પસરી ગયું. આ સમયે ભવિતવ્યતાના યોગે એક તાપસ ત્યાં આવી ચડયો, તેણે મહડા સરીખો પડેલો તેને જોયો, આથી તપાસ કરતાં તેને સમજાણું કે લીટો સર્પનો તેના પાસે પડેલ હોવાથી આને સર્પ કરડયો છે. આથી કરૂણાવાળા તે તાપસે પાણી મંત્રીને તેના ઉપર છાંટયું. મંત્રનું મહાપ્રભાવિકપણું હોવાથી વિષ ઉતરી ગયું,

અને બગાસું ખાતો તે ઉઠયો. તેની પાસે તાપસને બેઠેલ દેખ્યો, આથી મિત્રાનંદે બહુમાન પૂર્વક તેને નમસ્કાર કર્યો. તાપસે સર્પ કરડયાની તેને વાત કરી, તેથી ફરી પણ તેણે નમસ્કાર કર્યા, અને કીધું કે-તમોએ મારા ઉપર મોટો ઉપકાર કર્યો છે, જે આવા મરણકષ્ટથી મને છોડાવ્યો ! આ રીતે યથોચિત વાર્તાલાપ કરીને તાપસ પોતાના આશ્રમમાં ગયો. મિત્રાનંદ પણ અહો દારૂણ વિધિનું પરિણામ દેશાંતરમાં ભમવાથી પણ ઓળંઘી શકાતું નથી. કેમકે-મરણથી ભય પામીને નાઠેલ છતાં મરણ કષ્ટ મનુષ્યરહિત આ વનમાં પણ મને આવી પડયું ? પણ પરમભાગ્યે આ ઋષીએ અનાથમાં વાત્સલ્ય કરીને ટાળ્યું. હવે તો મિત્રના વિરહથી તપી ગયેલા મનને શાંત પાડું એમ ચિંતવીને પાટલીપુત્ર નગરની સન્મુખ જવા લાગ્યો. વચમાં તેને ભીલોએ પકડયો, અને એક સાર્થવાહને વેચાતો આપ્યો. તે પણ મહાનસાર્થ સાથે સ્વદેશ આવતો ઉજ્જેણી નગરી પહોંચ્યો. સાર્થવાહે બહાર પડાવ નાંખ્યો. મિત્રાનંદે રાતનો સમય મેળવીને ત્યાંથી નાઠો. ભયભીત બની નગરીમાં ખાળાદ્વારથી ખાળમાં પેઠો. દરેક દીવસે નગરીમાં ચોરના ઉપદ્રવે કરી કોપાયમાન થએલ કોટવાળે તેને દેખ્યો. આ ચોર છે, એમ જાણી રોષે ભરાઈને કોટવાળે તેને પકડયો, અને બાંધ્યો. અહો વિધિનો દારૂણ પરિણામ છે, પુરૂષોથી ન પણ રોકી શકાય તેવો છે, બુદ્ધિએ પણ ખાળી ન શકાણો, અને શસ્ત્રો પણ આમાં કામ ન આવ્યાં, મંત્રો પણ ઉપયોગિ ન બન્યા, બંધુઓનું શરણ પણ મળ્યું નહિ, દ્રવ્યોએ કરી અને દેશાટને કરી રક્ષણ ન કરી શકાયું, સમુદ્ર ઉલંઘન અને રસાતલમાં પ્રવેશ અને સુરાસુરની સહાય પણ કામ ન આવી. આ

પ્રકારે વિચાર કરનાર મિત્રાનંદને પૂર્વભવનો દ્વેષી આવો જે વ્યંતર બન્યો હતો તેનાથી અધિષ્ઠિત મડદાએ કહેલ વડલા ઉપર લટકાવ્યો, તેના મુખમાં રમતા ગોવાલીયાના પુત્રોની મોઇ પેસી ગઈ.

આ વૃત્તાંત સાંભળીને રાજાને મહાન શોક થયો, અને નેત્રમાંથી મહાન આંસુઓ મૂકતો હે વરમિત્ર! પ્રાણવલ્લભ! મિત્ર ઉપર પ્રેમાળ! દાક્ષિણ્યતાનો સમુદ્ર! સજ્જનસ્વભાવી પરોપકારમાં આશકત! મહાન ઉદ્યમ કરવાથી પણ દૈવના પરિણામનો ભોગ બન્યો પરંતુ છુટયો નહિ? એમ બોલતો અમરદત્ત રાજા રોવા લાગ્યો. મુનિવરે સમજાવી તેને છાનો રાખ્યો. અમરદત્તે પૂછયું કે–હે ભગવંત! હમણાં તે કયાં ઉત્પન્ન થયો હશે? મુનિવરે ઉત્તર આપ્યો કે–રત્નમંજરીના પેટમાં કમલગુપ્ત નામનો તારો પુત્ર થયેલ છે. આ પ્રમાણે સાંભળીને બહુ જ હર્ષને પામી, રાજાએ કહ્યું કે–હે ભગવંત! તેને આ કયા કર્મનો પરિણામ ભોગવવો પડયો? અને અમારે જે પરસ્પર સ્નેહનો અનુબંધ હતો, તેનું કારણ શું? મુનિવરે ઉત્તર આપ્યો કે, હે અમરદત્ત! આથી અનંતર-ભવમાં તુ **ખેમપાલ** ભરવાડ હતો, અને **સત્યશ્રી** તારી ભાર્યા હતી, અને **ચંડસેન** તારો પ્રિયમિત્ર હતો. તમોએ ઉદ્યાનમાં એક સાધુ દેખ્યા, અને પરમ ભક્તિએ વાંદ્યા. સાધુએ ધર્મલાભ રૂપ આશિષ ઉચ્ચારીને ધર્મદેશના આપી. અનુ-રાગ થવાથી તમોએ તેઓશ્રી પાસેથી મદ્ય માંસ પચ્ચુખ્યાં અને રાત્રિભોજન નહિ કરવાનો નિયમ લીધો, અને તે નિયમ નિરતિચારપણે તમે પાળ્યો. આયુષ્ય પૂરૂ થયે, તું મકરધ્વજ રાજાનો પુત્ર થયો, એમ કહી પૂર્વનો બધો વૃત્તાંત તેને કહ્યો અને વધુમાં કહ્યું કે માથામાં ધોળા વાળ

દેખવાથી વૈરાગ્ય પામી મકરધ્વજ રાજા તથા રાણી તાપસ આશ્રમમાં જઈ તાપસ થયા; વિગેરે બનેલાં કારણો સંભળાવ્યાં. તારી ભાર્યા સત્યશ્રી પણ રાજપુત્રી રત્નમંજરી થઇ, અને ચંડસેન મિત્રાનંદ થયો, તારે માણુસોને મળવું નહિ, એમ નોકર ઉપર આક્રોશ કરવાથી બંધુના વિયોગ કરાવનાર રૂપ કર્મ ખેમપાળ ભવમાં તેં બાંધેલ છે, અને સત્યશ્રીએ વહુને કોળીઓ ગળે રહ્યો છે, તો હે રાક્ષસી ! તું કેમ નાના કોળીયાઓ લેતી નથી ? એમ કટાક્ષ કરવાથી રાક્ષસી આરોપનું કર્મ બાંધ્યું, અને ચંડસેને પણ ક્ષેત્ર થકી એક ભિક્ષુકે ચોળાની શીંગો ગ્રહણ કર્યે છતે આ ચોરને ઉંધે માથે લટકાવો, એમ કહેવાથી ઉંધે માથે લટકવાનું ફળ આપનાર કર્મ બાંધ્યું. આ પ્રકારે મુનિચંદ્રસૂરીશ્વર કહી રહ્યા છે, તેટલામાં સોમવસુ વણિક આવ્યો. નમસ્કાર કરી કહેવા લાગ્યો, કે હે ભગવંત ! મારી દીકરી યશોમતિ યુવાવસ્થામાં છે, છતાં એકદમ અસ્વસ્થ બની ગઈ ? છરીએ જાણે તેણીનું પેટ કપાતું હોય ? અને હૃદયમાં જાણે શૂલ આવતી હોય ? અને નેત્રો તુટી રહ્યા હોય ? એવા બન્યા છે, માથું સખત દુખ્યા કરે છે, ગળું પકડાએલ છે, મોઢું સૂકાય છે, દાહજ્વર પીડી રહ્યો છે, વાણી નીકળી શકતી નથી, હોઠ કંપે છે, અને દરરોજ દેહ દુબળી બને છે, તેથી ઓસડો કરાવ્યા, રક્ષા પોટલીઓ બંધાવી, મૂલિકા બાંધી, ઉતારણ કરાવ્યા, સરસવોનું તાડન કર્યું, ગુગલધૂપ કર્યો, સાત અનાજોએ તાડન કર્યું, દેવોની માનતા રાખી, આવી રીતે બહુ ઉપાયો કર્યા, તો પણ તેણીને તફાવત ન પડયો તેનું શું કારણ? તે કૃપા કરી મને જણાવો.

ભગવંતે કહ્યું, કે પોતાના કરેલા કર્મનું આ ફળ પામી છે. આ પુત્રી અહીંથી ત્રીજા ભવમાં **ભૂતમાલ** નગરમાં ભૂતદેવ વાણિયાની ભાર્યા **કુરૂમતી** નામે હતી. એક દિવસે બિલાડીએ દૂધ પીધે છતે, ડાકણો તને ખાઈ ગઇ હતી કે-બિલાડીને તેં જોઇ નહિ ? આ પ્રમાણે વહુને તેણીએ આક્રોશ કર્યો. આવા ખરાબ વચનથી વહુને ભય થયો, તે ક્ષણનું અશુભપણું હોવાથી તેજક્ષણે છાણ બહાર કાઢવા રાખેલી ક્ષુદ્ર ચંડાલણે તેણીને છળી, તેથી મસ્તક વિગેરેમાં તેણીને વેદના થઇ આવી. કેમ આ પ્રકારે વિના કારણે આનું શરીર બગડયું એમ બંધુજન ગભરાણો વૈદ્યોને બોલાવ્યા, મંત્રવાદીઓને પણ તેડાવ્યા, તેની અંદર એક **નરેન્દ્ર જોશિરાજ** આવ્યો, તેણે જાણી લીધું કે-આ ચિન્હોએ કરી ડાકણ વળગી છે, તેથી મહાયંત્ર કરી તેણીને બાંધ્યો, યાવત્ સાયંકાલે જ મોકળા કેશવાળી, વેદનાએ ગભરાયેલ, અરે બળું છું ! એમ બોલતી, તે ચંડાલણ ત્યાં આવી પહોંચી. તે જોશીરાજે પૂછ્યું, કે-તું કોણ છે ? શા માટે તેં આને પકડી છે ? તેણીએ કહ્યું કે-હું માતંગી છું. સાસુના શ્રાપથી ભય પામેલ આને મેં છલાવી છે, પણ હમણા મૂકી દીધી છે, તેથી મને છોડી દ્યો, અનુકંપાએ જાશીરાજે ઉતાર કરાવી તેણીને છોડી દીધી. હવે આવી કાલજીભ તું ન ચલવ, એમ લોકોએ કુરૂમતિને ઠપકો આપ્યો, તેથી તેણીને ખોટું લાગ્યું, કે-અરે નિમિત્ત વિના મારા માથે લોકોએ અપવાદ મૂકયો ? તેથી વૈરાગ્ય પામી સાધ્વી બની ગઇ. સાધુપણું પાળીને, તે કર્મ આલોચ્યા વિના આઉખાનો ક્ષય થયે મરણ પામીને દેવલોકમાં

ગઇ, અને ત્યાંથી ચ્યવીને, હે શેઠ ! તારી પુત્રી થઈ છે પૂર્વ જન્મના દુર્વચનથી બાંધેલ કર્મશેષ રહેવાથી જોગીણીઓએ તેણીને છળી છે, તેથી આવા પ્રકારની બની છે. આ કથા સાંભળીને સોમવસુ તેણીને તુરત ત્યાં લાવ્યો, અને આચાર્ય ભગવંતના ચરણ ધોવાનું જળ તેણીને પાયું, અને તે જળ છાંટયું, તેથી જોગીણીઓ નાસી ગઈ, અને શરીરે સારી થઈ ગઇ. પિતાએ તેણીને પૂર્વભવનો વૃત્તાંત કહ્યો, તેથી તેણીને જાતિસ્મરણ જ્ઞાન થયું. અહો ! આટલા માત્ર વચનોથી તેને દારૂણ વિપાક થયો ? એમ સંવેગ પામી અને પોતાના દુર્વચનથી નિંદા ગરહણા કરી શ્રાવિકા થઈ, અને મસ્તકનો ઘાત થઇ જાય કે સર્વસ્વનો નાશ થઈ જાય તો પણ મારે કોઈને આક્રોશ કરવો નહિ; એવો અભિગ્રહ સાધુભગવંત પાસે ગ્રહણ કર્યો, અને દુર્વચનનું પ્રાયશ્ચિત લીધું, ભગવાનને વાંદી તેણી ઘરે ગઇ.

અમરદત્ત રાજાએ પણ પૂર્વભવનું સ્મરણ કરી, અહો ! ભયંકર દુર્વચનનો કેવો વિપાક થાય છે ? એમ ચિંતવતો સંવેગ પામી, શ્રાવક ધર્મ સ્વીકાર્યો, અને પોતાના સ્થાને ગયો. રત્નમંજરી અને પુત્રકમલગુપ્તને સૂરીશ્વરે કહેલો પૂર્વભવનો વૃત્તાંત સાંભળી, તે બન્ને પણ પૂર્વભવ સંભારીને સંવિગ્ન બન્યા, અને શ્રાવકધર્મ લીધો. કાલાંતરે અમરદત્ત અતિશય વૈરાગ્ય પામીને પુત્રને રાજ્ય સોંપી, ભગવંત પાસે દિક્ષિત બન્યો. સાધુપણું પાળી અને ઘોર તપસ્યા કરી, વિધિપૂર્વક કાલધર્મ પામીને સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થયો. તેથી હે દેવાણું પ્રિય તિલકસુંદરી ! થોડાપણ દુર્વચનનો દારૂણ વિપાક કેવો થાય છે. !

આ પ્રકારે સાંભળીને કમલસેન રાજા રત્નમાળા રાણી રત્નચૂડ અને તિલકસુંદરી વિગેરે ભાર્યાઓ વૈરાગ્યને પામ્યા, અને સારા વ્રતવાળા પરમ શ્રાવક બન્યા. હર્ષવાળા બની સુરપ્રભમુનીશ્વરને વાંદીને ખુશ થતા રથનેપુરચક્રવાલ નગર ગયા. ત્યાં જઈ ઘણા લોકને ધર્મમાર્ગમાં જોડયા, અને ત્યારથી માંડીને સર્વ ઠેકાણે અનેક થાંભાની રચનાવાળા સર્વજનના મનને હરણ કરનારા ઉંચા ચૈત્યો કરાવ્યા, તેમાં મણિરત્ન અને સોનામય ઉદાર રૂપવાળી જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠાઓ કરાવી, જિર્ણશીર્ણ થઇ ગયેલા જુના ચૈત્યોનો જીર્ણોદ્ધાર કરાવ્યો, અને ચૈત્યોના દાબડામાં અપરિમિત ધન નાંખ્યું, અને પટુપડહો મૃદંગ-કાહલા-કંસાલ-ભંભા અને ભાણ વિગેરે વાજિંત્રો ચૈત્યોને અર્પણ કર્યા, અને અનેક ચિત્રની રચનાવાળા મોટા દેવદૂષ્ય વસ્ત્રો મૂકયાં અને વસ્ત્રથી બનાવેલ ચંદરવા ચૈત્યોમાં બાંધ્યા, રત્નજડિત દાંડીવાળા જાણે શરદઋતુનાં વાદળાં હોય તેવા છત્રો અર્પણ કર્યા. કામધેનુના દુધથી ધોયેલા હિમના કિરણ સરીખા મનોહર ચામરો મૂકયા, મહાનટણકારાએ આકાશ બહેરૂં થઈ જાય તેવી સોનાની સાંકળોએ બાંધેલા મહાન ઘંટો મૂકયા, મનોહર રચનાવાળી ઘુઘરીઓ સહિત સુંદર ધુપધાણા, શ્રેષ્ઠ રત્નોએ કરી કિંમતી **કળશો** મૂકયા, મનહર રૂપવાળી દેવકુમારી સરખી પુતળીઓના હાથમાં સ્થાપન કરેલી મણિજડિત **દીવીઓ** મૂકી, સોનાના બનાવેલ બહુરચનાવાળા **ફાનસો** મૂકયા, ઘણાપ્રકારના પૂતળાઓએ સહિત મેરૂ ચુલિકા સમાન શિખરવાળા રત્નજડિત સુવર્ણના સર્વાંગ શ્રેષ્ઠ રથો મૂકયા, અને બીજી વસ્તુઓ જે ચૈત્યોને ઉપયોગી

હોય તે બધું ચૈત્યોને અર્પણ કર્યું. તેવાર પછી દરેક દીવસે મિથ્યાદ્દષ્ટિઓને આણંદ ઉત્પન્ન કરનાર હોય, તેવું બોધિબિજનું કારણ જે પ્રશંસા તેનું કારણ અને તેવી પૂજાઓ ચૈત્યભુવનોમાં રચાવી રહેલ છે. તેવાર પછી ત્રણ પ્રદક્ષિણા આપવા પૂર્વક રૂડી પ્રકારે વિશુદ્ધ ભૂમિતલમાં ત્રણ વખત પંચાંગ ખમાસમણ આપી ઈરિયાવહિયાએ કરી ત્રણ મુદ્રાએ શુદ્ધ અને સંપદાએ (વિસામાસ્થાને) સહિત, અસ્ખલિત અને સ્થિર સુવિશુદ્ધ અક્ષરવાળું, અર્થ અને ભાવનાએ કરી પ્રધાન ઉચિતસ્વરવાળું એકાગ્ર મને ઉદાર સ્તુતિ સ્તોત્રોએ કરી સુંદર નમુત્થુણંએ કરી ભાવતીર્થંકરોને, તથા કાર્યોત્સર્ગદંડકોએ તીર્થંકર પડિમાઓને, અને લોગસ્સે ક્ષેત્રકાલ સાધર્મ્યે કરી નજીકના ઉપગારી ભાવતિર્થંકર ઋષભદેવ આદિને, અને શ્રુતસ્તવ જે પુક્ખરવરદી સૂત્રે કરી ચૈત્યવંદનની વિધિના સ્વરૂપને પ્રકાશ કરનાર શ્રુતજ્ઞાનને, અને સિદ્ધસ્તવ જે સિદ્ધાણં બુદ્ધાણંવડે કરી ચૈત્યવંદનાના ફલભૂત સિદ્ધ ભગવંતોને હું વાંદુ એવી ભાવના યુક્ત ચૈત્યવંદનને કરે છે, અને દરરોજ નાટકવિધિને કરે છે, અને પર્વતિથિઓમાં સુગંધિજળ વિગેરે દ્રવ્યોએ કરી સ્નાત્રમહોચ્છવ વિધિપૂર્વક કરે છે, અને કલ્યાણક દિવસોમાં મહાદાનો અને યથાશકિત વિહિત તપસ્યાઓ કરી બહુ આદરથી, જેમાં શરીરે શોભા કરેલી છે તેવી, અને મનોહર ચંદરવા, બલિ સાથીયા અને પુષ્પગૃહોએ કરી શ્રેષ્ઠ, અને વિધિ મુજબ જિનસ્નાત્રોએ કરી વિશેષ પૂજાઓએ યુક્ત, ગીત વાજીંત્ર અને નાટકોએ કરી સુંદર; છેવટે રથનું પરિભ્રમણે કરી મહાન સુજાત્રાઓ કરે છે, અને ભોજનવસ્ત્રોએ કરી સાધુવર્ગને પડિલાભે છે, અને

જિનેશ્વરના ભક્ત એવા શ્રાવક વર્ગને મહાન ઠકુરાઇવાળા બનાવે છે, અને ગુણવંતોમાં કર્મક્ષયની બુદ્ધિએ અને ઇતરમાં અનુકંપાની બુદ્ધિએ સતત દાન આપે છે, કોઈક સમયે સિદ્ધાંતના સારને સાંભળે છે, અને કોઈક સમયે અનિત્યાદિ ભાવનાને ભાવે છે, અને કોઇક સમયે એકાગ્ર મન ધારણ કરી પંચનમસ્કારનું ધ્યાન ધરે છે, અને કોઈક સમયે સામાયિક આદિ શિક્ષાવ્રતોને સેવે છે, અને કર તથા દંડે કરી રહિત પરસૈન્યના ઉપદ્રવે રહિત, પૃથ્વીને ન્યાયપૂર્વક પાળે છે, નિરતિચાર અણુવ્રતો તથા ગુણવ્રતોને પાળે છે, અને શ્રાવકજનની બીજી પણ ઉચિત કરણી કરે છે, આ રીતે સર્વજનપદના લોકોના અનુરાગવાળો રત્નચૂડ રાજા થયેલ છે.

કોઇક વખત વીણાને વગડાવવાની કળાએ રાજલોકને આશ્ચર્ય પમાડે છે, અને કોઇક વખત કાવ્યોનું બનાવવું અને પ્રશ્નોત્તરોએ કરી પંડિતો સાથે ગોષ્ટી કરે છે, અને કોઇક વખત જીવ અજીવ પદાર્થોને વિચારે છે, અને કોઈક વખત ઉદાર અને વિદ્વાનજનને આલ્હાદ કરનાર કામભોગોને અનુભવે છે, અને કોઇક વખત અવસરે આવેલ જવલનપ્રભદેવે અથવા ધૂમકેતુદેવે દિવ્યકામ ભોગો અર્પણ કરાય છે, અને તેમની સાથે વિશિષ્ટ વાર્તાલાપ કરાય છે. આવી રીતે પ્રજાનું પાલણ કરતાં અને કોઇ વખત શાશ્વતચૈત્યોની યાત્રા કરતા રત્નચૂડનો ઘણો કાળ પસાર થયો. હવે એક દિવસે કમલસેન રાજા રત્નચૂડને રાજ્ય સોંપીને મહાવિભૂતિએ સાધુપણું સ્વીકારે છે, અને બહુ અભ્યાસ કરી અને દુષ્કર તપસ્યાએ કરી અસખલિત ચરિત્રવાળા તે સંલેખના તપને કરે છે. કાલધર્મ પામી નવમા ગ્રૈવેયકમાં ઉપજે છે, ત્યાંથી

ચ્યવીને મોક્ષમાં જશે. રત્નચૂડ રાજા પણ જિનેંદ્ર ધર્મમાં ઘણા લોકોને પ્રતિબોધ પમાડે છે, અને અત્યંત શાસનની પ્રભાવના કરે છે, ગાઢ ભોગ ફળવાળું કર્મ ઉદયમાં હોવાથી રત્નચૂડ રાજા ચારિત્ર સ્વીકાર કરી શકેલ નથી, પણ ઉત્તમોત્તમ ચારિત્ર ક્રિયા કરે છે એમ ભાવનાયુક્ત તેનો આત્મા વર્તી રહેલ છે.

આ પ્રકારે ઘણો કાળ ચાલી ગયો. રત્નચૂડ રાજાને તિલકસુંદરી પ્રમુખ રાણીઓથી **રત્નશેખર** વિગેરે બહુ શ્રેષ્ઠ પુત્રો થયા. જેઓ પોતાના કુલરૂપી ભુવનને ધારણ કરવામાં મજબુત થાંભલા સમાન છે. રત્નુચૂડ રાજા ઉપર દિનપ્રતિદિન સર્વ પ્રજાનો રાગ વધતો છે, અને અસ્ખલિત શ્રાવક ધર્મ પળાઈ રહેલ છે. છેવટે વિધિપૂર્વક કાલધર્મ પામીને રત્નચૂડ રાજા બારમા **અચ્યુત** દેવલોકે ઇંદ્રપણે ઉપજ્યા, અને તિલકસુંદરી પ્રમુખ તેની રાણીઓ કાલધર્મ પામી બારમા દેવલોકે તે ઇંદ્રના સામાનિક દેવો થયા. તેજ ક્ષણમાં દેવતાઈ પ્રભાવે ચિંતામણિ રત્ન અદૃશ્ય થઇ ગયું. રત્નચૂડ ઇંદ્ર લાંબા કાળસુધી દિવ્યસુખ ભોગવી અને જિનજન્મ વિગેરે મહોત્સવોથી શુભ કર્મ મેળવીને ત્યાંથી ચ્યવી મહાવિદેહમાં મહાન ચક્રવર્તિ રાજા થયા, અને તેની પૂર્વ ભવની ભાર્યાઓ મહાકુલમાં ઉત્પન્ન થઇ, અને ચક્રીની રાણીઓ બની, અને વૈરાગ્ય પામીને સાધુપણું ગ્રહણ કરી સૂત્ર અભ્યાસ તેઓએ કર્યો, અને સાધુગુણ સમૂહનું પાલન કરી, સકલ લોકાલોકને પ્રકાશ કરનાર કેવલજ્ઞાન પામીને, જન્મ જરા મરણ રોગ શોક પ્રમુખ સર્વદુખનો નાશ કરી, નિરૂપમ શાશ્વત સુખ સ્વરૂપ મોક્ષને પામ્યા.

તેથી હે શ્રેણિક મહારાજા ! તમોએ પૂછેલું રત્નચૂડ રાજાનું ચરિત્ર સંક્ષેપથી કહ્યું. એમ કહી ગોતમ સ્વામિ ગણધરદેવે ધર્મકથા સમાપ્ત કરી.

શ્રેણિક મહારાજા પણ સંતુષ્ઠ ચિત્તવાળા બન્યા, અને વિચારવા લાગ્યા કે–અહો ! થોડી પણ જિનપૂજા વિગેરે કાર્યનો મહાન શુભાનુબંધ થાય છે, એમ આશ્ચર્યવાળા થઇ ગોતમ ભગવંતને વાંદી સપરિવારે નગરમાં ગયા. રત્નચૂડાદિક મહા સત્વોનું આ ચરિત્ર સાંભળી ભવ્ય પ્રાણીઓએ જિનપૂજા વિગેરેમાં બહુ પ્રયત્ન કરવો એજ પરમાર્થ છે,

મિથ્યાત્વ મોહને નાશ કરનાર, અને ભવસાગર તરવામાં પરમવાહન સમાન, અને કુત્સિત સિદ્ધાંતોને દૂર કરનાર, એવું શ્રી વીરજિનવરનું શાસન

**પ્રશસ્તિનું બ્યાન**

જયવંતુ વર્તો. કલ્પવેલડી પેઠે સકલ જગતના પ્રાણીઓને ઇચ્છિત ફલ આપવાવાળી અને સ્વર્ગમોક્ષની પ્રાપ્તિનું સાધન, એવી જિનદેવની પૂજા જયવંતી વર્તે છે. સમગ્ર સુખની સિદ્ધિને કરનાર, અને દુઃખને હરણ કરનાર, પ્રકટ પાપરૂપી વિષને દૂર કરનાર, જિનશાસનના સારભૂત એવો નવકારમંત્ર સદા જયવંતો છે. ધનના ઇચ્છનારાઓને ધન આપનાર, અને કામાર્થિને સર્વ ઇચ્છાઓ પૂરનાર, એવો જિનેશ્વર દેવોએ કહેલ દાનાદિકધર્મ જગતમાં જયવંતો વર્તે છે. સરસ્વતી દેવીને ભદ્ર થાઓ ! જેણીના પ્રભાવથી મંદમતિ પુરૂષ પણ વિદ્વાન પુરૂષોની સભામાં પંડિત સમાન આચરણ કરે છે.

દુઃખે વહન કરી શકાય તેવા શીલાંગરથના ધોંસરાને

ધારણ કરનાર **શ્રી દેવસૂરિ** થયા. જે ઉદ્યત વિહારમાં રક્ત હતા. તે પછી તેમના ગચ્છમાં **શ્રી નેમિચંદ્રસૂરિ** થયા, જે કૌમુદીચંદ્ર પેઠે મનુષ્યોના મનને આનંદ કરનારા હતા. તે વાર પછી પૃથ્વીવલયમાં જેઓની નિર્મલકીર્તિ પ્રસરેલી છે, અને નિર્મલચિત્તવાળા છે, શ્રમણગુણોની દુર્વહ-ધુરા ધારણ કરવામાં અદ્વિતીય એવા **શ્રી ઉદ્યોતનસૂરિ** થયા, તે વાર પછી જેની શાંત કાયા અને શાંત દૃષ્ટિ છે, અને મૂર્તિમાનધર્મ જ હોય તેવા, અને જેમની ચરણકમલરજે મોહનો નાશ કર્યો છે અને સૂર્ય પેઠે તપ તેજે કરી શોભિત એવા **યશોદેવસૂરિ** થયા. ત્યારપછી રૂપે કરી કામદેવને જીતી લેનાર અને જેમનું મન સકલગુણનું સ્થાન છે, સકલજનને આનંદકારી **પ્રદ્યુમ્નસૂરિ** થયા. નિવિડ મતિએ કઠિન કાવ્યોને જાણનાર ન્યાયશાસ્ત્રના પ્રાણભૂત અને જેમણે મદ અને મદનને દૂર કરેલ છે, એવા **માનદેવસૂરિ** થયા. બહુ કીર્તિવાળા મનહર દેહવાળા મહાબુદ્ધિશાળી અને કુશળ, જેમના દર્શનમાત્રથી જિનપ્રવચનમાં જન જોડાઇ જાય છે તેવા, શ્રેષ્ઠશાસ્ત્રાર્થ જેમનો પ્રકટ છે, અને મુખમાં સરસ્વતી વસી હોય તેવા રૂડા વચનવાળા સમસ્ત લોકમાં પ્રસિદ્ધ **શ્રી દેવસૂરિ** થયા, તેમજ તે ગચ્છમાં ઉદ્યોતનસૂરિના શ્રેષ્ઠ શિષ્ય ગુણરત્નના ભંડાર **ઉપાધ્યાય અંબદેવ** થયા, તેમના શિષ્ય અને કૌમુદીચંદ્રમા મંડલ સરીખા શાંત કાયાવાળા અને શાંત ચિત્તવાળા શ્રેષ્ઠ મતિવાળા એવા **મુનિચંદ્રસૂરિ**ના ધર્મબંધુ અલ્પબુદ્ધિવાળા **શ્રી દેવેન્દ્ર ગણીએ** આ કથા રચી છે. અક્ષરની રચનાએ સંક્ષિપ્ત બનાવી છે, વિદ્વાનોને આનંદ પમાડનાર

**ગુરૂપરંપરા કર્તાની નમ્રતા**

અન્યકથાઓ વિદ્યમાન છતાં આ કથા વિદ્વાનોને હાસ્યનું સ્થાન છે. જેમ હંસની ગતિએ ચાલતો ધીઠો કાગડો લોકમાં નિઃસંશયપણે હાસ્યનું સ્થાન બને છે, તેમ આ કથા છે, એમ હું જાણી રહ્યો છું, પરંતુ સજ્જનરત્નો હાસ્ય ઉચિત હોય તેનું હાસ્ય કદાપી કરતા નથી, પણ ગુણોનો ઓપ ચઢાવી મહામૂલ્યવાન બનાવે છે. હું કાવ્યરચનામાં વ્યસની છું, માટે બળાત્કારે પણ આત્માના સ્મરણ માટે મેં આ કાવ્યોનો અભ્યાસ કરેલ છે, તેથી મારા ઉપર ઉપકાર કરનાર સંતપુરૂષો નિર્ગુણ એવી આ કથાને ગ્રહણ કરો, અને દોષના સમૂહને શોધો, કેમકે સજ્જન પુરુષો દાક્ષિણ્યગુણના દરિયા હોય છે, ડિંડિલવદ્નિવેશમાં આ કથાની શરૂઆત કરી હતી, અને ચડ્ડાવલી (ચંદ્રાવતી) પુરીમાં ફાગણ સુદી ૧૪ ચૌમાસી દીને પુરી કરી છે, અને પદ્યુમ્નસૂરિના ધર્મભત્રિજા **જશદેવ** ગણિએ આ કથાની પહેલી પ્રત લખેલ છે.

સંવત ૧૨૨૧ જેઠ સુદી ૯ શુક્રવારે અણહિલપુર પાટણમાં વિદ્યમાન મહારાજાધિરાજ જૈનશાસન પ્રભાવક **પરમશ્રાવક શ્રી કુમારપાલ** દેવ રાજ્યે અને ચંદ્રાવતીમાં શ્રી કુમારપાલ દેવની પ્રસન્નતાનું સ્થાન શ્રી ધારાવર્ષ નરેન્દ્ર રાજ્યે, શ્રી ચક્રેશ્વરસૂરિ શ્રી પરમાનંદસૂરિ મહારાજના ઉપદેશથી શ્રી ચડ્ડાવલ્લિપુરી વાસ્તવ્ય શ્રેષ્ઠ પુના શ્રાવકે ચંદ્ર-આશાધર–પોઈણી–છાહિણી–રાજુ–પ્રમુખ પરિવાર સહિત આ જ્ઞાતાધર્મ કથામાં અંગભૂત રત્નચૂડ કથાનું પુસ્તક લખાવેલ છે. શ્રી રસ્તુ.

**રત્નચૂડ ચારિત્ર સમાપ્ત**

# સુંદર સસ્તાં છતાં સારાં અમારાં ધાર્મિક પ્રકાશનો

| | પુસ્તકનું નામ | છાપેલ કિંમત |
|---|---|---|
| ૧ | સામાયિક ચૈત્યવંદનાદિસૂત્ર ભાવાર્થ સાથે | ૦—૩—૦ |
| ૨ | દેવસિ-રાઈ મૂળ ભાવાર્થ સાથે (બોર્ડ પટી) પેજ ૮૮ | ૦—૮—૦ |
| ૩ | પંચ પ્રતિક્રમણ મૂળ ભાવાર્થ સાથે | ૧—૮—૦ |
| ૪ | પંચ પ્રતિક્રમણ સૂત્ર મૂળ (નાની સાઈઝ) | ૧—૮—૦ |
| ૫ | સામાયિક ચૈત્યવંદનાદિ સાર્થ (પરીક્ષાના કોર્સ સાથે) | ૧—૪—૦ |
| ૬ | શ્રી દેવસિ-રાઈ સાર્થ (પરીક્ષાના કોર્સ સાથે) | ૨—૦—૦ |
| ૭ | સરળ વિધિ યુક્ત શ્રી દેવસિ-રાઈ પ્રતિક્રમણ સૂત્ર | ૧—૪—૦ |
| ૮ | સરળ વિધિ યુક્ત શ્રી પંચ પ્રતિક્રમણ સૂત્ર | ૨—૪—૦ |
| ૯ | પ્રાચીન સ્તવનાવલી (પાકું પુઠું) | ૧—૪—૦ |
| ૧૦ | મહામાંગલિક નવસ્મરણ | ૦—૧૨—૦ |
| ૧૧ | સાધુ સાધ્વીનાં આવશ્યક ક્રિયાનાં સૂત્રો | ૦—૧૦—૦ |
| ૧૨ | વિધિ સહિત વીર વિજયજી કૃત સ્નાત્ર પૂજા અર્થ સાથે | ૦—૬—૦ |
| ૧૩ | વિવિધ પૂજાસંગ્રહ ભા. ૧ થી ૯ | ૪—૮—૦ |
| ૧૪ | લઘુ દેવવંદનમાલા, નવપદ આરાધનવિધિ, વીસ સ્થાનક તપવિધિ અને શ્રી સિદ્ધાચલજીનાં ૨૧ ખમાસમણ | ૧—૮—૦ |
| ૧૫ | નવપદ આરાધન વિધિ, વીશ સ્થાનક તપ વિધિ અને શ્રી સિદ્ધાચલજીનાં ૨૧ ખમાસમણ | ૦—૮—૦ |
| ૧૬ | શ્રી રત્નાકર પચ્ચીસી ને નેમનાથના શ્લોકો | ૦—૩—૦ |
| ૧૭ | કર્મગ્રંથ સાર્થ ( ૧ થી ૪ કર્મગ્રન્થ ) | ૪—૦—૦ |
| ૧૮ | **हिन्दि सामायिक सूत्र मूळ** | ०—३—० |
| ૧૯ | **हिन्दि दो प्रतिक्रमण सूत्र मुळ** | ०—८—० |
| ૨૦ | **हिन्दि पंच प्रतिक्रमण सूत्र मुळ** | १—८—० |

પુસ્તક મળવાનું ઠેકાણું :-

માસ્તર રતીલાલ બાદરચંદ શાહ

ઠે. દોશીવાડાની પોળ—**અમદાવાદ.**